૨૭૨૭૧

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# યોગ એટલે શું?

[યોગસૂત્રના સમાધિપાદનું વિવેચન]

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

# ગુરુકુલ કાંગડી — મહાવિદ્યાલય

n. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગવિષયક અન્ય
વાચન

## સમાધિમાર્ગ

લે૦ ધર્માનંદ કોસમ્બી

પ્રચલિત ધ્યાન-સમાધિના માર્ગોને કેવળ દુઃખમાં જ વધારો કરનારા કે કેવળ પોતાના સુખનો વિચાર કરનારા માની, ગૌતમ બુદ્ધે કુશલ મનોવૃત્તિઓની વૃદ્ધિ કરનાર અને લોકહિત સાધવાની ભાવના યુક્ત સમાધિમાર્ગ સ્થાપિત કર્યો. મૂળ બૌદ્ધ પ્રામાણિક ગ્રંથોમાંથી અધ્યાપક કોસંબીજીએ તારવીને કરેલું તેનું નિરૂપણ. કિં. રૂ. ૦-૮-૦

## યોગશાસ્ત્ર

સુપ્રસિદ્ધ જૈન આચાર્ય હેમચંદ્રના સુપ્રસિદ્ધ ગ્રંથનો અનુવાદ. હેમાચાર્યે આ ગ્રંથ પોતાના શિષ્ય રાજા કુમારપાળને યોગની શિક્ષા આપવાને અર્થે પ્રસ્તુત કરેલો હોઈ, એ વિષયમાં રસ ધરાવતા આજના વ્યવસાયી ગૃહસ્થવર્ગને ઉપયોગી.

કિં. રૂ. ૨-૮-૦

[ દરેકની ટપાલખર્ચ અલગ ]

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२०वी
१६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા

| | |
|---|---|
| ૧. **શ્રી યોગવાસિષ્ઠ** સં૦ ગોપાલદાસ પટેલ | ૪–૦–૦ |
| ૨. **કળા એટલે શું?** [ટૉલ્સ્ટૉય કૃત] અનુ૦ મગનભાઈ દેસાઈ | ૩–૮–૦ |
| ૩. **ગૌતમ બુદ્ધ** [રાધાકૃષ્ણન કૃત] અનુ૦ ગોપાલદાસ પટેલ | ૧–૮–૦ |
| ૪. **મુંડકોપનિષદ** સં૦ મગનભાઈ દેસાઈ | ૨–૦–૦ |
| ૫. **શ્રીમદ્‌ભાગવત** સં૦ ગોપાલદાસ પટેલ | ૩–૮–૦ |
| ૬. **પ્રાચીન સાહિત્ય** [ટાગોરકૃત] અનુ૦ મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ | ૧–૦–૦ |
| ૭. **સુખમની** [ગુરુ અર્જુનદેવકૃત] અનુ૦ મગનભાઈ દેસાઈ | ૨–૦–૦ |
| ૮. **ઇસ્લામનો સુવર્ણયુગ** ચૂનીલાલ બારોટ | ૧–૪–૦ |

પ્રાપ્તિસ્થાન

**નવજીવન કાર્યાલય**

**અમદાવાદ–૯**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા - ૯

# યોગ એટલે શું ?

[યોગસૂત્રના સમાધિપાદનું વિવેચન]

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CHECKED 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

ઑક્ટોબર, ૧૯૫૨, પ્રત ૧,૫૦૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

કિંમત રૂ૦ ૩-૪-૦

પ્રાપ્તિસ્થાન
**નવજીવન કાર્યાલય, અમદાવાદ-૯**
**તથા તેની શાખાઓ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# નિવેદન

આ પુસ્તકની ઉત્પત્તિ અણધારી રીતે થઈ. 'શિક્ષણ અને સાહિત્ય'માં ક્રમે ક્રમે બહાર પાડ્યા પછી હવે આ પુસ્તક રૂપે સંઘરાયેલાં એનાં પ્રકરણો લખવાનું સહેજે બનવા પામ્યું હતું. એક સળંગ પુસ્તક રૂપે લખવાનો સંકલ્પ કે તેવી જાતની પૂર્વ સંકલના કરવામાં આવી નહોતી. એમ બન્યું કે, ઈ. સ. ૧૯૩૮ માં ભાઈ ગોપાલદાસે હેમાચાર્યનું "યોગશાસ્ત્ર" ગુજરાતીમાં તૈયાર કર્યું અને તેની પ્રસ્તાવના મારે લખવાની આવી. તે અર્થે મેં કેટલુંક ટાંચણ કર્યું, અને તેમાંથી અમુક ભાગ પ્રસ્તાવના રૂપે તૈયાર કરી આપ્યો, જે વાચકને આ ચોપડીમાં પરિશિષ્ટ ૧ રૂપે જોવા મળશે. બાકીનાં ટાંચણ પડી રહેલાં, તે કેટલાક વખત પછી જૂની નોંધોમાં દબાઈ રહેલાં જોવામાં આવ્યાં ત્યારે વિચાર આવ્યો કે, એ "શિક્ષણ અને સાહિત્ય" માં આપી શકાય એવાં છે. એ રીતે તે પ્રગટ થયાં, જે આ પુસ્તકનાં પહેલાં બે પ્રકરણ તરીકે આવ્યાં છે. આ બે લેખો પરથી કેટલાક મિત્રોએ સૂચના કરી કે, આ હવે યોગનું વિવેચન કરવા જેવું છે. માસિકના તંત્રી તરીકે પણ કાંઈક તો લખવાનું હોય જ; એટલે મેં ઉપરની સૂચના સ્વીકારી. પણ મને મનમાં એમ હતું કે, આ વિષય કદાચ વાચકોને પૂરતો રસિક ન નીવડે. છતાં અનુભવે મારી ભ્રાંતિ ખોટી પડી અને "સ્વાધ્યાય" મથાળા તળે શરૂ કરેલી આ લેખમાળાને અનેક વાચકો તરફથી આવકાર મળ્યો. વચ્ચે ૧૯૪૨-'૫ નો ગાળો*

---

*આ ગાળામાં જેલમાં યોગસૂત્રોના વર્ગ ચલાવવાની માગણી કેટલાક સાથીઓએ કરી, તે પરથી તેના સ્વાધ્યાય સાથે તેનું પ્રવચન કરવાનો પણ યોગ સાંપડ્યો હતો, એ નોંધું. એથી મારો સ્વાધ્યાય વધુ સારો ને સંગીન થઈ શક્યો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આવી ગયો. બીજાં પણ કારણો બન્યાં; છતાં છેવટે પ્રભુકૃપાએ એ માળા પૂરી થઈ અને આજે પુસ્તક રૂપે બહાર પાડી શકાય છે, તેથી મને ખૂબ આનંદ થાય છે.

યોગનો અભ્યાસ મારી ૧૪ વરસની ઉંમરથી મારો વ્યાસંગ બનેલો છે. અભ્યાસ એટલે ગ્રંથોનું વાચન નથી જ કહેતો, પરંતુ તેની સાધના કહું છું. એ અર્થે મેં યોગ પરનું બધું જ સાહિત્ય વાંચ્યું છે એમ નથી; પણ મુખ્ય મુખ્ય કેટલુંક જોયું છે અને તેનું ચિંતન-મનન કરતો રહ્યો છું. કેટલાક યોગાભ્યાસીઓના સત્સંગનું પણ સદ્‌ભાગ્ય મને જીવનમાં સાંપડયું છે. આ વિવેચન એને પરિણામે હું કરી શક્યો છું. એનો યશ એ મહાનુભાવોને છે.

વાચક જોશે કે, "સ્વાધ્યાય"ના લેખો અગાઉથી લખી રાખેલા નથી, પણ દર માસે હપતો લખવાનો આવે ત્યારે લખાતા જતા હતા. તે લખવામાં મેં કોઈ ભાષ્ય કે ટીકાને સામે રાખ્યાં નથી, યા અમુક વિવેચક કે અર્થકારને હું અનુસર્યો છું એમ પણ નથી. પરંતુ વસ્તુની સળંગ સમીક્ષા કરતાં જે અર્થ મારા મનમાં તે વખતે બેસતો ગયો તેને ચર્ચતો ગયો. અને તેથી જ બેત્રણ મહત્ત્વનાં સ્થળોએ સૂત્રોનો ક્રમ છોડીને અથવા અમુક શબ્દોની પારિભાષિકતાની પંચાતમાં પડયા વગર સૂત્રોના સહજ મળતા અર્થની દૃષ્ટિએ ચર્ચા કરી છે. આમ છૂટક છૂટક થતા રહેલા લખાણમાં સળંગસૂત્રતા હોય, તો એ રીતે લખતાં રહેતાં જેવી આપોઆપ તેમાં ગૂંથાઈ આવે તેવી જ જોવા મળે, એ ઉદ્યાડું છે. આખા "સમાધિપાદ"નાં સૂત્રોને સળંગ જોતાં તેમનો શો અર્થ મળે છે તે તરફ મેં નજર રાખી છે અને તેને અનુસરીને વિવેચન કર્યું છે. વાચકને તે એમાં મળશે એવી આશા રાખું છું.

યોગના શાસ્ત્ર તરીકે — યોગદર્શન તરીકે આ સૂત્રો હજારો વરસોથી પંકાયાં છે. તેમની પાછળ આર્ય પ્રજાના અનેક પરમ પુરુષોની સતત સાધના અને જીવનવીરોના વિવિધ પ્રયોગો પડેલા છે. માનવ શરીર અને ચિત્ત પર એ પ્રયોગો હતા. અને એ કેવા પ્રયોગો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જેમાંથી તેમને જીવનનું પરમ અને ચરમ સત્ય શોધવું હતું. યોગ-દર્શન આ ભવ્ય ઇતિહાસ પર રચાયેલું અદ્વિતીય શાસ્ત્ર છે. કેવળ શાસ્ત્રીય બુદ્ધિ અને તર્કની દૃષ્ટિએ જોતાં પણ હેરત પમાડે એવું આ કામ છે. તેથી તેનો પણ કાંઈક ખ્યાલ આ વિવેચનની સાથોસાથ જોડવાની દૃષ્ટિએ, તે વિષે પ્રાસ્તાવિક લખવાને માટે શ્રી. ગોપાલદાસને મેં વિનંતી કરી. તેમણે એ કામ પાછળ ઠીક ઠીક સમય આપી તેની તૈયારીમાં એક સ્વતંત્ર ગ્રંથ જેટલી સામગ્રીનું ટાંચણ કર્યું છે. એ રસિક સામગ્રી એક અલગ પુસ્તક રૂપે આપવાં જેટલી થઈ છે; એ રૂપે તે આપીએ તો એને ન્યાય મળે. એ કામ આગળ ઉપર કરવાનું રાખીને, ટૂંકી પ્રસ્તાવના રૂપે તેમણે આ ઇતિહાસનો ખ્યાલ આપ્યો છે, તે અભ્યાસીઓને ઠીક ઠીક મદદરૂપ થશે એમ માનું છું.

યોગ એ તો મનુષ્યના જીવનસાફલ્યની ચાવી અને તેનો ગૂઢ મંત્ર છે. જીવન ગમે તે દિશામાં ભલે હો, સાફલ્યમાત્રના મૂળમાં યોગશક્તિનો અમુક તમુક આવિષ્કાર રહેલો હોય છે. ગીતાકારે પોતાની ભક્તિ-ભાષામાં કહ્યું છે તે આ જ છે કે,

> यद् यद् विभूतिमत् सत्त्वम् श्रीमदूर्जितमेव वा ।
> तत्तदेवावगच्छ त्वम् मम तेजोंऽशसंभवम् ॥ १०,४१ ॥

માટે જ ઈશ્વર પરમ યોગેશ્વર કહેવાય છે. યોગશક્તિ આ વસ્તુ છે. પરંતુ મનુષ્ય તેના મદ મોહ કે વાસનાને લઈને ખરું સાફલ્ય શામાં છે તે વિષે ભૂલ ખાયા કરે છે, ભ્રમમાં ફુટાયા કરે છે, ગોથાં ખાય છે. છતાં તેમાં શક્તિ અને શ્રમ ખરચવામાં તે કમી નથી રાખતો. પરંતુ તેનું પ્રયોજન અને દિશા — તેની નિષ્ઠા પરમ નથી તેથી, છતે પુરુષાર્થે એ જ શક્તિ, એ જ તપ તેને તેવું જ ફળ દે છે. (સરખાવો, ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ગીતા૦ ૪,૧૧.)

યોગદર્શન જીવનસાફલ્યના અંતિમ સ્વરૂપ વિષે ઝાઝી ચર્ચા નથી કરતું. તે કામ તો આર્ય પ્રજાના આદિ સંસ્કાર રૂપે જ નક્કી થયેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છે, કે જે તેના વેદમાં — વેદાન્તમાં છે, અને પ્રજાના લોહીમાં ઊતર્યું છે કહીએ તોય ખોટું નથી. તે પરમ જીવનનો આસ્વાદ શી રીતે મળે તેનું સાંગોપાંગ શાસ્ત્ર આ યોગદર્શન છે. આ પુસ્તકમાં તેનું મુખ્ય જે પહેલું પાદ છે તે ચર્ચ્યું છે.. પછીનાં પાદોની ચર્ચા પણ આમ થવી જોઈએ એવી માગણી છે. જે સહજતાએ આ બન્યું તેમ યોગેશ્વર પ્રભુએ નિર્ધાર્યું હશે તો આગળનું વિવેચન પણ કરવાની ઇચ્છા છે. પ્રભુ તે પૂરી પાડો. દરમિયાન આ તેનો મુખ્ય ભાગ વાચકો અને સાધકો આગળ નમ્રભાવે રજૂ કરું છું.

આ ગ્રંથ શ્રી રેવાભાઈ પટેલ સ્મારક માળામાં બહાર પડે છે. તેમાં અગાઉ બહાર પડેલા ગ્રંથો જેમણે જોયા હશે તેમને ખબર છે કે, આ માળામાં જ્ઞાનવિજ્ઞાનને ધર્મદૃષ્ટિએ ચર્ચતાં બધા વિષયનાં પુસ્તકો — ખાસ કરીને બ્રાહ્મણધર્મના ગ્રંથો — બહાર પાડવામાં આવે એવો ઉદ્દેશ રાખ્યો છે. આ પુસ્તક તેમાં બેસતું હોઈ તે માળામાં લીધું છે.

૬-૧૦-'૫૨ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રજ્ઞાયોગી

## મુરબ્બી ભાઈશ્રી કિશોરલાલ મશરૂવાળાની પુણ્ય સ્મૃતિને

તમે યોગી હતા; તમે વિવેકમણિ હતા; વિચારવારિધિનાં મંથન કરી, સત્ય-નવનીત કાઢી જાણનાર કુશળ જીવનવીર હતા. જીવતાં તમે આ વિવેચન-ગ્રંથ ન જોઈ શકયા, તે હવે પુણ્યસ્મૃતિ રૂપે જ રજૂ કરવાનો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| પ્રાસ્તાવિક [ગોપાલદાસ પટેલ] | | ૧૩ |
| ૧. | હિંદુધર્મ | ૩ |
| ૨. | યોગ એટલે શું? [સૂત્ર ૨] | ૮ |
| ૩. | યોગદર્શન [સૂત્ર ૧] | ૧૪ |
| ૪. | ચિત્તનું સ્વરૂપ [સૂત્ર ૨] | ૧૬ |
| ૫. | વૃત્તિનો નિરોધ | ૨૦ |
| ૬. | નિરોધનું પ્રયોજન [સૂત્ર ૩-૪] | ૨૫ |
| ૭. | વૃત્તિવિચાર [સૂત્ર ૫-૬] | ૨૯ |
| ૮. | સંપ્રજ્ઞાનના પાંચ પ્રકાર [સૂત્ર ૮-૯-૧૦-૧૧] | ૩૪ |
| ૯. | ચિત્તની ભૂમિકાઓ | ૪૨ |
| ૧૦. | ચિત્તની વિયુક્ત ભૂમિકા | ૪૮ |
| ૧૧. | નિરોધનાં બે સાધન [સૂત્ર ૧૨, ૨૩] | ૫૪ |
| ૧૨. | અભ્યાસ અને વૈરાગ્ય – ૧ [સૂત્ર ૧૩-૧૪] | ૬૦ |
| ૧૩. | અભ્યાસ અને વૈરાગ્ય – ૨ [સૂત્ર ૧૫-૧૬] | ૬૩ |
| ૧૪. | ઈશ્વરપ્રણિધાન [સૂત્ર ૨૩] | ૬૮ |
| ૧૫. | સંવેગ અને સાધના [સૂત્ર ૨૧-૨૨] | ૭૨ |
| ૧૬. | ઈશ્વર એટલે શું? [સૂત્ર ૨૪] | ૭૪ |
| ૧૭. | ઈશ્વરનું પ્રમાણ શું? [સૂત્ર ૨૫] | ૭૭ |
| ૧૮. | પરમ આદિગુરુ [સૂત્ર ૨૬] | ૮૧ |
| ૧૯. | ઈશ્વરનું નામ અને રૂપ | ૮૩ |
| ૨૦. | ઈશ્વરનું પ્રણિધાન એટલે શું [સૂત્ર ૨૭-૨૮] | ૮૮ |
| ૨૧. | ઈશ્વરપ્રણિધાનનું ફળ [સૂત્ર ૨૯] | ૯૪ |
| ૨૨. | અંતરાયો અને તેમનું સ્વરૂપ [સૂત્ર ૩૦] | ૧૦૦ |
| ૨૩. | અંતરાયોના અચૂક ઝોડીદારો [સૂત્ર ૩૧] | ૧૦૬ |




CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri




૨૪. અંતરાયોનું નિવારણ [સૂત્ર ૩૨] ૧૦૮
૨૫. ચિત્તપ્રસાદ [સૂત્ર ૩૩] ૧૧૧
૨૬. અભ્યાસના પ્રકારો ૧૧૬
૨૭. પ્રાણાયામ [સૂત્ર ૩૪] ૧૧૯
૨૮. વિષયવતી પ્રવૃત્તિનું યોગબળ [સૂત્ર ૩૫-૩૬] ૧૨૩
૨૯. વિચારમય જીવનનું યોગબળ [સૂત્ર ૩૭] ૧૨૭
૩૦. સ્વપ્ન અને નિદ્રાના જ્ઞાનનો અભ્યાસ [સૂત્ર ૩૮-૩૯] ૧૩૦
૩૧. નિદ્રાવૃત્તિ [સૂત્ર ૩૮] ૧૩૩
૩૨. ઇષ્ટદેવનું ધ્યાન [સૂત્ર ૩૯] ૧૩૬
૩૩. અંતરાયરહિત ચિત્તની શક્તિ [સૂત્ર ૪૦] ૧૩૯
૩૪. સંપ્રજ્ઞાનનું માનસશાસ્ત્ર [સૂત્ર ૧૭-૧૮] ૧૪૧
૩૫. સંપ્રજ્ઞાનનું અધ્યાત્મ ૧૪૮
૩૬. પરમ સંપ્રજ્ઞાન [સૂત્ર ૧૮-૧૯-૨૦] ૧૫૩
૩૭. ચિત્તનિરોધના બે પ્રકારો [સૂત્ર ૧૯-૨૦] ૧૫૫
૩૮. સમાપત્તિ – ૧ [સૂત્ર ૪૧-૪૫] ૧૫૯
૩૯. સમાપત્તિ – ૨ ૧૬૨
૪૦. સમાપત્તિના પ્રકાર [સૂત્ર ૪૨-૪૪] ૧૬૫
૪૧. સમાપત્તિના વિષયની અવધિ [સૂત્ર ૪૫] ૧૭૨
૪૨. સબીજ સમાધિ [સૂત્ર ૪૬] ૧૭૫
૪૩. ઋતંભરા પ્રજ્ઞા – ૧ [સૂત્ર ૪૭-૮] ૧૭૭
૪૪. ઋતંભરા પ્રજ્ઞા – ૨ [સૂત્ર ૪૯] ૧૮૦
૪૫. ઋતંભરા પ્રજ્ઞા – ૩ [સૂત્ર ૫૦-૧] ૧૮૪
૪૬. નિર્બીજ સમાધિ કે યોગ – ૧ [સૂત્ર ૫૧] ૧૮૯
૪૭. નિર્બીજ સમાધિ કે યોગ – ૨ ૧૯૩


## પરિશિષ્ટ


૧. સમાજનો વ્યાપક યોગ ૧૯૭
૨. સૂત્રપાઠ ૨૦૮
સૂચિ ૨૧૮


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પ્રાસ્તાવિક

## ૧

થોડા વખત ઉપર આ માળામાં પ્રસિદ્ધ થયેલા 'મુંડક ઉપનિષદ'ની સાથે, ઉપનિષદો અંગે ઐતિહાસિક માહિતી આપતો ઉપોદ્ઘાત જેમ જોડ્યો હતો, તે પ્રમાણે આ પુસ્તકની શરૂઆતમાં પણ યોગદર્શન અંગે ઐતિહાસિક મીમાંસા કરતી પૂર્વ-નોંધ આપવાનું વિચારવામાં આવ્યું. તે કામ શરૂ કર્યું અને જેમ જેમ તેમાં આગળ વધવાનું થયું, તેમ તેમ જુદા જુદા આનુષંગિક અનેક સવાલોની ચર્ચા જાગતી ગઈ. જેમ કે, યોગવિદ્યા મૂળે આર્યોની કે તેમની પહેલાં આવી વસેલા કહેવાતા દ્રાવિડોની? સાથે જ મુખ્ય સવાલ તો ખરો જ કે, આર્યો ખરેખર બહારથી આવેલા છે કે અહીંના જ વતની છે? એ સવાલો અંગે કંઈક નિર્ણય લઈને જ આર્યોના પ્રાચીન ગ્રંથો વેદોથી માંડીને યોગવિદ્યાનું સ્વરૂપ અને વિકાસ તપાસી શકાય.

ત્યાંથી આગળ વધતાં, બ્રાહ્મણકાળ અને આરણ્યકકાળમાં થઈ ઉપનિષદકાળમાં આવતાં જ, યોગવિદ્યા નામથી અને વ્યવહારથી પોતાનું અનોખું મુખ્ય સ્થાન પામતી જણાય છે. તેના ઉલ્લેખો અને તે બધામાં જોવા મળતી અમુક નિયત પીઠભૂમિ તપાસતાં સાંખ્ય અને યોગના સંબંધનો સવાલ પણ શરૂ થાય છે. સાંખ્ય મૂળે કઈ વિદ્યાને કહેતા, ગીતામાં સાંખ્ય અને યોગને જુદાં પાડ્યાં છે તે સિદ્ધાંતના અર્થમાં કે નિષ્ઠાના અર્થમાં, ઇત્યાદિ પ્રશ્નોથી માંડીને, સાંખ્યવિદ્યા પહેલેથી જ 'સેશ્વર' હતી કે નહીં, વગેરે સવાલો પણ આવીને ઊભા રહે છે.

અને ઉપનિષદકાળમાં તો અનેક જુદા જુદા સિદ્ધાંતો અને પંથોનો ઊગમ થવા જ લાગ્યો હતો; એટલે બૌદ્ધકાળ સુધીમાં તે



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બધા સિદ્ધાંતોની યોગદર્શનના અનુસંધાનમાં શી સ્થિતિ હતી તે તપાસવી જોઈએ. બૌદ્ધકાળ પૂર્વની સ્થિતિ જાણવા માટે કોઈ મુખ્ય સાહિત્ય ઉપલબ્ધ હોય, તો તે મહાભારત કહેવાય. પરંતુ મહાભારત આખું બૌદ્ધકાળ પછીનું છે, કે તેનો મુખ્ય ભાગ બૌદ્ધકાળ પૂર્વનો છે, તે સવાલ પાછો ચર્ચાસ્પદ જ છે. એનું નિરાકરણ વિચારીને જ મહાભારત-કાળમાં જુદાં જુદાં દર્શનો કે સિદ્ધાંતોની અને ખાસ કરીને સાંખ્ય તથા યોગની શી સ્થિતિ હતી, તે નક્કી કરી શકાય.

અને એમ બૌદ્ધ અને જૈન કાળમાં આવી પહોંચીએ, એટલે યોગવિદ્યા બાબતમાં એ બધી પરિપાટીઓની એકબીજા ઉપર શી અસર થઈ છે, અને એકબીજામાંથી શી લેવડદેવડ થઈ છે, એ જાતના પ્રશ્નો ઊભા થાય. સમાધિની ભૂમિકાઓના નિરૂપણ અંગે વપરાતા વિતર્ક–વિચાર જેવા શબ્દો; યમ–નિયમનો યોગાંગ તરીકે સ્વીકાર; હેય, હેયહેતુ, હાન, હાનોપાય,[1] એ ચાર વ્યૂહોમાં પોતાના વિષયની સંકલના; અવિદ્યા, અભિનિવેશ વગેરે પરિભાષા[2]–એ બધી સળંગ કોટીક્રમમાં વિકાસ પામતી આવેલી વસ્તુ છે કે બૌદ્ધ જેવી પરંપરાઓ સાથે કરાયેલી લેવડ-દેવડ છે? સાથે જ બૌદ્ધ અને જૈન પરિપાટીઓ ખરી રીતે હિંદુ અથવા આર્ય પરિપાટીથી જુદી પરિપાટીઓ છે, કે તેનો જ આગળનો અથવા અમુક અંગ પૂરતો વિકાસ છે, એ પણ જોઈ લેવું જોઈએ. કારણ કે, યોગસૂત્ર ગ્રંથને ઐતિહાસિક કાળની દૃષ્ટિએ ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં મૂકવાનું યોગ્ય જણાય છે. એ કાળે બૌદ્ધ અને જૈન પરિપાટીઓ પ્રચારમાં આવી જ ગઈ હતી.[3] છતાં

---

૧. યોગસૂત્ર ૨.૧૬, ૨.૧૭, ૨.૨૫, ૨.૨૬

૨. યોગસૂત્ર ૨.૩ ઇ., ૨.૯.

૩. બુદ્ધ અને મહાવીર બંને ઈ. સ. પૂર્વે પાંચમા સૈકામાં થઈ ગયા છે; પરંતુ જૈન આગમ ગ્રંથો શરૂઆતમાં પહેલવહેલા ઈ. સ. પૂર્વે ૩૦૦ની આસપાસ (પાટલિપુત્રના સંઘ વખતે) નિશ્ચિત થવા લાગ્યા હોય, અને બૌદ્ધ ત્રિપિટક ઈ. સ. પૂર્વે ૨૪૧માં (અશોકના રાજ્યમાં મળેલી પરિષદ વખતે) નિશ્ચિત સ્વરૂપ લેવા માંડે છે, એ લક્ષમાં રાખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


યોગસૂત્રનું બ્રાહ્મણ-પરંપરાનું પુરોગામી સાહિત્ય બહુ ઓછું જાણવા મળતું હોવાથી, અમુક વિચાર કે શબ્દ મૂળ કઈ પરંપરાનો છે એ નક્કી કરવું મુશ્કેલ જ રહે છે.

આ બધી ચર્ચાઓને ન્યાય આપવો હોય, તો કાંઈ નહીં તો આ પુસ્તક જેવડો સંભાર તો થાય જ અને તે પ્રસ્તાવનારૂપે જોડવો પડે; અને તેમાં જો આધારવાક્યો ઇ૦ ટાંકીએ, તો તો કદ તેથીયે વધે. મતલબ કે, એ જ એક નવો ગ્રંથ બને. એ બધું જિજ્ઞાસુ વાચકને આવશ્યક કે ઉપયોગી નથી એમ તો ન કહેવાય; છતાં એક ઉપોદ્‌ઘાત તરીકે એ બધું આ પુસ્તકને જોડવું એ સામાન્ય દૃષ્ટિએ પણ ઉચિત ન ગણાય. એનાથી ન એ વિષયને ન્યાય મળે, કે ન મૂળ પુસ્તકને. એટલે એ બધું સ્વતંત્ર ગ્રંથ રૂપે આપવું જોઈએ એવો વિચાર ઊભો થવા લાગ્યો; અને છેવટના જ્યારે એ બધો સંભાર ઠીક ઠીક તૈયાર થવા આવ્યો, ત્યારે તેને આ પુસ્તકમાં જોડવાનું મોકૂફ રાખી, આ પુસ્તક પૂરતો બીજી રીતનો જ ઉપોદ્‌ઘાત વિચારી લેવાનું યોગ્ય માન્યું.

## ૨

પાતંજલ યોગસૂત્રમાં કુલ ચાર પાદ છે : ૧. સમાધિપાદ, ૨. સાધનપાદ, ૩. વિભૂતિપાદ, ૪. કૈવલ્યપાદ. 'પાદ' એટલે ચોથો ભાગ. એ હિસાબે, જો પાદોનાં આ નામ મૂળથી જ હોય, તો યોગસૂત્રમાં પહેલેથી જ ચાર પાદ છે, એમ કહેવું જોઈએ.[૧]

આ પુસ્તકમાં તે ચાર પાદમાંથી પ્રથમ 'સમાધિપાદ'નું વિવરણ છે. આ પાદમાં સૂત્રકારે શરૂઆતમાં જ 'યોગ એટલે ચિત્તવૃત્તિ-નિરોધ' એવો અર્થ કર્યો છે; અને નિર્બીજ સમાધિની દશામાં

૧. અને એ રીતે, "ત્રીજા પાદ આગળ ઇતિ શબ્દ આવતો હોવાથી ત્યાં જ મૂળ ગ્રંથ પૂરો થતો હોઈ, બૌદ્ધ મનાતા વાદોના ખંડનવાળો ચોથો પાદ પછીનો ઉમેરો છે," એવી ચર્ચા નિરર્થક ઠરે. જોકે, અમુક પ્રતોમાં ત્રીજા પાદ આગળ 'ઇતિ' શબ્દ નથી પણ આવતો, એ સાથે સાથે લક્ષમાં રાખવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વૃત્તિમાત્રનો નિરોધ થતો અંતે જણાવ્યો છે (સૂ. ૫૧); તેથી યોગ એટલે સમાધિ એવો જે ધાત્વર્થ છે, તે બંધબેસી જાય છે. તે સમાધિદશા શા માટે પ્રાપ્ત કરવી જોઈએ — પરમ પુરુષાર્થની દશા ત્યાં સિદ્ધ થતી શાથી કહેવાય એ જણાવી (સૂ. ૩), એ દશા પ્રાપ્ત કરવાનાં સાધનો સૂત્રકાર આ પાદમાં નિરૂપે છે. સાધનની ચર્ચાની સાથે સાથે જ વૃત્તિ એટલે શું, તથા તેનો નિરોધ એટલે શું, અને તેના કેટલા પ્રકાર છે, એ બધી અગત્યની ચર્ચા પણ તે કરતા જાય છે; અને ત્યાર બાદ, એ સમાધિદશાની કોટીઓ વર્ણવીને અંતે તેનાથી કેવી રીતે કૈવલ્યદશા પ્રાપ્ત થાય છે તે જણાવી લે છે. અર્થાત્ એક રીતે યોગના આખા વિષયને એકસામટા વ્યાપમાં તે આ પાદમાં જોઈ લે છે.

બીજા 'સાધનપાદ'માં સમાધિદશા પ્રાપ્ત કરવા માટેના ક્રિયા-યોગનું અને તેના અનુસંધાનમાં યોગપ્રક્રિયાનાં આઠ અંગોનું વિગતે નિરૂપણ મુખ્યત્વે આવે છે. એ આઠે અંગોના નિરૂપણની સાથે સાથે તે દરેક અંગ સિદ્ધ થતાં શી વિભૂતિ પ્રાપ્ત થતી જાય છે, તેનું નિરૂપણ કરતા કરતા સૂત્રકાર પાંચમા અંગ સુધી આવીને બીજો પાદ પૂરો કરે છે.

ત્યાર પછી ત્રીજા 'વિભૂતિપાદ'માં બાકીનાં ત્રણ અંગોનું નિરૂપણ શરૂ થાય છે. એ ત્રણ અંગોને 'સંયમ' એવા એક નામે ઓળખાવી, જુદાં જુદાં સ્થળોએ એ સંયમ સાધવાથી શી શી વિભૂતિ પ્રાપ્ત થાય, તેનું નિરૂપણ પાદના અંત સુધી ચાલે છે; અને પછી એ 'સંયમ' દ્વારા જ યોગનું અંતિમ ફળ કૈવલ્ય પણ શી રીતે પ્રાપ્ત થાય, તે જણાવી પાદ પૂરો કરવામાં આવે છે.

ચોથા 'કૈવલ્યપાદ'માં એ કૈવલ્યદશાના નિરૂપણ અંગે પ્રકૃતિ અને પુરુષના સંબંધનું સ્વરૂપ તથા તેમાંથી છૂટતા પુરુષની કૈવલ્યદશાનું સ્વરૂપ સૈદ્ધાંતિક ચર્ચાને અનુલક્ષીને કરવામાં આવે છે.

આમ, એ ચારે પાદોમાંથી પહેલું 'સમાધિપાદ' ખરી રીતે આખા ગ્રંથનું મુખ્ય પાદ છે; અને તેમાં આખા વિષયનું નિરૂપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વ્યાપક રીતે આવી રહે છે. તેથી આ પુસ્તકમાં એ પ્રથમ પાદનું જ વિવરણ હોવા છતાં, એક રીતે આખી યોગવસ્તુનું સળંગ નિરૂપણ આવી જાય છે. અલબત્ત, એથી કરીને આ ગ્રંથના વિદ્વાન લેખક પાસેથી બાકીના ત્રણે પાદનું નિરૂપણ પણ મળવાની અપેક્ષા રહેતી નથી એવું કહેવાનો આશય નથી. આ પાદમાં તેમણે વિવરણની જે દિશા પકડી છે, તે જ દિશાએ બાકીના ત્રણે પાદનું નિરૂપણ પૂરું થાય એવી અપેક્ષા સહેજે રહે છે જ; છતાં આ પ્રથમ પાદના નિરૂપણથી પણ આખા 'યોગસૂત્ર' ગ્રંથના વિષયના અગ્રયના ભાગનું તો વિગતે અને બાકીના ભાગનું વ્યાપકપણે પણ સળંગ નિરૂપણ મળી રહે છે, એમ કહી શકાય.

૩

અને ખરેખર, આ એક 'સમાધિપાદ' પાછળ અનેક વરસોનો આર્યોનો સાધના-સંભાર પડેલો જોઈ શકાય છે. આ પ્રાચીન વિશાળ આર્યભૂમિમાં, કવિવર ટાગોરની અમર કડીઓમાં જણાવ્યા પ્રમાણે, જ્ઞાન-ધર્મનું પ્રથમ પ્રભાત ઉદય પામ્યું, ત્યારથી માંડીને તેનાં પ્રબળ જિજ્ઞાસુ અને પુરુષાર્થી સંતાનોએ જે જીવન-ખેડ આદરી છે, તેની કાવ્ય-કાહિનીનો પાર નથી. પુરુષાર્થની જુદી જુદી દિશાઓના કેવા જ્વલંત યુગો એક પછી એક આવી ગયા તેનાં આછાં, ભૂંસાયેલાં કે સ્થિર થયેલાં પ્રતિબિંબ આપણે એક વ્યાપમાં જોવા જઈએ છીએ, ત્યારે જ આપણને તેની કંઈક ઝાંખી થઈ શકે છે; અને આપણી ભૂમિનું મુખ્ય ધ્યેય શું રહ્યું છે, તે પણ સમજાય છે. જુદા જુદા યુગોમાં તેનું બાહ્ય સ્વરૂપ જુદું જુદું છે; પરંતુ તે બધાં સ્વરૂપો પાછળ આ પુસ્તકના વિદ્વાન લેખકે, પહેલા પ્રકરણમાં જણાવ્યું છે તેમ, ધ્યેય તરીકે 'મોક્ષ' અને સાધન તરીકે 'યોગનિષ્ઠતા' અચૂક રહેલાં જણાય છે. પતંજલિ મુનિએ એ આખો યુગ-પટ નજર સમક્ષ રાખી, તેમાંથી 'યોગનિષ્ઠા'નો સળંગ તાંતણો પકડી લઈ, 'યોગસૂત્ર'માં તેનું 'અનુશાસન' ઘડ્યું છે. એમની પહેલાં એકઠા


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થયેલા એ સંભાર ઉપર સળંગ ઊડતી નજર નાખી જોવાથી, એ વસ્તુ સ્પષ્ટ થશે.

## વેદગ્રંથો

વેદગ્રંથોમાં નજર કરીએ છીએ તેની સાથે જ આપણને યજ્ઞ-માર્ગનાં મંડાણ નિશ્ચિત સ્વરૂપે થયેલાં નજરે પડે છે. અત્યારે એ અંગેનું જે કાંઈ સાહિત્ય ઉપલબ્ધ છે, તે ઉપરથી એટલું ચોક્કસ જણાઈ આવે છે કે, આપણા ઇતિહાસના એ એક પ્રાચીન અને કદાચ પ્રારંભના યુગમાં, એક વખત, યજ્ઞ ખરેખર આધ્યાત્મિક કર્મ રૂપે પ્રચલિત હતું; અને એનાથી મનુષ્યલોકમાં, ત્યારે સમજાતી હશે તેવી 'સિદ્ધિ' (ગીતા ૪.૧૨) તરત પ્રાપ્ત થતી મનાતી. જોકે, તેથી કરીને, તે કાળે બીજી ભાવના કે બીજો માર્ગ કાંઈ કે સ્વરૂપે જાણીતાં કે પ્રચલિત ન હતાં એમ ન જ કહેવાય. વેદોમાં પણ તપ અને યોગનો માર્ગ છેક જ અજાણ્યો છે એમ નથી. યજ્ઞમાર્ગમાં જ, દાખલા તરીકે, સોમ-યજ્ઞ પહેલાં દીક્ષાનો જે વિધિ નિરૂપાય છે તે જોઈએ, તો તેમાં એકાંતવાસ, મૃગચર્મ ઉપર સ્થિર આસન, મૌન, ઉપવાસ વગેરે તપ અને યોગનાં અંગો સ્પષ્ટ દેખાઈ આવે છે. તપ શબ્દ અને સાધન તરીકે તેનો ઉપયોગ આમેય વેદોમાં સારી પેઠે જાણીતાં છે.[૧] તપથી અતિશય શક્તિ પ્રાપ્ત થતી નિરૂપાઇ છે : અંગિરસ જેવા ઋષિઓ તપથી જ મોટા બન્યા છે; રાજા કોઈ બ્રાહ્મણને કનડે, તો તપ વડે બ્રાહ્મણ તેનો પરાભવ કરે છે; તપ કરીને જ ઇંદ્ર અમરપણું પામ્યો છે; અને સૃષ્ટિ પહેલાં પ્રજાપતિ તપ વડે જ સર્જન કરવા માટેની શક્તિ મેળવે છે. તેમ જ, ધ્યાન-સમાધિની દશા તથા તે વડે અને તે દરમ્યાન પ્રાપ્ત થતી પરમ સ્થિતિથી પણ યજ્ઞકાળના લોકો છેક જ અજાણ્યા હતા એમ કહેવું અશક્ય છે. ઋગ્વેદ (૧૦.૧૩૬)માં લાંબા વાળવાળા અને પીળા રંગનાં મલિન કપડાંવાળા સમાધિપ્રાપ્ત મુનિનુ જ વર્ણન

---

૧. ઋ૦ ૮, ૫૯, ૬; ૧૦, ૧૩૬,૨; ૧૫૪, ૨-૪; ૧૬૭, ૧; ૧૦૯, ૪. અથ૦ ૩, ૧૦, ૧૨; ૧૯, ૫૬, ૫, ૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છે. માણસો તેનું મર્ત્ય શરીર જ જુએ છે, પણ તે તો ગંધર્વોના માર્ગે વિચરતો હોય છે; તે પૂર્વ સમુદ્ર અને પશ્ચિમ સમુદ્રમાં વ્યાપેલો હોય છે; વાયુનો તે મિત્ર છે; તે ગુપ્ત ઇચ્છાઓ જાણી જાય છે; તે અગ્નિ તેમ જ બંને લોકને આધાર આપે છે: તે જ સ્વર્ગ તથા પ્રકાશ છે.

પછીના યોગદર્શનમાં રૂઢ બનેલો 'ઋત' શબ્દ પોતે જ ઋગ્વેદમાં પોતાના સર્વ માહાત્મ્ય અને વિભૂતિ સાથે મોજૂદ છે. ઋતનો અક્ષરાર્થ છે–વસ્તુમાત્રનો નિયત ક્રમ. વસ્તુમાત્રમાં અંતર્ગત એવું શાશ્વત અને સર્વવ્યાપી સારતત્ત્વ તે છે. ઋતને સર્વનો પિતા કહ્યો છે. ઇંદ્ર પણ 'ઋતના સદનમાંથી' આવે છે (ઋ. ૪. ૨૧. ૩); વિષ્ણુ પણ 'ઋતનો ગર્ભ છે' (ઋ. ૧. ૧૫૬. ૩); દ્યાવા-પૃથિવી ઋતને લીધે જ ટકી રહ્યાં છે (ઋ. ૧૦, ૧૨૧, ૧). ભૌતિક જગતમાં જે સ્થાન નિયમનું છે, તે સ્થાન નૈતિક જગતમાં સદ્‌ગુણનું છે. તેથી ભૌતિક સૃષ્ટિની સુવ્યવસ્થા સાચવનાર વરુણદેવ નીતિનિયમના પણ રક્ષક (ऋतस्य गोपा) છે. જે જુવાન કે વૃદ્ધ ઋતને અનુસરે છે, તેને સુખ અને શક્તિ મળે છે; તેથી તે સારી રીતે જીવી શકે છે (ઋ. ૧. ૯૧. ૭). અર્થાત્ આ ऋत શબ્દ અને તેની કલ્પના જ, વેદકાળમાં સૃષ્ટિ અને સંસારનું અંતિમ સ્વરૂપ તથા અધ્યાત્મમાર્ગનું રહસ્ય કેટલું સમજાયેલું હતું, તેની સાબિતીરૂપ છે. એ કાંઈ માત્ર જાદુઈ શક્તિવાળી કે વહેમી મનાતી હોમક્રિયાઓ કરનારા પ્રાચીન જંગલીઓનું દૃશ્ય નહીં, પણ આ વિશ્વનાં સમગ્ર જ્ઞાન-વિજ્ઞાનમાત્રની પાછળ રહેલી ઊંડી આધ્યાત્મિક ભૂમિકા પામેલા લોકોનું દૃશ્ય રજૂ કરે છે. એમાં શ્રદ્ધાનું તત્ત્વ ભારોભાર ભરેલું છે (ઋ. ૧.૫૫. ૫; ૧. ૧૦૪. ૬; ૨. ૨૬. ૩; ૧૦. ૧૫૧. ૧), અને તપનું પણ.

અથર્વવેદમાં યોગવિદ્યાનું વિશેષ સ્પષ્ટ ચિત્ર આપણને જોવા મળે છે. અથર્વવેદમાં કેટલાંક સૂક્તો (લગભગ સાતમા ભાગનાં) ઋગ્વેદમાંથી જ સીધાં લીધેલાં છે; છતાં અથર્વવેદનો મોટો ભાગ ઋગ્વેદનાં જૂનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જૂનાં પ્રાગૈતિહાસિક કાળનાં સૂક્તો જેટલો જ જૂનો છે. 'અથર્વવેદનો કાળ' એવો જુદો કાળવિભાગ પાડી શકાય તેમ નથી. અલબત્ત, અથર્વવેદમાં મંત્ર-તંત્રનો પ્રકાર છે; પરંતુ તે ઋગ્વેદ પછીના કાળમાં વિકાસ કે વિકાર પામીને થયેલો પ્રકાર નથી; બંને પ્રકારો અને બીજા પણ પ્રકારો સાથે જ પ્રચલિત હતા એમ કહેવું જોઈએ. એ અથર્વવેદમાં (કુલ ૧૯ કાંડમાંનું) ૧૫મું આખું કાંડ 'વ્રાત્ય'ની સ્તુતિરૂપ છે. વ્રાત્ય એટલે પરિવ્રાજક. તેના વર્ણન ઉપરથી જણાય છે કે, સિદ્ધ થયેલા મુક્ત યોગીનું જ તે વર્ણન છે. તેનાં વિભૂતિ અને મહિમા એ કાંડમાં જે રીતે વર્ણવાયાં છે, તેનો જોટો ભાગ્યે જ પછીના કોઈ યોગ-ગ્રંથમાં પણ મળે.

સામવેદમાં તો યજ્ઞ દરમિયાન ગાન કરવા માટેનાં સૂક્તોનો સંગ્રહ જ છે. તેમાંય, ૧૮૬૦ – કે પુનરાવર્તન બાદ કરતાં ૧૫૪૯ – સૂક્તોમાંથી ૭૫ સિવાયનાં બાકીનાં બધાં ઋગ્વેદસંહિતામાંથી છે. આ સૂક્તોનું યજ્ઞ દરમિયાન ગાન કરવાનું હોય છે. યજ્ઞવિધિમાં રાગ-ગાનનો ઉપયોગ મુખ્ય હતો, એ એથી આપણને જાણવા મળે છે. રાગ અથવા ગાનની આંતર તથા બાહ્ય એવી વિશિષ્ટ અસર થતી મનાતી. સાધનમાર્ગમાં સંગીતનો ઉપયોગ આટલે જૂને વખતથી આવો સ્પષ્ટપણે સ્વીકારેલો મળે છે, એ આપણા વિષય અંગે નોંધપાત્ર બીના છે.

યજુર્વેદમાં યજ્ઞવિધિ આચરનાર અધ્વર્યુએ તે ક્રિયા દરમ્યાન ધીમેથી બોલતા જવાની સ્તુતિઓ અને વચનો છે. તેમાંનાં ઘણાં ગદ્યમાં છે, તે યજુસ્ કહેવાય છે. જે મંત્રો છે તેમાંના ઘણા ઋગ્વેદ-સંહિતામાંથી છે. પરંતુ યજુર્વેદમાં દેવોને પ્રસન્ન કરવા માટે તેનાં બને તેટલાં વિવિધ નામો ઉપરાઉપરી કહેવાની રીત છે, તે નોંધપાત્ર છે. જેમ કે રુદ્રનાં સો નામ વાજસનેયી સંહિતા ૧૬માં તથા તૈત્તિરીય સંહિતા (૪.૫) માં છે. તેમાં આપણે વિષ્ણુસહસ્રનામ વગેરેની પેઠે ઇષ્ટદેવની સ્તુતિ કે ભાવના કરવાની તથા જપવિધિની પદ્ધતિનાં મૂળ જોઈ શકીએ છીએ. તે ઉપરાંત, યજુર્વેદમાં એક એક શબ્દ કે પદની બનેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્તુતિઓ છે, તે પણ નોંધપાત્ર છે; જેવી કે, વષટ્, વેટ્, વાટ્, સ્વાહા ઇત્યાદિ; અને ખાસ કરીને ૐ. પછીના કાળમાં યોગમાર્ગમાં નામજપ તથા બીજમંત્ર વગેરે રૂઢ થયેલાં સાધનોનાં મૂળ એમાં રહેલાં સ્પષ્ટ દેખી શકાય છે.

### બ્રાહ્મણગ્રંથો

બ્રાહ્મણગ્રંથોમાં યજ્ઞને એક સર્વશક્તિમાન અને વિશ્વના મૂળભૂત તત્ત્વ તરીકે સ્વીકારવામાં આવે છે. દેવો તેમની સ્થિતિ યજ્ઞથી જ પામ્યા છે; પ્રજાપતિ આ બધી સૃષ્ટિ રચે છે, તે યજ્ઞ અથવા/અને તપથી જ રચે છે; અને તે ક્રિયામાં તે ખૂટી જાય છે, ત્યારે યજ્ઞ અથવા/અને તપથી જ તે ફરીથી પૂર્ણ થાય છે – એવું ઠેર ઠેર કહેવામાં આવ્યું છે. પરંતુ, યજ્ઞવિદ્યાના અનુસંધાનમાં દરેક વસ્તુ અંગે અધિલોક (અધિભૂત), અધિજ્યોતિષ (અધિદૈવત), અધિવિદ્ય (અધિયજ્ઞ), અધિપ્રજ અને અધ્યાત્મ – એમ પાંચ રીતે વિચાર કરવામાં આવે છે; અને એ રીતે પિંડ-બ્રહ્માંડ વચ્ચેની એકતાનાં ગૂઢ સૂત્રો શોધવા જે પ્રયત્ન થાય છે, તે આપણા વિષયના અનુસંધાનમાં ખાસ નોંધપાત્ર છે. જેમ કે, અધિદૈવતમ્ જે પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ છે, તે અધ્યાત્મમ્ મન, પ્રાણ અને વાણી છે. દેવોના 'બંધુઓ'નો સિદ્ધાંત પણ એ અનુસાર જ છે. જેમકે ૧૧ સંખ્યા, ત્રિષ્ટુભ છંદ, ગ્રીષ્મ-ઋતુ, એ ઇંદ્રના બંધુ છે. અર્થાત્ જ્યાં જ્યાં ૧૧ની સંખ્યા અથવા ત્રિષ્ટુભ છંદ વગેરે આવે ત્યાં ઇંદ્રની શક્તિનું અસ્તિત્વ મનાય; અને એ માત્ર પ્રતીક્ રૂપે નહીં, પણ સાચેસાચ શક્તિ રૂપે. દરેક વસ્તુ આમ મોટી વ્યાપક શક્તિ કે સત્તાનો અંશ છે એમ જોવાના પ્રયત્નમાં, સર્વત્ર ગૂઢપણે વ્યાપી રહેલ અખંડ બ્રહ્મતત્ત્વના સિદ્ધાંતની કે સવ વિકૃતિઓની એક જન્મદાત્રી પ્રકૃતિના સાંખ્ય સિદ્ધાંતની ભૂમિકા સ્પષ્ટ મંડાઈ રહેલી આપણને જણાય છે. પછીના યોગસિદ્ધાંતમાં અમુક અમુક સ્થાનો કે વસ્તુઓ ઉપર 'સંયમ' કરવાથી અમુક અમુક ભૌતિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એવો જે સિદ્ધાંત રૂપ પકડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જાય છે, તેનું મૂળ અહીં સુધી રહેલું આપણને સમજાયા વિના રહેતું નથી.

બ્રાહ્મણકાળના યજ્ઞયાગનું રહસ્ય પણ છેવટે તપ અને ભક્તિની મદદથી યજ્ઞકર્મ દ્વારા પરમ શક્તિ કે તત્ત્વ સાથે ઐક્યસમાધિ પ્રાપ્ત કરવાનું જ સમજાય છે. યજ્ઞ દ્વારા યજમાન અખિલ વિશ્વના તત્ત્વ સાથે તાદાત્મ્ય પામી શકે છે કે આખા વિશ્વચક્રને ગતિમાન રાખવામાં પોતાનો ફાળો આપી શકે છે, એ ખરેખર ઉદાત્ત આધ્યાત્મિક ભાવના છે. યજ્ઞદીક્ષાની શરૂઆતમાં, યજ્ઞક્રિયા દરમિયાન તથા યજ્ઞને અંતે યજમાનને જે વ્રતો – અર્થાત્ દાન અને તપ આચરવાં પડતાં, તેથી તેનું બ્રહ્મવર્ચસ્ ખરેખર વધતું જાય, અને છેવટે એ બધાની અસર હેઠળ યજ્ઞક્રિયા દરમિયાન, ઉપરની તથા નીચેની બધી શક્તિઓ સાથે પ્રત્યક્ષપણે એકતાની સમાધિ અનુભવવાના પ્રસંગો તેને ખરેખર આવે, એ સમજી શકાય છે.

પરંતુ બ્રાહ્મણકાળમાં જ સાથે સાથે જાણે યુગ બદલાવાની શરૂઆત થતી હોય એમ પણ જણાય છે; અને યજ્ઞવિદ્યાથી અલગપણે ભક્તિ અને તપસ્યાના સ્વતંત્ર સાધનામાર્ગો તથા એક અદ્વૈત પરમતત્ત્વનું જ્ઞાન અને તેની સાથે અધ્યાત્મયોગથી ઐક્ય પ્રાપ્ત કરવાની તમન્નાની ભૂમિકા પણ મંડાય છે.

આરણ્યકગ્રંથોમાં આવો સંધિકાળ સ્પષ્ટ નજરે પડે છે. તેમાં આશ્રમવ્યવસ્થા વ્યવસ્થિત થયેલી અને સ્વીકારાયેલી જોવા મળે છે. ત્રીજા આશ્રમનો આરણ્યક અરણ્યમાં જ રહી, ધ્યાન-ચિંતન કરનારો માણસ છે. તે યજ્ઞયાગ વગેરે ક્રિયાકાંડની જવાબદારીમાંથી બહાર નીકળી જાય છે. જોકે, તેની ભાવના યજ્ઞની રહે છે; છતાં તેનું સ્વરૂપ ગીતામાં ( ૪.૨૮ ) જણાવ્યું છે તેવું સ્વાધ્યાય-યજ્ઞ, જ્ઞાન-યજ્ઞ, અને ધ્યાન-યજ્ઞનું બને છે. બધો ભાર ધીમે ધીમે તપ અને ધ્યાન રૂપી સાધન ઉપર જ મુકાય છે, અને તે માટે પરમતત્ત્વનાં અમુક પ્રતીકો ઉપર એકાગ્ર ધ્યાન કરવારૂપ ઉપાસનાઓ રજૂ કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અલબત્ત, એ પ્રતીકોમાંનાં કેટલાંક બ્રાહ્મણગ્રંથોના યજ્ઞવિધિમાંથી જ લેવામાં આવતાં હોય છે.

## ઉપનિષદ ગ્રંથો

ઉપનિષદગ્રંથોમાં આવતાં જ જાણે યુગપલટો આવ્યો હોય એમ જણાય છે. વેદકાળમાં 'જે કરવાનું' અને 'જે કરીએ છીએ' એ બે વચ્ચે કશો ભેદ પડ્યા વિનાની, અને 'જે કરવાનું છે' તે સ્વાભાવિકપણે કરાતું હોય એવી સહજસ્ફૂર્તિની જે દશા વ્યાપેલી જણાય છે, તે હવે લુપ્ત થઈ હોય છે. બ્રાહ્મણકાળમાં પણ બધું 'જ્ઞાન' તો વેદો દ્વારા જણાઈ ગયેલું છે, એવો ભાવ ચાલુ રહે છે; ફિકર માત્ર 'જે કરવાનું છે' તેને તપપૂર્વક આચરવા અંગે રહી હોય છે. અને સાથે સાથે જાણે એટલી શ્રદ્ધા તો છે કે, એ ક્રિયાકર્મ યથાયોગ્ય આચરાતાં, બાકીની બધી પંચાતો આપોઆપ પતી જવાની છે.

પરંતુ ઉપનિષદકાળમાં શ્રદ્ધા-તપ-કર્મનું એ ચક્ર તૂટી જાય છે. ધ્યેય તેમ જ તેને સિદ્ધ કરવાનો માર્ગ એ બંને પ્રયત્નપૂર્વક શોધવાનાં તથા મેળવવાનાં બની રહે છે. આ વિવિધતાવાળા જગતનું મૂળતત્ત્વ શું છે, તેની બરાબર શોધ મંડાય છે. એ પરમતત્ત્વ જેમ સૃષ્ટિમાં અંતર્યામીપણે રહે છે, તેમ મનુષ્યમાં જીવાત્મા રૂપે રહેલું છે. એ આત્મા હૃદયની અંદરના આકાશમાં ડાંગર કે જવ, સરસવ, સામો કે સામાના કણ કરતાં નાનો અથવા અંગૂઠા જેટલો, કે ધૂમાડા વિનાની જ્યોત જેવો મોજૂદ છે. બહિર્ગામી ઇંદ્રિયોને ઊલટાવીને અંદર જોનાર કોઈ ધીર તેને એકાગ્ર અને સૂક્ષ્મ બનેલી બુદ્ધિ વડે જોઈ શકે છે. ચક્ષુ, વાણી કે બીજી ઇંદ્રિયોથી કે તપ અને કર્મથી પણ અલભ્ય એવા એ નિષ્કલ આત્માને જ્ઞાનપ્રસાદથી વિશુદ્ધ સત્ત્વવાળો બનેલો મનુષ્ય ધ્યાન કરતો કરતો જોઈ શકે છે. એ સાધનાને 'અધ્યાત્મયોગ' (કઠ૦ ૧-૨-૧૨), 'સંન્યાસયોગ' (મુંડક૦ ૩.૨-૬), 'શ્રવણ – મનન – નિદિધ્યાસન' (બૃહ૦ ૨. ૪. ૨-૫), 'અભિધ્યાન–યોજન–તત્ત્વભાવ' (શ્વે૦ ૧-૧૦), 'ધ્યાનાભ્યાસ' (શ્વે૦ ૧-૧૪) કે 'યોગ' (કઠ૦ ૨. ૩. ૯-૧૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એમ જુદાં જુદાં નામે ઓળખાવવામાં આવે છે. એ આત્માને જાણવો એટલે બધાં પાપો શરીર સાથે છોડીને સર્વ કામ પ્રાપ્ત કરવા (તૈ૦ ૨.૧.૫); અને એ આત્માને ન જાણવો એટલે મહાન વિનાશ વહોરવો (કેન૦ ૨.૫), એમ મનાય છે. સાથે સાથે વિવેક-વૈરાગ્ય ઉપર ભાર મુકાતો જાય છે.[૧]

ઉપનિષદોના 'અધ્યાત્મ-યોગ'માં ૐકારનાં જપ, ધ્યાન કે ઉપાસના ઉપર ભાર મુકાતો જણાય છે. ઉપનિષદો ૐને માત્ર ધ્યાન અને ઉપાસનાનું સાધન જ નહીં, પણ એ ધ્યાન કે ઉપાસનાથી જે ધ્યેય પ્રાપ્ત કરવાનું છે, તે ધ્યેય પણ કહે છે.[૨] મુંડકોપનિષદ (૨. ૨. ૩-૪) ધનુષ્ય-બાણ અને લક્ષ્યની તાદશ ઉપમા આપીને જણાવે છે કે, ઉપનિષદમાં વર્ણવેલું પ્રણવરૂપી મહાસ્ત્ર – ધનુષ્ય પકડીને, ઉપાસનાથી તીક્ષ્ણ બનાવેલ આત્મારૂપી શર તેના ઉપર સાંધવું. પછી તદ્ભાવગત ચિત્ત વડે, અપ્રમત્ત થઈને તેને ખેંચીને, અક્ષર-બ્રહ્મરૂપી લક્ષ્યને વીંધવું, જેથી બાણ જેમ લક્ષ્યમાં પરોવાઈ જાય, તેમ આપણે પરબ્રહ્મમાં તન્મય થઈ જઈએ. ૐની પોતાની શક્તિ વિશ્વવ્યાપી મનાય છે: સૂર્ય પણ વિશ્વમાં પોતાની મુસાફરી ૐ ઉચ્ચાર કરતો જ કરે છે (છાં૦ ૧. ૫. ૧. ૩). તેની પાપો ધોવાની શક્તિ બાબત પ્રશ્નોપનિષદ જણાવે છે (૫. ૧. ૫.) કે, માણસ મૃત્યુકાળ સુધી ૐકારનું અભિધ્યાન કરે, તો. . . . જેમ સાપ પોતાની કાંચળીમાંથી મુક્ત થાય છે, તેમ એ માણસ પાપમાંથી મુક્ત થઈ, પરમપુરુષને જોઈ શકે છે.

---

૧. પ્રિય અને પ્રિય રૂપવાળા કામો તજી, શ્રેયને જ પસંદ કરવું (કઠ૦ ૧.૨.૩); લોકથી નિર્વેદ પામવું (મું૦ ૧.૨.૧૨); પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા એ બધું છોડી પ્રવ્રજ્યા લેવી, ભિક્ષાચર્યા સ્વીકારવી (બૃહ૦ ૪. ૪. ૨૨); પ્રશાંત, સમાહિત, શમયુક્ત, વિજ્ઞાનવાન, સમનસ્ક, સદાશુચિ બનવું (કઠ૦ ૧. ૩. ૭.) ઇ૦.

૨. કઠ. ૧. ૨. ૧૫-૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કઠ ઉપનિષદમાં યોગ-સાધનાનો ક્રમ નિરૂપતાં જણાવ્યું છે કે, વાણીને મનમાં ખેંચી લેવી, મનને જ્ઞાન આત્મામાં ખેંચી લેવું, જ્ઞાન-આત્માને મહત્ આત્મામાં ખેંચી લેવો, અને મહત્ આત્માને શાંત આત્મામાં ( ૧. ૩. ૧૩. ). વળી તે જણાવે છે કે, જ્યારે પાંચે જ્ઞાનો મનની સાથે સ્થિર થઈ જાય છે, અને બુદ્ધિ જરા પણ વિચેષ્ટા કરતી નથી, ત્યારે તે પરમગતિ કહેવાય છે. એ સ્થિર ઇંદ્રિય-ધારણા તે યોગ છે ( ૨.૩. ૯-૧૦ ).

શ્વેતાશ્વતરમાં યોગસાધના વધુ પગથિયાંવાર નિરૂપાયેલી જોવા મળે છે. જેમ કે, સમાન, પવિત્ર, અવાજો વિનાના, પવન વિનાના સ્થાનમાં, ત્રણ ભાગ ટટાર રહે તે રીતે શરીરને સરખું રાખી, શરીરની ચેષ્ટાઓ નિયમિત કરી દઈ, પ્રાણોને નિયંત્રણમાં રાખવા.[૧] પછી પ્રાણ જ્યારે ક્ષીણ થઈ જાય ત્યારે તેને નાસિકા વાટે બહાર કાઢી નાખી, ઇંદ્રિયોને મન સાથે હૃદયમાં અપ્રમત્તપણે ધારણ કરવી, એમ તેમાં જણાવ્યું છે ( ૨.૮-૧૦ ).

એ યોગનો અભ્યાસ દૃઢ થતાં યોગપ્રવૃત્તિ પ્રાપ્ત થયાના ચિહ્નરૂપે શરીર ઉપર જે અસરો થતી જણાય છે,[૨] તથા સાધકને જે જુદાં જુદાં રૂપો દેખાય છે,[૩] કે જેથી બ્રહ્મની અભિવ્યક્તિ થવાની શરૂઆત થયેલી જાણી શકાય, તે બધું પણ ઉપનિષદોમાં વિગતે

---

૧. મુંડક૦ ( ૩. ૧. ૯ ) જણાવે છે કે, 'પ્રજાઓનું ચિત્ત પ્રાણો વડે જ પરોવાયેલું છે; અને એ ચિત્ત જ્યારે ( પ્રાણોના કાબૂથી ) વિશુદ્ધ થાય, ત્યારે જ આત્મા પ્રકાશી ઊઠે છે.' અર્થાત્ આમ, પ્રાણાયામ જેવી કોઈ બાબતનો ઉલ્લેખ આવતો હોય એમ લાગે છે; પણ પ્રાણાયામ નામે પછીથી પ્રસિદ્ધ થયેલી પ્રક્રિયા સ્પષ્ટપણે ઉપનિષદોમાં નિરૂપાઈ લાગતી નથી.

૨. યોગીને રોગ, જરા કે મૃત્યુ રહેતાં નથી; તેનું શરીર હલકું, નીરોગી અને અલોલુપ થાય છે; તેનો વર્ણ પ્રસાદયુક્ત, તેનો સ્વર સૌષ્ઠવયુક્ત, તેનો ગંધ શુભ અને તેનાં મળ-મૂત્ર અલ્પ બની જાય છે. ( શ્વે૦ ૨. ૧૨-૩ )

૩. ઝાકળ, ધૂમ, સૂર્ય, અગ્નિ, વાયુ, ખદ્યોત ( આગિયો ), વિદ્યુત, સ્ફટિક, અને ચંદ્ર, (શ્વે૦ ૨.૧૧), કેસરી રંગનું કપડું, ઇંદ્રગોપ ( ગોકળગાય ), અગ્નિજ્વાળા, કમળ, અને વીજળીનો ચમકારો ( બૃહ૦ ૨. ૩. ૬ ).



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઉલ્લેખાયેલું મળે છે. છેવટના સાક્ષાત્કાર વખતે આત્મા અને પરમાત્મા એક છે એવું દર્શન થાય છે, એવા સ્પષ્ટ ઉલ્લેખ ઉપનિષદોમાં છે. શ્વેતાશ્વતર૦ કહે છે કે, જેમ સાફ કરેલો અરીસો બિંબને બરાબર પ્રતિબિંબિત કરે છે, તેમ સાક્ષાત્કાર વખતે આત્મતત્ત્વને સાધક જુએ છે અને એકરૂપ બનેલો તે કૃતાર્થ થઈને વીતશોક બને છે (૨.૧૪-૧૫). એ સાક્ષાત્કાર પ્રાપ્ત કરનારો પછી શરીરની પાછળ અનુતપ્ત થતો નથી; કારણ કે તેને કશાની ઇચ્છા કે કામના બાકી રહેતી નથી (બૃહ૦ ૪.૪.૧૨). તેના હૃદયની ગ્રંથીઓ ભેદાઈ જાય છે, તેના સર્વ સંશયો કપાઈ જાય છે અને એ પરાવરનાં દર્શન થતાં તેનાં સર્વ કર્મો પણ ક્ષય પામે છે (મુંડક૦ ૨.૨.૮). પહેલાં તે અનીશાથી મોહ પામતો શોક કરતો હતો; તે હવે એના મહિમાના દર્શન પછી વીતશોક બની જાય છે (મું૦ ૩.૧.૨).

જીવાત્માનો પરમાત્મા સાથેનો સંબંધ અનેક ઉપમાઓથી વર્ણવાય છે: સારી પેઠે સળગેલા અગ્નિમાંથી જેમ હજારો સમાન જાતના તણખા ઊડે છે (મુંડક૦ ૨.૧.૧); અથવા પાણીનું ટીપું જ્યાં સુધી પાછું તેના મૂળમાં ભળી જતું નથી ત્યાં સુધી પોતાનો જુદો આકાર, રંગ અને વ્યક્તિત્વ રાખે છે, પણ મૂળમાં પાછું ભળી ગયા પછી તેનાં જુદાં નામ–રૂપ રહેતાં નથી (મુંડક૦ ૩.૨.૮) ઇ૦. જ્યાં લગી જીવાત્મા અંતઃકરણ વગેરે બાહ્ય ઉપાધિઓથી વીંટળાયેલો છે, ત્યાં સુધી તેનું અસ્તિત્વ જુદું છે; તે સત્ય અને અમૃત બેના મિથુનરૂપ છે (ઐત૦ આર૦ ૨.૩.૬).

જીવાત્માની સાથે પરમ આત્મા એક જ વૃક્ષ ઉપર સાથે રહેલો પણ ઉપનિષદોમાં કહ્યો છે (કઠ૦ ૧. ૩. ૧). તે માત્ર જોયા કરે છે, પણ કશું ભોગવતો નથી (મુંડક૦ ૩. ૧. ૧-૩); ત્યારે જીવાત્મા મોહ પામતો અનીશાથી શોક કરે છે. પરંતુ જ્યારે તે પેલા ઈશને અને તેના મહિમાને જુએ છે, ત્યારે તે વીતશોક થાય છે.[૧]

---

૧. શ્વે૦ ૧.૬; પ્રશ્ન૦ ૪.૯; બૃહ૦ ૪.૩.૩૫; શ્વે૦ ૨.૫ ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


યોગસૂત્રમાં ઈશ્વરને ક્લેશ કર્મ વિપાક અને આશયોથી અપરામૃષ્ટ પુરુષવિશેષ કહ્યો છે, તથા ગુરુઓનો ગુરુ કહ્યો છે. તે પ્રમાણેની કલ્પના ઉપનિષદોમાં બરાબર છે જ. મુંડક૦ (૩. ૧. ૧)માં ઈશ્વરને પીપળાનું ફળ ખાધા વિના માત્ર જોયા કરતો જણાવ્યો છે, અને કઠ૦માં (૨.૫.૧૧) સૂર્યની ઉપમા આપીને, સૂર્ય જેમ બાહ્ય દૃશ્ય રૂપોના દોષોથી અલિપ્ત રહે છે (જોકે તેમને દૃષ્ટિગોચર કરવામાં તે સહાયક બને છે) તેમ સર્વભૂતોનો એક અંતરાત્મા પણ બાહ્ય લોકદુઃખોથી લેપાતો નથી, એમ જણાવ્યું છે. છેક છેવટના સાક્ષાત્કાર પહેલાં મનુષ્યના પ્રયત્ન ઉપરાંત ઉપરથી કંઈક પ્રસાદ કે મદદ ઊતરવાની અપેક્ષા રહે છે એવા અર્થના મુંડક૦ (૩. ૨. ૩) અને કઠ૦ (૧. ૨. ૨૨) ના જે ઉલ્લેખો છે, તે ઉપરથી ઈશ્વરનું માર્ગદર્શકપણું કે તેનો ગુરુભાવ સ્વીકારાતો સ્પષ્ટ જણાય છે.

છાંદોગ્ય ઉપ૦ (૮. ૬. ૧), બૃહદારણ્યક ઉપ૦ (૪. ૩. ૨૦; ૨. ૧. ૧૯), પ્રશ્ન ઉપ૦ (૩. ૬-૭), અને કઠ૦ (૨. ૩. ૧૬) વગેરેમાં હૃદયની નાડીઓ, તેમનો વર્ણ, તેમની સંખ્યા, જીવાત્મા કે પ્રાણ તેમાંથી કઈ કઈમાં સંચરે છે, અને છેવટે જીવ કઈમાં થઈને નીકળે તો સારું કહેવાય, વગેરે વર્ણન આવે છે. તે ઉપરાંત કૌષીતકી (૪.૧૯) અને મૈત્રી ઉપ૦ માં (૧.૨) શરીરની ધાતુઓ અને નાડીઓના જે ઉલ્લેખો છે તે, પછીના વખતમાં યોગવિદ્યાના અને આયુર્વેદના શરીરવિજ્ઞાનની શોધોના મૂળરૂપ જણાય છે.

## મહાભારત-કાળ

મહાભારત-કાળ એ ઉપનિષદકાળ પછી બૌદ્ધકાળ સુધી પહોંચતા પહેલાં વચમાં આવતો આચાર–વિચારની ભારે ગડમથલ અને ઊથલપાથલનો વચગાળો છે. જૈન ગ્રંથો ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ અને વિનયવાદ એ ચાર મુખ્ય વિભાગો હેઠળ ૩૬૩ જુદાં જુદાં દર્શનોના પ્રકારો ગણાવે છે; ત્યારે બૌદ્ધ પરંપરા બુદ્ધના સમયમાં પ્રચલિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૬૨ અબૌદ્ધ વાદોનો ઉલ્લેખ કરે છે.[૧] ઉપનિષદોમાં પોતામાં જ ખાસ કરીને કાલ, સ્વભાવ, નિયતિ, યદૃચ્છા, કે ભૂતોને પરમ તત્ત્વ માનનારા (શ્વે૦ ૧. ૨; ૬. ૧. ઇ૦) કે અસ્વર્ગ્ય લોકો,[૨] કાપાલિકો, વૃથાતર્કવાદીઓ, (નૈરાત્મ્યવાળા) બૃહસ્પતિના અનુયાયીઓ (મૈત્રા૦ ૬. ૧૪ ઇ૦; ૬. ૨૦; ૭. ૮ ઇ૦.) કે પ્રાણ, ગુણો, દિશાઓ, મન, બુદ્ધિ, વગેરેને પરમતત્ત્વ માનનારાઓનો (માંડૂક્ય કારિકા ૧. ૭-૯; ૨. ૨૦-૨૮) ઉલ્લેખ છે.

મહાભારતકાળમાં (પર્વ ૧૨. ૩૫૦. ૬૪ ઇ૦) ચાર 'જ્ઞાનો' પ્રચારમાં હોવાનું જણાય છે: ૧. સાંખ્યયોગ, ૨. પાંચરાત્ર ૩. વેદારણ્યક (વેદો:) અને ૪. પાશુપત.[૩] તેમાંનું પ્રથમ 'સાંખ્યયોગ' એવા ભેગા

---

૧. અલબત્ત, એ ગણનાઓ ખરેખર જે વાદો અસ્તિત્વમાં હોય એમને આધારે કરવાને બદલે જીવ, બંધ, મોક્ષ વગેરે સ્વમાન્ય તત્ત્વોને અને કાલ, ઈશ્વર, આત્મા, નિયતિ વગેરેના નિમિત્તપણાને ઇન્કારવા કે માનવાની દૃષ્ટિએ કેટલા વાદો ગણતરીથી સંભવે એ ગણી કાઢીને પણ કરી હોય. છતાં, એ સમયે આચાર અને વિચારની જે પ્રચલિત માન્યતાઓના સ્પષ્ટ ઉલ્લેખો મળે છે તે જોતાં, આવા આવા અનેક વાદો તે વખતે પ્રચલિત ન હોય એમ કહી શકાતું નથી.

૨. શરીર જ આત્મા છે એમ માનનારા (છાંદો૦ ૮. ૮. ૪); આ લોક તેમ જ પરલોક નથી એમ માનનારા (કઠ૦ ૨. ૬); સંશયાત્મા.નાસ્તિક લોકો (ગીતા. ૪. ૪૦; ૧૬. ૭-૨૩); બુદ્ધિવાદી, તર્કવિચારમાં અનુરત, આત્મા તથા મોક્ષને ઇન્કારનારા, નાસ્તિક, વસ્તુમાત્ર બાબત શંકા ઉઠાવતા, સભાઓમાં દલીલબાજી ચલાવતા, અને આખી પૃથ્વી ઉપર વિચરતા (મહા૦ ૧૨. ૧૯. ૨૩).

૩. પછીના સમયમાં ષડ્દર્શન તરીકે જાણીતાં થયેલાં દર્શનો મહાભારતકાળ સુધીમાં પ્રચલિત કે વ્યવસ્થિત થયાં હોય તેમ લાગતું નથી. સિદ્ધાંતના પ્રવર્તક તરીકે એકમાત્ર કપિલનો ઉલ્લેખ મહાભારતમાં આવે છે: બીજાં નામો કાં તો દેવોનાં છે કે ઋષિઓનાં. જેમકે, પર્વ ૧૨. ૩૧૯. ૫૯ માં આત્માનું પ્રતિપાદન કરનારાઓની જે યાદી આપી છે, તેમાં આસુરિ અને પંચશિખનાં નામ જ કપિલના શિષ્યો તરીકે જાણીતાં છે. જોકે તેમાંનાં જૈગીષવ્ય અને વાર્ષગણ્યનાં નામો યોગસૂત્ર ઉપરના વ્યાસભાષ્યમાં (૨. ૫૫; ૩. ૫૩) છે, પણ મહાભારતમાં તેમનો ઉલ્લેખ યોગસિદ્ધાંતના અનુસંધાનમાં ન કહેવાય.

બાદરાયણ અને પંતજલિ એ તો નામ તરીકે પણ મહાભારતમાં અજાણ્યાં છે. જૈમિનિ અને ગૌતમ નામો માત્ર ઋષિઓનાં નામ તરીકે આવે છે: કોઈ દર્શનના પ્રતિપાદક તરીકે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નામે પણ પ્રચલિત છે,[૧] અને વચ્ચે 'અને' મૂકી સાંખ્ય અને યોગ એવાં બે જુદાં નામે પણ.[૨] સાંખ્યને માટે કોઈ વખત કાપિલ[૩] કે સાંખ્યકૃતાન્ત[૪] નામ પણ આવે છે. પણ મહાભારતમાં વારંવાર 'સાંખ્ય અને યોગ બંને એક જ છે, મૂર્ખ લોકો જ તે બંનેને જુદાં જુદાં જાણે છે; તે બેને જે એક જાણે છે, તે જ સાચું જાણે છે' – એવા ભાવના ઉલ્લેખો આવ્યા કરે છે.[૫] અર્થાત્ સાંખ્ય અને યોગ એ બે જુદા સિદ્ધાંત હોવાને બદલે એક જ ઔપનિષદ સિદ્ધાંત અંગેની બે જુદી નિષ્ઠાઓ છે, એવું જ જણાવવાનો મહાભારતનો આશય છે. જેમ કે ગીતાના વિવિધ ઉલ્લેખો[૬] એકસાથે વિચારતાં સમજાય છે કે, સંન્યાસમાર્ગી, કર્મત્યાગી, નિર્ગુણ–અવ્યક્ત–બ્રહ્મવાદીઓની નિષ્ઠા તે સાંખ્યનિષ્ઠા છે; અને કર્મોના ફળમાં બુદ્ધિ રાખ્યા વિના નિત્ય સત્ત્વસ્થ થઈ, ઈશ્વરપ્રણિધાન-પૂર્વક કર્મયોગ આચરવા દ્વારા આત્મયોગ તરફ વળતી નિષ્ઠા તે યોગનિષ્ઠા છે.

સાંખ્ય અને યોગ વચ્ચેનો ભેદ બતાવતાં સામાન્ય રીતે એમ કહેવાય છે કે, સાંખ્ય 'ઈશ્વર'માં નથી માનતું.[૭] પરંતુ સાંખ્ય સિદ્ધાંતને 'અનીશ્વર' કહેવો હોય, તો તે ઉપનિષદોના નિર્ગુણ બ્રહ્મસિદ્ધાંતને જે અર્થમાં અનીશ્વર કહેવાય તે અર્થમાં જ; નાસ્તિક-દર્શનના અર્થમાં અનીશ્વરવાદીઓને ગીતાએ જે જે વિશેષણો વડે[૮]

---

૧. પર્વ ૧૨. ૩૪૯. ૭૪ ઇ૦.

૨. પર્વ ૧૨. ૫૦. ૩૩; ૨. ૫. ૭; ૩. ૨. ૧૫; ૧. ૭૫. ૭; ૧૩. ૧૪૯. ૧૩૯; ૧૨. ૩૪૨. ૮.

૩. પર્વ ૧૨.૩૨૬.૪.

૪. ગીતા ૧૮.૧૩.

૫. પર્વ ૧૨. ૩૧૭. ૨૯; ગીતા. ૫. ૪-૫.

૬. અ૦ ૫. ૪-૬; ૩. ૩; ૨. ૩૯ ઇ૦; ૧૩. ૨૪; ૧૨. ૧; ૧૨. ૬-૭; ૧૨. ૯; ૧૨. ૧૦-૧૧-૧૨.

૭. મહા૦ પર્વ ૧૨. ૩૦૧.

૮. આસુર, શૌચ-આચાર-સત્ય વગરના, નષ્ટાત્મા, અલ્પબુદ્ધિ, અશુચિવ્રત, કામોપભોગપરમ, કામક્રોધપરાયણ, કામભોગપ્રસક્ત ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વખોડ્યા છે (૧૬.૭ ૪૦) તે વિશેષણો સાંખ્ય સિદ્ધાંતને કે નિષ્ઠાને હરગિજ લાગુ પાડી શકાય તેમ નથી. ગીતામાં નિર્ગુણ બ્રહ્મવાદને અધિકતર ક્લેશવાળો (૧૨.૫) અને દુઃખે પ્રાપ્ત કરી શકાય એવો (૫.૬) કહીને પુરુષોત્તમ ઈશ્વરમાં નિષ્ઠાપૂર્વક કર્મયોગ-ભક્તિયોગને સ્વીકારવાનું જે વલણ દેખાય છે, તે અર્થમાં જ સાંખ્યનિષ્ઠા 'અનીશ્વર' છે. અને આપણે જોઈ શકીએ છીએ કે, ઉપનિષદકાળમાં જ કઠ૦, શ્વેતાશ્વતર૦ વગેરેમાં નિર્ગુણ બ્રહ્મ કે આત્માને બદલે પરમતત્ત્વ માટે 'દેવ' 'પુરુષ', 'વિષ્ણુ' 'ઈશાન', 'પ્રભુ', 'રુદ્ર', 'મહેશ્વર', 'ભગવાન', 'કર્માધ્યક્ષ', 'સર્વભૂતાધિવાસ' વગેરે નામે કે રૂપે ઓળખવાનું વલણ શરૂ થયેલું છે; તે જ મહાભારતમાં વધુ પસંદગી પામે છે.[૧] સાંખ્ય સિદ્ધાંત જો ઉપનિષદોના સિદ્ધાંત અને તત્ત્વથી જુદી–વિપરીત–વાત નિરૂપનારો સિદ્ધાંત હોય, તો તેને ઈશ્વરમાં માનનાર યોગ-સિદ્ધાંત સાથે એકરૂપ ઠરાવવાનો પ્રયત્ન અને આગ્રહ વિચિત્ર જ લાગે. પણ, પરમતત્ત્વને ઈશ્વર કે નિર્ગુણ પરબ્રહ્મ માનવાની બાબતમાં જ તફાવત હોય, તો તે સિદ્ધાંતને નાસ્તિક કે વેદબાહ્ય શી રીતે કહી શકાય? ઊલટું, નિર્ગુણ બ્રહ્મનો સાંખ્ય સિદ્ધાંત જ ખરી રીતે જૂનો ઔપનિષદ સિદ્ધાંત કહેવાય.

છતાં નિર્ગુણ–સંન્યાસ નિષ્ઠાને બદલે મહાભારતકાળમાં સગુણ–કર્મ-ભક્તિ-ધ્યાન નિષ્ઠા વધુ સંમાન્ય થતી જતી હતી; અને તેના જ ફળ રૂપે મહાભારતકાળમાં પાંચરાત્ર અને પાશુપત સિદ્ધાંતો વિશેષ પ્રચારમાં આવતા જતા હતા. આપણે તેમનું સ્વરૂપ ટૂંકમાં જોઈ લઈએ.

---

૧. તેમ છતાં નિર્ગુણતત્ત્વ એ જ પરમતત્ત્વ છે એ નકારવાનો ભાવ મહાભારતમાં હરગિજ નથી. (શાંતિ૦ ૩૩૯. ૨૧-૮). નારાયણીય પ્રકરણ (શાંતિ૦ ૩૪૬ ૪૦) કે જેમાં ભાગવતધર્મની સ્થાપનાનો ઉદ્દેશ છે, તેમાં પણ નારાયણ પોતે 'સૂક્ષ્મ, અવિજ્ઞેય, અવ્યક્ત, અવિચળ, ને અવિનાશી તત્ત્વ'ને ભૂતમાત્રના તથા પોતાના આત્મારૂપે પૂજે છે, એમ જણાવ્યું છે. જુઓ પર્વ ૧૨.૨૪૧.૨-૩ પણ; ત્યાં 'આત્મજ્ઞાન'ને જ યોગકૃત્યનો અંત કહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પાંચરાત્ર સિદ્ધાંત મહાભારતકાળનો મહત્ત્વનો અને કદાચ વધુ માન્ય એવો સિદ્ધાંત છે. ઋગ્વેદના સમયથી વિષ્ણુ એક અગત્યના દેવ તરીકે જાણીતા છે. તે ત્રિવિક્રમ દેવ છે, અને તેમણે ત્રણ પગલાં વડે ત્રણે લોકોને આક્રાંત કર્યા છે એમ ત્યાં કહ્યું છે. તેમનું રૂપ કળી શકાતું નથી, અને તે જે ઝગમગતા પ્રકાશવાળા પ્રદેશમાં રહે છે, ત્યાં પંખીઓ પણ ઊડવાની હામ ભીડી શકતાં નથી (ऋ० १·१५५·५). તેમને આપત્તિમાંથી ઉગારનાર પણ કહ્યા છે (ऋ०६·४९·१). ઉપનિષદોમાં 'વિષ્ણુના પરમપદ'ને જીવનયાત્રાનો આખરી મુકામ કહેલો છે, ને ત્યાં પહોંચવું એ માણસની મોટામાં મોટી આકાંક્ષા છે (कठ० १·३·९). શતપથબ્રાહ્મણમાં (१·२·४) જણાવ્યું છે કે અસુરો સાથે ઝઘડો પડ્યો ત્યારે દેવોએ યજ્ઞ એવા વિષ્ણુને જ (यज्ञम् एव विष्णुं) આગળ કરીને પોતાના ભાગ માટે પ્રયત્ન કર્યો. તે જ ગ્રંથમાં (१४.१) વળી કહ્યું છે કે, વિષ્ણુ જ દેવોમાં શ્રેષ્ઠ છે [1] અને તે પોતે જ યજ્ઞ છે.

બીજી બાજુ પુરુષસૂક્ત (ऋ·१०·९०.)ના સમયથી માંડીને સર્વોત્તમ તત્ત્વને 'પુરુષ' નામે ઉલ્લેખવાની પ્રવૃત્તિ ચાલતી આવી છે. "ભૂત અને ભવિષ્ય જે કાંઈ આપણે જોઈએ છીએ, તે એ પુરુષ છે તથા બધું તેમાંથી જ આવેલું છે અને તેને જાણીને જ અમૃતત્વ પમાય છે. એ સિવાય બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી." વળી શતપથબ્રાહ્મણ (१४·३·४)માં 'પુરુષ'ને નારાયણ સાથે એકરૂપ ગણાવ્યા છે (पुरुषम् ह नारायणम्). તૈત્તિરીય આરણ્યક (१०·१·६)માં નારાયણને વાસુદેવ અને વિષ્ણુ સાથે એકરૂપ ગણ્યા છે (नारायणाय विद्महे वासुदेवाय धीमहि तन्नो विष्णुः ...).

મહાભારતમાં નારાયણીય આખ્યાન શાંતિપર્વમાં આવે છે. તે ઉપરથી સમજાય છે કે, ભગવાન–વિષ્ણુ–નારાયણ–વાસુદેવને પરમદેવ

---

૧. વાજસનેયિસંહિતા १·३०; २·६-८, ५·२१· અથર્વ૦. ५·२९·७; ८·५·१० ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



માનનારા ઉપાસકો ભાગવત કહેવાતા. તે ધર્મ ઉપરિચર વસુ મારફત ભારતવર્ષમાં શરૂ થયો હોઈ, વસુરાજાના ઇષ્ટદેવ નારાયણ તે વાસુદેવ કહેવાયા, એવું સમજાય છે. વસુરાજાના યજ્ઞમાં પશુવધ કરવામાં આવ્યો ન હતો. યજ્ઞવિધિ આરણ્યકગ્રંથોમાં દર્શાવેલા માનસ યાગના વિધિ પ્રમાણે થયો હતો; મુખ્ય દેવ હરિ અથવા વિષ્ણુ હતા; આ દેવનાં દર્શન કેવળ બાહ્ય યજ્ઞ કરનારને થતાં નથી; એ યજ્ઞના કરાવનાર બૃહસ્પતિને એ દર્શન ન થયાં; એ દેવનું દર્શન ભક્તિ વડે થાય છે, બીજા ઉપાયથી થતું નથી — એવું તે યજ્ઞની આખ્યાયિકા ઉપરથી સમજાય છે.

વળી તે દેવનું પૂજન સાત્વત અથવા વૃષ્ણિ અથવા યાદવકુળના રાજાઓનો કુલધર્મ હતો, અને તે ધર્મનો કૃષ્ણ-વાસુદેવે સમુદ્ધાર કર્યો, એટલે તે ધર્મ સાત્વત તંત્ર નામે પણ ઓળખાતો. આ તંત્રમાં પાંચ સિદ્ધાંતો ચર્ચવામાં આવે છે — તત્ત્વ, મુક્તિ, ભક્તિ, યોગ અને વૈશેષિક (અર્થાત્ પ્રત્યક્ષ વિષયો). મહાભારતનું નારાયણીય આખ્યાન એ પાંચરાત્ર સિદ્ધાંતનું જૂનામાં જૂનું ઉપલબ્ધ રૂપ છે. પછીની પરંપરાગત ૧૦૮ સંહિતાઓ પણ તે સિદ્ધાંતની છે.

પાશુપત સિદ્ધાંતના ઇષ્ટદેવ રુદ્ર અથવા શિવ છે. ઋગ્વેદમાં રુદ્ર એક દેવ તરીકે જાણીતા છે (૧.૧૧૪). કૃષ્ણ યજુર્વેદમાં (૪.૫.૧૦) તેમની સ્તુતિ કરતાં જણાવ્યું છે, "હે રુદ્ર, તમારું જે કલ્યાણકારી રૂપ છે, જે દુઃખમાત્રને માટે ઔષધરૂપ તથા મુક્તિનું સાધન હોઈ કલ્યાણકારી છે, તે રૂપ વડે તમે અમને આનંદ આપો." તૈત્તિ૦ આરણ્યકમાં તો કહ્યું છે કે (૧૦.૧૬), 'વિશ્વમાં જે કાંઈ છે, તે રુદ્રરૂપ છે. રુદ્ર તે જ પુરુષ છે. . . . જે વિવિધ વિશ્વ થયું છે, થાય છે અને થવાનું છે, તે બધું રુદ્રરૂપ જ છે.' યજુર્વેદના શતરુદ્રીયમાં રુદ્રને 'પશુપતિ' નામ આપ્યું છે. બ્રાહ્મણ ગ્રંથોમાં રુદ્રને 'શિવ' નામ પણ આપ્યું છે. પાશુપત સિદ્ધાંત એ શિવ–રુદ્રની પ્રણાલિકા આગળ ચલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પાશુપત સિદ્ધાંતમાં પાંચ પદાર્થો માનેલા છે:—(૧) કારણ કે પતિ. તે અનાદિ અને અનંત એવા વિશ્વાધીપ છે; અને તે સમગ્ર વિશ્વનાં સર્જન પાલન અને સંહાર કરે છે. (૨) કાર્ય. કારણ પર આધાર રાખનારો અસ્વતંત્ર પદાર્થ તે કાર્ય. તેના ત્રણ વિભાગ છે: વિદ્યા અથવા જ્ઞાન; કલા અથવા ઇંદ્રિય-મન-બુદ્ધિ આદિ કરણો; અને પશુઓ એટલે જીવો. સર્વ પ્રકારની વિદ્યા તથા જગત, પાંચ મહાભૂતો ને પાંચ ગુણો, પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો તથા મન-બુદ્ધિ-અહંકાર એ સર્વ અસ્વતંત્ર હોઈ ઈશ્વર ઉપર આધાર રાખે છે. (૩) યોગ અર્થાત્ સાધના. જે માનસિક ક્રિયા વડે જીવ પરમેશ્વરની પ્રાપ્તિ કરી શકે તે. (૪) વિધિ અથવા નિયમો. એટલે કે આંતરબાહ્ય શુદ્ધિ અને સદાચાર. (૫) દુઃખાન્ત — દુઃખમાંથી છુટકારો. એ અવસ્થામાં જીવ ઉન્નતિ પામીને મહેશ્વરપદે પહોંચે છે અને તેને સંપૂર્ણ જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ પ્રાપ્ત થાય છે; જોકે તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ કાયમ રહે છે.

પશ્ચિમ હિંદમાં લકુલીશ[૧] પાશુપત દર્શન છે, તેવી રીતે દાક્ષિણાત્યોમાં–તામિલ પ્રદેશમાં શૈવાગમ દર્શન[૨] પ્રગટ થયું છે, અને ઉત્તરમાં કાશ્મીર પ્રદેશમાં ત્રિકદર્શન અથવા પ્રત્યભિજ્ઞાદર્શન[૩] પણ પ્રગટ થયું છે. તેમાં પ્રાણશક્તિ, સુષુમ્ણાદિ નાડીઓ, કુંડલિનીની જાગૃતિ વગેરેનું નિરૂપણ વધારે છે.

મહાભારતમાં શાક્ત સિદ્ધાંતનો ઉલ્લેખ નથી. છતાં શૈવ દર્શન અને શાક્ત દર્શનનો સંબંધ ઘણો ગાઢ છે. સ્વરૂપની 'પ્રત્યભિજ્ઞા'

---

૧. શ્રીકૃષ્ણ અને વેદવ્યાસના સમકાલીન.

૨. આગમસંહિતા ઘડનારા ત્રણ મુખ્ય આચાર્યો ઈ. સ. પાંચમાથી નવમા સૈકા વચ્ચે થયા છે. આ તામિલ સાહિત્ય ઉપરાંત શૈવ સિદ્ધાંતનું પ્રતિપાદન સ્વતંત્ર રીતે સંસ્કૃત ભાષામાં પણ થયું છે, અને તે ૨૮ આગમગ્રંથો રૂપે જાણીતું છે. તેમનો સમય છ દોગ્ય ઉપનિષદના સમય પહેલેથી માંડીને ઈ. સ. ૧૦૦૦ સુધીનો ગણાય.

૩. ઈ. સ. ૭૦૦થી ૧૪૦૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થવામાં શૈવ દર્શન ત્રણ ઉપાયો જણાવે છે: (૧). શાંભવ, (૨) શાક્ત, (૩) આણવ. તેમાં બીજા અને ત્રીજા ઉપાયના વર્ણનમાં શૈવ દર્શન શક્તિ તંત્રનું રૂપ પકડે છે.

ઋગ્વેદના દશમા મંડળમાં જે દેવીસૂક્ત છે ને જેમાં જગતની આદ્યા ચિચ્છક્તિનું સ્તવન કરેલું મનાય છે, તે સૂક્તને શક્તિ સંપ્રદાયનો મૂળ આધાર ગણવામાં આવે છે. એની છઠ્ઠી ઋચામાં કહ્યું છે, "હું કુકર્મ કરનાર બ્રહ્મદ્વેષ્ટાને હણવા માટે રુદ્રને ધનુષ્ય ખેંચી આપું છું. હું માણસની વતી લડું છું, દ્યાવા-પૃથિવીને વ્યાપી વળું છું" (૧૦. ૧૨૫. ૬). "હું પવનની પેઠે વાઉં છું ને વિશ્વની સર્વ વસ્તુઓને જન્મ આપું છું" (૧૦. ૧૨૫. ૮).

કેનોપનિષદ (૩. ૧૨; ૪. ૧)માં જે આખ્યાયિકા છે, તેમાં બતાવેલું છે કે અસુરો પર વિજય મળવાથી દેવોને ગર્વ થયો. એ દેવોનું ભાન દેવીએ ઠેકાણે આણ્યું ને ઉમા હૈમવતી નામની સુંદરી રૂપે તેમની સામે પ્રગટ થઈને તેણે તેમને બ્રહ્મજ્ઞાન આપ્યું.

મહાભારતમાં એક જગાએ દુર્ગા અથવા ઉમાને કૃષ્ણની બહેન (વાસુદેવસ્ય ભગિની) કહેલી છે[૧] અને ત્યાં જ તેને 'કુમારી', 'બ્રહ્મચારિણી' પણ કહી છે. શૈવમતવાળા તેને શિવની પત્ની કહે છે. અને મહાભારતમાં જ બીજી જગાએ શિવને 'ઉમાપતિ' કહ્યા છે.[૨] તૈત્તિરીય આર૦ (૧૦.૧૮) જેટલા જૂના સમયમાં પણ રુદ્રને માટે 'ઉમાપતિ' એ નામ વપરાયેલું જોવા મળે છે.

આગળ જતાં તે બ્રહ્મની માયાશક્તિ બને છે. શક્તિની સહાયતા વિના પરમાત્મા સર્જન-પાલન-સંહારનાં કામ કરી શકે નહીં. "તું બ્રહ્મ પરમાત્માની સાક્ષાત્ પરા પ્રકૃતિ છે. તારામાંથી આખું જગત ઉત્પન્ન થયું છે." (મહાનિર્વાણ તંત્ર). "સર્વ વિદ્યાઓ એ તારા ભેદ છે; જગતમાં જે સ્ત્રીઓ છે, તે બધી તારાં રૂપો છે." (દેવીતંત્ર).

---

૧. વિરાટ૦ ૬-૪.

૨. શાંતિ૦ ૩૫૯-૬૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ શક્તિ-ઉપાસનાનું સાહિત્ય 'તંત્ર' નામે પ્રસિદ્ધ છે. શક્તિ-સિદ્ધાંતની છાયા શૈવોમાં, વૈષ્ણવોમાં, બૌદ્ધોમાં[1] અને જૈનોમાં પણ છે. અને એ રીતે શક્તિસિદ્ધાંત સર્વદેશી છે. જેમ સચ્ચિદાનંદ બ્રહ્મ જે દેવમાં મનાય, તે દેવ પૂજ્ય કોટીમાં પડે, પછી તે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઇંદ્ર, વરુણ, ગમે તે સંજ્ઞાવાળા હોય; તેમ ચિદાનંદમયી શક્તિ જે જે દેવતામાં અભિવ્યક્ત થાય, તે તે દેવતા પૂજ્ય કોટીમાં પડે, પછી તે મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, ત્રિપુરા, તારા, કાલોત્તરા વગેરે ગમે તે નામવાળી હોય. ફરક એટલો કે, બ્રહ્મવાદી ઉપાસકોમાં દેવનો પુરુષભાવ મુખ્ય રૂપે લેવાય છે, તેમ શક્તિવાદી ઉપાસકોમાં દેવતાનો પ્રકૃતિભાવ અથવા સ્ત્રીભાવ કે માતૃભાવ પ્રધાન છે.

ચૈતન્યરૂપા પરા શક્તિ સાથે જીવાત્માની પિંડસ્થ મર્યાદિત ચેતન-શક્તિનું ઐક્ય સાધી, અદ્વૈતદશાના સમરસભાવને એટલે સ્વરૂપાનંદને શી રીતે પ્રાપ્ત કરવો, તેના ઉપાયો શક્તિસિદ્ધાંતમાં ઘણા વર્ણવ્યા છે. તેમાં મદ્યાદિ પંચકનો સહાયક નિમિત્ત તરીકે જેઓ સ્વીકાર કરે છે, તે 'કૌલ' કહેવાય છે. જેઓ એવાં દ્રવ્યાદિની અપેક્ષા રાખ્યા વિના પરાશક્તિ સાથે આંતર યોગ વડે સામ્ય સાધી, શિવ અને શક્તિનો યોગ સાધે, તે 'સામયિક' કહેવાય છે. કૌલો બાહ્ય ચક્ર, મદ્યાદિ દ્રવ્યપંચક, લતાસાધન વગેરે સાધન વડે બુદ્ધિવૃત્તિને ઉન્મત્ત બનાવી યોગ સાધે છે; ત્યારે સામયિકો પિંડની અંદરનાં ષટ્ ચક્રોમાં, બાહ્ય દ્રવ્યાદિ સાધન વિના, ભગવતી સાથે ઐક્ય સાધે છે.

પિંડસ્થ સંકુચિત શક્તિ સાધનના ક્રમ વડે વિકાસ પામી પરમ વિભુતા મેળવે છે. આ શક્તિનો સંકોચ અને વિકાસ આપણા પિંડમાં મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞા નામનાં છ કુલચક્રોમાં થાય છે. અને તે ચક્રોના યોગજન્ય વેધ વડે પિંડની મર્યાદિત શક્તિ પોતાના ગ્રંથિભાવને અથવા બદ્ધ-કુંડલિની-ભાવને મૂકી અમર્યાદિત બળવાળી મુક્તકુંડલિની બને છે. આ

---

૧. બૌદ્ધ ધર્મના શૂન્યવાદના હિમાયતી નાગાર્જુન (ઈ. સ. બીજું સૈકું) તંત્રમાર્ગના રહસ્યને જાણનાર હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મર્યાદિત શક્તિનું વિસર્જન જે સ્થાનમાં થાય છે, તે સહસ્રાર અથવા સહસ્રદલ પદ્મ કહેવાય છે. આ ષટ ચક્રવેધની પદ્ધતિમાં આપણી સઘળી શરીર-માનસ-શાસ્ત્રની પ્રક્રિયા આવી જાય છે. શરીર તથા માનસ ધર્મોનો સંબંધ, દેહની પ્રાણવહા અને મનોવહા નાડીઓ, અધ્યક્ષ ચેતનનો તે નાડીઓ ઉપર અંકુશ, યોગજ ધર્મ વડે યોગીજનને મળતી વિવિધ સિદ્ધિઓ, વગેરેનું બહુ વિગતવાર નિરૂપણ તંત્રોમાં મળે છે. જોકે, શક્તિવાદની કૌલમાર્ગની અશ્લીલ પદ્ધતિના વાતાવરણમાં સામયિકોના શુદ્ધ અદ્વૈતબોધ આપનારા મંત્રયોગ અને લયયોગ પણ વગોવાઈ ગયા છે, એ જાણીતું છે.

આયુર્વેદ સિદ્ધાંત પણ આ બધા સમય દરમિયાન પોતાનું વિશિષ્ટ રૂપ પકડતો જતો હતો. શુશ્રુત૦ ( ૧. ૧. ૫ )માં જણાવ્યા પ્રમાણે આયુર્વેદ એ અથર્વવેદનું એક ઉપાંગ છે, અને બ્રહ્માએ પ્રાણીઓ સૃજ્યાં તે પહેલાં આયુર્વેદ સર્જ્યો હતો. ચરક પણ કહે છે કે, કોઈ કાળ એવો હોતો નથી, જ્યારે જીવન હોતું નથી કે બુદ્ધિશાળી માણસો હોતા નથી. તેથી કરીને જીવન વિષે જાણકારીવાળા માણસો હંમેશાં મોજૂદ હોય છે; અને આયુર્વેદમાં વર્ણવેલા સિદ્ધાંતો પ્રમાણે મનુષ્ય શરીર ઉપર પરિણામ ઉપજાવનારી ઔષધિઓ પણ હંમેશ મોજૂદ હોય છે ( ૧. ૩૦. ૨૪ ). વાગ્ભટ્ટ પોતાના 'અષ્ટાંગસંગ્રહ'માં આયુર્વેદને ઉપવેદ કહે છે ( ૧. ૧. ૮ ). બ્રહ્મવૈવર્ત પુરાણ ( ૧. ૧૬. ૯-૧૦ ) તો જણાવે છે કે, બ્રહ્માએ ચાર વેદ રચ્યા, ત્યારે પાંચમો આયુર્વેદ પણ રચ્યો હતો.

આ બધી માન્યતાઓ ઉપરથી એટલું જણાઈ આવે છે કે, આયુર્વેદ ચાર વેદો જેવા જ મહત્ત્વનો પહેલેથી મનાતો અને અથર્વવેદ સાથે તેનો સંબંધ કોઈ રીતે પહેલેથી છે. એનું કારણ એ લાગે છે કે, અથર્વવેદમાં પણ રોગોના ઉપચારો તથા દીર્ઘજીવન માટેના ઉપાયોનું નિરૂપણ છે. પરંતુ ત્યાં મુખ્યત્વે મંત્રતંત્ર વડે રોગનો ઉપચાર વિચાર્યો છે, ત્યારે આયુર્વેદમાં ઔષધો વડે. દાહિલભટ્ટ કૌશિકસૂત્ર (૨૫. ૨ ) ઉપર ટીકા કરતાં એમ પણ જણાવે છે કે, વ્યાધિઓ બે પ્રકારના છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આહારનિમિત્ત અને અશુભ પાપાચરણ-નિમિત્ત. આયુર્વેદ પહેલા પ્રકારના વ્યાધિઓ માટે છે, અને અથર્વવેદના ઉપચારો બીજા પ્રકારના વ્યાધિઓ માટે છે. ચરક પણ પ્રાયશ્ચિત્તને ભેષજ (ઔષધ) કહે છે. કારણ, પ્રાયશ્ચિત્ત પાપજન્ય વ્યાધિને દૂર કરે છે. (૬. ૧. ૩).

મહાભારતમાં અષ્ટાંગ આયુર્વેદનો ઉલ્લેખ છે[૧] અને બુદ્ધના વખતમાં તો વૈદાનો શાસ્ત્ર તરીકે ઉલ્લેખ સ્પષ્ટપણે મળે છે[૨]. અથર્વવેદમાં જ હજારો વૈદ હજારો ઔષધોનો પ્રયોગ કરતા હતા એવો ઉલ્લેખ છે. (૨. ૯. ૩).

શરીરમાં અસ્થિઓની સંખ્યા (૩૬૦); હૃદય, પ્લીહા વગેરે અવયવો; નાડી, શિરા, ધમની, સ્રોતસ; પ્રાણો, ગર્ભ, લિંગશરીર; ધાતુઓ, ધાતુવૈષમ્ય, વાયુ, પિત્ત, કફ; શિરસ્, મસ્તિષ્ક, હૃદય, મનસ્, ચિત્ત, બુદ્ધિ, સ્નાયુ—એ બાબતની વિવિધ વિચારણા આયુર્વેદના ગ્રંથોમાં છે. તે ઉપરથી એટલું જણાય છે કે, તંત્રોની નાડીકલ્પના ચરક શુશ્રુતના વૈદક-વિજ્ઞાનથી જુદી છે. મેરુદંડ, સુષુમ્ણા, વજ્રા, ચિત્રિણી, સહસ્રાર, ઇડા, ગાંધારી, હસ્તિજિહ્વા વગેરે નાડીઓ અને ચક્રોનું જે વર્ણન તંત્રોમાં આવે છે, તે આયુર્વેદના ગ્રંથોમાં નથી.

આયુર્વેદમાં માત્ર રોગ વગેરે આકસ્મિક દુઃખોના નિવારણનો જ ઉપાય નથી વિચારાયો; પરંતુ કાયમી દુઃખનિવૃત્તિ અંગે અને તત્ત્વજ્ઞાન અને મોક્ષના અંતિમ ઉપાયોનો પણ વિચાર થયેલો છે. જેમ કે, ચરકને મતે દુઃખના હેતુઓ બુદ્ધિભ્રંશ, ધૈર્યભ્રંશ, સ્મૃતિભ્રંશ, કામ અને કર્મની વિષમતા તથા અયોગ્ય વસ્તુનું સેવન એ છે. બુદ્ધિ, ધૃતિ અને સ્મૃતિના ભ્રંશથી જે અશુભ કર્મ થાય, તેનું નામ "પ્રજ્ઞાપરાધ" છે. તે સર્વ દોષોને બહેકાવે છે.

---

૧. ૨. ૧૧. ૨૫; ૧૨. ૩૪૨. ૮૬-૭; ૧૨. ૨૧૦. ૨૧ : શલ્ય (શસ્ત્રક્રિયા), શાલાક્ય (મસ્તક-રોગના ઉપચાર), કાયચિકિત્સા, ભૂતવિદ્યા, કૌમારભૃત્ય (બાળવૈદું), અગદતંત્ર (વિષવૈદું), રસાયણ અને વાજીકરણ. તેમાંથી ભૂતવિદ્યાનો ઉલ્લેખ ઉપનિષદોમાં (છાંદો ૭. ૧. ૨) આવે છે.

૨. મહાવગ્ગ૦ ૬. ૧. ૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



યોગ અને મોક્ષમાં સર્વ વેદનાનો અભાવ થાય છે. યોગ મોક્ષને પ્રવર્તાવે છે, અને મોક્ષ દુઃખની વિશેષ નિવૃત્તિ કરે છે. આત્મા, મન, ઇંદ્રિયો અને અર્થોનો સંબંધ થતાં સુખદુઃખ પ્રગટ થાય છે. જ્યારે આત્મામાં જ મન સ્થિર થાય છે, ત્યારે પ્રવૃત્તિના અનારંભને લીધે સુખદુઃખ બંને નિવૃત્ત થાય છે, અને વશિત્વ પ્રાપ્ત થાય છે. સશરીર પુરુષને આવું વશિત્વ ઉત્પન્ન થવું તેનું નામ યોગ. આ યોગ વડે આઠ પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે — ચિત્તનો ઇચ્છામાં આવે તે વિષયમાં આવેશ ઉત્પન્ન કરી શકાય છે, અને અર્થોનું સર્વાંશે જ્ઞાન મેળવી શકાય છે.

આમ આયુર્વેદ પણ છેવટે તત્ત્વજ્ઞાન અને યોગવિદ્યાના અંતિમ નિરૂપણમાં જ ચરિતાર્થ થાય છે.

૪

આગળના ખંડમાં આપણે પ્રાચીન સમયથી માંડીને જુદા જુદા કાળ દરમિયાન આર્ય પ્રજાની 'યોગનિષ્ઠતા' કેવા સ્વરૂપે વ્યક્ત થતી આવી હતી, તેના ઉપર ઊડતી નજર નાખી આવ્યા. જુદા જુદા સિદ્ધાંતો કે માર્ગોનું બાહ્ય કલેવર ગમે તે હોય, પરંતુ આંતર તત્ત્વના સાક્ષાત્કાર માટે જે નવી પરમ ઇંદ્રિય અંતરમાં ઊભી કરવાની છે, તે માટે મુખ્યત્વે 'અધ્યાત્મયોગ'નો આશ્રય લેવાનું તે સૌમાં કોઈ ને કોઈ રૂપે સ્વીકારાતું તથા અમલમાં મુકાતું આવ્યું છે. યોગસૂત્રના રચયિતા પતંજલિએ એ બધા માર્ગોમાં રહેલું યોગનું સૂત્ર ઉપાડી લઈ, યોગવિદ્યાનો એક સ્વતંત્ર શાસ્ત્રગ્રંથ રચ્યો છે. તેમ કરવામાં તેમણે સિદ્ધાંત અંગેની અનાવશ્યક એવી કોઈ ચર્ચામાં ઊતર્યા વિના તથા માર્ગની બાબતમાં પણ કોઈ નિયત ચીલા તરફ વલણ બનાવ્યા વિના પોતાનું કામ પાર પાડ્યું છે, એ તેમનું અનોખાપણું છે. તત્ત્વનિરૂપણની બાબતમાં સાંખ્યપ્રક્રિયાને તેમણે મુખ્યત્વે સ્વીકારી હોવા છતાં, ઈશ્વરોપાસનાના સિદ્ધાંતમાં રહેલું યોગતત્ત્વ જોઈને તેમણે પ્રથમ પાદમાં ચિત્તવૃત્તિનિરોધના વૈકલ્પિક દ્વિતીય સાધન તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઈશ્વરપ્રણિધાનને રજૂ કર્યું છે (સૂ. ૨૩ થી ૩૨); અને છતાં ઈશ્વરવાદની ઝંઝટમાં તે જરાય ઊતર્યા નથી. ઈશ્વરના અસ્તિત્વના પ્રમાણ તરીકે પણ કોઈ શાસ્ત્રવાક્ય કે તર્કવાક્ય રજૂ કરવાને બદલે, તેમણે સીધીસાદી અને સર્વને જાણીતી એક ભાવનાને રજૂ કરી છે (૧.૨૫). તેવી જ રીતે ઈશ્વરમાર્ગીઓ કે નિર્ગુણમાર્ગીઓ ધ્યાનોપાસના માટે પોતે સ્વીકારેલ ઇષ્ટ કે પ્રતીકની મારામારીમાં મચ્યા રહે છે, તેની પરવા કર્યા વિના તેમણે (૧·૩૯માં) કહી દીધું છે કે, 'યથાભિમત' એવા કોઈ પણ વિષયને આલંબનરૂપ લઈને તમે તમારો યોગાભ્યાસ ચલાવી શકો છો. વળી એવા કોઈ ધ્યાનોપાસનાના પ્રતીક વિના જ મૈત્રી – કરુણા – મુદિતા – ઉપેક્ષા જેવી ભાવનાઓ કે દાન – શીલ – પ્રજ્ઞા – વીર્ય – ક્ષાંતિ – સત્ય આદિ પારમિતાઓની ખિલવણીના માર્ગો અંતિમ પુરુષાર્થના જ સાધન તરીકે વિચારાવા લાગ્યા હશે, તેમની પાછળ રહેલું યોગતત્ત્વ જોઈ, તેમણે તે સાધનને પણ બીજાં સાધનો જેટલું જ મહત્ત્વ આપી સ્વીકારી લીધું છે (૧·૩૩). પ્રાણના રેચક, પૂરક અને કુંભક વગેરે પ્રયોગો વડે પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એવું સ્વીકારી, હઠમાર્ગને પણ સ્થાન આપ્યું છે (૧·૩૪); વીતરાગ પુરુષના ધ્યાન વડે પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એ સૂત્ર વડે (૧·૩૭) જે કોઈ ખરેખર સિદ્ધ પુરુષો હોય તેમને પણ યોગના આલંબન તરીકે સ્વીકાર્યા છે; પ્રણવ વગેરે વાચક મંત્રોના જપની પાછળની વસ્તુને સ્વીકારી લઈ, મંત્રયોગને પણ મંજૂર રાખ્યો છે (૧. ૨૭-૮); વિવિધ ઔષધિઓ અને તપો પણ સમાધિસિદ્ધિ કે બીજી સિદ્ધિઓની પ્રાપ્તિ અર્થે સેવાતાં હશે, તેમની પણ યથાર્થતા સ્વીકારી લીધી છે[૧] (૪·૧). એ બધામાંથી કોઈ એકાદ

૧. અલબત્ત, તેમનો ઉલ્લેખ સિદ્ધિઓની બાબત અંગે જ છે, પણ એ સિદ્ધિઓમાં વિવેકખ્યાતિની સિદ્ધિ પણ આવી જ જાય છે. ઉપરાંત અલબેરૂની 'કિતાબ પાતંજલ'માં મુક્તિ માટેના ચાર માર્ગોમાં અભ્યાસ, વૈરાગ્ય અને ઈશ્વરકૃપા ઉપરાંત રસાયણનો પણ ઉલ્લેખ કરે છે. એટલે યોગના ઉપાયોમાં એક વખત રસાયણનો – ઔષધિનો ઉપયોગ થતો હતો,' એ વાત નક્કી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઉપર પોતાની વિશેષ અભિરુચિ બતાવવાનો પ્રયત્ન પણ કર્યા વિના જ પોતાના શાસ્ત્રમાં તે સૌને તેમણે યથોચિત સ્થાન આપ્યું છે. એમ કરવાથી, પ્રત્યક્ષ અનુભવના નક્કર પાયાની આસપાસ સૈદ્ધાંતિક વાદવિવાદની વસ્તુ તેના ઉચિત મહત્ત્વ અનુસાર ગોઠવાઈ રહે છે, અને વિવિધ દર્શનપ્રકારો અને સાધનાપ્રકારોનો એક અનોખો સમન્વય અને અનુબંધ રચાય છે.

પતંજલિના સમય પહેલાં બીજાં હિંદુ દર્શનો તથા બૌદ્ધ અને જૈન સિદ્ધાંતો પણ દર્શનરૂપે વ્યવસ્થિત થઈ ગયાં હતાં, એમ આપણે પતંજલિના સમયની દૃષ્ટિએ સ્વીકારવું જોઈએ. પરંતુ પતંજલિ પોતાનું કામ એ બધા સૈદ્ધાંતિક વિખવાદથી બહાર રહીને જ કરે છે. વસ્તુતાએ તે પોતે ખાસ કશી સૈદ્ધાંતિક ગડભાંજમાં પડતા જ નથી. જે એક જગાએ (૪. ૧૫-૧૬) બાહ્ય પદાર્થનું ચિત્તથી સ્વતંત્રપણે અસ્તિત્વ ચર્ચવામાં આવ્યું છે,[૧] ત્યાં પણ કોઈ વાદ કે વિવાદનું નામ પાડ્યા વિના તેમણે માત્ર પોતાનું મંતવ્ય જ રજૂ કરી દીધું છે. બધા સિદ્ધાંતો જુદા જુદા જે સાધનમાર્ગ નિરૂપે છે, તે સાધનમાર્ગોમાં રહેલ સાધનશક્તિ — કે જેના વડે જ તે આધ્યાત્મિક સાધન એવું નામ પ્રાપ્ત કરી શકે, તેટલાની જ તેમને જાણે ગરજ છે.

બૌદ્ધ જેવા ક્ષણિકવાદી કે વેદાંત જેવા માયાવાદી સિદ્ધાંતો બાહ્ય સૃષ્ટિ વિષે 'તે ક્ષણિક છે', કે 'મિથ્યા છે' એવા છેક જુદા જુદા સિદ્ધાંતો નિરૂપે છે. પરંતુ છૂટવાનો પ્રયત્ન કરનાર, અને જેને એ બાહ્ય ક્ષણિક કે મિથ્યા દૃષ્ટિનું જ્ઞાન થાય છે, અને જે એ જ્ઞાનને આધારે ભોગ કે કર્મ કર્યા કરે છે, એવું ચિત્ત કે જ્ઞાતા તેમનેય સ્વીકારવો જ પડે છે; અને જ્યાં સુધી દુઃખ કે અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી પુરુષાર્થ કરવાનું પણ નિરૂપવું જ પડે છે. એટલે બાહ્ય પદાર્થો, તેમનું જ્ઞાન અને તદનુરૂપ ક્રિયા કરનાર જ્ઞાતા-ભોક્તા એ બાબતો સૌને અમુક

---

૧. ત્રીજા પાદનાં ૧૪ અને ૧૫ સૂત્રોમાં પણ કે જ્યાં ધર્મ–ધર્મીની ચર્ચા છે, ત્યાં ટીકાકાર વાચસ્પતિ જણાવે છે કે, વૈનાશિક બૌદ્ધોના મતનું ખંડન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અંશે કે અમુક સ્વરૂપે સ્વીકારવી જ પડે છે. પતંજલિ મુનિને પણ એટલી જ ગરજ છે. અલબત્ત, મુક્ત દશા અને મુક્ત થનાર તત્ત્વની બાબતમાં પણ વાદવિવાદ હોઈ શકે છે, તથા તેની સાથે જ એ મુક્ત દશા અને પરમ તત્ત્વ તથા સંસારી દશા અથવા સંસાર વચ્ચે શો સંબંધ છે, એ પ્રશ્નમાંથી આખો સૃષ્ટિવાદ અને સંસારવાદનો ઝઘડો પણ આવીને ઊભો જ રહે; પરંતુ પતંજલિ પોતાના વિષય પ્રત્યેની વફાદારીને કારણે એ બધી પંચાતમાંથી અળગા જ રહે છે.

જોકે, સાધનામાર્ગોની બાબતોમાં પણ મતભેદ અને સાચા-ખોટાપણાનો વિખવાદ ઓછો ન હોઈ શકે. પરંતુ પતંજલિ મુનિ એ બાબતમાં ખરા અર્થમાં ઉદાર-મત-વાદી તથા વાસ્તવદર્શી છે. અને એ જ તેમનું અનોખાપણું છે. તે તો બધા સાધનામાર્ગોના બાહ્ય કલેવરની પાછળ રહેલું યોગતત્ત્વ જોઈ લે છે, અને પછી તેમને તેમનું યોગ્ય સ્થાન આપી દે છે. અલબત્ત, યોગસૂત્રમાં તેમની એ રૂપે નોંધ ન હોય, તથા હોવાની જરૂર પણ નથી. કેમ કે, પતંજલિ કંઈ સાહિત્યનો કે ઇતિહાસનો ગ્રંથ નથી લખવા બેઠા. જોકે, તેમાં એ બધી જુદી જુદી પ્રાચીન વસ્તુઓની છાયા પરિભાષા કે વિચારણા રૂપે આવ્યા કરે, તથા તેમને તેમની જુદી જુદી ઐતિહાસિક પરંપરાઓ રૂપે જુદી પાડવાનું સંશોધન એક રસિક વિષય બને, અને યોગસૂત્રના અર્થગ્રહણમાં તેની રીતે કંઈક મદદ પણ કરે; પણ એ આ ગ્રંથની મર્યાદા બહારની એક જુદી જ ચર્ચા ગણાય, જે અલગ ગ્રંથ રૂપે રજૂ કરવા ઉપર છોડવી જોઈએ.

## ૫

યોગવિદ્યાને પણ પોતાના નિરૂપણ અંગે અમુક સિદ્ધાંતભાગ તો સ્વીકારીને જ ચાલવું પડે. કશા જ સિદ્ધાંતભાગની પાર્શ્વભૂમિ વિના તો તેને ચાલે જ શી રીતે ? એ બાબતમાં તે મુખ્યત્વે સાંખ્ય તરીકે જાણીતી થયેલી પ્રક્રિયાને અનુસરે છે; પણ એ અમુક મર્યાદામાં જ. ઉપનિષદોની બ્રહ્મવિદ્યા પોતે એક વખત સાંખ્ય-યોગ નામે પણ ઓળખાતી હતી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


મહાભારત-કાળમાં તો 'સાંખ્ય' નામથી મુખ્યત્વે ઉપનિષદ-સિદ્ધાંત જ ઓળખાય છે. નિરીશ્વર તથા વેદબાહ્ય ગણાતા જુદા દર્શન રૂપે સાંખ્ય-દર્શન બહુ પછીના સમયમાં જુદું પડ્યું ગણાય.[૧] પાતંજલ યોગસૂત્રના દરેક પાદને અંતે ભાષ્ય અથવા વૃત્તિ લખનારાઓએ 'इति श्री पातंजले सांख्यप्रवचने योगशास्त्रे श्रीमद् व्यासभाष्ये' કે 'सांख्यप्रवचने पातंजलसूत्रवृत्तौ योगशास्त्रे'[૨] એવું લખેલું હોય છે. ત્યાં 'સાંખ્યપ્રવચન' શબ્દ 'ઉપનિષદોની આત્મવિદ્યા અથવા બ્રહ્મવિદ્યા (–જે સાંખ્ય), તે જેનું પ્રવચન એટલે કે સિદ્ધાંતભાગ છે,'–એ અર્થમાં સમજવો જોઈએ. ગીતામાં દરેક અધ્યાયને અંતે ઘણા પ્રાચીન કાળથી ચાલતા આવેલા અંતવાક્યમાં 'ब्रह्मविद्यायां योगशास्त्रे' એવો ઉલ્લેખ આવે છે. ત્યાં તેનો અર્થ 'બ્રહ્મવિદ્યા અને તેનું યોગશાસ્ત્ર' એવો સૂચિત થાય છે. તે જ પ્રમાણે યોગસૂત્રને પણ 'સાંખ્યપ્રવચન' એટલે બ્રહ્મવિદ્યા જેનું પ્રવચન–સિદ્ધાંતભાગ છે, તેવું યોગશાસ્ત્ર — એવું જ કહેવાનો ઇરાદો હોઈ શકે. શ્રુતિવિરુદ્ધ નાસ્તિક દર્શનરૂપે સાંખ્યશાસ્ત્ર જુદું પડ્યા પછીના અર્થમાં આ યોગસૂત્રને 'સાંખ્યસિદ્ધાંતવાળું' એમ ભાગ્યે જ કહી શકાય.

અને યોગસૂત્રનો વિષય તપાસતાં સ્પષ્ટ માલૂમ પણ પડે છે કે, તેમાં શ્રુતિ વિરુદ્ધ કશું પ્રતિપાદન નથી. એટલું જ નહીં પણ ઈશ્વરનો

---

૧. શ્રુતિથી જુદા પડતા સાંખ્ય સિદ્ધાંતનું જૂનામાં જૂનું ઉપલબ્ધ નિરૂપણ ઈશ્વરકૃષ્ણની 'સાંખ્યકારિકા' (ઈ. સ. ૨૦૦) છે. 'સાંખ્યપ્રવચનસૂત્ર' જે કપિલનું ગણાય છે, તે તો ઈ. સ. ના નવમા સૈકા પછીનો ગ્રંથ છે; તથા સાંખ્યકારિકામાં પુરુષ અને પ્રધાનનો જે દ્વૈતવાદ શરૂ થયેલો જોવા મળે છે, તેને સુધારી સાંખ્ય સિદ્ધાંતને ઉપનિષદોના આત્મવાદને અનુકૂળ કરવાનો પ્રયત્ન પણ તેમાં થયેલો જોવા મળે છે. ઈશ્વરકૃષ્ણ પોતે સાંખ્યાચાર્યોનો જે ક્રમ નિરૂપે છે, તેમાં તે કપિલ, આસુરિ અને પંચશિખ પછી શિષ્યપરંપરામાં પોતાને મૂકે છે. મહાભારતમાં જે પંચશિખનો સિદ્ધાંત છે (૧૨.૨૧), તે તો ઉપનિષદોના બ્રહ્મવાદને અનુસરતો છે.

૨. નાગોજી કૃત વૃત્તિમાં. જોકે, ચોથા પદને અંતે ત્યાં 'સાંખ્યપ્રવચન' શબ્દ પડતો પણ મૂક્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વીકાર (૧. ૨૫-૨૬), ઈશ્વરપ્રણિધાનથી ત્રિગુણાત્મક અંતરાયોનો અભાવ (૧. ૨૯-૩૦), ગ્રહણ વગેરે પાંચ ઉપર સંયમ કરવાથી પ્રધાનજય થાય છે એવું કથન (૩. ૪૭-૪૮), ઈશ્વરપ્રણિધાનથી થતો માનેલો પ્રત્યક્ચેતનનો સાક્ષાત્કાર (૧. ૨૯), અને વિવેકખ્યાતિ થતાં પ્રાપ્ત થતું માનેલું 'સર્વભાવાધિષ્ઠાતૃત્વ' અને 'સર્વજ્ઞાતૃત્વ' (૩. ૪૯),–એ બધું સાંખ્યદર્શનના સિદ્ધાંતોથી ઊલટું નહીં તોય જુદું કે વધારેનું તો કહેવાય જ.

યોગસૂત્રે પોતાને આવશ્યક એવા એ સિદ્ધાંતભાગનું નિરૂપણ કશું 'લેબલ' સ્વીકાર્યા વિના જ કર્યું છે. પોતાના નિરૂપણ અંગે જે જે મુદ્દાઓનો સ્વીકાર આવશ્યક લાગે, તે મુદ્દાઓ યોગસૂત્રકાર તે તે સ્થળે ઉલ્લેખતા જાય છે; પરંતુ તે મુદ્દાઓને દાર્શનિક તકરારોની દૃષ્ટિએ પોતે કેટલી હદે સ્વીકારે છે, એ સૂચવતા જ નથી. એક દાખલો લો : ઈશ્વરનો સ્વીકાર યોગસૂત્રમાં છે; પરંતુ તે ઈશ્વર જગતનું નિમિત્તકારણ કે ઉપાદાનકારણ છે, અથવા જીવાત્માઓ સાથે તેનો શો સંબંધ છે, અને અંતે તત્ત્વદૃષ્ટિએ દ્વૈત માનવાનું છે કે અદ્વૈત–એવી કશી ઝંઝટમાં સૂત્રકાર ઊતરતા જ નથી. વળી, ચિત્તની વૃત્તિઓનો નિરોધ સાધવાથી આખું જ્ઞાનતંત્ર કેવી રીતે પલટાઈ જઈ શકે છે; અને દૃશ્યને તેના સત્ય સ્વરૂપે જોવાની એક જુદી જ પ્રજ્ઞાશક્તિ પ્રાપ્ત થતાં, આખું દૃશ્ય અને તેના જ્ઞાનની આખી પ્રક્રિયા જ કેવી રીતે ચરિતાર્થ થઈ જતાં માત્ર દ્રષ્ટા જ તેના કેવળ સ્વરૂપે બાકી રહે છે, એ બધું તે બરાબર નિરૂપે છે; પણ નવાઈની વાત એ છે કે, એ જે દ્રષ્ટાનું કૈવલ્ય તે ખરેખર વેદાંતમાન્ય અદ્વૈત છે કે કેમ, તથા તે દશા શાથી કૈવલ્ય કહેવાય એની કશી વિગતમાં એ ઊતરતા નથી. જાણે કે, એ બધાનું દાર્શનિક 'લેબલ' શું કહેવાય તેની સાથે તેમને કશી નિસબત જ નથી. અને તેથી જ કદાચ, આચાર્ય હરિભદ્ર, વાચક યશોવિજયજી વગેરે પ્રખર વિદ્વાનો પંતજલિમુનિનો પોતાના ગ્રંથોમાં આદરયુક્ત ઉલ્લેખ કરવા ઉપરાંત તેમનાં સૂત્રો ઉપર વૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



લખી, તે સૂત્રોને જૈન તત્ત્વસિદ્ધાંતના ચોકઠામાં પણ ગોઠવી બતાવવા પ્રેરાઈ શકયા છે.

એક કરણ તરીકે ચિત્તનું અને તેની જ્ઞાનપ્રક્રિયાઓનું નિરૂપણ યોગસૂત્રમાં અલબત્ત છે અને હોવું જોઈએ. પરંતુ તે બધું પણ એક સ્વતંત્ર માનસશાસ્ત્રીય કે દાર્શનિક વિષયની રીતે નથી. તેથી તો એ જ્ઞાનપ્રક્રિયાના કોટીક્રમના નિરૂપણના અર્થમાં લઈ શકાય તેવી સમાપત્તિ અને સંપ્રજ્ઞાન રૂપી બાબતો પણ જૂના ટીકાકારો માત્ર સમાધિના કોટીક્રમના અર્થમાં જ ઘટાવી લઈ શકે છે. ચિત્ત, તેનું સ્વરૂપ, અને તેની જ્ઞાનપ્રક્રિયા અંગે જુદે જુદે ઠેકાણે આવેલા ઉલ્લેખો આપણે સળંગ તારવવા જઈએ, તો આ પ્રમાણે સિદ્ધાંત ઊભો થતો જણાય છે :—

ચિત્ત છે; અને ચેતન દ્રષ્ટા છે. ચિત્તમાં ( વિષયોનો સંપર્ક થતાં ) ક્લિષ્ટ અને અક્લિષ્ટ એવી વૃત્તિઓ ઊઠ્યા કરે છે (૧. ૫). એ વૃત્તિઓ ઊઠે છે ત્યારે દ્રષ્ટા તેમની સાથે સારૂપ્યપણાને પામી રહે છે (૧. ૪) અને તેથી દુઃખસંસાર ઊભો થાય છે. જો ચિત્તમાં વૃત્તિઓ ન ઊઠે, તો દ્રષ્ટાનું સ્વ-સ્વરૂપે અવસ્થાન થાય ( ૧. ૩ ). દ્રષ્ટાનું એ પ્રમાણે સ્વ-સ્વરૂપે અવસ્થાન થવું એ પુરુષાર્થ છે. અને તે માટે ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો એ યોગનો હેતુ છે. જ્યાં સુધી ચિત્તની વૃત્તિઓ ઊઠ્યા કરે, ત્યાં સુધી દ્રષ્ટાનું તેમની સાથે સારૂપ્ય રહે અને સ્વ-સ્વરૂપે અવસ્થાન કે કૈવલ્ય ન થાય.

હવે ચિત્તની વૃત્તિઓના નિરોધની શરૂઆત વિષયોમાં જે આદેય-બુદ્ધિ છે, તે દૂર કરવા દ્વારા જ થઈ શકે. અર્થાત્ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશરૂપ ક્લેશો દૂર કરીને જ (૨. ૨-૩). એ ક્લેશોને કારણે જ ચિત્ત વિષયોના સંયોગમાં આવી વૃત્તિ રૂપે ઉત્થાન કર્યા કરે છે, અને પરિણામે જન્મોજન્મ ભોગવવાં પડે એવાં જન્મ, આયુષ્ય, ભોગરૂપી ફળ પ્રાપ્ત કરે છે ( ૨. ૧૨ ). પરંતુ, એ ફળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કોઈ વખત સહન કરી શકાય એવાં કે સુખરૂપ લાગે, છતાં તત્ત્વદૃષ્ટિએ દુઃખરૂપ જ છે, અને તેથી હેય છે. ( ૨. ૧૫-૬ ).

દ્રષ્ટાને તે બધું ફળ ચિત્તવૃત્તિ દ્વારા થતા દૃશ્ય સાથેના સંબંધને લીધે ભોગવવું પડે છે. (૨. ૨૦); એ દૃશ્યનું સ્વરૂપ[1] જ દ્રષ્ટાને એ પ્રમાણે ભોગ અર્પવા માટે છે ( ૨. ૨૧ ). વિષયો અને વૃત્તિ દ્વારા તેમનો ભોગ ( જ્ઞાન ) અર્પનાર ઇંદ્રિયાદિ ચિત્તતંત્ર એ બધું દ્રષ્ટાથી ભિન્ન એવી દૃશ્ય કોટીમાં છે.

ચિત્ત જે પદાર્થોનું બનેલું છે તે વિષે યોગસૂત્ર એટલું જણાવે છે કે, દૃશ્યમાત્ર ભૂતેન્દ્રિયાત્મક છે ( અર્થાત્, મહત્, અહંકાર, તન્માત્ર ઇંદ્રિય તથા પંચમહાભૂત રૂપે પરિણત થયેલું છે )[2] અને 'પ્રકાશક્રિયા-સ્થિતિશીલ' છે ( ૨. ૧૮ ); અર્થાત્ સત્ત્વ-રજસ-તમસ એમ ત્રિગુણાત્મક છે. અને એ ત્રિગુણ ( પંચભૂત, પંચ જ્ઞાનેંદ્રિય, પંચ કર્મેન્દ્રિય, અને મન એમ ૧૬– ) વિશેષ, ( પાંચ મહાભૂતનાં સૂક્ષ્મ કારણ પાંચ તન્માત્ર અને તેમનું કારણ અહંકારતત્ત્વ એ ૭– ) અવિશેષ, ( તેમનું કારણ મહાન્ આત્મા–મહત્તત્ત્વ કે ) લિંગમાત્ર, અને ( તેના પણ કારણભૂત પ્રધાન-પ્રકૃતિ ) અલિંગ — એ રૂપે પરિણમે છે.

અર્થાત્ ચિત્ત એ ત્રણ ગુણની બનેલી સત્ વસ્તુ છે,[3] અને દ્રષ્ટાને જ્ઞાન ઉત્પન્ન થવામાં હેતુભૂત એવું મુખ્ય કરણ — અંતઃકરણ છે. તેમાં જુદી જુદી વૃત્તિઓ અને પરિણામો થયા કરે છે. ધર્મી તરીકે ચિત્ત એ બધાં પરિણામોમાં અનુગત રહે છે ( ૩. ૧૧-૧૫ ).

---

૧. મૂળમાં 'આત્મા' શબ્દ છે; તેનો અર્થ 'સ્વરૂપ' થાય છે.

૨. સૂત્ર ૧. ૪૦ માં પરમાણુ શબ્દ આવે છે; પણ સૃષ્ટિની રચનાના વાદ તરીકે યોગસૂત્રકારને વૈશેષિકાદિ દર્શનની પેઠે પરમાણુવાદ માન્ય નથી. ત્યાં પરમાણુ શબ્દ માત્ર મહત્ત્વના વિરોધમાં — છેક નાનું એવું બતાવવા વપરાયો છે.

૩. સાંખ્ય પ્રક્રિયામાં તત્ત્વોની ઉત્પત્તિ અને ગણના વખતે મન તથા ઇંદ્રિયોની ઉત્પત્તિ ગણાવાય છે, પણ ચિત્તની ઉત્પત્તિ જુદી ગણાવી હોતી નથી. પરંતુ તે મહત્ તત્ત્વ કે જે 'બુદ્ધિ' પણ કહેવાય છે તેનો જ ભેદ ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચિત્ત અને દ્રષ્ટા પુરુષ એ બે અત્યંત વિભિન્ન છે; પણ ચિત્ત મુખ્યત્વે પ્રકાશશીલ સત્ત્વગુણનું કાર્ય હોવાથી ચિત્તમાં જે વૃત્તિ હોય તેની સાથે દ્રષ્ટા ચેતનનું, અવિશેષપણું — સારૂપ્ય રહે છે અને તેથી ચેતનને તેનો ભોગ થયો કહેવાય છે ( ૩. ૩૫ ). ચેતન દ્રષ્ટા પોતે વિષયોમાં સંક્રમણ કરતો નથી — કોઈ વિષય સાથે સંબદ્ધ થતો નથી; પરંતુ વિષયાકાર બનેલી ચિત્તવૃત્તિ સાથે તે તદાકાર બની રહે છે, એટલે પોતાના વિષયભૂત ચિત્તવૃત્તિનું જ્ઞાન તેને થાય છે એમ કહેવાય ( ૪. ૨૨ ). આમ ચિત્ત એક બાજુથી ગ્રાહ્ય વિષયના આકારનું બને છે, અને સાથે સાથે બીજી બાજુ દ્રષ્ટાના ચેતનપ્રકાશથી પણ ઉપરંજિત બને છે; એટલે તે 'સર્વાર્થ' છે, અર્થાત્ ગ્રહીતા-ગ્રહણ-ગ્રાહ્ય એ ત્રણે અર્થોનું સાધક છે ( ૪. ૨૩ ).

યોગસૂત્રમાં ત્રીજા અને ચોથા પાદમાં અમુક બાબતો ઉપર સંયમ એટલે કે ધારણા-ધ્યાન-સમાધિથી કેવી કેવી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેનું નિરૂપણ ભરચક આવે છે. હવે, કોઈ અમુક બાબત ઉપર આમ 'સંયમ' એટલે કે એકાગ્રતા અને સમાધિ કરવા માત્રથી વિશિષ્ટ પ્રકારનાં જ્ઞાન તેમ જ શક્તિ પ્રાપ્ત થાય એમ કહેવું, તેનો અર્થ એ કે, જગતના ઘડતર અને પ્રયોજન બાબત તેની પાછળ અમુક ખાસ સિદ્ધાંત ગૃહીત છે. તે સિદ્ધાંત કંઈક અંશે આ પ્રમાણે સમજાય છે:—

આપણી અવિદ્યા—વાસના—કર્મ અનુસાર જ પદાર્થને 'જોવાની' આપણી શક્તિ નિયત થાય છે; અને જ્ઞાન એ એક પ્રકારની વેદના અર્થાત્ 'ભોગ' પણ સાથે સાથે છે જ; એટલે તે પદાર્થનો ભોગ પણ તે અનુસાર જ નિયત થાય છે. એ બધા દૃશ્યનો આત્મા એટલે કે સ્વરૂપ જ પુરુષના 'ભોગ' અર્થે છે ( ૨. ૨૧ ) અર્થાત્ પુરુષના ધર્મ—અધર્મરૂપ નિમિત્તથી ( અને તેથી તેને પ્રાપ્ત થનારા ફળ—ભોગની અપેક્ષાએ ) નિયત થયેલ છે. બાહ્ય પદાર્થોના એ કલેવરમાં 'જાત્યન્તર' સુધીનો ફેરફાર અમુક નિમિત્તોથી થઈ શકે; જેમ કે, ઔષધિ, મંત્ર, તપ અને સમાધિ ઇત્યાદિ વડે ( ૪. ૧ ). પદાર્થોની જાતિ—સ્વરૂપ નિયત કરનાર જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સીમાઓ છે, તે એ નિમિત્તો વડે તોડી નંખાય છે, અને તે પદાર્થોના મૂળ ઘટક 'પ્રકૃતિ' તત્ત્વમાંથી 'આપૂર' એટલે કે જોઈતો ભરાવો થઈ, તે પદાર્થ નવું રૂપ કે જાતિ પ્રાપ્ત કરે છે (૪. ૨-૩).

એ નિમિત્તોમાં સૌથી પ્રબળ શક્તિ સમાધિની છે; કારણ કે એના વડે તો ગુણમાત્રનો 'પ્રતિપ્રસવ' થઈને કેવળ પુરુષ જ બાકી રહે એવી અંતિમ સ્થિતિ પણ થઈને ઊભી રહે છે (૪. ૩૪).

અર્થાત્, બાહ્ય પદાર્થ સાચા છે (૪. ૧૪-૭); અને ચિત્ત દ્વારા તેમનું જ્ઞાન આપણને થાય છે; પરંતુ, બાહ્ય પદાર્થનું અત્યારનું નિયત રૂપ, અને તેમને તે રૂપે જાણવાની આપણા ચેતનતંત્રની શક્તિ કે સંઘટન એ બંને છેવટે તો જ્ઞાતાનાં ક્લેશ–કર્મ જનિત ધર્માધર્મને નિમિત્તે તેવાં છે. જ્યાં ક્લેશ–કર્મ–વિપાક–આશય છે જ નહીં, ત્યાં કૈવલ્ય જ છે; કારણ કે ત્યાં જ્ઞેય–ભોગ્ય એવું કાંઈ છે જ નહીં; ત્યાં દ્રષ્ટા અને દૃશ્યનો સંબંધ નથી (૨. ૧૭; ૨. ૨૧; ૨. ૨૫-૬; ૩. ૪૯; ૩. ૫૪; ૩. ૫૫). અથવા કહો કે, ગુણોનો પ્રતિપ્રસવ થઈ જતો હોવાથી દૃશ્ય પોતે જ રહેતું નથી; કેવલ ચિતિશક્તિ જ બાકી રહે છે (૪. –૩૪); ગુણોના પરિણામક્રમની ત્યાં સમાપ્તિ થઈ જાય છે; કારણકે, તે કૃતાર્થ થઈ જાય છે (૪. ૩૨).

અહીં એટલું યાદ રાખવું ઘટે કે, એ પ્રમાણે દૃશ્ય સાથેનો બધો સંયોગ દૂર થવો એ કંઈ દ્રષ્ટામાં એટલે અંશે દરિદ્રતા ઊભી થવા–રૂપ નથી. ઊલટું દૃશ્યનો ક્રમ તેની છેવટની કક્ષાએ પહોંચવો, એ જ જ્ઞાતમાં ક્લેશથી થતા શક્તિના ઘાતની પણ પરાકાષ્ઠા છે. એટલે, જેમ જેમ ક્લેશ દૂર થાય છે, તેમ તેમ દૃશ્ય, તેનો જ્ઞાતા તથા તેનું જ્ઞાન એ ત્રણેમાં જાત્યંતર પરિણામ થાય છે; અને તેથી જ ક્લેશ ઓછા કરે તેવા યમ-નિયમની સિદ્ધિ વડે પણ જ્ઞાન અને શક્તિનો કોઈ અદ્ભુત વધારો થતો યોગસૂત્ર જણાવે છે. જેમ કે, 'સત્ય'ની પ્રતિષ્ઠા થતાં, ક્રિયા દ્વારા પ્રાપ્ત થતા ફલના આશ્રયરૂપ બનાય છે; એટલે કે, સત્યનિષ્ઠ માણસ જે કોઈ ક્રિયાફલ આશીર્વાદરૂપે કે શાપરૂપે કહે, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તેમ બને છે (૨. ૩૬). 'અપરિગ્રહ'ની સ્થિરતા થતાં ભૂત–વર્તમાન–ભાવી જન્મ સંબંધી જ્ઞાન થાય છે (૨. ૩૯); 'તપ' વડે અશુદ્ધિનો ક્ષય થતાં શરીર અને ઇંદ્રિયને લગતી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે (૨. ૪૩) ઇત્યાદિ.

પરંતુ યોગસૂત્રકાર યોગનાં આઠ અંગોમાંથી છેવટનાં ધ્યાન-ધારણા-સમાધિ એ ત્રણથી [જેમને માટે તે ભેગો એક શબ્દ 'સંયમ' વાપરે છે (૩-૪)], જ્ઞાન અને શક્તિની જે ઉત્તરોતર સિદ્ધિ વર્ણવે છે, તે ખાસ લક્ષમાં લેવા જેવી છે. જેમ કે, સૂર્યમાં સંયમ કરવાથી આખા ભુવનનું જ્ઞાન થાય (૩. ૨૬); ચંદ્રમાં સંયમ કરવાથી તારા-વ્યૂહજ્ઞાન થાય (૩. ૨૭); કંઠકૂપમાં સંયમ કરવાથી ક્ષુધાપિપાસાની નિવૃત્તિ થાય (૩. ૩૦); પરશરીરપ્રવેશ કરવાની શક્તિ પ્રાપ્ત થાય (૩. ૩૮); જળ–પંક–કંટકમાં ચાલતાં પણ બાધા થાય નહીં (૩. ૩૯); દિવ્ય શ્રોત્ર (૩. ૪૧), આકાશગમન (૩. ૪૨), ભૂતજય (૩. ૪૪), અણિમાદિ સિદ્ધિનો પ્રાદુર્ભાવ થાય (૩. ૪૫); કાયસંપત્ પ્રાપ્ત થાય (૩. ૪૫) ઇત્યાદિ. પણ એ બધા કરતાંય વિશેષ તો એ છે કે, અમુક જગાએ સંયમ કરવાથી વિવેકખ્યાતિ થતાં સર્વ ભાવોનું અધિ-ષ્ઠાતૃત્વ અને સર્વજ્ઞાતૃત્વ પ્રાપ્ત થાય (૩.૪૯) અને છેવટે કૈવલ્ય (૩.૫૦) પણ પ્રાપ્ત થાય (૩. ૩૫-૬; ૩.૫૨; ૪.૨૫, ૪.૩૧, ૪.૩૪).

આમ, ચિત્તવૃત્તિ-નિરોધની યોગસાધના એ કંઈ જ્ઞાન કે શક્તિની દૃષ્ટિએ દરિદ્ર બનવાની સાધના નથી; ઊલટું, તેમની પરાકાષ્ઠા રૂપ એટલું જ નહીં પણ તેથી પર (૩.૫૦) એવી અવસ્થા છે. પરંતુ, ચિત્તની વૃત્તિના સંયમથી જ્ઞાન અને શક્તિની આટલી પ્રચંડ સિદ્ધિ થતી માનવી, એનો અર્થ શો?

યોગસૂત્રકાર સ્પષ્ટ જણાવે છે કે, બાહ્ય જગતનું સ્થૂલ સ્વરૂપ નિયત થયું છે, તેમાં દ્રષ્ટા – ભોક્તાનો 'અર્થ' જ રહેલો છે (૨.૨૧); અને એ દૃશ્ય 'પ્રત્યય' દ્વારા એટલે કે ચિત્તની વૃત્તિમાં આરૂઢ થઈને જ (૨.૨૦, ૩.૩૫) દ્રષ્ટાનો અર્થ સાધી શકે છે. અર્થાત્ પુરુષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધર્માધર્મ એટલે કે ક્લેશ-કર્મ દ્વારા તેને જે 'ભોગ' થવો જોઈએ તે જાતનું બાહ્ય દૃશ્ય (ગ્રાહ્ય), તેને વૃત્તિમાં આરૂઢ કરવા માટેનું ઇંદ્રિયાદિ કરણતંત્ર (ગ્રહણ), અને છેવટે તે અનુસાર ચેતનનો સારૂપ્યવાળી વૃત્તિ (ગ્રહિતા) (૨.૬; ૨.૨૩) — એ બધું ગોઠવાય છે. હવે વૈરાગ્યથી એ દૃશ્યમાત્રમાં હેયબુદ્ધિ દૃઢ થાય, તો જે ક્રમે આ બધું ગ્રાહ્ય – ગ્રહણ – ગ્રહિતાનું તંત્ર ગોઠવાયું હતું, તેનો 'પ્રતિપ્રસવ' થાય. પણ એ પ્રતિપ્રસવ ગ્રાહ્યને સર્વાર્થમાં લાગુ ન પડે; કારણ કે એમાં આરબ્ધ પૂર્વકર્મની આડ છે એટલું જ નહીં, પણ એ 'ગ્રાહ્ય' બીજાં ચિત્તોને પણ સાધારણ છે (૨.૨૨); એટલે કૃતાર્થ પુરૂષ પ્રત્યે એ 'નષ્ટ' હોવા છતાં અમુક અર્થમાં 'અનષ્ટ' રહેવાનું. તેથી એ પ્રતિપ્રસવ મુખ્યત્વે ગ્રહણ અને ગ્રહિતૃ-તંત્રમાં વધુ ઝડપે શરૂ થાય. તેમાંય ગ્રહણ-તંત્ર કરતાં ગ્રહિતૃ-તંત્રમાં જ વિશેષ થાય. તેથી દૃશ્યનો ત્યાગ અને નાશ એટલે ગ્રહિતાની દૃષ્ટિએ ચિત્તવૃત્તિ ઊભી થવાની બાબતમાં જ પલટો. આમ સાધનાની – પુરુષાર્થની દૃષ્ટિએ વૈરાગ્ય અને ચિત્તની વૃત્તિઓના નિરોધનો અભ્યાસ એ જ વધુ સ્વ-તંત્ર વાત કહેવાય. એ ગ્રહિતૃ-તંત્રમાં સાચા અર્થમાં પ્રતિપ્રસવ શરૂ થાય, એટલે તાત્ત્વિક રીતે ગ્રહણ અને ગ્રાહ્ય તંત્રમાં એટલો પ્રતિપ્રસવ તે યોગીને માટે સિદ્ધ થાય જ; ભલે બાહ્ય સૃષ્ટિમાં બીજાં ચિત્તોના ક્લેશ-કર્મને સાધારણ એવું એનું સ્થૂલ સ્વરૂપ કાયમ રહે. તેથી જેટલી આંતર પ્રતિપ્રસવની માત્રા ગ્રહિતૃતંત્રમાં ઊભી થાય, તેટલી બાહ્ય ગ્રહણ અને ગ્રાહ્ય-તંત્રમાં યોગીની શક્તિ – સિદ્ધિ ઊભી થાય: સ્થૂલ ઇંદ્રિયોની શક્તિઓને કે સ્થૂલ પદાર્થોની શક્તિઓની માત્રાને તેટલા પૂરતી તે ઉલ્લંઘી જાય.

એમ કરતાં કરતાં આંતર પ્રતિપ્રસવની માત્રા એટલી તીવ્ર થઈ જાય કે, તેની જ્ઞાનશક્તિ ઉપર તેનાં ક્લેશ-કર્મની અપેક્ષાએ જે કાંઈ આવરણ ઊભું થયું હતું તે દૂર થઈ જાય, ત્યારે તેનામાં ઋતંભરા પ્રજ્ઞા અને સર્વજ્ઞતા પ્રગટે. એ પ્રજ્ઞા બાહ્ય પદાર્થમાત્રને તેના સાચા સ્વરૂપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જ જોઈ શકે — અર્થાત્ પુરુષના અર્થને અનુસરીને ક્રમાનુક્રમે નિયત થતા ગયેલા સ્વરૂપે નહીં, પણ શરૂઆતમાં તે બધો ક્રમ જે મૂળ બીજ-શક્તિની અવસ્થામાંથી નિયત થતો ગયો હતો તે અલિંગ સ્વરૂપે (૧·૪૫; ૨·૧૯). પછી તો ગુણવૈતૃષ્ણ્ય ( ૧·૧૬ ) પૂરેપૂરું પ્રગટ થતાં એ ચિત્ત પૂરતો દૃશ્યનો કશો 'ભોગ' રૂપી અર્થ જ રહેતો નથી, એટલે અર્થાભાવની – પર વૈરાગ્યની એ સ્થિતિએ ( ૧·૧૬ ) કૈવલ્ય જ બાકી રહે છે ( ૩·૫૦, ૪·૩૪ ).

આમ, યોગસૂત્રનો બધો ભાર ચિત્તતંત્રનો પ્રતિપ્રસવ સાધવા ઉપર છે. તેને માટે ક્લેશ તનુ કરવા જોઈએ અને સમાધિની સાધના કરવી જોઈએ ( ૨·૨ ). અર્થાત્ વૈરાગ્ય અને અભ્યાસ એ બંને સાધન એકસાથે કામમાં લાવવાં જોઈએ. ક્લેશ દૂર થયા વિના માત્ર અભ્યાસબળથી કદાચિત્ એકાગ્રતા સધાય તોપણ 'પ્રતિપ્રસવ' સિદ્ધ ન થાય; કારણ કે એ ક્લેશો પોતાને અનુરૂપ કર્મ દ્વારા કશો પ્રતિપ્રસવ ઊભો થવા જ ન દે. યમ-નિયમ વગેરે ઉપરનો યોગસૂત્રનો ભાર તે અર્થે જ છે.

૬

સાથે સાથે અહીં કહેતા જવું જોઈએ કે, પ્રાચીન સમયથી આ પ્રથમ પાદ સમજવામાં કેટલાંક સ્થાનો કઠણ માલૂમ પડ્યાં છે; વિષયને કારણે હશે તે કરતાંય તેના નિરૂપણની બાબતને કારણે. જેમ કે, સૂત્ર ૧૭થી ૨૦માં[1] નરજાતિના જે પદનો અધ્યાહાર છે, તે પદ કયું? ત્યાં સુધીમાં નિરોધ શબ્દનો જ ઉલ્લેખ આવતો હોવાથી નિરોધની વાત જ ત્યાં છે એમ ગણવું જોઈએ. અને ૨૦મા સૂત્રમાં નિરોધને સમાધિ-પ્રજ્ઞા-પૂર્વક કહ્યો છે, એટલે સમાધિ પદનો અધ્યાહાર ગણી શકાય નહીં. પણ પ્રાચીન ટીકાકારો સમાધિ શબ્દનો જ અધ્યાહાર લઈ, સંપ્રજ્ઞાત અને સમાપત્તિ એ બધાંનું એકીકરણ કરી દે છે.

---

૧. તેમાંય ૧૯મા સૂત્રમાં વિદેહપ્રકૃતિલયોનો વર્ગ એટલે કયો વર્ગ એ બાબત મતભેદ છે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પછી આગળ (૨૩મા સૂત્રથી) નિરોધના ઉપાયોના વિકલ્પો વર્ણવવાનું શરૂ થાય છે. તેમાં પ્રથમ વિકલ્પ ઈશ્વરપ્રણિધાનનો છે; અને તેનાથી અન્તરાયાભાવ પણ થાય છે એમ સૂત્રકાર જણાવે છે (સૂ. ૨૯). પણ સૂત્ર ૩૦-૩૧માં એ અંતરાય વગેરેની વ્યાખ્યા આપીને પછી ૩૨મા સૂત્રમાં જણાવે છે કે, 'એ અંતરાયો દૂર કરવા માટે એકતત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ'. તે સૂત્રની બાબતમાં, એ અભ્યાસ કોણે કરવો જોઈએ તથા એક તત્ત્વ એટલે શું, એ અંગે ભારે મતભેદ પ્રવર્તે છે. ઈશ્વરપ્રણિધાનમાર્ગીને તો અંતરાયનિવારણ માટે તે અભ્યાસ કરવાપણું રહે નહીં; એટલે એ વસ્તુ અભ્યાસવૈરાગ્યના ઉપાયવાળા માટે જ આવશ્યક રહે. તો પછી તેને જે 'સ્થિરતા માટે યત્ન રૂપી અભ્યાસ' કરવાનો છે (સૂ.૧૩), તેના કરતાં જુદો – માત્ર અંતરાયનિવારણ માટે જ – આ અભ્યાસ કરવાનો છે? તો પછી આ જુદા અભ્યાસનું સ્વરૂપ શું? સ્થિરતા માટેના યત્નમાં પણ કોઈ એક તત્ત્વનો જ અભ્યાસ હશે ને? વળી સૂત્ર ૩૨માં કહેલું 'એકતત્ત્વ' એટલે કયું તત્ત્વ?

હવે, આગળ ૩૩મા સૂત્રથી ૩૯મા સૂત્ર[1] સુધીમાં જે ઉપાયો બતાવ્યા છે, તે ખરેખર ઈશ્વરપ્રણિધાનની પેઠે — નિરોધ માટેના — સ્વતંત્ર વિકલ્પો જ ગણવા જોઈએ? કે પછી અંતરાયનિવારણ માટે જે એકતત્ત્વનો અભ્યાસ કહ્યો છે, તેના વિકલ્પો તે છે? એમ હોય, તો પછી યોગસૂત્રમાં નિરોધના ઉપાયના માત્ર બે જ વિકલ્પો દર્શાવ્યા કહેવાય: — (૧) અભ્યાસવૈરાગ્ય અને (૨) ઈશ્વરપ્રણિધાન. કારણ, ઈશ્વરપ્રણિધાનથી (સૂત્ર ૨.૪૫) સીધી સમાધિસિદ્ધિરૂપી ફળ પ્રાપ્ત થતું બતાવ્યું છે, ત્યારે સૂત્ર ૩૩-૯માં દર્શાવેલા વિકલ્પો વડે ચિત્તપ્રસાદન (સૂ. ૩૩); કે મનનું સ્થિતિનિબંધન (સૂ. ૩૫) ઇ૦ જેવું ફળ પ્રાપ્ત થતું બતાવ્યું છે, કે જે 'નિરોધ' કરતાં 'એકતત્ત્વાભ્યાસ'ને વિશેષ લાગુ પડે છે.

---

૧. તેમાંય ૩૫મા અને ૩૬મા સૂત્રમાં આવતી વિષયવતી અને જ્યોતિષ્મતી પ્રવૃત્તિના અર્થની બાબતમાં પણ ભારે મતભેદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તે તો ઠીક. પણ ૪૦મા સૂત્રમાં પરમાણુ–મહત્ત્વ સુધીનો વશીકાર આવતો જણાવ્યો છે, તે શાનું ફળ છે? અને તે કોને પ્રાપ્ત થાય છે? નિરોધ કરનારને તો એ ઘટે નહીં; કારણ કે નિરોધનું ફળ તો અંતિમ અને મોટું છે. એટલે એ ફળ એકતત્ત્વાભ્યાસ (સૂ. ૩૨) વાળાનું જ આનુષંગિક ફળ ગણવું જોઈએ, અને ત્યાં એ પ્રકરણ પૂરું થઈ જાય.

ત્યાર બાદ ૪૧મા સૂત્રથી ૫૧મા સૂત્ર સુધી સમાધિ શબ્દ વાપરીને નિરોધના કોટીક્રમનું નિરૂપણ શરૂ થતું લાગે છે.[૧] પણ તે પહેલાં ૪૧થી ૪૫ સૂત્ર સુધીમાં સબીજ સમાધિના નિરૂપણ (સૂ. ૪૬) અંગે સમાપત્તિ શબ્દ વાપરીને સવિતર્ક અને નિર્વિતર્ક તથા સવિચાર અને નિર્વિચાર સમાપત્તિઓનો વિભાગ વર્ણવ્યો છે. એ વિભાગો સબીજ સમાધિ છે એમ પોતે જ ૪૬મા સૂત્રમાં કહી દે છે. પણ આ સ્થળોએ અર્થ કરવામાં ભારે મતભેદ પ્રવર્તે છે. સૂત્ર ૧૭–૧૮માં નિરોધના જે બે મુખ્ય ભાગો દર્શાવ્યા–સંપ્રજ્ઞાત અને તેથી અન્ય (અસંપ્રજ્ઞાત), તે ભાગોને અહીં ૪૧થી ૫૧ સુધીમાં દર્શાવેલ સબીજ સમાધિ (સૂ. ૪૬) અને નિર્બીજ સમાધિ (સૂ. ૫૧) એ ભાગો સાથે, તેમ જ ૧૭મા સૂત્રમાં સંપ્રજ્ઞાતના દર્શાવેલ વિતર્ક–વિચાર–આનંદ–અસ્મિતાના એ પ્રકારો અને સૂત્ર ૪૨-૪માં દર્શાવેલ સબીજ સમાધિના સવિતર્કા–નિર્વિતર્કા–સવિચારા–નિર્વિચારા સમાપત્તિના પ્રકારો સાથે કશો સંબંધ છે કે કેમ? તેમ જ એ વિતર્ક, વિચાર આદિ પરિભાષાનો અર્થ શો?

બૌદ્ધ અને જૈન પરંપરામાં ધ્યાન અને સમાધિના નિરૂપણમાં વિતર્ક–વિચાર શબ્દો આવે છે. તેમનો ત્યાં શો અર્થ થાય છે, તે અહીં જોતા જઈએ. બૌદ્ધ પરંપરામાં ધ્યાનની ચાર કોટીઓમાંથી પ્રથમ

---

૧. જુઓ સૂત્ર ૨૦: નિરોધને શ્રદ્ધા-વીર્ય-સ્મૃતિ-સમાધિ-પ્રજ્ઞાપૂર્વક થતો જણાવ્યો છે; અને ૪૮મા સૂત્રમાં સમાધના કોટીક્રમમાં પ્રજ્ઞા પ્રાપ્ત થતી જણાવી છે, અને ત્યાર બાદ નિર્બીજ સમાધિરૂપ અંતિમ નિરોધ ૫૧મા સૂત્રમાં જણાવ્યો છે. એટલે સમાધ શબ્દ વડે નિરોધનો કોટીક્રમ જ વર્ણવાયો લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કોટીમાં જે સ્થૂલ પદાર્થનું રૂપ આલંબન તરીકે હોય છે, તેનાં નામ રૂપ અને સંબંધનું જે ધારાવાહી ચિંતન શરૂઆતમાં ચાલે છે, તેને 'વિતર્ક' કહે છે; અને પછી તે આલંબનના નામ-રૂપ-સંબંધના વિતર્ક વિના ચિત્ત તે પદાર્થ ઉપર સ્થિર થાય અને નિષ્કંપપણે તેમાં અનુમજ્જન કરે–વિચરે, તે 'વિચાર' કહેવાય છે. એ બંને વચ્ચેનો ભેદ એક ઉપમા વડે આમ દર્શાવાય છે: પક્ષી જેમ બે પાંખ હલાવતું ઊંચે ચડે, તે નામ અને રૂપ નામની બે પાંખોના સંબંધવાળા ચિત્તનું વિતર્ક-ધ્યાન છે; વળી જેમ તે પંખી ઊડવા લાગ્યા પછી, પાંખોના ફફડાટ વિના, માત્ર પાંખોના વિસ્તારથી જ આકાશમાં પવનના વેગને અનુસરતું અથવા સ્વેચ્છાથી પ્રવાહરૂપે ગતિ કરતું જણાય છે, તેમ ચિત્ત નામ અને રૂપનો આશ્રય અથવા મદદ લીધા વિના પોતાના ધ્યેય–આલંબન રૂપે પલટાય, ત્યારે તે વિચાર-ધ્યાન થયું સમજવું. આ બે ભૂમિકાઓ સિદ્ધ થયા પછી દ્વિતીય ધ્યાનમાં પ્રવેશ થાય છે, જ્યાં વિતર્ક અને વિચારના ક્ષોભ વિના ચિત્તનો ધ્યેયમાં 'એકોદીભાવ' અચલતા–સુપ્રસન્નતા હોય છે; ધ્યાતા અને ધ્યાનની જરાય સ્મૃતિ હોતી નથી; ધ્યેયનો ભાવ અચળ દીપ જેવો પ્રકાશી રહે છે.

અર્થાત્ વિતર્ક અને વિચાર એ શબ્દોની બૌદ્ધ કલ્પનામાં પણ એ શબ્દોનો કંઈક પારિભાષિક અર્થ જ રૂઢ છે. ધ્યાનની ભૂમિકામાં શરૂઆતની સ્થિતિમાં આલંબનમાં એકાગ્રતા માટે જે પ્રયત્ન ચાલે, તેને માટે 'વિશેષ તર્ક' (વિ+તર્ક) એવો શબ્દ શા માટે વાપરવામાં આવે છે, તે સ્પષ્ટ થતું જ નથી. તેમ જ ધ્યેય–આલંબનમાં મનનું એક સરખી રીતે નિમજ્જન થવું, તેને 'વિશેષપણે વિચરણ' (વિ+ચાર) શા માટે કહ્યું એ બાબતનું પણ છે.

જૈન પરંપરામાં તો એ શબ્દો તેથી પણ વિશેષ પારિભાષિક અર્થમાં વપરાયા છે. શુક્લ ધ્યાનની પ્રથમ અને દ્વિતીય કોટીમાં, 'પૂર્વ' નામના શાસ્ત્ર અનુસાર કોઈ એક દ્રવ્યનું અવલંબન લઈ ધ્યાન કરાય છે. તેથી એ બન્ને ધ્યાન 'વિતર્ક' એટલે કે શ્રુતજ્ઞાન સહિત છે, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કહેવાય છે. અને એ ધ્યાન દરમિયાન ચિત્ત કોઈ વાર દ્રવ્ય ઉપરથી પરિણામ ઉપર અને પરિણામ ઉપરથી દ્રવ્ય ઉપર આવે, કે દ્રવ્ય ઉપરથી તેના વાચક શબ્દ ઉપર કે શબ્દ ઉપરથી દ્રવ્ય ઉપર આવે, તેમ જ મન–વાણી–કાયા એ ત્રણના વ્યાપારોમાં પણ કોઈ એક ઉપર સ્થિર રહેવાને બદલે વારંવાર સંક્રમણ ('વિચરણ–વિચાર') કર્યા કરે, તે 'સવિચાર' કહેવાય. અને એ આલંબનના કોઈ એક પરિણામ ઉપર જ ચિત્તને નિશ્ચલ કરી, શબ્દ અને અર્થના ચિંતનનું કે મન–વાણી–કાયાની પ્રવૃત્તિઓનું કશું સંચરણ ન કરે, તો તે 'નિર્વિચાર' કહેવાય.

આ બે કોટીઓ સિદ્ધ થયા બાદ ચિત્ત નિષ્પ્રકંપ બની જાય છે.

આમ વિતર્ક અને વિચાર એ શબ્દોનો જુદી જુદી પરંપરાઓમાં પારિભાષિક અર્થ જ લેવાય છે. એ શબ્દોના ઉપયોગવાળાં સ્થળો સામાન્ય રીતે સમજાવાં મુશ્કેલ હોય છે; અને તેમનો અર્થ કરવામાં મતભેદને સ્થાન રહે છે. યોગસૂત્ર પણ તેમાં અપવાદરૂપ નથી.

આ અનુવાદમાં આ બધાં સ્થળોએ એક સળંગસૂત્ર તથા સમજી શકાય તેવો અર્થ કરાયો છે; અને આખી વસ્તુ પરંપરાથી ચાલી આવતી પ્રણાલિને જ અનુસરીને રજૂ કરવાને બદલે, વિષય વિશદ થાય અને વાચકને સુગમ થાય તે પ્રકારે સફળપણે રજૂ કરવામાં આવી છે. પરંપરાથી આ વિષયની આસપાસ ઊભી થતી આવેલી ગૂઢતામાં અવશપણે અટવાઈ ગયા વિના, સ્પષ્ટતાથી સીધો અર્થ પકડવાનો પ્રયત્ન થયો છે. યોગ એ આપણી ચેતનપ્રક્રિયાના સાર્વભૌમ નિયમો અનુસાર વિચારાતી પ્રક્રિયા છે, એવો ખ્યાલ આ નિરૂપણથી વાચકમાં ઊભો થાય છે, અને તેની આસપાસ લોકમાનસમાં ઊભો થયેલો ગૂઢતાનો અને તજ્જન્ય કંઈક હેયતાનો ભાવ દૂર થવામાં મદદ થાય છે.

અલબત્ત, આ યોગ વસ્તુ એવી છે કે જેમાં કલ્પના અથવા તરંગને સ્થાન નથી. યોગભાષ્યકારે પ્રાચીન કથન ટાંકીને જણાવ્યું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


( ૩. ૬ ) કે, યોગ વડે જ યોગને જાણવો જોઈએ; યોગથી જ યોગ પ્રવર્તે છે. 'યોગ એટલે શું' – આ પુસ્તકમાં ખરેખર આપણા દેશના મહા-ધન અને મહા-શક્તિરૂપ એ યોગ, જ્યારે નવેસર તેના નિરૂપણ અને પરિશીલનની ખાસ જરૂર છે, ત્યારે યોગ્ય વખતે જ આ નવું નિરૂપણ પામે છે. આજે જીવનનાં સર્વ ક્ષેત્રોમાં યોગના પરિબળની અત્યંત જરૂર ઊભી થઈ છે.

યોગવિદ્યા એ આપણા દેશમાં વિશેષે ખેડાયેલી એક મહાન વિદ્યા છે. આપણા દેશની પુરાતન ઘણીખરી સિદ્ધિઓ કોઈ ને કોઈ સ્વરૂપે યોગવિદ્યાના અનુશીલનને જ આભારી છે. હજારો વર્ષથી ચાલતી આવેલી તેની પરિપાટીમાં ઘણા તબક્કાઓ એવા અલબત્ત આવી ગયા છે કે જ્યારે તેનું મર્મ ભુલાઈ જઈ, તેનું અમુક જડ કે વિપરીત અનુશીલન પણ થયું છે. અને તેથી આજે એવી માન્યતા કે ભ્રમ પ્રચલિત જોવા મળે છે કે, એ તો સાધુ-સંન્યાસીનો કે છૂ-મંતર-વાળાઓનો ધંધો છે. પરંતુ એવું કશું નથી. યોગ એ તો જીવનનો જ ધર્મ છે; અને જીવનની સાચી સમજ કે સિદ્ધિ યોગ વિના શક્ય નથી. જીવનની કેળવણી અને પુરુષાર્થસાધનનું કોઈ પણ ઉત્થાન યોગના રહસ્યને કોઈ ને કોઈ રૂપે સ્વીકારીને જ યથાર્થપણે સંભવી શકે તેમ છે.

આ પુસ્તક આપણી પાસે પડેલા એ મહામૂલા વારસાને, તેની આસપાસ વીંટાયેલ વહેમ અને ગૂઢતાની આડમાંથી છૂટો કરી, વાચકને માટે સુગમ કરશે, અને એ રીતે એ વારસો તેમ જ તેના હકદાર આપણે — એમ બંનેને એકબીજાની વધુ નજીક લાવશે, એમાં શંકા નથી.

**ગોપાલદાસ પટેલ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# યોગ એટલે શું?

[ યોગસૂત્રના સમાધિપાદનું વિવેચન ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૧

# હિંદુ ધર્મ

હિંદુ ધર્મની વ્યાખ્યા કરવી કઠણ છે. છતાં એ ધર્મે ખીલવેલા બે શબ્દો જો ધ્યાનમાં લઈએ, તો કદાચ તે ધર્મના વ્યાપક સ્વરૂપ પ્રમાણે જ તેની એક વ્યાપક વ્યાખ્યા પણ આપણને મળી રહે. આ બે શબ્દો તે 'મોક્ષ' અને 'યોગ'. આ બે શબ્દોની વ્યાપકતાની સરસાઈ કરી શકે એવો બીજો એકે શબ્દ હોય તો તે 'ધર્મ' શબ્દ છે. 'મોક્ષ' એ હિંદુધર્મે જીવનમાત્રના અંતિમ અને ઊંડામાં ઊંડા સાફલ્ય માટે યોજેલો વાચક છે. અનેક રૂપે એને એ ધર્મમાં વર્ણવવામાં આવ્યો છે. અમરત્વ, અમૃતત્વ, બ્રહ્મજ્ઞાન, નિર્વાણ, કૈવલ્ય, જન્મ-મરણમાંથી મુક્તિ, આત્મસાક્ષાત્કાર, ઈશ્વરદર્શન, એવા એવા અનેક પર્યાયો આપણા ધર્મસાહિત્યમાં આ એકમાત્ર જીવનસાધ્ય માટે યોજાયા છે. પરંતુ એ બધાના રહસ્ય રૂપે એક જ વસ્તુ કહેવાની રહેલી છે, અને તે એ કે, મનુષ્યની ઊંડામાં ઊંડી ને સાચી અભિલાષા મુમુક્ષા છે, સનાતન આત્યંતિક સુખની શોધ છે. હિંદુ ધર્મે ગંગા જેવા તેના વિશાળ વિકાસપ્રવાહ દરમ્યાન આ અભિલાષાનાં ભૌતિક, અધિભૌતિક, વગેરે રૂપો બતાવ્યાં છે અને અંશતઃ માન્યાં



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છે. પરંતુ તે બધી મથામણને અંતે તેમાંથી એક અબાધિત અને આખરી નિચોડ કાઢ્યો છે તે એ છે કે, જીવની ખરેખરી ને આંતર અભિલાષાનું સ્વરૂપ મોક્ષ છે. જે ઝીણવટથી અને ઊંડાણમાં જઈને હિંદુ ધર્મે આ બાબત છણી છે અને તેની શાસ્ત્રીય મીમાંસા કરી છે, તેવી ભાગ્યે જ બીજા ધર્મોમાં મળે છે. સ્વર્ગ, ઈશ્વરનું રાજ્ય, એવા દ્વૈતવાદી શબ્દો બીજા ધર્મોમાં યોજાયા છે. પરંતુ એનું વસ્તુ શું છે તેનું સૂક્ષ્મ નિદાન હિંદુ ધર્મે આપ્યું છે. અને તેની બધી જ શાખા-ઉપશાખાઓ, તેઓ વેદપ્રામાણ્યમાં માને કે ન માને તોય, મોક્ષને જ જીવનપ્રાપ્ય તરીકે સ્વીકારે છે. શીખ શું કે કબીરપંથી શું, જૈન શું કે બૌદ્ધ શું, તાંત્રિક શું કે શાક્ત શું, સૌ પ્રકૃતિમોક્ષ, જ્ઞાન, મોક્ષ, નિર્વાણ, કૈવલ્ય, કેવલજ્ઞાન વગેરે વાચકોવાળા એક પદાર્થને ધ્યેય માને છે. એટલે, મારી દૃષ્ટિએ, હિંદુધર્મની એક સચોટ વ્યાખ્યા આપવી હોય તો, 'મોક્ષ જેનું પ્રાપ્ય છે તે' કહી શકાય. ટિળક મહારાજે હિંદુ ધર્મની વ્યાખ્યા આપતાં, સામાન્યતઃ સમજાતી 'प्रामाण्यबुद्धिर्वेदेषु' (વેદોમાં પ્રામાણ્ય-બુદ્ધિ) — એ લક્ષણ આપ્યું છે. અને આગળ કહ્યું છે, 'साधनानामनेकता' (સાધનાઓ અનેક જેમાં હોઈ શકે છે) તથા उपास्यानाम-नियमः (જેમાં ઉપાસ્ય – ઇષ્ટદેવ ગમે તે હોઈ શકે છે — તે વિષે કોઈ અમુક જ નિયમ કે બંધન તેમાં નથી). આ ત્રિવિધ વ્યાખ્યાનાં છેલ્લાં બે અંગ સાથે, તેમની ઉદારતામાં બરોબર બંધબેસે એવું લક્ષણ જો કહેવું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તો, 'વેદમાં પ્રામાણ્યબુદ્ધિ'ના રહસ્યરૂપ એવું 'મોક્ષમાં ધ્યેયબુદ્ધિ' એવું લક્ષણ મૂકવું જોઈએ. તો હિંદુ ધર્મની વ્યાખ્યા ટૂંકમાં —

मोक्षमां ध्येयबुद्धि ने साधनानी अनेकता,
उपास्ये कायदो को ना, धर्मनुं ए ज लक्षण.

— એ પ્રમાણે થાય.

અને મોક્ષ જેમ માનવ જીવનનો આદર્શ છે, તેમ યોગ એ તે આદર્શને પામવાનાં સાધનમાત્રનું રહસ્ય છે. હિંદુ માનસ તેની તાત્ત્વિક ઝીણવટ માટે જગતભરમાં નામીચું છે. તેણે અનેક સાધનાઓ અને ઉપાસ્યો (એટલે કે, દેવદેવી આદિ) સ્વીકાર્યાં તો છે. પરંતુ તેની શાસ્ત્રીય દૃષ્ટિ તે બધામાં પણ એકતા જોયા-ખોળ્યા વગર રહી નથી. આ બધી સાધનાઓ ગમે તે ઇષ્ટદેવને માનીને ચાલે, ગમે તેવા ક્રિયાકાંડો યોજે, છતાં તે બધાંની શક્તિ શાથી છે? અનેકત્વમાં એકત્વ જોનારી આર્ય દૃષ્ટિએ આ પ્રશ્ન પણ વિચાર્યો છે, અને તેનો જવાબ એ આપ્યો છે કે, સાધનામાત્રની શક્તિ 'યોગ' છે. જેટલે અંશે કોઈ પણ સાધના-પ્રકાર યોગના રહસ્યને પોષે છે, પ્રગટ કરે છે, તેટલે જ અંશે તે સાધનામાં સાધનશક્તિ છે,— તો જ તેને 'સાધના' એવું નામ આપી શકાય. અથવા, એમ જ કહો કે, યોગ એટલે કોઈ પણ સાધનાની અંદર રહેલી તેની સાચી સાધનશક્તિ. અને ખરું જોતાં યોગનો વ્યાપકમાં વ્યાપક અર્થ પણ એ જ છે: કોઈ પણ સિદ્ધિ,— પછી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધાર્મિક કે આધ્યાત્મિક ન હોય તોપણ,—જે સાધન દ્વારા સધાય છે–મેળવી શકાય છે, તે યોગ છે. યોગનો શબ્દાર્થ જુઓ તો 'સાધન', 'નિમિત્ત' એવો પણ થાય છે.[૧]

પણ તત્ત્વચિંતકોએ યોગનો આટલો અર્થ જ આપીને નિરાંત નથી વાળી. તેમણે સાધનાના આત્મારૂપ તેના રહસ્યની વસ્તુનું પણ પૃથક્કરણ કર્યું છે; અનેક ક્રિયાકાંડો તથા ઉપાસનાના પ્રકારોને છણી છણીને તેનું મૂળતત્ત્વ વિચાર્યું છે; અને એ બધાને એકસૂત્ર કરે એવી યોગની વ્યાખ્યાઓ યોજવા તેઓ મથ્યા છે. એક ગીતા જ લઈએ તો તેમાં કેટલી બધી વ્યાખ્યાઓ મળે છે? યોગ શબ્દનો ઉપયોગ અનેક વાર ને અનેક અર્થોમાં તેમાં કરેલો છે. બૌદ્ધ, જૈન અને શાક્ત લોક પણ યોગને માનનારા હતા. તેમણે પોતપોતાની વ્યાખ્યાઓ કરી છે. કોઈ પણ અતિ વ્યાપક વસ્તુને નસીબે આવી વિવિધરૂપતા કે ભિન્નતા ચોંટેલી જ હોય છે.

આ બધી વિભિન્ન લાગતી વ્યાખ્યાઓમાંથી શાસ્ત્ર ઉપજાવવાનું શ્રેય પતંજલિને ઘટે છે. તેમણે, 'યોગ'ને નામે જે અનેક પ્રકારની અગ્રથિત ને છૂટીછવાઈ વાતો, વસ્તુઓ, માન્યતાઓ, ક્રિયાઓ તથા અનુભવો આદિ પડ્યાં હતાં, તેમાંથી એક સળંગસૂત્ર શાસ્ત્ર નિપજાવ્યું

---

૧ જુઓ ટિળક મહારાજનું 'ગીતારહસ્ય' (મરાઠી). ત્યાં અમરકોશમાંથી 'યોગ'નો અર્થ નીચે મુજબ ટાંક્યો છે:

'योगः संहननोपायध्यानसंगतियुक्तिषु।'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને હિંદુ ધર્મની અનેકવિધ સાધનાઓનું એકત્રિત શાસ્ત્ર તથા ફિલસૂફી ઘડયાં.

આમ 'મોક્ષ' અને 'યોગ' એ બે વાચકો દ્વારા હિંદુ ધર્મનું રહસ્ય જોઈ શકાય છે. મૂર્તિ, દેવદેવીઓ, યજ્ઞયાગ, પૂજાપાઠ અને અર્ચનો વગેરે જેટલે દરજ્જે યોગ-શક્તિ પ્રગટાવે, તેટલે દરજ્જે તે ગ્રાહ્ય છે. તે બધાં સાધનો છે; અને સાધનો જેને જેવાં ફાવે તેવાં વાપરે, એ જ એની વિવિધતાનું કારણ અને એનો કાયદો છે.

અને એ યોગ-શક્તિ પણ તારક કે મારક હોઈ શકે. ક્ષુદ્ર સિદ્ધિઓ પણ સધાય અને અસલ સાધ્ય મોક્ષ પણ એનાથી સાધી શકાય. એમ યોગશક્તિ બેધારી તલવાર છે. એ તલવારનો સાચો ઉપયોગ મોક્ષ સૂચવે છે.

એટલે ત્યારે હિંદુ ધર્મ એટલે —

'मोक्षमां ध्येय-बुद्धि ने साधने योगनिष्ठता,
उपास्ये कायदो को ना, धर्मनुं ए ज लक्षण.'

—ઑગસ્ટ, ૧૯૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૨

# યોગ એટલે શું?

પંતજલિએ યોગની વ્યાખ્યા આમ કરી છે: – योगः चित्तवृत्तिनिरोधः (पा० १, सू० २). – ચિત્તની વૃત્તિનો નિરોધ કરવો એટલે યોગ. આમ જોઈએ તો વૃત્તિનિરોધ એ ચિત્તનો સાર્વભૌમ ધર્મ[1] છે. દરેક માણસને આવો નિરોધ થતો હોય છે. માણસ એક વસ્તુને મેળવવા માટે ધારણા કરે; અન્યગામી પ્રયત્નોનો તે અર્થે સંયમ કરે; એમ કરતાં કરતાં એવી ક્ષણ આવે કે જ્યારે એની પ્રાપ્તિ માટેની વૃત્તિ શમે. તે ઘડીએ તેને આનંદ થાય છે. યોગશાસ્ત્ર-માન્ય માનસવિદ્યા એમ કહે છે કે, આ આનંદનું કારણ તે માણસની ચિત્તવૃત્તિ તે ઘડીએ નિરોધ પામે છે તે છે: તે વેળા થતા સમાધિસુખનો તે આનંદ છે. એટલે, યોગ એ ચિત્તનો કોઈ ગૂઢ, વિરલ કે અવનવો અનુભવ નથી. તેથી કરીને યોગસૂત્રના ભાષ્યકાર પોતાના ભાષ્યના પ્રારંભમાં જ, ટૂંકમાં પણ સૂચક રીતે જણાવે છે:– 'योगः समाधिः। स च सार्वभौमश्चित्तस्य धर्मः। – યોગ એટલે સમાધિ, અને એ ચિત્તનો સાર્વભૌમ ધર્મ છે.

---

૧. સરોવરમાં બધો જ વખત વીચિઓ–લહરીઓ ઊઠતી હોય તોપણ દરેક વીચિ ઊઠીને સમતલ તો બને જ છે. માનસ-સરની વૃત્તિરૂપી વીચિનું પણ એમ જ છે. અને એ રીતે, વૃત્તિનિરોધ ચિત્તનો સાર્વભૌમ ધર્મ છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તો પછી 'યોગશાસ્ત્ર' જેવું શું રહ્યું? જો દરેક આનંદ-અનુભવનું માનસ કારણ યોગ એટલે કે ચિત્તવૃત્તિ-નિરોધ છે, તો યોગશાસ્ત્ર જેવી વસ્તુ નથી રહેતી, એમ જ કહેવું જોઈએ. આનો જવાબ યોગશાસ્ત્ર નિરોધના બે પ્રકારો પાડીને આપે છે. એક નિરોધ એવો છે કે જે, ઉપર જણાવ્યું તે રીતે, વિના ખાસ સાધનાએ, થાય છે.[1] આવા નિરોધથી અંતિમ આનંદાનુભવ નથી થતો. ચિત્તના જેમ અનેક ધર્મો છે, તેમ જ નિરોધ અર્થાત્ 'સમાધિ' પણ એક ધર્મ છે.[2] પરંતુ એ ધર્મને કેળવવો, ખીલવવો અને ધારી રીતે વાળીને કામમાં લેવો, એમાં યોગત્વ રહેલું છે; તો જ એ સાર્વભૌમ ધર્મ યોગશક્તિ વ્યક્ત કરે છે. અને એ જે કેળવણીની રીત, ચિત્ત-સાધનને તૈયાર કરવાનો માર્ગ, તેને જ યોગ કહેવામાં આવે છે. અને તેથી જ

---

૧. વિદેહ એવા દેવાદિ, તથા પ્રાકૃતિક-નૈસર્ગિક દશામાં લીન રહેતાં પશુ, પંખી, કીટ વગેરે તિર્યક્યોનિનાં સત્ત્વોને વૃત્તિનિરોધ 'ભવપ્રત્યય'-સાહજિક-જન્મસિદ્ધ છે. भवप्रत्ययो विदेह-प्रकृतिलयानाम्। [પા૦ ૧, સૂ૦ ૧૯]

૨. યોગભાષ્યકાર સમાધિને ચિત્તનો સાર્વભૌમ (સર્વભૂમિકાએ મળી આવતો) ધર્મ કહીને આગળ કહે છે:

क्षिप्तं मूढं विक्षिप्तम् एकाग्रं निरुद्धम् इति चित्तभूमयः। तत्र विक्षिप्ते चेतसि विक्षेपोपसर्जनीभूतः समाधिर्न योगपक्षे वर्तते। यस्तु एकाग्रे चेतसि सद्भूतमर्थं प्रद्योतयति, क्षिणोति च क्लेशान्. . . .

"ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ (પાંચ) ભૂમિકાઓ ચિત્તની હોય છે. (તેમાં પહેલી બેમાં મળી આવતો સમાધિ ધર્મ તો યોગ કોટીમાં ગણવા લાયક જ નથી.) વિક્ષિપ્ત ભૂમિકાના ચિત્તમાં પણ સમાધિધર્મ વિક્ષેપોથી હણાયેલો રહે છે; તેથી તેને પણ યોગપક્ષે ન મુકાય. પરંતુ એકાગ્ર ચિત્તમાં મળી આવતો સમાધિધર્મ કે જે . . ." [જુઓ પા૦ ૧, સૂ૦ ૧ પર ભાષ્ય].

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગીતાકાર યોગની વ્યાખ્યા એમ પણ કરે છે કે – योगः कर्मसु कौशलम् । – યોગ એટલે કર્મો કરવાની કુશળતા. યોગ એ મનુષ્યજીવન સફળ કરવાની કળા છે. યોગ આપણું અપ્રતીમ કેળવણીશાસ્ત્ર[1] છે.

ગમે તેમ હોય, યોગનો દાવો મનુષ્યનાં અંગ-પ્રત્યંગ વિચારી એની સર્વાંગીણ કેળવણી કેમ સધાય, તે રજૂ કરવાનો છે. આધ્યાત્મિક કેળવણીને અંગે એણે ખાસ વિચાર કરેલો છે એ ખરું; છતાં કેળવણીમાત્રનું સાધન મનુષ્ય-શરીર અને મનુષ્ય-ચિત્ત છે, એટલે એને કેળવવાને જે યુક્તિઓ યોગે શોધી છે તે, કુશળ કેળવણીકારને હાથે, અન્ય ઉપયોગોમાં પણ આણી શકાય.

યોગ સ્પષ્ટ જણાવે છે કે, કેળવણીનું સાધન 'સંયમ' છે, અને એ સાધનની પૂર્વપીઠિકા નીરોગી શરીર અને નૈતિક જીવન છે. યોગનાં અષ્ટાંગ પર ઊડતી નજર કરવાથી પણ આ વસ્તુ તો તરત જણાઈ જશે. આઠ અંગ તે (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સમાધિ. તેમાંનાં પ્રથમ બે માણસના નૈતિક જીવનને મુખ્યત્વે ઘડનારાં અંગ છે. પછીનાં બે અંગ માણસના શરીરને સર્વાંગીણ તાકાત અને તંદુરસ્તી દેનાર છે. આજકાલ પ્રવર્તતી કસરતો સ્નાયુઓને કે બહુ તો શરીરના સાંધાને જ કેળવનારી

૧. વાચકને અહીં યાદ દેવડાવું કે, શ્રી. અરવિંદ ઘોષ કૃત 'A System of National Education' અથવા શ્રી. કિશોરલાલભાઈ કૃત 'કેળવણીના પાયા' આ યોગશાસ્ત્રને કેળવણીના શાસ્ત્ર તરીકે વિચારીને લખાયેલા ગ્રંથો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


હોય છે. કેટલીક શ્વાસોચ્છ્વાસની કસરતો પણ જોવામાં આવે છે. પરંતુ નાડી તથા શરીરની ગ્રંથીઓને પહોંચનારી કસરતોનો અભાવ જ છે. યોગ જ એક એવું શાસ્ત્ર છે કે જેમાં મનુષ્યનો સર્વાંગીણ વિચાર થયેલો જોવા મળે છે. શરીરને માટે કસરત છે એ ખરું, પરંતુ શરીર પોતે પાછું સાધન છે એ ભૂલવું ન જોઈએ. યોગનું પાંચમું ને છઠ્ઠું અંગ ચિત્તની કસરત[1] છે. તે બે તથા ધ્યાન મળીને જ[2] યોગ જેને 'સંયમ' કહે છે તે વસ્તુ બને છે. અને એ યોગનું ખાસ સાધન છે. પૂર્વનાં ચાર અંગો તેને માટે તૈયારી રૂપ ગણાય. અને તેટલે અંશે તેમને પણ યોગ નામ ઘટે છે. તેથી કરીને, યોગસૂત્રકાર તેમને બહિરંગ કહે છે અને 'સંયમ'ને અંતરંગ કહે છે. પ્રાકૃત લોક આ અંતરંગને જ મોટે ભાગે 'યોગ' નામથી સમજે છે, અને બહિરંગને સામાન્ય નીતિધર્મ તથા આચારધર્મ જ કહે છે. પરંતુ એ બહિરંગ પણ યોગની આવશ્યક પૂર્વભૂમિકા છે, એ ઘણાના ખ્યાલમાં રહેતું નથી.

જીવન ઘડવા મથનારાને બરોબર ખબર છે કે, તે કામ કેવું કપરું છે; તે કેવાં ભારે ધીરજ, ખંત તથા અપ્રમાદ માગે છે. મનની વૃત્તિઓ નિર્જીવ નથી કે એક સ્થપતિની પેઠે સામે પડેલા નકશા મુજબ તેમને ગોઠવી

---

૧. ચિત્ત પણ શરીરનો જ ભાગ છે અને સ્થૂલ બાહ્ય અંગોની તંદુરસ્તી પર ચિત્તની પણ તંદુરસ્તીનો આધાર છે. બાહ્ય કરણોની સાથે સાથે જ અંતઃકરણ પણ છે, એટલે સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ ચિત્ત સંભવી શકે, એ વસ્તુ યોગે બરોબર પોતાનાં અંગોમાં ઉતારેલી છે.

૨. જુઓ યોગસૂત્ર પા૦ ૩, સૂ૦ ૪ અને ૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


દઈ સુંદર કલાકૃતિ ઊભી કરી દઈએ. અરે, સ્થપતિને પણ કલાકૃતિમાં જે જીવંત કાર્ય કરવાનું હોય છે, તે કેવું કઠણ હોય છે! ત્યારે જીવન-કળા તો ડગલે ને પગલે જીવંત વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. આપણા જ જીવનનાં અંગભૂત એવાં રાગ-દ્વેષ, ઇચ્છા-અભિલાષાઓ, અને કોણ જાણે કયાય ને કેટલાય યુગોથી ચિર-સંચિત થયેલા સંસ્કારો જોડે એને કામ પાડવાનું હોય છે. યોગસૂત્રકાર આ પ્રકારના જીવનકળા-વિધાયકને બે જ સાધન બતાવે છે: વૈરાગ્ય અને અભ્યાસ. વૈરાગ્ય એટલે પોતાનાં જ પણ અઘટિત દિશામાં વિકાસ માગતા અંગ પર વશીકાર — કાબૂ: પોતાના અંતઃકરણ પર નસ્તર મૂકવાની વાઢકાપ-કળા. આ શક્તિ જેની પાસે ન હોય, તે આ કળામાં આગળ વધી જ ન શકે. મૂર્તિવિધાયક જો ટાંકણું ન લઈ શકે ને સામે પડેલા સુંદર આરસ પર ચલાવવા જેટલો ઉદ્યત જ ન થઈ શકે તો? સાધક માટે વૈરાગ્ય અને અભ્યાસ એવાં મહત્ત્વનાં ઓજાર છે. તેટલી તત્પરતા વગર યોગકળા અપંગ બની જાય છે. એટલો 'સંયમ,' એટલી તત્પરતા હોય તો પછી જ અભ્યાસ કામ દઈ શકે છે. તો જ અભ્યાસશક્તિ આગળ વધી શકે છે. [વાચકને યાદ દેવડાવવું જોઈએ કે, 'અભ્યાસ'નો યોગશાસ્ત્રનો અર્થ સતત પરિશ્રમ, અથાક જાગ્રત મહેનત છે.]

આ પ્રકારનો પોતા પર વશીકાર મેળવવો, પોતાના જ અંગ જેવી બની ગયેલી એષણાઓ પર કાબૂ મેળવવો, એ જ અધ્યાત્મ-માર્ગનું મોટામાં મોટું ને પહેલામાં પહેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પગલું છે. શરીર તથા મનની બધી શક્તિઓને આ પગલે જવા કેળવવામાં જ સાધનાનું રહસ્ય રહેલું છે. એ સાધના સાધુ-સંન્યાસીઓ જ કરી શકે, અથવા ચોકસ શબ્દમાં કહીએ તો, તેઓ જ બરોબર કરી શકે, એમ શ્રમણ-સંસ્કૃતિના કાળમાં મનાયું. જોકે, એક છૂટછાટ આપવાના દયાભાવથી બુદ્ધ તથા મહાવીરે શ્રાવક ધર્મ પણ યોજી આપ્યો હતો, અને યમ અથવા વ્રતની અણુ ને મહા એવી બે કક્ષાઓ પાડી હતી. પરંતુ, સાધુ કે સંન્યાસી જન્મતો નથી; તે પણ ગૃહસ્થોના સંસારમાંથી જ તે માર્ગે જાય છે. કદાચ સંન્યાસીનું જવાનું ઝડપી હોય, છતાં માર્ગ તો એ જ છે. એટલે, આમ યમના બે પ્રકાર બતાવતાં છતાં, અણુવ્રતી ગૃહસ્થને પણ યોગની અંતિમ સિદ્ધિ મળે, એમ હેમાચાર્ય જેવા જૈન યોગાચાર્યોએ બતાવ્યું છે, તે ધ્યાન ખેંચનારી બીના છે. માણસ સાધુ હોય કે ગૃહસ્થ, તે જો સમજુ હોય, તેનામાં જો જ્ઞાન હોય કે પોતે કોણ છે,—પોતાનું કર્તવ્ય શું છે,—કયે માર્ગે જવાથી સુખ મળશે, અને એ જ્ઞાન પ્રમાણે વર્તવા માટે આવશ્યક એવી જો શ્રદ્ધા તેનામાં હોય, તો તે પોતાનું જીવન તેને અનુરૂપ ઘડે જ. એને જીવનમાં 'સંયમ' કરવાની—કાંઈક નિયમથી રહેવાની જરૂર લાગશે જ. એટલે, અમુક કાર્યો તે છોડશે, અમુક ગ્રહશે, અને પોતાની શ્રદ્ધા પરિપુષ્ટ થતી રહે તે માટે તેને અનુરૂપ સત્સંગ, સંબંધો, ક્રિયાઓ તથા કામો પણ કરશે. આ વસ્તુ સર્વસાધારણ છે. અને એમાં જ યોગ-શક્તિનું રહસ્ય સમાયું છે. હેમાચાર્યની યોગની વ્યાખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પણ જુઓ તો એટલી જ છે કે, 'યોગ એટલે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રરૂપી રત્નત્રય.' વસ્તુની સમજ, તે અનુસાર ચાલવાનું શ્રદ્ધાબળ, અને તે પ્રમાણે ચાલવું — આ ત્રણ પગથિયાં કોઈ પણ સિદ્ધિનાં કારણો છે. અને તે જ યોગ છે.

–એપ્રિલ, ૧૯૪૨

૩

## યોગદર્શન

યોગ આપણાં છ મુખ્ય દર્શનમાંનું એક છે. સાંખ્ય-દર્શન અને તેનો સંબંધ જોઈ યોગને 'સેશ્વર સાંખ્ય' એવું પણ કહેવામાં આવે છે. 'યોગસૂત્ર'ના દરેક પાદને અંતે જે સમાપ્તિસૂચક ઉલ્લેખ હોય છે, તેમાં તેને "पातञ्जले सांख्यप्रवचने योगशास्त्रे" એવું વિશેષણ લગાડેલું હોય છે. તે ઉપરથી પણ ધ્વનિત થાય છે કે, પતંજલિએ પોતાના યોગશાસ્ત્રની રચના સાંખ્ય સિદ્ધાંત ઉપર કરેલી છે. યોગદર્શનનાં પ્રણેતા ભગવાન પતંજલિ ગણાય છે. વિદ્વાનો 'યોગસૂત્ર'નો રચના-સમય ઈ. સ. પૂ. દોઢ સૈકાનો આંકે છે, તેથી વહેલો નહિ; અને મોડામાં મોડો ઈ. સ. ના ત્રીજા ચોથા સૈકાનો કહે છે.

પરંતુ એમ રખે મનાય કે, યોગવિદ્યા એ સમયે શોધાઈ; અથવા તો એ વિદ્યાને ત્યારે નવેસર કે પહેલવહેલી શોધી કાઢી. તે પૂર્વે ઘણા પ્રાચીન સમયથી લોકોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સિદ્ધિ અને સાધનાના ભિન્ન ભિન્ન પ્રકારો રૂપે યોગવિદ્યા ચાલુ હતી. પતંજલિએ એ કામ કર્યું કે, એ બધી સૈકાંજૂની અનુભવ-સામગ્રી જોઈ કાઢીને, પોતાની આર્ષ દૃષ્ટિથી, તેમાંથી એક સુસંબદ્ધ અને વ્યવસ્થિત વિદ્યા કે શાસ્ત્ર ઘડી તેને સૂત્રબદ્ધ કર્યું. અને એમ કરીને તેમણે તે બધા અનુભવોને સંગઠિત અને સયુક્તિક રૂપ આપી, તે બધા સાહિત્યમાંથી એક સ્વતંત્ર દર્શનશાસ્ત્ર રચી આપ્યું. આવું એક સમર્થ વિચારક કે ફિલસૂફનું કામ કરી આપીને, એમણે આર્યપ્રજાના માનસિક, આધ્યાત્મિક તથા ચિત્તશક્તિવિષયક સમસ્ત જ્ઞાનને વ્યવસ્થિત કરી આપ્યું, એ જગત ઉપર એમનું કાયમનું ઋણ ગણાય.

'યોગસૂત્ર'નું પ્રથમ સૂત્ર 'अथ योगानुशासनम्' છે. તેથી પણ, હિરણ્યગર્ભ વગેરે આદિશાસ્ત્રકારોએ શાસન કરેલ – ઉપદેશેલ શાસ્ત્રને અનુસરતું – તે બધાંના સારરૂપ આ શાસ્ત્ર છે, એવો અર્થ સમજાય છે.

આ સૂત્રો ઉપર ભાષ્ય અને ટીકાઓ થયાં છે. ભાષ્ય વ્યાસનું (ચોથું સૈકું) છે; તે ભાષ્યની સમજૂતી 'તત્ત્વ વૈશારદી' વાચસ્પતિ મિશ્રે (૯મું સૈકું) લખી છે. અને જાણીતી ટીકાઓમાં બે છે: એક 'ભોજવૃત્તિ' (૧૦મું સૈકું), અને બીજી વિજ્ઞાનભિક્ષુનું 'યોગવાર્તિક' (૧૬ મું સૈકું).

–જાન્યુઆરી, ૧૯૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪

## ચિત્તનું સ્વરૂપ

યોગનો બાહ્યાર્થ આપણે અગાઉ જોઈ આવ્યા. હવે તેનો તત્ત્વાર્થ જોઈએ. તે બીજા સૂત્રમાં આમ કહ્યો છે—

योगः चित्तवृत्तिनिरोधः ।।२।।

— યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ.

યોગ શબ્દ આપણા ધર્મ-સાહિત્યમાં એટલી બધી છૂટથી વપરાયો છે કે, ઉપર ઉપરથી જોતાં, તેના અર્થમાં નર્યું અરાજક કે અનિશ્ચિતતા જ હોય એમ લાગે. યોગના શાસ્ત્રે તે બધામાંથી યોગનું જે મૂળતત્ત્વ, કે જેમાં તેનું યોગપણું રહ્યું છે, તે બતાવવું જોઈએ. આ સૂત્ર કહે છે કે, યોગનો તત્ત્વાર્થ કે તેનું રહસ્ય ચિત્તની વૃત્તિઓના નિરોધમાં રહેલું છે. એટલે, યોગ કહેવાતી અનેક વસ્તુઓ આ રહસ્યને જ અંતર્ગત કરીને યોગ-પણાને પામે છે. બીજી રીતે કહીએ તો, કોઈપણ વસ્તુએ યોગ નામ પામવાને માટે વૃત્તિનિરોધની તાકાત પોતામાં રહેલી છે, એમ બતાવવું જોઈએ.

યોગના પ્રકારાંતરોમાં સૂક્ષ્મ રૂપે રહેલું એવું આ વૃત્તિનિરોધ તત્ત્વ એટલે શું?

આ સમજવા માટે ચિત્તનું સ્વરૂપ કેવું છે તે ટૂંકમાં જાણવું જોઈએ. ચિત્ત એટલે અંતઃકરણ. બહાર દેખાતાં કરણો — ઇંદ્રિયોથી આપણે શરીર બહાર રહેલા પદાર્થો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગ્રહણ કરીએ છીએ; જેમ કે, આંખ જુએ છે, કાન સાંભળે છે, નાક સૂંઘે છે, ચામડી સ્પર્શે છે, જીભ ચાખે છે; વગેરે. આ બધા દ્વારા બાહ્ય ઇંદ્રિયો મનને કે આંતર કરણને માહિતી મોકલી આપે છે. જેમ કાચ કિરણને પસાર કરે તેમ. માત્ર ફેર એ કે, તે તે ઇંદ્રિય વિશેષ-ધર્મી કાચ છે. આંખની ત્વચા અને માટી એવાં ઘડાયાં છે કે તે દ્વારા જોવાની જ ક્રિયા ઉત્તમોત્તમ થઈ શકે છે. તેમ બીજી ઇંદ્રિયોનું સમજવું.

આ માટી કે ત્વચાવિશેષમાં રોગ કે ખોડ આવે, તો તેનો નિર્મળ ધર્મ બગડે. જેમ કે, કમળાવાળી આંખ પીળું જુએ, નબળો કાન અમુક જ જોરવાળો અવાજ પકડી શકે, શરદીથી નાક તેટલો વખત બરોબર સૂંઘી ન શકે, વગેરે.

બાહ્ય પદાર્થના ગ્રહણની આ બધી ક્રિયાઓ જ્ઞાન-તંતુઓ દ્વારા અંતઃકરણ — અંદરની ઇંદ્રિય જે છે, તેને પહોંચે છે. તે પણ તેમની જ પેઠે ગ્રહણનું બાકીનું અને ખરું કામ કરનારો અવયવ છે. શરીરવિદ્યાની ભાષામાં કહી શકાય કે, સૂક્ષ્મ એવા આ અંતઃકરણને જો કોઈ સ્થૂલ એવું અંગ હોય, તો તે મગજ અને રોમેરોમ વ્યાપેલું એવું તેનું જ્ઞાનતંતુતંત્ર છે. કોઈ બાહ્ય પદાર્થના જ્ઞાનને પામવાને માટે, બાહ્ય ઇંદ્રિયો (આંખ, કાન, નાક, હાથ-પગ વગેરે) પેઠે જ આ જ્ઞાનતંતુઓ અને મગજ પણ જરૂરનાં છે. આંખનો જ્ઞાનતંતુ બગડે તો છતી આંખે પણ આપણે જોઈ ન શકીએ; અને એથી ઊલટું પણ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એટલું જ સાચું છે. શરીરનાં એ બેઉ અવયવો — ઇંદ્રિયો અને જ્ઞાનતંતુતંત્ર — સાબૂત હોય ત્યાર પછી જ આપણે ચેતન-કામ કરી શકીએ. સામાન્યપણે આપણને એમ લાગે છે કે, જોયું કે તરત જાણ્યું, સૂંઘ્યું કે તરત ગંધની ખબર પડી. પણ એ એકસાથે ને તરતોતરત થતી લાગતી પૂરી પ્રક્રિયામાં ક્રમ છે, પગથિયાં છે. રોગ-દશામાં આ ક્રમ તરત દેખાઈ શકે છે. એ પ્રક્રિયા ઉપર કાબૂ મેળવનાર યોગી પણ એ ક્રમ જોઈ શકે છે. અસ્તુ.

આમ, કોઈ પણ ઇંદ્રિય-કાર્યનું પૂરું કે ખરું ભાન બાહ્ય કરણો અને અંતઃકરણ બેઉ મળીને કામ કરે, ત્યારે આપણને થઈ રહે છે.

આમ જે આખો ચેતનાનો વ્યાપાર કે ક્રિયા થઈ, તે કરનારું એક સમગ્ર જે માનવ અંગ,- તેને ચિત્ત કહી શકાય. બુદ્ધિ-શક્તિનું જ બીજું નામ એ છે, એમ કહો તોય ખોટું નથી. બુદ્ધિ એટલે જે વડે આપણને બોધન-ભાન કે જ્ઞાન થાય છે, તે આપણી શક્તિ કે તે આપણું અંતઃકરણ.

ચિત્તની આ સામાન્ય સમજ થઈ. તેનું વિશેષ પંચીકરણ કરવા બેસવાની જરૂર નથી. ચિત્ત એ આપણી ચેતનાનો, આપણે જીવીએ છીએ એનો અનુભવ કરાવનારું આપણું અંગ કે શક્તિ છે. તેનું કામ આપણને જ્ઞાન કે બોધન કરાવવાનું છે. અર્થાત્ જે સાધન વડે આપણે આપણો ચિત્ કે ચેતનાનો વ્યાપાર કરી શકીએ છીએ, તે સાધન એ ચિત્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તેની હયાતી કઈ રીતે આપણને જણાય છે? પવન જેમ વાવાથી, અગ્નિ જેમ દાહથી, સૂર્ય જેમ તેજથી, તેમ આ ચિત્ત-વસ્તુની હયાતી જે દ્વારા જણાય છે તે તેની 'વૃત્તિ' છે. ચિત્ત પોતાનું કામ જે રીતે કે જે દ્વારા કરે છે તેને વૃત્તિ કહે છે. સરોવરમાં જેમ લહરીઓ ઊઠે તેમ ચિત્તમાં વૃત્તિઓ ઊઠયા કરે છે. ચિત્તનો એ ધર્મ જ છે એમ માનો.

વૃત્તિ મોડીવહેલી ઊઠે, રહી રહીને ઊઠે કે ઉપરાઉપરી ઊઠે, જરાતરા ઊઠે કે ઉછાળા મારતી ઊઠે, ઊઠયાની કદાચ ખબર પડે કે નયે પડે — પણ તે સતત ઊઠે છે. જેમ પાણીની સપાટી પ્રસન્ન અને સ્થિર દેખાય, છતાં તેમાં અમુક સૂક્ષ્મ મોજાં છે જ; વસ્તુ ગમે તેવી સુંવાળી દેખાય, છતાં સૂક્ષ્મદર્શકથી જુઓ તો તેમાં સૂક્ષ્મ ખાડા-ખૈયા જણાય જ; તે જ પ્રમાણે ચિત્તને માટે છે. તેનો નિર્વાહ તેની અંદર ઊઠતી 'વૃત્તિ' દ્વારા ચાલે છે. આપણી ચેતનક્રિયા વૃત્તિનાં આવાં ઉઠાણ વડે જ ચાલે છે. વૃત્તિ એ ચિત્તથી જુદો કલ્પી ન શકાય એવો તેનો ધર્મ છે.

વૃત્તિના એ સતત ઉઠાણમાં અમુક પ્રકારે અને ઉદ્દેશથી નિયમનનું કે નિરોધ યા રોકવાનું તત્ત્વ આણવું એને 'યોગ' કહે છે. એટલે, જે કાંઈ યોગ કહેવાય તેની કસોટી એ થઈ કે, તે ચિત્તને રોકવામાં કે કાબૂમાં લેવામાં મદદ કરે છે. એ રીતે કાંઈક પણ રોકવાનું કામ કરે તો તે 'યોગ' છે. તેમાં ઓછાવત્તાપણું હોઈ શકે; પણ કાંઈ જ તે ન હોય એ ન ચાલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અહીં એક પ્રશ્ન ઊઠશે – જો વૃત્તિનું લક્ષણ જ છે કે ઊઠ્યા કરવું, તો તેનો નિરોધ એટલે શું ? અને શું કામ ?

–એપ્રિલ, ૧૯૪૫

## ૫

## વૃત્તિનો નિરોધ

ગયા પ્રકરણને અંતે એક પ્રશ્ન પૂછીને અટક્યા હતા :–ચિત્તની વૃત્તિનું લક્ષણ જ જો ઊઠ્યા કરવું એ હોય, તો તેનો નિરોધ એટલે શું ? તેમાં વદતોવ્યાઘાત આવતો નથી ? જે બની જ ન શકે એમ કહ્યું, છતાં તે બનાવવું એમ કહેવા જેવી વાત એ તો થઈ. એટલે જો ચિત્તવૃત્તિ ઊઠ્યા જ કરે એમ કહો, અને યોગ એટલે તેનો નિરોધ એમ હોય, તો બે વચ્ચે મેળ ક્યાં ?

અને બીજો પ્રશ્ન એ ઉઠાવ્યો હતો કે, એવું શક્ય પણ માનીએ તોપણ ચિત્ત-પ્રકૃતિથી વિરોધી લાગતું એ કામ કરવાની જરૂર શી ?

આ બે પ્રશ્નો જ ખરું જોતાં આખા યોગશાસ્ત્રના મૂળ પ્રશ્નો છે. અને એની પૂરેપૂરી સમજ આપવામાં યોગ-શાસ્ત્રનો મોટો ભાગ પૂરો થાય છે. આ સમજાવવા માટે તે શાસ્ત્ર ચિત્તનું સ્વરૂપ, તેના ધર્મો, તેના ઘટકો, તેની શક્તિ વગેરે માનસશાસ્ત્રીય પ્રશ્નો વિચારે છે. પણ તેટલું એ માટે પૂરતું નથી; તેથી ઊંડે ઊતરીને યોગશાસ્ત્ર આ જડ અને ચેતનના સમગ્ર વ્યાપારનું પૃથક્કરણ કરી બતાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



છે. અને માનવચિત્ત એ આખા સંસારચક્રને કઈ રીતે વિષય કરે છે અને તેમાં કેવી રીતે ને શા માટે પોતાનું કામ કરે છે, તે બધું ઘટાવી બતાવે છે.

યોગશાસ્ત્રનો આ ભાગ તેની ફિલસૂફીનો ભાગ થયો. એ દૃષ્ટિએ જ અને તે કારણે તેને યોગ-દર્શન કહેવામાં આવે છે. પરંતુ તે કેવળ દર્શન કે ફિલસૂફી નથી; તે ખરેખર તો સાધનાનું કે પુરુષાર્થનું શાસ્ત્ર છે. વિજ્ઞાનશુદ્ધ સાધના કઈ હોવી જોઈએ એ બતાવવા માટે જ તે આ ફિલસૂફી-ભાગને છેડે છે; અને એના પાયા ઉપર સચોટ સાધના-માર્ગ બતાવે છે. આમ, તે શાસ્ત્ર મનુષ્યે પોતાના જીવનને સાર્થક કરવાને માટે શું કરવાનું છે, મનુષ્યનું ધ્યેય શું છે, તે બતાવીને તેની પ્રક્રિયા યોજી આપે છે.

આને માટે, ઉપરના પોતાના શાસ્ત્રીય અન્વેષણનો આધાર લઈ, યોગશાસ્ત્ર પોતાની ફિલસૂફીના પાયા ઉપર, માનવહૃદયની મૂળ આકાંક્ષાઓ અને તેની પ્રકૃતિનું આખું ઘડતર પણ વિચારે છે. અને એમાંથી કઈ રીતે વર્તતાં તે સફળ થઈ શકે, તેનો માર્ગ દોરે છે.

આ માર્ગ બતાવવો એ જ ખરેખર યોગ છે. એનું જ નામ યોગ છે, એ આપણે જોઈ આવ્યા છીએ. *

અને એ યોગનું રહસ્ય એ છે કે, ચિત્તની વૃત્તિઓને રોકવી જોઈએ. પ્રશ્ન એ છે કે, જો ચિત્તની વૃત્તિ ઊઠયા જ

---

* અગાઉના પ્રકરણનો તે શ્લોક યાદ કરીએ —

મોક્ષમાં ધ્યેયબુદ્ધિ ને સાધને યોગનિષ્ઠતા,
ઉપાસ્યે કાયદો કો ના, ધર્મનું એ જ લક્ષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કરતી હોય તો તે રોકાય ખરી ? અહીં આગળ રોકવાનો અર્થ એવો કરીએ કે, સદાકાળને માટે, તો તો કહી દઈએ કે, એ અશકય છે; ચિત્તપ્રકૃતિના ધર્મથી જ એ તો વિરુદ્ધ છે. પરંતુ અમુક ઢબે, અમુક કાળ, અમુક પ્રયોજનને સારુ તેમને વાળવી, કેળવવી, રોકવી, એમ તેનો અર્થ હોય, તો એ અશકય નથી. બલ્કે યોગશાસ્ત્ર એ જ કરવાનું કહે છે; એ જ એનું પ્રયોજન પણ છે.

એક દાખલો લો—એ જ પાણીની સપાટીનો. પાણીની સપાટી પરનાં મોજાં સદાકાળ ઊઠે છે; પણ આપણે કલ્પી શકીએ છીએ કે, બધાં એક સ્થિર અને આત્યંતિક સપાટ જલભૂમિકાની ઉપર જ ઊઠયા કરે છે. આ જલ-ભૂમિકા ભલે દેખાય નહિ, છતાં તે છે જ એમાં શંકા નથી.

અને તે ન જ દેખાય એમેય નથી. એક મોજું કલ્પો. તે ટોચે પહોંચે છે; તે જ નીચે ઊતરે છે. નીચે ઊતરી ટોચની ઊલટી જગાએ ખાડામાં જાય છે. આ બે ગતિઓ કરતી વખતે વચમાં તે પેલી આદર્શ સમાન સપાટ ભૂમિકામાંથી પસાર થાય જ છે. તે વિના મોજું સંભવી જ ન શકે. એનો સમય ક્ષણિક છે; પણ ક્ષણને માટે તે છે એમાં શંકાં નથી. વિજ્ઞાનનાં વર્તમાન સાધનો વડે એને જોઈ પણ શકાય. અને એ પણ યાદ રાખવું જોઈએ કે, એક જ સ્થાને એકસાથે બે મોજાં નહિ ઊઠી શકે.

બીજો એક દાખલો લઈએ – સિનેમાનું ચલચિત્ર. બધી બાજુથી અંધારાની અંદર, આત્મા જેવી જ્યોતરૂપ વીજળી-નો દીવો પડદા ઉપર પ્રકાશભૂમિ પાડે છે. આ સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સિનેમાની મૂળ ભૂમિકા છે. પરંતુ એ પ્રકાશપટને કોઈ ચલચિત્ર ઓછું જ કહેશે કે કહી શકે? દીવાની ઝલક અને પડદા વચ્ચે ફિલ્મની પટી દોડવા લાગે, ત્યારે ચલચિત્ર થાય.

ફિલ્મની પટી અનેક ફોટોની તરંગમાળા જેવી છે. ક્ષણભર જો તે થોભે તો ચલચિત્ર પણ થોભે, એટલે કે તે ચલચિત્ર જ મટી જાય. થોભતી ક્ષણે પટીનો જે ફોટો દીવા સામે હોય, તે જ પડદા ઉપર સ્થિર એકાગ્રપણે જોવા મળે.

ફિલ્મની ફોટાવલી એક પછી એક ચાલે છે; કોઈ એક-સાથે બે ફોટા આપણે કદી જ નથી જોતા. પણ એક પછી એક ઊઠતી વૃત્તિ જેવા એ ફોટા, સમગ્રપણે જોનારના ચિત્ત ઉપર એક ચલચિત્રકથાની છાપ ઉત્પન્ન કરે છે.

હવે એક ફોટો અને બીજો ફોટો એ બે વચ્ચે શું છે તે જોઈએ. એ બે વચ્ચે કોઈ જ ફોટો તો હોઈ ન શકે; માત્ર મૂળ પ્રકાશભૂમિ, કે જેના ઉપર પેલી ફોટાવલી વિલસતી ચાલે છે, તે જ તે મધ્યકાળે હશે ને? આવી સંધિસ્થિતિ કોઈ ચિત્ર તો નથી જ બતાવતી; એટલે કે, આપણે કહી શકીએ કે, તે કાળે ચલચિત્ર નિરુદ્ધ થાય છે. અને એવા સતત ચાલતા નિરોધને લઈને જ ચલચિત્ર શક્ય બને છે; નહિ તો ફિલ્મથી ચલ-ચિત્ર નહિ ઊપજી શકે. ફોટાવલીની પટીનો દરેક ફોટો સામાન્ય છબી જેવો સ્થિર છે; તેમાંથી પ્રકાશ અને ગતિ દ્વારા સિનેમાની સૃષ્ટિ ખડી કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ચિત્તની વૃત્તિનું પણ આમ જ છે. તે પણ કદી એક-સાથે બે ઊઠી નથી શકતી. તે ઊઠે છે તે ચિત્તની જ મૂળ ભૂમિકામાં કે જ્યારે બીજી વૃત્તિ નથી હોતી. તે વખતે ચિત્તવૃત્તિ નિરુદ્ધ જ હોય છે, જેમ સિનેમાની પટીના બે ફોટા વચ્ચેનો કાળ.

એટલે હવે આપણને પેલા પ્રશ્નનો ઉત્તર મળે છે કે, ચિત્તની વૃત્તિઓનું ઉઠાણ કદી બંધ નથી થતું એનો અર્થ એ નથી કે, તેમનો નિરોધ નથી થતો. બલ્કે, ચિત્ત-વ્યાપારમાં આવો ક્ષણિક નિરોધ વૃત્તિના ઉઠાણ પેઠે જ ઓતપ્રોત રહેલો છે. એમ કહેવું હોય તો કહી શકાય કે, સદાકાળ નિરોધ ન સંભવે; જેમ સદાકાળ ચિત્ત ચાલ્યા કરે એ પણ નથી સંભવતું. વૃત્તિ ઊઠવાના ચિત્તધર્મની સાથે જ જડાયેલો ધર્મ છે કે તે શમવી. તે શમનક્ષણે ચિત્ત વૃત્તિરહિત હોય છે; એટલે, ઊઠવું ને શમવું, પાછું ઊઠવું ને શમવું, એ વૃત્તિનું લક્ષણ છે. તેથી ઉઠાણની જેમ જ વિરામ કે નિરોધ પણ ચિત્તનો સાર્વભૌમ ધર્મ છે, એમ કહેવામાં આવ્યું છે.

હવે બીજો પ્રશ્ન વધારે સ્પષ્ટ થશે; કદાચ જુદે રૂપેય ઊભો થશે. જો નિરોધ પણ સ્વાભાવિક ચાલે જ છે, તો તે પ્રાપ્ત કરવાનો પ્રશ્ન ક્યાં રહ્યો? તો તો યોગ એ કોઈ પુરુષાર્થનું કામ ન રહ્યું.

અને ધારો કે, એ નિરોધ પુરુષાર્થથી મેળવવા ઇચ્છીએ તોપણ તેમાં પ્રયોજન શું છે? ટૂંકમાં, નિરોધદશા ચિત્તના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એક ધર્મ તરીકે સહજ છે જ તો તેને યોગ-સાધન દ્વારા મેળવવાનું કહેવામાં શો અર્થ રહેલો છે ?

આ પ્રશ્ન યોગની વ્યાખ્યાના પ્રસ્તુત સૂત્ર પછીનાં બે સૂત્રોનો વિષય છે.

૧૩-૫-'૪૫

## ૬

## નિરોધનું પ્રયોજન

વૃત્તિના ઉત્થાન પેઠે તેનો નિરોધ પણ ચિત્તનો સાર્વભૌમ સ્વાભાવિક ધર્મ છે. ચિત્ત ઘડાયું છે જ એવું કે, તેની સપાટી પર વૃત્તિ ઊઠે-શમે, શમે-ઊઠે; એ જ ચિત્તની જીવંતતા છે, અને એ વડે આપણું જીવન ચાલ્યા કરે છે, એવો અનુભવ થાય છે. આપણું જીવન એટલે આપણે જાણીએ, અનુભવીએ, વિચારીએ કરીએ તે. તેનું સાધન આ વૃત્તિની ચાલતી સતત પ્રક્રિયા છે — ચિત્તપટ પરનું ચલચિત્ર છે.

આવા સ્વાભાવિક ચિત્તધર્મને પારખીને જ યોગ કહે છે કે, મારે જે સાધના બતાવવી છે તે ચિત્તની વૃત્તિના નિરોધથી બને એવી છે. તેથી જ યોગ=ચિત્તવૃત્તિ-નિરોધ કહ્યું છે. યોગનું મુખ્ય અને સર્વશ્રેષ્ઠ પ્રયોજન અધ્યાત્મ-સાધના છે. આ સાધના નિરોધ વગર શક્ય નથી, તે શા ઉપરથી, એ હવે આપણે જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧

યોગ કહે છે કે, તેમાં પણ ચિત્તની પ્રકૃતિનો જ એક સિદ્ધાંત પાયામાં રહેલો છે; સૂત્ર ૩, ૪ આ સિદ્ધાંત બતાવે છે. તે સૂત્રો આ છે:—

तदा द्रष्टुः स्वरूपे अवस्थानम् ।। ३ ।।
वृत्तिसारूप्यम् इतरत्र ।। ४ ।।

એનું કારણ એ છે કે, જ્યારે વૃત્તિ-માત્રનો નિરોધ થાય છે, તે વખતે આપણામાં રહેલો દ્રષ્ટા કે ચેતન અંશ અથવા, સાદી સાષામાં કહીએ તો, જીવાત્મા પોતાનું જે મૂળ શુદ્ધ સ્વરૂપ છે, તેમાં સ્થિતિ પામેલો હોય છે. બાકી બીજે બધે પ્રસંગે, ઉઘાડું છે કે કોઈ ને કોઈ વૃત્તિ ઊઠયા જ કરતી હોય છે; તે વખતે જીવાત્મા તે તે વૃત્તિના સ્વરૂપને પામેલો હોય છે, તેમાં તદાકાર હોય છે.

ચિત્ત-પ્રક્રિયાનો આ બીજો કાયદો છે. ચિત્તની કામ કરવાની રીત જ એવી છે કે, જે વૃત્તિ તેમાં ઊઠે તે જ રૂપના, તે ક્ષણે તો, આપણે બની રહીએ; તેવી તદ્રૂપતાને લઈને જ આપણને તે તે વૃત્તિના વિષયનું ચોક્કસ ભાન થઈ શકે છે. અને તેથી જ એક ક્ષણે બે વૃત્તિઓ એકીસાથે ઊઠી શકતી નથી, પણ કાળમાં તેમનો ક્રમ કે પ્રવાહ જ બને છે.

શરૂમાં જ આપણે જોયું હતું કે, ચિત્ત એ ચેતનાનું સાધન છે. વૃત્તિ વડે તે કામ કરે છે એ ખરું, પરંતુ વૃત્તિને જોનાર સમજનાર ચેતન પદાર્થ ચિત્ત નથી; તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપણે જીવાત્મા છીએ. ઉપર સૂત્રમાં એને જ 'દ્રષ્ટા' કહ્યો છે. તે માત્ર જોનાર છે; જોવાનું દૃશ્ય પોતાની વૃત્તિ-પરંપરા દ્વારા ચિત્ત પૂરું પાડે છે. તે કામ ચિત્તનું છે; દ્રષ્ટાને તેમાં લેવાદેવા નથી. તેથી જ દ્રષ્ટાને કૂટસ્થ, તટસ્થ, નિર્લેપ, નિરાકાર ઇ૦ વિશેષણો અપાય છે. અને તેને એક સ્વતંત્ર દ્રવ્ય તરીકે કલ્પવાની જરૂર એ છે કે, ચિત્ત પોતે ચેતન-વ્યાપાર કરી શકતું નથી; તે વ્યાપાર કરી શકનાર જે ચિત્શક્તિ તે અલગ છે; તે શક્તિના દેહમાં રહેલા એજન્ટને દ્રષ્ટા કે દ્રષ્ટી કહ્યો છે. ચિત્ત જે દેખાડે તે એ જુએ. આ પ્રકરણમાં આપણે એ સમજવું છે કે, એ જોવાની પ્રક્રિયાનો કાયદો એ છે કે, દૃશ્ય વૃત્તિ જે એક અમુક ક્ષણે દ્રષ્ટા સામે આવે છે, તે ક્ષણે દ્રષ્ટા તે-રૂપ બને છે; કાંઈ ન આવે, (એટલે કે વૃત્તિનો નિરોધ હોય,) તો તે જેવો છે તેવો શુદ્ધ રૂપે વિલસે. કૂટસ્થ વસ્તુ આથી બીજી રીતે વર્તી પણ ન શકે.

ઉપમાથી સમજવા પેલો સિનેમાનો દૃષ્ટાંત જ લઈએ. પ્રકાશ-દીવો કેવળ દ્રષ્ટા છે; તેને ફોટાની વૃત્તિ-પરંપરા બતાવાય છે. દીવો તદ્રૂપ બનીને પડદા ઉપર પ્રગટ થાય છે. ફિલ્મની ચાલતી પટી દૂર કરો, તો કેવળ પ્રકાશ જ રહેશે. એમ દીપ-પ્રકાશરૂપ દ્રષ્ટા અને ફિલ્મરૂપ વૃત્તિપ્રવાહનું છે.

આ ઉપમા સમજવા પૂરતી જ છે. તેને પૂર્ણોપમા સમજીને ગૂંચવાવું ન જોઈએ, કે સમજવાની વસ્તુને તેથી ગૂંચવવી નહિ, એ સંભાળવાની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૨

અહીંયાં ભેગાભેગી એક બીજો ખ્યાલ પણ કરી લેવા જેવો છે. આપણે જોયું કે, દ્રષ્ટા વૃત્તિરૂપ તેમ જ સ્વ-રૂપ બને છે: વૃત્તિકાળે વૃત્તિરૂપ ને નિરોધકાળે સ્વ-રૂપ. એટલે કે, બેઉ વખતે તેનો સંયોગ થાય છે: વૃત્તિકાળે વૃત્તિ સાથે અને નિરોધકાળે સ્વરૂપ સાથે. વૃત્તિ સાથે દ્રષ્ટાના સરૂપ થવાના સંયોગકાળે ચિત્ત તે ક્ષણ પૂરતું સમાધિ જેવી સમદશા કે શાંત એકાગ્રતા ને તલ્લીનતામાં હોય છે. એટલે વૃત્તિના ઉત્થાન અને નિરોધની પેઠે જ ચિત્ત આમ વચ્ચે સમાધિ જેવી સરૂપતા કે સમતાવાળું પણ થયા કરે છે.* આવી સમતા કે સારૂપ્ય પણ ચિત્તનો સાર્વભૌમ ધર્મ જ થયો. યોગનો આ અર્થ પણ કરાય છે — જોડાવું, સંયોગ થવો તે. પરંતુ સાધનાને જે યોગ જોઈએ તે નિરોધથી થતો જોઈએ; વૃત્તિકાળે થતો નહીં. તેથી યોગ=નિરોધ એવો શાસ્ત્રીય અર્થ સ્વીકારાયો છે.

આ ઉપરથી આપણે એમ પણ વાદ કરી શકીએ કે, સંવેદન કે વૃત્તિનું ભાનમાત્ર તે તે ક્ષણે સહેજે થતી સમાધિનું ફળ છે. ચિત્તમાં વૃત્તિ ઊઠે છે, તે બરોબર પૂર્ણતાએ પહોંચતાં દ્રષ્ટા તદાકાર બની વૃત્તિસારૂપ્યની સમાધિ પામે છે; એમ વૃત્તિનું કાર્ય પૂરું થતાં તે શમે છે ને ક્ષણ-નિરોધ જેવું બને છે, ત્યાં તો પાછી બીજી વૃત્તિ ઊઠે છે. આમ ચિત્તનું કામ થયા કરે છે.

---

* ગીતાકાર સમત્વને યોગ કહે છે, ને રૂઢ સમજ એવી છે કે પ્રભુ સાથે સંયોગ એટલે યોગ. આ અર્થો હવે આ ચર્ચાથી એકવાક્ય થઈ રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આટલાં સૂત્રોથી ત્યારે ચિત્ત કેમ કામ કરે છે તે, યોગની પરિભાષામાં, એટલે કે, નિરોધને સમજવાની દૃષ્ટિએ આપણે સમજ્યા. યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ; તે વખતે જીવાત્મા પોતાના સ્વરૂપની અવસ્થામાં હોય છે; બીજે બધે વખતે તે વૃત્તિના સ્વરૂપની અવસ્થાને પામે છે. તે વૃત્તિનું સ્વરૂપ કઈ કઈ જાતનું છે? જેનો નિરોધ કરવો હોય તે છે શું, એ સમજ્યા વગર તે કેમ થાય? એટલે હવે પછી યોગ-વિચાર તે તરફ વળે છે.

૧૨-૬-'૪૫

૭

## વૃત્તિ-વિચાર

અત્યાર સુધીમાં આપણે જોયું કે, ચિત્તના પ્રકૃતિજ ધર્મ આ છે — ઉત્થાન, સરૂપતા-સમતા કે સમાધિ, અને છેવટે તેનું શમન કે ક્ષણિક નિરોધ; પુનઃ ઉત્થાન, તેના કારણરૂપ વૃત્તિ સાથે સારૂપ્યની પુનઃ સમતા કે સમાધિ, અને પુનઃ તેનું શમન કે વૃત્તિનો ક્ષણ-નિરોધ. આમ ચિત્તનું કામ જીવનભર ચાલ્યા કરે છે.

આ ત્રણે વસ્તુ કુદરતી છે. જીવ-માત્રને સહજ છે. એ જ્ઞાનપૂર્વક કે સમજપૂર્વક યા પુરુષાર્થથી થતી નથી; હૃદય કે ફેપફાંના સ્નાયુની જેમ એક પ્રકારની અવશતાથી જ સ્વયં એ થયા કરે છે. એને અંગે જીવે ઇચ્છા કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


નથી હોતી, તેના ચિત્તમાં એનું સંપ્રજ્ઞાન નથી; એક પ્રકારની પ્રકૃતિસિદ્ધ મૂઢતા કે મૂર્છા એને કહી શકાય.

આ જ ચિત્ત-પ્રક્રિયા વડે આપણે આપણો પુરુષાર્થ પણ સાધી શકીએ છીએ. વૃત્તિનું ઉત્થાન, સમાધાન, અને શમન યા નિરોધ દ્વારા જ મનુષ્ય પોતાનાં કામો કરી શકે છે. તેમાંનું ઉત્થાન સામાન્યતઃ આપણે જોઈ શકીએ છીએ; તેનું સમાધાન અને શમન આપમેળે થાય છે, કેમ કે તે તેનું કુદરતી આગળનું પગલું છે; પણ તે સામાન્યતઃ પ્રતીત થતું નથી. પણ આપણા ગમા-અગમા, રાગ-દ્વેષ કે વાસના પ્રમાણે આપણામાં ઇચ્છાઓ કે સંકલ્પોની વૃત્તિ જાગ્યા કરે છે, તે પ્રતીત થાય છે.

યોગ કહે છે કે, ચિત્તના આ ત્રણે ધર્મોને, સંપ્રજ્ઞાન-પૂર્વક અને પુરુષાર્થથી, પોતાના પરમ જીવનસાફલ્યને અંગે કેમ વાપરવા, એ બતાવવાનું મારું કામ છે. યોગ-શાસ્ત્રનો ઉદ્દેશ એમાં રહેલો છે. ચિત્તના આ ત્રણે ધર્મો ખપના છે; તેમનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો, એ પુરુષાર્થ છે; બીજાં પ્રાણીની તુલનામાં ચિત્તરૂપી અદ્વિતીય એવું માનવ સાધન વાપરવાની જીવનકલા એમાં સમાયેલી છે.

અને જેવો જીવનનો ઉદ્દેશ તે પ્રમાણે આ સાધન વાપરવાની કારીગરી ને આવડત કે હથોટી નાજુક તથા સૂક્ષ્મ બને છે. સાથે સાથે તે બહુસૂત્ર ને જટિલ તથા ઊંડાણવાળી પણ બને છે. અને ચિત્ત-સાધનની કુશાગ્રતા કે કાર્યશક્તિ પણ તે તે પ્રમાણમાં વધારે ને વધારે જરૂરની હોય છે. જાડું મોભિયું ઘડવા માટે વાંસલો કે કુહાડી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ચાલે; પરંતુ ફર્નિચરની નાજુક ચીજમાં એ ન ફાવે. એ પ્રમાણે સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને છતાં મોટામાં મોટો, દૂરમાં દૂર છતાં નજીકમાં નજીક, એકમાત્ર અસ્તિત્વવાળો અને છતાં નેતિ-નેતિથી વર્ણવવો પડતો, એવો કહેલો જે આત્મ-પદાર્થ, તેને મેળવવા માટે આ યોગ-સાધન તેની સર્વોત્તમ કુશાગ્રતા માગે ને જીવનની છેલ્લી જટિલતામાંથી પારંગતતાનો પ્રશ્ન સામે ધરે, એ ઉઘાડું છે.

એટલે, પોતાના નિરૂપણમાં યોગ આ મોટામાં મોટી વસ્તુ સુધીનું ધ્યાન રાખે છે; તેથી તેમાં નાની બધી જીવનસિદ્ધિઓની બાબતો આપોઆપ આવી જાય છે. અને એક શાસ્ત્ર કે દર્શન તરીકે, આપણે અગાઉ એક વાર જોયું હતું તેમ, તે આવી વ્યાપક દૃષ્ટિ રાખીને પોતાનું 'અનુશાસન' આપે છે.

તેની શરૂઆત વૃત્તિની ચર્ચાથી શરૂ થાય છે; તે સૂત્રો આ પ્રમાણે છે:—

वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः ॥ ५ ॥

प्रमाण–विपर्यय–विकल्प–निद्रा–स्मृतयः ॥ ६ ॥

હમેશ ને પ્રતિક્ષણ પણ ઊઠ્યા કરનારી, ને ચિત્તે ચિત્તે પાછી તે જુદી જુદી હોય,—આવી વૃત્તિઓની સંખ્યાનો તો થાહ ન હોઈ શકે. આકાશના તારાગણ કરતાંય તે કંઈ ગણી છે. તે બધીને સંયમમાં લાવીને નિરોધવાનું બીડું જો યોગ ઝડપે, તો તેણે વૃત્તિના વિજ્ઞાનમાં જવું જ જોઈએ. તે કેટલી છે, કેવી છે, શાથી ઊઠે છે, શું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઊઠે છે, તેનાં પરિણામ શાં છે,— આવા આવા અનેક પ્રશ્નો વિચારવા ઘટે. તેને માટે યોગશાસ્ત્રે શરીર-મનનો આહારવિહાર તથા તેમને અંગેના વિજ્ઞાનમાં પડવું જોઈએ. અને આ બધું તેણે પોતાના મૂળ ઉદ્દેશને નજરમાં રાખીને કરવાનું હોય.

તેમાં પહેલું, વૃત્તિમાત્રના પ્રકાર કેટલા છે ને તેમનો સ્વભાવ શો છે, તે જોવું જોઈએ. એક પ્રબળ વિજ્ઞાનની અદાથી યોગ કહે છે કે, અસંખ્ય એવી ચિત્તવૃત્તિઓ, આપણા સુખદુઃખની દૃષ્ટિએ જોતાં, બે ભાગમાં વિચારી શકાય: કેટલીક ક્લેશકારી હોય છે—જીવને દુઃખ શોક, પીડા, ગ્લાનિ આદિ કરનારી નીવડે છે; અને એથી ઊલટી એવી કેટલીક અક્લેશકારી હોય છે, જે આપણને સુખકર, આનંદદાયી, પ્રિય લાગે છે.

વૃત્તિ-વિચારનો આ એક પ્રકાર બૌદ્ધ યોગ-વિજ્ઞાનમાં પ્રધાનપદે રખાયો છે.* બુદ્ધ ભગવાને પોતાનું દર્શન જ આત્મ-અનાત્મક વિવેકના આદિ બ્રાહ્મણ પાયા ઉપર ન રચતાં, પ્રત્યક્ષવાદી ધોરણ શોધ્યું. આપણને દુઃખ છે; તેનું મૂળ તૃષ્ણા છે; આપણા આખા ક્લેશનું કારણ એ છે. માટે તેના ઉપર જ નજર રાખી આપણો પુરુષાર્થ ઘડવો એ સીધું સમજાય એવું છે ને ફાવે પણ ખરું. આ પ્રમાણે વિચારીને વર્તતાં જણાય છે કે, ચિત્તના ધર્મો બે પ્રકારના છે—કુશળ ને અકુશળ. કુશળ ધર્મોનું સંવર્ધન, પરિપોષણ, અને અનુશીલન; અને તેથી ઊલટું, અકુશળ

* જુઓ અ૦ કોસંબીજી કૃત 'સમાધિમાર્ગ' પ્ર૦ ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ધર્મોનું દમન, શમન ને નિવારણ; — આ આપણા યોગનું કામ છે ને તેનું પ્રયોજન છે. ઉઘાડી વાત છે કે, જ્ઞાન-અને સમજ-પૂર્વક થતું વર્તન (એટલે કે, તે રીતે ઊઠતી વૃત્તિઓ) ઓછો જ ક્લેશ કરે છે; જેમાં અવિચાર, મૂઢતા, બેપરવાઈ ઇ૦ અવગુણો હોય છે, તેવું વર્તન (કે વૃત્તિઓ) ક્લેશકારી બને છે.

આ વૃત્તિપૃથક્કરણ મુખ્યત્વે નીતિધર્મ અનુસાર થયું. યોગસૂત્રકાર તેથી આગળ વધીને માનસ-વિજ્ઞાનને આધારે પણ પૃથક્કરણ કરી બતાવે છે અને કહે છે, વૃત્તિઓ ક્લિષ્ટ હોય કે અક્લિષ્ટ હોય — તેમના પાંચ પ્રકાર છે. તે પ્રકારો આ :— (૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા, (૫) સ્મૃતિ.

ચિત્તમાં સંવેદન શરૂ થાય, તેની વૃત્તિ ઊઠે, તે અંગે મનમાં તર્કવિતર્ક આદિ પ્રક્રિયા જાગે, તે બધાને અંતે નિર્ણય થાય, એટલે આપણને પૂરું સંપ્રજ્ઞાન થાય. આ રીતે કશો પણ પૂરો પ્રત્યય થતા સુધીમાં વૃત્તિની પેલી (ઉત્થાન–સમાધાન–શમન) ત્રણે દશાઓ થઈ રહે છે. જો આ પ્રક્રિયા કોઈ કારણે વચ્ચેથી અટકે, તો તે વૃત્તિ પૂરી પાકે નહિ; તેથી આપણને તે અંગે અજ્ઞાનની મૂર્છા જ અનુભવમાં આવવાની; અથવા તો એવું સંપ્રજ્ઞાન થાય કે, અમુક વૃત્તિ પૂરી પાકી નહિ, સંપ્રજ્ઞાન અધૂરું રહ્યું. *

* આ પોતે પણ એક પૂરું સંપ્રજ્ઞાન તો છે જ, એ વળી જુદી વાત. પણ મૂર્છા પણ હોઈ શકે. આ વાત ચર્ચવાનું આગળ ઉપર રાખી અહીં આટલેથી અટકીએ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આમ સંપ્રજ્ઞાન થવામાં પાંચ પ્રકાર સંભવી શકે છે — છઠ્ઠો નહિ. તેથી યોગસૂત્રકાર કહે છે કે, વૃત્તિ પંચવિધ છે. અને તે નિરોધની દૃષ્ટિએ વિચાર કરીને કહેવામાં આવે છે. નિરોધમાં સંપ્રજ્ઞાન નથી; તે સિવાયની બાકીની બધી ચિત્તદશાઓમાં જે જે સંપ્રજ્ઞાન માનવચિત્તને થાય છે, તેના કુલ પ્રકાર પાંચ સંભવે છે; અને તેથી વૃત્તિ તેટલા જ પ્રકારની છે, એમ યોગ કહી શકે છે. એ પાંચ પ્રકારનાં નામ ઉપર આપણે જોયાં. તે પાંચ પ્રકારમાં સમગ્ર સંપ્રજ્ઞાન કે વૃત્તિકાર્ય કેવી રીતે આવી જાય છે, તેમનો અર્થ શો, વગેરે બાબત પછીના પ્રકરણમાં.

૧૦-૭-'૪૫

## ૮

## સંપ્રજ્ઞાનના પાંચ પ્રકાર

પાંચ વૃત્તિઓમાં ચિત્તનું આખું સંપ્રજ્ઞાન-ક્ષેત્ર આવી જાય છે, એ શી રીતે? બાહ્ય સૃષ્ટિ છે, એ તો ઉઘાડું છે; યોગશાસ્ત્ર તે માને છે. વેદાંત પેઠે તે એમ નથી માનતું કે, તે મિથ્યા છે. અગાઉ આપણે જોયું કે, યોગ તો સાધનાનું શાસ્ત્ર છે; અને સાધના કરવાની છે આ દુઃખી કે બંધનકર્તા યા ભોગપાત્ર કે મજેદાર લાગતા*દૃશ્ય જગતમાં.

---

* દૃશ્યના બે ઉદ્દેશ યોગ બતાવે છે — 'ભોગ અને અપવર્ગ એટલે કે મુક્તિ.' प्रकाश-क्रिया-स्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम्। (પા૦ ૨, સૂ૦ ૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એટલે, જેમ વૈજ્ઞાનિક માને છે કે, તેના પ્રયોગો ને શોધોને માટેનું મૂળ સાધન જે ભૌતિક પદાર્થ, તે છે જ; તેમ યોગ માને છે કે, દૃશ્ય જગત છે ને તેના સંયોગમાં આવતાં, ઇંદ્રિયો વાટે, ચિત્ત-સરોવરમાં વૃત્તિઓ ઊઠે છે. તે વૃત્તિઓને જીવાત્મા કે પુરુષ જુએ છે, તેથી તે દ્રષ્ટા કે ભોક્તા કહેવાય છે.

## ૧. પ્રમાણ

આમ દૃશ્ય જગતમાં થતું ચિત્તનું સંપ્રજ્ઞાન કેવું કેવું હોઈ શકે? એક તો તે યથાતથ — બરોબર ખરું હોય. એટલે કે, ઇંદ્રિયો ને સૂઝબૂઝવાળા માણસને દેખાય તેવું યથાર્થ હોય — ખોટું કે ભ્રમિત નહિ. આવા સંપ્રજ્ઞાનની વૃત્તિ પ્રમાણ કહેવાય છે. યોગકાર કહે છે કે, એવાં પ્રમાણ ત્રણ છે—

प्रत्यक्ष - अनुमान - आगमाः प्रमाणानि ।। ७ ।।

–પ્રત્યક્ષ, અનુમાન, અને આગમ એમ ત્રણ રીતે પ્રમાણવૃત્તિ સંભવે છે. એક તો આપણે પોતે આપણી ઇંદ્રિયો વડે અનુભવીએ અને જાણીએ, એ પ્રત્યક્ષ પ્રમાણ થયું. ખરું જોતાં આ જ મૂળ પ્રમાણ છે એના જ મૂળ આધાર ઉપર પ્રમાણના બાકીના બે રસ્તા ઊભા છે. તેમાંનો એક અનુમાન છે. અમુક એકસરખા અનુભવ થાય તો તે પરથી ચોકસ નિર્ણય તારવીને આપણે અનુમાન પર પહોંચીએ છીએ; એ રીતે પણ ચોકસ સંપ્રજ્ઞાન થઈ શકે. જેમ કે, ધુમાડો નીકળતો જોઈ આપણે માનીએ કે ત્યાં અગ્નિ હશે. આ અનુમાન ભૂલભરેલું હોય તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ખોટું હોય; પણ જો બરોબર ન્યાયપૂર્વક તે કરાય તો તે રીતે સાચી વાત પામી શકાય. માટે તે પ્રમાણ ગણાય છે.

અને કોઈ યોગ્ય લાગતા માણસે ઉપરની બેમાંથી કોઈ રીતે મેળવેલું જ્ઞાન તે બીજાને કહે, તોય તે આધારભૂત બની શકે છે. આ રીતે કોઈ યોગ્ય કે આપ્ત જનનું કથન પણ ચોકસ જ્ઞાનનો રસ્તો છે. એમ બને કે, એકને માટે તે પ્રમાણ હોય ને બીજાને માટે ન પણ હોય; કારણ કે તેમાં શ્રદ્ધાની — જેતે માણસ પ્રત્યે આપ્તતાના વિશ્વાસની જરૂર રહે છે. જેમ કે, ધર્મગ્રંથોનાં વાકય પર કે ગુરુ માનેલાના બોધ ઉપર આધાર. જોકે, અહીં પણ એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે, આવા આગમને માનીએ છીએ એનો અર્થ એ છે કે, તેનો જેવો અર્થ આપણને સમજાય કે ગળે ઊતરે તે જ પ્રમાણ બને છે. શાસ્ત્રવાકય સાચું ન પણ સમજાય; ગુરુવાકય આપણે આપણી રીતે જ સમજીએ. આ બધામાં વિવેકનો ચિત્તવ્યાપાર રહેલો જ છે. તેથી ખરું જોતાં મૂળ પ્રમાણ તો જાત-અનુભવનું પ્રત્યક્ષ પ્રમાણ જ છે; અનુમાન અને આગમ તેને સ્થાને ને આધારે આપણને મદદરૂપ બને છે.

પ્રમાણવૃત્તિનું પ્રમાણત્વ તેની યથાતથતામાં રહેલું છે, એ મુખ્ય વાત ધ્યાનમાં રાખવી જોઈએ. તે કારણે તે એક પ્રકારની નોખી વૃત્તિ બને છે.

## ૨. વિપર્યય

અથવા તો ચિત્તનું સંપ્રજ્ઞાન ખોટું કે ઊંધું જ થાય — કોઈ ને કોઈ ઇંદ્રિયદોષ કે વિકારને લઈને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એટલે કે, તે જ્ઞાન વાસ્તવિક — વસ્તુ જેવી હોય તેવું નહિ, પણ તેથી વિપરીત કે મિથ્યા યા ભ્રમિત થાય. પણ જેને તેવું જ્ઞાન થાય, તેને તો તે ખરું જ લાગે — તેને તે બાધક કે સાધક બનવાનું જ. તેથી તે એક વૃત્તિ તો થયું જ. પણ તે પ્રમાણ નથી. જેમ કે, કમળાવાળાને બધું પીળું લાગે; અંધારામાં ઠૂણકું જોતાં તે ભૂત કે હાઉ યા ચોર છે એમ જણાય; દોરડી કે ટાયર જેવું પડેલું જોઈ તે સાપ દેખાય. આ વૃત્તિને પ્રમાણથી ઊલટી એવી વિપર્યય વૃત્તિ કહે છે :

"विपर्ययो मिथ्याज्ञानम् अतद्रूपप्रतिष्ठम् ॥८॥

(વિપર્યય એ મિથ્યાજ્ઞાન છે; કેમ કે તેની પ્રતિષ્ઠા વસ્તુના રૂપમાં હોતી નથી.)

પ્રમાણ અને વિપર્યય એ બે સંપ્રજ્ઞાનમાં કોઈ ને કોઈ વસ્તુનો આધાર હોય છે — બેઉ સંપ્રજ્ઞાન વસ્તુજન્ય છે, અધ્ધર થતાં નથી. ફેર એટલો કે, એકમાં બરોબર વસ્તુ-સ્થિતતા છે; બીજામાં વસ્તુ પરથી ઊઠતો ભ્રમ હોવાથી તે વસ્તુમાં સંપ્રજ્ઞાનની પ્રતિષ્ઠા નથી, એટલે તે મિથ્યા જ્ઞાન બને છે.

## ૩. વિકલ્પ

પરંતુ કેટલીય વાર, મૂળમાં કોઈ વસ્તુ ન હોવા છતાં, માત્ર શબ્દ પરથી ખ્યાલ જાય છે, ને તેને આધારે સંપ્રજ્ઞાન કે વૃત્તિ નીપજે છે. ભાષા દ્વારા મનુષ્ય એક નવી શબ્દસૃષ્ટિ જ ઉત્પન્ન કરી શકે છે. તેથી તો એક અલગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


શબ્દબ્રહ્મ ગણાવવામાં આવે છે, કે જેને પાર કરવું પડે છે. (જુઓ ગીતા 'શબ્દબ્રહ્માતિવર્તતે' ૬.૪૪) આ શબ્દસૃષ્ટિ નરી કલ્પના પણ હોય. પરંતુ ચિત્ત ઉપર તે એક પ્રકારનું સાધક-બાધક સંપ્રજ્ઞાન ફેંકે છે. જેમ કે, એક નવલકથા વાંચીએ, તે કલ્પના જ છે; પરંતુ વાચક તેનાથી ખરી વાત જેવો રસાનુભવ કરે છે. અંગ્રેજીમાં તેને 'ફિક્શન' — બનાવટ, જૂઠાણું, કલ્પના — કહે છે, તે બહુ યોગ્ય છે. આ વૃત્તિનો રૂઢ દાખલો અપાય છે, તે જેમકે — 'રાહુનું માથું'. રાહુને ધડવાળું આખું શરીર હોય અને તેના માથાની વાત થતી હોય, એમ આ શબ્દો સાંભળવાથી જ્ઞાન થાય છે. પરંતુ ખરું જોતાં રાહુ તો માથું જ માત્ર છે — ધડ તેને નથી. છતાં પેલા શબ્દોથી એવું સંપ્રજ્ઞાન ઊઠે છે, જે વસ્તુસ્થિતિથી જુદું છે. આવી વૃત્તિને વિકલ્પ વૃત્તિ કહી છે. તે ત્રીજો ને અલગ પ્રકાર છે:

शब्दज्ञानानुपाती वस्तुशून्यः विकल्पः ॥९॥

(શબ્દજ્ઞાનને લઈને, પણ વસ્તુના કોઈ પાયા વગર, થતું સંપ્રજ્ઞાન એ વિકલ્પ વૃત્તિ છે.)

## ૪. નિદ્રા

યોગશાસ્ત્ર માને છે કે, નિદ્રા કે ઊંઘ પણ એક નોખું પડતું સંપ્રજ્ઞાન છે. ઊંઘીને ઊઠીએ ત્યારે આપણને તે યાદ આવે છે; નિદ્રામાં પડ્યા હોઈએ તે જ કાળે તે નથી જણાતું, કેમ કે તે વખતે બીજી કોઈ વૃત્તિ જ નથી હોતી — વૃત્તિનો અભાવ હોય છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વૃત્તિનો આવો અભાવ પોતે જ એક સંપ્રજ્ઞાન-વિષય બને છે. તેથી જ, ઊંઘમાંથી ઊઠતાં આપણને ખબર પડે છે કે, આજે સરસ ઊંઘ આવી, કે સ્વપ્નો આવ્યા કર્યાં, કે ગરબડ થઈને તૂટક તૂટક ઊંઘ આવી, વગેરે. આમ ઊંઘ સંપ્રજ્ઞાનનો વિષય બનવાથી તે પણ વૃત્તિ તો ખરી જ.

તેને જુદી વૃત્તિ ગણવાનું બીજું કારણ એ પણ છે કે, ત્યાં આગળ વૃત્તિનો નિરોધ નહિ, પણ તેનો અભાવ છે, કે જે પોતે ચિત્તનું અવલંબન બને છે ને ઊંઘની વૃત્તિ જગવે છે. એ દશામાં વૃત્તિનો નિરોધ નથી થતો; અમુકેય વૃત્તિ તો છે જ. તેથી નિરોધથી જુદી પાડવા તેને એક સ્વતંત્ર પ્રકારની વૃત્તિ કહી છે. અભાવના જ્ઞાન પર અવલંબન રાખતી તે વૃત્તિને નિદ્રા નામ આપવામાં આવે છે:

अभावप्रत्ययालंबना वृत्तिर्निद्रा ॥१०॥

જો આપણે નિદ્રામાં પડતું ચિત્ત તપાસીએ તો જણાય છે કે, ખરેખર નિદ્રાનું સ્વરૂપ પણ એ જ છે. કાન, આંખ ઇ૦ ઇંદ્રિયો સીધું જ્ઞાન ન નિપજાવે — એટલે કે, પ્રમાણ, વિપર્યય કે વિકલ્પ વૃત્તિ ન જાગે, મનમાં કશી સ્મૃતિ પણ ન ઊઠે, એટલે ઊંઘ આવી જાય છે.

કથામાં ઊંઘી જનાર કે સૂતા પહેલાં કાંઈક પુસ્તક વાંચતાં વાંચતાં ઊંઘી જનારના દાખલા જો તપાસીશું, તો તેમાં અન્ય વૃત્તિઓને હઠાવવાની મુગ્ધ ચેષ્ટા રહેલી દેખાય છે. નિરોધ કરવા મથતો યોગી આ દશાનેય પાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કરી જાય છે; તે જગાએ આવતાં ઊંઘી ન જાય તો જ પોતે આગળ વધી શકે. તેથી ઊંઘ તેને માટે એક જીતવાનો કે કાબૂ મેળવવાનો વિષય છે.

## ૫. સ્મૃતિ

આમ, યથાર્થ જ્ઞાન થવું (પ્રમાણ), કે સાવ મિથ્યા વિપરીત જ્ઞાન થવું (વિપર્યય), કે કલ્પનાજ્ઞાન જ થવું (વિકલ્પ), કે એ ત્રણમાંનું એકે ન થતાં ઊંઘાઈ જવું (નિદ્રા), એ ચાર વૃત્તિઓ થઈ. પાંચમી અને છેલ્લી વૃત્તિ તે આ ચારનો ચિત્ત ઉપર સંસ્કાર રહે ને તેમાંથી તેમની સ્મૃતિ ચિત્તમાં જાગે તે. એ પણ એક સંપ્રજ્ઞાન-પ્રકાર થયો, એટલે તેને પાંચમી અને છેલ્લી વૃત્તિ ગણવામાં આવી છે :

अनुभूतविषयासंप्रमोषः स्मृतिः ॥ ११ ॥

[અનુભવેલા વિષયનું બરોબર (કાંઈ પણ રહી ગયા વિના) યાદ થવું તે સ્મૃતિ.]

આથી હવે સમજાઈ રહે છે કે, સંપ્રજ્ઞાનમાત્ર કેવી રીતે આ પાંચમાં સમાઈ ગયું. પ્રશ્ન રહે છે, સ્વપ્ન અને મૂર્છા શેમાં આવે? આ વાત અત્યારે છોડી, છેવટમાં સંપ્રજ્ઞાનના વર્ગીકરણ બાબત બીજા પ્રકારો છે, તે ટૂંકમાં સરખાવીને જોઈએ.

આ પંચવૃત્તિનો પ્રકાર યોગે પોતાના નિરોધવ્યાપારની દૃષ્ટિએ યોજ્યો છે. તેવો જ જાણીતો એક પ્રકાર ભર્તૃહરિના નીચેના શ્લોકમાં જોવા મળે છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



आहार-निद्रा-भय-मैथुनं च
सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मो* हि एकोऽभ्यधिको विशेषो
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

આમાં ભર્તૃહરિ પશુઓની સરખામણીમાં મનુષ્યને વિચારીને વાત કરે છે. યોગની પાંચ વૃત્તિઓની સાથે એની તાત્ત્વિક સરખામણી ન કરી શકાય. પણ જાડી ઢબે જોતાં કહેવાય કે, યોગે ગણાવેલી પ્રથમ ચાર વૃત્તિઓ પશુને પણ છે; સ્મૃતિવૃત્તિ જ એક એવી છે કે જે મનુષ્યને વિશેષ છે; અને જ્ઞાન કે ધર્મવિચારનો ઉદય મનુષ્યમાં સ્મૃતિ કે સંસ્કારને લઈને મુખ્યત્વે થાય છે. એ વિષે વધુ આગળ ચર્ચા બીજા પ્રસંગમાં જોવાનું આવશે ત્યારે.

વેદાંતમાં ચિત્તની ત્રણ અવસ્થા ગણાવીને તે દ્વારા ચોથી તુરીય દશાને યોગની નિરોધ-દશા જેવી ગણાવી છે. આ ત્રણ દશા આપણા સંપ્રજ્ઞાનમાત્રને આવરે છે. તે ત્રણ એટલે, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ કે ઊંઘ. જાગૃતિ અને ઊંઘમાં યોગની પહેલી ચાર વૃત્તિઓ આવી ગઈ. સ્વપ્નને એક સ્વતંત્ર દશા તરીકે વેદાંતે, પોતાના મંતવ્યની જરૂર જોઈને, અલગ કરી લાગે છે. એ ચર્ચા અહીં અપ્રસ્તુત ગણી છોડીએ. યોગમાં સ્વપ્નને કઈ વૃત્તિમાં ગણવું અને મૂર્છાનું સ્થાન ક્યાં, એ આવતા પ્રકરણમાં.

૧૦-૮-'૪૫

---

* "ज्ञान हि तेषामधिको विशेषो' — એમ 'ધર્મ'ને બદલે 'જ્ઞાન'નું પાઠાંતર પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

# ચિત્તની ભૂમિકાઓ

વૃત્તિવિચારમાં સ્વપ્ન અને મૂર્છાનું સ્થાન ક્યાં છે એ વિચારે આપણે ગયા પ્રકરણમાં અટક્યા હતા. આ વિચારવા માટે આપણે ચિત્તની ભૂમિકાઓ વિષે જોવું જોઈશે.

વૃત્તિઓ દરેક ચિત્તમાં ઊઠ્યા કરે છે; પરંતુ જેવું ચિત્ત તે પ્રમાણે તે ઊઠવાના પ્રકારમાં ફરક પડે છે. વાંદરા જેવા ચંચળ ચિત્તમાં અને એકાગ્ર ચિત્તમાં ફરક છે, તે વૃત્તિઓનો નથી, પણ તે તે ચિત્ત જે ભૂમિકામાં રહીને કામ કરે છે તેનો ફરક છે. ચંચળ ચિત્ત દોડાદોડ કર્યા કરે છે; એકે વિષય પર ઠરતું નથી, — ઠરે છે તો જરા વાર ઠર્યું ન ઠર્યું ને ઊઠી જાય છે. એથી ઊલટું જ એકાગ્ર ચિત્ત વર્તે છે. બેઉમાં જે વૃત્તિઓ ઊઠે તે તો પેલા પાંચ જ પ્રકારની છે: તેમાં કાંઈ ફરક નથી પડતો. પરંતુ ફરક છે તે તે ચિત્તભૂમિમાં. બીજ એક હોય છતાં જમીનના ભેદે તે ઓછુંવત્તું ફૂલેફાલે એના જેવો કે પાત્ર પ્રમાણે પ્રવાહીનો આકાર થાય છે તેવો આ ફરક છે.

આવી ચિત્તભૂમિઓ યોગાચાર્યો પાંચ ગણાવે છે — ૧. ક્ષિપ્ત, ૨. મૂઢ, ૩. વિક્ષિપ્ત, ૪. એકાગ્ર, ૫. નિરુદ્ધ.

ક્ષિપ્ત ચિત્ત સાવ અસ્થિરને કહે છે. તેવું ચિત્ત વૃત્તિના વિષયોમાં આપોઆપ જાણે ફેંકાયા કરે છે. જાણે કે તેમાં કશું જાગ્રત નિયમન જ ન હોય!



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પરંતુ આ ચિત્તભૂમિમાં વર્તનાર માણસને તે દોડા-દોડીની ખબર રહી શકે છે. તેની એ વૃત્તિઓ દોડતાં છતાં સ્મૃતિપટ પર પહોંચે છે. જોકે, એમ બને કે, ભાનપૂર્વક તેમને બધીને યાદ કરી ન શકાય. પરંતુ ક્ષિપ્ત ચિત્ત એવી રીતે ભાગ્યે જ યાદ કરવા તકલીફ્ય લઈ શકે છે.

ઓછો કે વત્તો સમય અને કોક કોક વાર દરેકને ક્ષિપ્ત ચિત્તના આવા વર્તનનો અનુભવ તો હશે.

પરંતુ ચિત્તની બીજી મૂઢ ભૂમિકા એવી છે કે તે વર્તે ત્યારે ચિત્તમાં શું ચાલે છે તેનો આવો કશો પ્રત્યય પણ આપણને નથી પડી શકતો; જાણે કે સ્મૃતિનો ત્યાં ભ્રંશ — નાશ થઈ જાય છે. મૂર્છા * આ દશાની ઘટના છે. મૂર્છાનું મૂળ લક્ષણ એ છે કે, તેને વશ થનાર માણસને પોતાને તેની ખબર ન પડે; સામો માણસ તેને કહે કે, 'ભાઈ તું તમ્મર ખાઈને પડ્યો હતો; ને તેને અમુક મિનિટ થઈ', ત્યારે તેને ખબર પડે છે. અને તોય પણ એ વસ્તુ તે જો પોતાની યાદદાસ્તમાં ખોળવા જશે, તો ત્યાં નહિ જડે. એટલે, મૂર્છા એવો અનુભવ છે કે જેને વૃત્તિ વિષય નથી કરી શકતી; જાણે કે ચિત્તની ચાલુ ગાડી એકદમ (કોઈ ને કોઈ રોગ કે આવેગ યા આઘાત કે

* આ મૂર્છા કે મૂઢાવસ્થાને એક પ્રકારનો અસંપ્રજ્ઞાત નિરોધ કહી શકાય. તે નિરોધ પાદ ૧, સૂત્ર ૧૮માં કે ૨૦માં કહેલો અસંપ્રજ્ઞાત નિરોધ નથી, પરંતુ સૂ૦ ૧૯માં બતાવેલો 'વિદેહપ્રકૃતિલયાનામ્ ભવપ્રત્યયઃ' નિરોધ ગણવો જોઈએ. આ અસંપ્રજ્ઞાત નિરોધની ચર્ચા આગળ ઉપર અલગ કરી છે. ટૂંકમાં ઇશારો કરવા પૂરતી આ નોંધ અહીં મૂકી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આંચકાને લઈને ) તેના ચીલામાંથી ઊંચકાઈ જાય છે, ને તેથી ચાલુ પ્રક્રિયામાં તેનું સ્મરણ સરખું રહેતું નથી. તે કાળે ચિત્તનું કોઈ નવું જ પડ ઊખડી આવતું હશે, કે જેનો જગતના વ્યવહારના ચાલુ પડ જોડે વિચ્છેદ કે વિયોગ હોય; પણ તે ક્યાંક નીચે દટાયેલું રહેતું હોય. મૂર્છા, લવરી, ગાંડપણ, ઇ૦ આ જાતની મૂઢ ચિત્તભૂમિના આવિષ્કારો ગણાય. તે થાય તેની આપણને પોતાને ખબર નથી પડતી; પારકાના પ્રત્યય પરથી જ આપણે તે જાણી શકીએ છીએ. આથી આ બધાં ચિત્તની મૂઢ ભૂમિનાં વ્યંજનો વૃત્તિવિચારમાં નથી આવતાં. કેમ કે, વૃત્તિ તો સ્વપ્રત્યય કે જાત-ભાન વગર સંભવી ન શકે. પેલાં વ્યંજનો તો શરીર-મનની રોગદશાનાં છે અને તેથી તેમને શરીરરોગ પેઠે ઠીક કરવાં જોઈએ છે.

અર્વાચીન યુરોપીય માનસશાસ્ત્રમાં ગાંડપણ ઇ૦ જેવાં મૂઢ રહેતાં ચિત્તનાં વ્યંજનોનો અભ્યાસ થવા લાગ્યો છે. તેમાં એક એવી પરિભાષા યોજીને આ બધું સમજાવાય છે કે, ચિત્ત કોઈ ને કોઈ કારણે ચાલુ પોતાના કામથી વિયુક્ત થઈ જાય છે — જગતના પ્રત્યક્ષ વ્યવહારથી અને તેના સંસ્કારોથી વિસ્મૃત બની કે વિખૂટું પડીને કામ કરે છે. એનાં કારણો પણ ચિત્તના કાર્યનું સ્વાસ્થ્ય જાળવવામાંથી જ ઉદ્ભવે છે; શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે જ જેમ રોગ થાય છે, એ ન્યાયે ચિત્તની રોગદશા એ છે. અહીં આપણે એ કારણોમાં ન પડીએ. જણાવવાનું એટલું છે કે, ચિત્તની આ વિયુક્તતા મૂઢ ચિત્તભૂમિમાં આવે છે એમ સમજી લઈ શકાય. આપણા માનવ વ્યવહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને માનવ જીવનના સાફલ્યની દૃષ્ટિએ જે ચાલુ ચિત્તતંત્ર ચાલે છે, તેમાં ભાન ન રહેવું અને લાકડા પેઠે પડી રહેવું કે લવરી કરવી કે ગાંડપણ દાખવવું, એ બધું આ મૂઢભૂમિ છે. મૂર્છા એમાં આવી જાય, કેમ કે ત્યાં વૃત્તિનો નાશ છે; ચિત્ત નવી જ – પણ તે અજ્ઞાત – એવી ભૂમિકા પકડે છે. એ કોઈ રીતે વૃત્તિવિચારમાં બેસી શકતી લાગતી નથી.

સ્વપ્નનું એમ નથી. તે સ્મૃતિ વાટે આપણા ચાલુ જ્ઞાનનો વિષય બની શકે છે. ઊંઘમાંથી ઊઠી આપણને યાદ આવી શકે છે કે, આજે ઘણાં સ્વપ્ન આવ્યાં. આવાં આવાં તે આવ્યાં એ બધું યાદ ન રહે એમ બને; પરંતુ સ્વપ્ન યાદ રહી શકે છે, રહે છે; એટલે કે સ્મૃતિ તરીકે તે ચિત્તમાં ઊઠી શકે છે. તેથી તેને વૃત્તિવિચારમાં સ્થાન છે. આપણા અગાધ સ્મૃતિ-સંચયમાંથી નિદ્રાવૃત્તિનો સંકર થવાથી (–કે તે વૃત્તિની ભૂમિકામાં કહ્યો તોય વાંધો નહિ.) જે જે વૃત્તિઓ જાગે છે, તે સ્વપ્નસૃષ્ટિ બને છે. મૂર્છાકાળમાં મૂર્છાનું કોઈ નવું ચિત્ત કામ કરતું હશે કે કેમ, એ કેમ કહી શકાય ? કેમ કે સ્મૃતિપટ પર તેનું ભાન જ નથી અંકાતું. પરંતુ સ્વપ્નકાળમાં તેનું પોતાનું ચિત્ત હોય છે, તે પોતાના વિશેષ દેશ કાળ અને પરિમાણમાં છતાં લાગણીઓ અનુભવે છે; આ આપણ સૌને ખબર છે. એટલે કે, સ્વપ્નભૂમિનું ચિત્ત, તે જ્યારે કામ કરે છે તે ક્ષણે, ચાલુ વ્યવહારથી વિયુક્ત દશા તો ભોગવે છે, પરંતુ જાગ્યે તેની ખબર પડે છે. આથી મૂર્છા પેઠે વિયુક્ત દશામાં હોવા છતાં, તેની પેઠે સ્વપ્ન વૃત્તિક્ષેત્રની બહાર નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તે દશામાં દેશ, કાળ, ઘટના—વગેરેનો ગોટાળો કે વિપર્યય થઈ જાય છે, કે જે નિદ્રામાં નથી થતો. સ્મૃતિનો આ રીતે નિદ્રા દરમિયાન વિપર્યય સાથે સમાસ થઈ જવો, એ સ્વપ્નનું લક્ષણ લાગે છે. તે સ્મૃતિવૃત્તિનો એક પ્રકાર માની શકાય. અહીં આગળ ભેગાભેગી એ પણ જોતા જઈએ કે, પાંચે વૃત્તિઓનાં જુદાં જુદાં સંમિશ્રણો પણ (permutation-combination) સંભવી શકે છે. સ્વપ્ન એક આવું સંમિશ્રણ છે.

છેવટ મૂઢતા કે મૂર્છા અંગે એક વાત વધુ જોઈ લઈએ. વાયુથી કે એવાં શારીરિક કારણોથી તમ્મર આવી જાય એ જવા દઈએ, પરંતુ માનસિક કારણોએ પણ મૂઢતા આવી જાય. અને એમ પણ માનવાનું નથી કે, સદાકાળ રહે તે જ મૂઢ ચિત્તભૂમિ છે. અવારનવાર એ આપણા ચિત્ત ઉપર ચડી વાગી શકે. આનો અનુભવ પણ દરેકને હશે. એનો જ એક દાખલો 'જેકિલ અને હાઈડ'ની પેલી પ્રખ્યાત અંગ્રેજી વાતમાં ચીતર્યો છે. આપણે પુરુષાર્થની દૃષ્ટિએ વૃત્તિવિચાર કરીએ છીએ. તેવાને માટે ગીતાકારે આ મૂર્છા કે મૂઢતા વિષે શાશ્વત સાવચેતી આપી રાખી છે કે—

ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥
क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशात् बुद्धिनाशः बुद्धिनाशात् प्रणश्यति ॥

[ અ૦ ૨, ૬૨-૩ ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપણે ઉપર જોયું એ જ માનસ-પૃક્કકરણ ગીતાના આ શ્લોકોમાં છે: કામક્રોધાદિના આવેગથી મૂઢતા આવે છે. મોટરનું 'ગિયર' ફરી જાય એમ તેના ચિત્તનું જાણે 'ગિયર' જ ફરી જાય છે. પરિણામ એ આવે છે કે, તે 'ગિયર' સ્મૃતિમાં કામ દેતું નથી; એ 'ગિયર'માં કામ કરતા ચિત્તનું લક્ષણ એ છે કે, તે કાળે એ મૂઢ દશામાં ચાલ્યું જાય છે; એટલે સ્મૃતિમાં તે અનુભવ સંઘરાતો નથી. અને આપણે અગાઉ જોયું કે, સ્મૃતિવૃત્તિનું કાર્ય એ જ મનુષ્યને પશુ ઇ૦થી અલગ પાડનાર ચીજ છે. બુદ્ધિનું કાર્ય સ્મૃતિ પર મુખ્યત્વે અવલંબે છે. એ ટળ્યે બુદ્ધિનો ભ્રંશ થાય છે, ને એમ માણસ છેવટે પડે છે.

એટલે પુરુષાર્થી મનુષ્યે પોતાના ચિત્તની ભૂમિકાઓ વિષે પ્રયત્નપૂર્વક જાગ્રત રહેવું જોઈએ. ક્ષિપ્ત કે મૂઢ તે ન હોય. વિક્ષિપ્ત, એટલે કે સાવ ચંચળ નહિ, પણ ગીતાકાર (જુઓ અ૦ ૨, ૪૧-૪) જેને અવ્યવસાયી બુદ્ધિ — અહીંથી તહીં ભટકયા કરનારું રાજસ ચિત્ત કહે છે તે—આવી ચિત્તભૂમિકા પણ સુધારવી જોઈએ. જ્યારે જે વિષયમાં જવાનું હોય તેમાં એકાગ્રતા થઈ શકવી જોઈએ. ક્ષિપ્તતા વિક્ષિપ્તતા, વિયુક્તતા, અયુક્તતા કે વ્યગ્રતા ન ચાલે. એકાગ્ર ચિત્ત જ કોઈ કાળે જઈને નિરુદ્ધ બની શકે. યોગનું અનુશાસન એ છે કે, આને માટે માણસે પ્રયત્ન કરવો જોઈએ.

૧૮-૧૦-'૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૧૦

# ચિત્તની વિયુક્ત ભૂમિકા

ગયા પ્રકરણમાં આપણે જોયું કે, શારીરિક કે માનસિક આવેગ કે રોગને કારણે ચિત્તતંત્ર દુનિયાના ચાલુ જાગ્રત વહેવારથી વિયુક્ત બની જાય છે; તે તંત્ર તે રીતે ગિયર ફેરવીને જ પોતાનું સ્વાસ્થ્ય જાળવી શકે છે; જેમ કે, મૂર્છામાં કે કામ ક્રોધાદિના આવેગમાં. આમ વિયુક્ત દશામાં ચડી ગયેલું ચિત્ત ભાન ભૂલી જાય છે. તેથી તે અનિષ્ટ દશા છે; આપણે તે દશામાંથી બચવું જોઈએ, નહિ તો આપણો વિકાસ રોકાય.

આ એક પ્રકારની વિયુક્તતા થઈ.

બીજો પ્રકાર આપણે સ્વપ્નનો જોયો. તેમાં અને ઉપરનામાં ફેર એ છે કે, સ્વપ્નદશાનું ભાન આપણને હોઈ શકે છે, જોકે જગતના જાગ્રતદશાના વહેવાર સાથે તે વિયુક્ત છે. સ્વપ્નનો પણ એવો વિલક્ષણ અનુભવ છે કે, વેદાંત મતમાં જે ત્રણ અવસ્થા કહી છે, (જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને નિદ્રા અવસ્થા) એમાં તેને સ્વતંત્ર કદર મળી છે. એની વિલક્ષણતા એ છે કે, સ્વપ્નના ચાલુ કાળે તે ખરેખર સાચું લાગે છે — તેનાં સુખદુઃખાદિ અનુભવીએ છીએ. પણ તેમાંથી જાગ્યે એ સ્વપ્નસૃષ્ટિ મિથ્યા બની જાય છે. આ એક અનુભવ જે દરેકને છે, તે વેદાંત-મતમાં જગતનું મિથ્યાત્વ બતાવવાને માટે ઉત્તમ દાખલો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પૂરો પાડે છે. યોગમતમાં સ્વપ્ન (આપણે ગયા પ્રકરણમાં જોયું કે,) સ્મૃતિનો એક વિપરીત પ્રકાર છે; નિદ્રાની ભૂમિકામાં સ્મૃતિ સંકર થઈને કે અધૂરીપધૂરી ઊઠે છે, અને એક સૃષ્ટિ જ — સિનેમાના પડદા પેઠે — ચિત્તપટ પર ખડી કરે છે.

આ બે ઉપરાંત ચિત્તની વિયુક્તતાનો એક ત્રીજો અને સમજવા જેવો દાખલો છે, તે હવે જોઈએ.

સૌ કોઈ જાણે છે કે, હૃદય નિરપેક્ષ રીતે એની મેળે ધબકે છે; આંખનું પોપચું એની મેળે પલકયા કરે છે; પેટનો ઉદરપટ ('ડાયાફ્રેમ') આપોઆપ ધબકયા કરે છે, જેથી ફેફસાં ફૂલે છે ને દબે છે. શરીરમાં આ ઉપરાંત અનેક બીજી નિરપેક્ષ ક્રિયાઓ થાય છે. તે બધી શરીરને ટકવાને માટે જરૂરી છે; તેમને કરવા માટે શરીરના જ્ઞાન-તંત્રે — એટલે કે મગજે કે મને — તર્કવિતર્ક કે વિચારથી નિશ્ચય કરવા પડતા નથી; કુદરતે તેમને તેવા નિશ્ચય કરવા કે થવા ઉપર અવલંબતાં ન રાખતાં તેમને સ્વયં-ગતિશીલ બનાવ્યાં છે. સામે પડેલી ચોપડી મારે જોઈએ, તો તેનો વિચાર ઉદય થાય છે ને તેને લઈને સ્નાયુઓ કામે વળગે છે. પણ મારે હૃદયને ચલાવવા એવું કાંઈ કરવું પડતું નથી. અને એમ જ શરીરની અનેક એવી સ્વયં-ગતિશીલ ક્રિયાઓનું છે.

આ ક્રિયાઓ ચિત્તતંત્રથી નિરપેક્ષ — વિયુક્ત રહીને ચાલ્યા કરે છે. આપણા જીવનનો એ વિભાગ આપણા જાગ્રતભાવે સેવાતા વૃત્તિક્ષેત્રમાં છે નહિ.


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એમ જ બીજો દાખલો : સાઇકલ પર બેસનારો શિખાઉ માણસ શરૂમાં ભાનપૂર્વક તેના નિયમનનું ને સમતોલનનું કામ કરે છે. રસ્તો વળે ત્યારે હેન્ડલ વાળવાનું ધ્યાન આપવું પડે છે. પણ મહાવરો વધતાં, આવું ધ્યાન લગભગ જાણે નહિવત્ થઈ જાય છે. જાણે આંખ અને હાથપગ મળીને આ કામ ટપોટપ સમજી લે છે ને જાતે કરી દે છે; તેને માટે ચિત્ત ઉપર ભાર નથી રહેતો. પાવરઘો સાઇકલવાળો રસ્તે જતાં પણ બીજી વાતોમાં ચિત્તની વૃત્તિને જવા દઈ શકે છે. એટલે કે, સાઇકલ ચલાવવાનું કામ તે વિયુક્ત રીતે કરતો થઈ જાય છે.

તેવું જ પાવરઘો કાંતનાર કાંતતી વખતે બીજી વાતો કે વિચારોમાં ધ્યાન આપી શકે છે.

અથવા જેમ કે, ઓરડીમાં બેઠા આપણે કામ કરીએ છીએ ત્યારે ઘડિયાળ ટક ટક કરે છે કે ઘંટી તેનો ઘરરર ધ્વનિ એકરાહે ચલાવી શકે છે. તે બંધ થાય તો કે કોઈ તેવે બીજે કશે કારણે આપણે તે બાજુ ધ્યાન દઈએ, ત્યારે તેની ખબર આપણને પડે છે. બાકી ચિત્ત તેનાથી વિયુક્ત બનીને ચાલુ કામોમાં વૃત્તિને રોકી શકે છે.

આપણી જે અનેક સારીમાઠી ટેવો હોય છે, તેમાં પણ આવી જ એક પ્રકારની વિયુક્તતા મૂળમાં નિર્માણ થયેલી જોવા મળે છે. ટેવ પડી ગયેલી બાબતમાં ચિત્ત-વૃત્તિને ઉજાગરો પડતો નથી.

એટલું જ નહિ, કળામાં જેને રુચિ કહે છે તે પણ, શરૂમાં ભાનપૂર્વક સેવાતા રાગદ્વેષો કે ગમા-અગમામાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કેળવાતાં કેળવાતાં, વિયુક્તતાની ચિત્તશક્તિ દ્વારા, સ્વભાવમાં ટેવ પેઠે જડાઈ ગયેલી ચીજ છે. અને એમ જ ભાષા પણ ચિત્તના ઊંડા આંતર ભાગમાં જડાઈ જઈને સ્વત્વનો જાણે ભાગ બની જાય છે, અને એમ એ પછી એક સહજપ્રવૃત્તિ બની રહે છે.

માનવ ચિત્તની આ જે વિયુક્તતાની તાકાત, તે તેની ભારે મૂલગત એક ખાસિયત છે. અંગારો પકડવા આપણે ચીપિયો યોજ્યો : એ કર્યા પછી માનવ ચિત્ત તેની શોધના ચિત્તભારમાંથી વિયુક્ત બન્યું. કાંઈક આવું જ ટેવ પાડવામાં થાય છે. શરીરે જે ક્રિયા વારંવાર કરવાની છે, તેને માટે રોજ ઊઠીને ચિત્ત ઉપર ભાર શો રાખવો ? એટલે શરીરના સ્નાયુઓમાં જ એ ક્રિયા પછી જડાઈ રહે છે. અને એ જ ન્યાયે, કુદરત જાણે શરીરની જરૂરી ક્રિયાઓ માટે હૃદય ઇ૦ જેવા સ્વયં-ગતિશીલ સ્નાયુઓ બનાવીને પહેલેથી આપે છે; તેને માટે આપણા ઉપર ટેવ પાડવાનો પણ બોજો કુદરત નથી રાખતી. ડાર્વિન મતના વિકાસવાદીઓ પણ આવું જ કાંઈક કહે છે કે, કુદરતમાં નભવાની ને વધવાની જરૂરિયાત પ્રમાણે શરીરોમાં અનુરૂપ ફેરફારો થાય છે. એમ જ નવજન્મા બાળક પણ પોતાના સ્નાયુઓને ને ઇંદ્રિયોને કેળવીને તેમાં સહજશક્તિ નિર્માણ કરે છે.

કાંઈક આવી જ વિચારણાને મૂળમાં લઈને ગીતાકારે તેની પોતાની ચર્ચાના અનુબંધમાં કહ્યું છે કે —

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કારણ કે,

इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ॥ ३, ३३-४ ॥

–જ્ઞાનવાન માણસ પણ પોતાની પ્રકૃતિ પ્રમાણે જ ચાલે છે; કારણ, ઇંદ્રિયોના રાગદ્વેષો ઇંદ્રિયોમાં જ વ્યવસ્થિત ગોઠવાઈ રહેતા હોય છે. જાણે કે, તેના વિષય જોડે સંયોગ થતાં આપોઆપ રાગ કે દ્વેષ જાગે છે; જાણે વચ્ચે જ્ઞાન કે વિવેકતંત્ર હોય જ નહિ એમ ! આનું કારણ ચિત્તની, ઉપર આપણે જોઈ તે, વિયુક્તતાશક્તિ છે. જેમાં આપણે વારંવાર જઈએ તેમાં, કાળે કરીને, સહજ-સંબંધ ઘડાઈ જાય છે; તેથી ચિત્તને ભાર ઓછો થાય છે. એમાં શક્તિની એક પ્રકારની કરકસર છે. એમાં એક પ્રકારની સંગઠનશક્તિ રહેલી છે. જેમ વ્યવસ્થિત સંગઠન કે ખાતું ગોઠવી દીધા પછી, કાર્યશક્તિ વધે છે અને તેના ઉપરીને અમુક નિરાંત મળે છે, તેમ જ આપણા શરીર-મનમાં પણ એવી ગોઠવણી કે વ્યવસ્થા કરવાની કુદરતી તાકાત છે; તેનો ઉપયોગ કરીને ચિત્ત નિરાંત મેળવી શકે છે. આ શક્તિ વાપરીને જ માનવી માનવી બનેલો છે. પણ તેના જ દ્વારા તે રાક્ષસેય બની શકે છે, એય એટલું જ સાચું છે.*

આ વિચાર જો બરોબર સમજાય તો તરત જણાશે કે, આ બધાનાં મૂળમાં વૃત્તિકાર્ય જ રહેલું છે. હૃદયની

---

* આ બધો વિયુક્ત બનતો ચિત્તવ્યાપાર યોગશાસ્ત્રમાં 'સ્મૃતિ'માં આવી જાય છે. વેદાંત પરિભાષામાં 'વાસના', 'હૃદયગ્રંથિ', 'બાધિતાનુવૃત્તિ' આનાં નિદર્શક ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સ્વયંગતિ પાછળ પણ વૃત્તિકાર્યની સંગઠિત શક્તિ પોતાનું સ્વતંત્ર ભૌતિક તંત્ર રચીને ઊભી છે; પણ તેની પાછળ મૂળે તો વૃત્તિબળ જ છે. તેથી જ હૃદયની ગતિ રોકનાર હઠયોગાભ્યાસીઓ વિષે જાણવા મળે છે. પરતું એ સ્વયંગતિશીલ અંગોને છોડીએ. ટેવ દ્વારા કે રુચિ દ્વારા જે કેળવણી આપણા શરીર-મનમાં જડાઈને સ્વભાવ બની બેસે છે, તેના મૂળમાં તો પ્રારંભનું વૃત્તિબળ જ હતું. (એક ઉપમાથી સમજાવું તો, જેમ અટળ લાગવા છતાં પ્રારબ્ધનું મૂળ પૂર્વનો પુરુષાર્થ જ છે તેમ. *)

આ ઉપરથી સમજવાનું એ છે કે, આપણે ચિત્તની આ વિયુક્તતા વિષે સતેજ રહેવાની જરૂર છે. જે ટેવ અનિષ્ટ છે તેનાં મૂળ ચિત્તની આ વિયુક્તતામાં રોપાયાં છે ખરાં; પરંતુ તે આપણે જ ચાહીને કે જાણ્યે-અજાણ્યે રોપાવા દીધાં છે. તેને આપણે સુધારી શકીએ છીએ. માત્ર, તે સારુ તેટલે ઊંડે જઈને આપકેળવણીનું કામ કરવાનું હોય છે. તે શક્ય છે અને તે કરવું જોઈએ; એ જ યોગ છે. અને તેથી જ ગીતાકાર ઉપરના ૩-૩૩ શ્લોકમાં પ્રકૃતિને વશ કરવાની અશક્યતા જેવું કહ્યા છતાં, ૩૪મા શ્લોકમાં કહે છે કે, ઇંદ્રિયના રાગદ્વેષો આવા સજડ જડાયેલા છતાં,

तयोर्न वशमागच्छेत् ।

કારણ કે,

तौ ह्यस्य परिपंथिनौ ॥

*પ્રારબ્ધ ઘડાય છે તે, આ મન-શરીરનું જે સંગઠન થાય છે, તે છે. એની પ્રક્રિયા ઉપરની વૃત્તિ-પ્રક્રિયા જેવી જ છે—એ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



–શરીર-મનમાં જડાઈ ગયેલા ખોટા રાગદ્વેષોના વશમાં ન સપડાવું જોઈએ, કારણ કે તે જ આપણા માર્ગના વાટપાડુઓ છે.

આ કેમ કરતાં બની શકે તે બતાવવું એ નિરોધનો –યોગનો માર્ગ છે. તેમાં કેવળ જાતસુધાર અને આપકેળવણી રહેલાં છે. તે માર્ગમાં એકે કાર્ય (હૃદય આદિનું પણ) એવું નથી મનાયું કે જેમાં સુધારો ન કરી શકાય. યોગની શિક્ષણપદ્ધતિ એવી સર્વગ્રાહી છે. ૧૧મા સૂત્ર પછી યોગસૂત્ર તેના નિરૂપણ તરફ જાય છે.

૧૭–૧૧–'૪૫

## ૧૧
## નિરોધનાં બે સાધન

નિરોધ એ યોગનું મુખ્ય લક્ષ્ય છે. તે જ યોગ છે, એમ જ બીજા સૂત્રમાં ટૂંકમાં કહ્યું છે. તે એટલા માટે કે, વૃત્તિના નિરોધકાળમાં દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે; બાકીને વખતે તે જેવી વૃત્તિ તેવા રૂપનો બનીને રહે છે.

દ્રષ્ટા પોતાના સ્વરૂપમાં સ્થિત હોય તે કાળ શા માટે મહત્ત્વનો છે, તે હજી સુધી સૂત્રકારે બતાવ્યું નથી. તે વિગતવાર હવે પછી બતાવશે. પરંતુ, આપણને એ વિષે સામાન્યપણે ખબર છે કે, તે સ્થિતિ વડે જેને સાક્ષાત્કાર કહે છે — આત્મદર્શન કહે છે, તે પ્રાપ્ત થાય છે. એનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કારણ શું, એ અનુભવ શી વસ્તુ છે, એની ફિલસૂફિક ચર્ચા અને ચોખવટ પણ યોગસૂત્રકાર આપે છે. ઉપર કહ્યું એમ, એ બધું તે હવે પછી કરશે. તે પહેલાં તે નિરોધનું રૂપ સ્પષ્ટ કરવા, અને તેનું સાધન શું છે તે જણાવવા માટેનું પ્રકરણ શરૂ કરે છે:

સૂત્રકાર નિરોધનાં બે સાધન બતાવે છે:–

૧. अभ्यासवैराग्याभ्याम् तन्निरोधः ॥ १२ ॥ ઉપર કહેલી પાંચ વૃત્તિઓનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્ય વડે થઈ શકે છે.

સાધનનો આ એક પ્રકાર થયો.

૨. ईश्वरप्रणिधानाद् वा ॥ २३ ॥ અથવા તે ઈશ્વર-પ્રણિધાન વડે થઈ શકે છે. આ બીજો પ્રકાર છે.

બીજો પ્રકાર કહેતા અગાઉ વચમાં ૧૩ થી ૨૦ સુધીનાં (અથવા કહો કે ૨૨ સુધીનાં) સૂત્રોમાં પહેલા પ્રકારની સૂત્રાત્મક સમજ કે વ્યાખ્યા આપી છે.

અને બીજો પ્રકાર ૨૩મા સૂત્રમાં કહીને પછી તેની સમજ કે વ્યાખ્યા ત્યાર પછીનાં ૬ સૂત્રોમાં (૩૦ સુધીમાં) આપી છે.

એ સમજ આપતા આ ભાગો જોતા પહેલાં, આ બે પ્રકારો વિષે કેટલીક સામાન્ય બાબતો પ્રથમ જોવી જોઈએ.

સૂત્રકાર આ બે પ્રકારોનો 'वा' પદ દ્વારા વિકલ્પ બતાવે છે. સાધના અંગેનો આવો વિકલ્પ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ધર્મના ઇતિહાસમાં સ્પષ્ટપણે બતાવેલો બીજો પણ જોવા મળે છે. જેમ કે, ગીતામાં :–

૧. નિષ્ઠાના નામથી બે નિરાળા પ્રકારનો ભેદ બતાવ્યો છે :–

लोकेऽस्मिन् द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ ।

– આ દુનિયામાં જૂના કાળથી બે નિષ્ઠાઓ બતાવવામાં આવી છે :—

ज्ञानयोगेन सांख्यानाम् कर्मयोगेन योगिनाम् ॥ ३–३ ॥

એક તો સાંખ્યોની જ્ઞાનમાર્ગી, અને બીજી યોગીઓની કર્મમાર્ગી.

૨. અથવા, અવ્યક્તની ઉપાસના અને વ્યક્તની ઉપાસના એવા નામથી પણ, મૂળમાં આ જ ભેદ, બીજી પરિભાષામાં, નિરૂપાતો જોવા મળે છે. ગીતાના ૧૨મા અધ્યાયમાં પ્રશ્ન દ્વારા એની શરૂઆત થાય છે.

આવા ભેદનું મૂળ જોતાં એમ લાગે છે કે, એ ભેદ ઈશ્વર વિષેની શ્રદ્ધા, કે તેવા કોઈ સત્ત્વને ન માનવું એવી નાસ્તિકતા – એના ઉપર રહેલો છે. જગતના આ બધા દૃશ્યની પાછળ ચેતન કે એક પરમ તત્ત્વ રહેલું છે, એ એક પ્રકારની માન્યતા; અને એ ચેતન એક ખાસ પુરુષ છે ને આપણા પ્રણિધાન કે ભક્તિનો વિષય છે એમ માનવું, એ બીજા પ્રકારની માન્યતા છે. પહેલા પ્રકારના લોકો વ્યક્ત એવા આ દૃશ્ય જગતની પાછળ રહેલા અવ્યક્ત એવા ચેતન તત્ત્વને માને છે. છતાં તેઓ નાસ્તિક કહેવાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તો તે ઈશ્વર — પુરુષવિશેષમાં ન માનવા પૂરતા જ. આવા લોકોની સાધનામાં નિષ્ઠા એક પ્રકારની છે. એ નિષ્ઠાને ગીતાકાર સાંખ્યોની કહે છે; અને તેથી જુદી બીજી નિષ્ઠાને તે યોગીઓની કહે છે.

આમ કહેવા છતાં ગીતા કહે છે કે, આ ભેદ પણ ઉપર-ઉપરનો જ છે. સાંખ્ય અને યોગ જેવા ભેદ બાલિશતા બતાવે છે, કારણ કે એક વિના બીજાનું ચાલે નહિ અને બેઉથી એક જ સ્થિતિને પમાય છે. (ગીતા, ૬-૪)

(આ જ બે ભેદને અંગે કર્મ અને સંન્યાસ જેવી પરિભાષા વાપરીને પણ ગીતાકારે કેટલીક ચર્ચા ઊભી કરી છે. પરંતુ અહીં એ બધાની એકવાક્યતા કરી આપવાના ઊંડા પાણીમાં ઊતરવું વ્યર્થ છે. આપણે મૂળ વિચાર પર આવીએ કે :—)

આવી જોવા મળતી બે પ્રકારોની પરંપરાને જ યોગશાસ્ત્ર નિરોધની બે સાધનાઓ કહીને બતાવે છે. :—
૧. ઈશ્વર વિષેની કશી માન્યતા–અમાન્યતામાં પડ્યા વગર, આજના વિજ્ઞાનીઓની પેઠે, સીધો દૃશ્ય-પદાર્થને પ્રમાણ-બુદ્ધિથી ચકાસવાનું પસંદ કરનાર કે તેવા વલણવાળો નિરીશ્વર વર્ગ. તેની સાધના વૈરાગ્ય અને અભ્યાસ એ બે સાધનથી થાય છે. એ બે વડે તે યોગ — એટલે કે નિરોધ સાધે છે.

૨. અને ઈશ્વરતત્ત્વને માની તેને સમગ્ર કે અનન્ય અર્પણબુદ્ધિથી ચાલવાનું પસંદ કરનાર કે તેવા વલણવાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સેશ્વર વર્ગ. તેની સાધના ઈશ્વરપ્રણિધાન છે. આનાથી પણ યોગ — નિરોધ સધાય છે.

આપણે જોયું કે, આ જ ભેદ સાંખ્યદર્શન અને યોગ-દર્શનનો છે. સાંખ્ય નિરીશ્વર છે ને યોગ સેશ્વરસાંખ્ય છે. આથી ભક્તિ દ્વારા સાધનાને પણ યોગ પોતાનાં સાધનમાં બતાવે છે. ત્યારે સાંખ્યસૂત્રકાર * એટલું જ કહે છે કે, વૈરાગ્ય અને અભ્યાસથી. (वैराग्यात् अभ्यासात् च ॥ ३–३६ ॥)

ચંચળ એવા ચિત્તને પહોંચી વળવા, કેવળ ગણનાની વૈજ્ઞાનિક પૃથક્કરણી રીતે દૃશ્ય જગતને સમજવા ઇચ્છતી સાંખ્ય સાધના ચાલે છે. સાંખ્યવિદ્યા દૃશ્યનાં મૂળ તત્ત્વોને ખોળી કાઢી ૨૪ની સંખ્યા બતાવે છે ને તેના અંતે કહે છે કે, ૨૫મું તત્ત્વ તે પુરુષ કે ચેતન તત્ત્વ છે. સાધનાની આ વૈજ્ઞાનિક ઢબ છે. તેને ગીતાકાર (અ૦ ૧૨–૫) अव्यक्ता हि गतिः કહી, તેને દુઃખથી દેહધારી પામે છે, એવી ટીકા કરે છે.

એ જ કાર્ય અર્થે, યોગ કલા દ્વારા કામ કરે છે. એટલે કે, તે પ્રતીકો અને સંજ્ઞાઓ દ્વારા કામ કરે છે.

---

* ખરું જોતાં સાંખ્યમાં પણ પોતાની દૃષ્ટિના બે પ્રકાર છે:—

૧. धारणासनस्वकर्मणा तत्-सिद्धिः ॥ ३-३२ ॥ અને–

૨. वैराग्यात् अभ्यासात् च ॥ ३-३६ ॥

એક પહેલો 'માર્ગ આસન, પ્રાણાયામ, અને પોતાનાં આશ્રમવિહિત કર્માનુષ્ઠાન' (સાંખ્ય ૩–૩૬) દ્વારા સધાતો કર્મ-માર્ગ. અને બીજો તે સંન્યાસ દ્વારા સધાતો — વૈરાગ્યપૂર્વકનો અભ્યાસમાર્ગ. ગીતાકાર તેના પ્રારંભમાં અને અંતમાં આવા જ બે પ્રકારની ગડમથલમાં પડેલા અર્જુનને ઉત્તર આપવા પ્રયત્ન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ માર્ગ પૃથક્કરણનો વિજ્ઞાનબુદ્ધિનો નથી; કલાની સહજ-બુદ્ધિની સમન્વયી ઢબનો છે. એ ભક્તિમાર્ગ પણ કહેવાય છે. ગીતાકાર એની તરફેણ કરે છે. યોગ એને પણ સ્થાન આપે છે, પરંતુ બેની ઓતપ્રોતતા સ્પષ્ટ કરતો નથી.

બાકી ખરું જોતાં, માણસ નરી કલા કે નર્યા વિજ્ઞાનથી — નરી ભક્તિભાવના કે નરી તર્કબુદ્ધિથી વર્તી શકતો નથી. બેઉ અરસપરસ ઉપકારક બને, તો જ તે દરેકનું કામ ચાલે છે. તેથી ઈશ્વરપ્રણિધાન કે અભ્યાસ-વૈરાગ્યને અરસપરસ લેવા-દેવા છે જ. ઈશ્વરપ્રણિધાનમાં અભ્યાસ–વૈરાગ્યનું તત્ત્વ ન હોય એમ નથી; અને એથી ઊલટ પક્ષે, અભ્યાસ–વૈરાગ્યમાં પ્રણિધાનત્વ કે અર્પિત-બુદ્ધિની અનન્યતા ન હોય એમેય નથી. ભેદ માત્ર સાધકની વૃત્તિ કે મનના વલણ કે પસંદગી યા રુચિ પરત્વે છે. તેથી જ આપણા ધર્મના ઇતિહાસમાં આ બે પ્રકારોને શાસ્ત્રીય સ્થાન અપાયું છે; અને કેવળ શાસ્ત્રનિર્માણની તર્કશુદ્ધતાથી પણ એવો ભેદ પાડવો જોઈએ. બાકી બે વચ્ચે ઉત્તરદક્ષિણતા માનવામાં બાલિશ નાદાની જ ગણાય, એ વસ્તુ ગીતાકાર તેમના સમન્વયમાં કહી * આપે છે.

આ બે પ્રકારોની સમજ હવે પછી જોઈશું.

૧૩–૧૨–'૪૫

---

* सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ।
–ગીતા અ૦ ૫, ૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૧૨

## અભ્યાસ અને વૈરાગ્ય – ૧

યોગ અથવા ચિત્તવૃત્તિનિરોધનાં બે સાધનમાં પહેલું ગણાવ્યું છે — અભ્યાસ અને વૈરાગ્ય. આ બેઉ મળીને પૂરું સાધન બને છે: બેઉ અરસપરસ ઉપકારી હોઈ, તે દરેક એકબીજાની મદદથી પુષ્ટ અને સફળ બને છે.

તેમાંના 'અભ્યાસ'નો અર્થ યોગસૂત્રકારે આમ કર્યો છે: —

तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१३॥

– મનની સ્થિતિ — સ્થિરતા મેળવવાને માટે યત્ન કરવો, એને અભ્યાસ કહે છે. આ કામ કેવું અઘરું છે, એ દરેક જણ જાત-અનુભવે જાણે છે. એથી જ ગીતાકારને અર્જુન કહે છે—

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवत् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ६-३३ ॥

(હે કૃષ્ણ, મન તો ચંચળ જ છે; ભારે જબરું ઉધમાતી છે અને એમાંથી ન ફરે એવું દૃઢ છે. એટલે પવનને બાંધવો ને તેને પકડવું એ સરખાં જ કઠણ છે.)

અને જવાબમાં શ્રીકૃષ્ણ એ વાત કબૂલ કરે છે — असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।– જરૂર, મન ચંચળ છે ને પકડવું વસમું છે; છતાં હે મહાબાહુ, વીરતાથી



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પ્રયત્ન કરનાર પુરુષનાં અભ્યાસ અને વૈરાગ્ય વડે તે હાથમાં આવે છે – अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥ ६-३४ ॥ ચંચળતામાં જ જાણે દૃઢ હોય એવું લાગતું મન આ બે સાધનો વડે સ્થિતિમાં પણ એવું જ દૃઢ કરી શકાય છે. આ અસંભવિત લાગતી વસ્તુ સાધનારી તાકાત પણ એ જ ચંચળ-સ્વભાવી મનની છે; તેને જ અભ્યાસ કહી છે. તેની શરત આ છે :—

स तु दीर्घकालनैरंतर्यसत्कारासेवितः दृढभूमिः ॥१४॥

– પણ તે અભ્યાસ લાંબો વખત અને નિરંતર – સતત ચાલવો જોઈએ; એટલું જ નહિ, તે યત્નમાં ઉત્સાહ અને ઉમળકો તથા લગની પ્રેરે એવી તેને સારુ સત્કારબુદ્ધિ હોવી જોઈએ. અભ્યાસનું અભ્યાસપણું એમાં રહેલું છે. પૂરાં ખંત ને ચીવટથી ધ્યેયમાં લાગવું એ જ અભ્યાસ છે. એ અભ્યાસ વેઠ વળગી છે એવી બુદ્ધિથી ન થઈ શકે; તેને માટે પ્રેમ, આદર, અને આવકાર આપણામાં હોવાં જોઈએ. એટલે, તે કામમાં પ્રેર્યા કરનારું પ્રયોજન હમેશ આપણને લાગ્યા કરવું જોઈએ. એ જ આપણો પરમ અર્થ છે, એવો ભાવ જામે, તો જ આ બની શકે. અને આ શક્ય બને છે સાધનના બીજા તત્ત્વ વૈરાગ્ય વડે. તેની મદદથી જ અભ્યાસ આગળ વધે છે. જેમ દેશપ્રેમથી પ્રેરાઈને મનુષ્ય હોંશે હોંશે કુરબાન થવા સુધીનો યત્ન કરે છે, સહેજે તેમ કરી શકે છે, તેમ જ આ અભ્યાસના યત્નને માટે પણ છે. એમ થાય તો નિરોધની સ્થિરતા માટેનો પ્રયત્ન દૃઢ થાય છે; ધીમે ધીમે તે વસ્તુ ચિત્તનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગુણ બનવા લાગે છે; સદા ચંચળ જ રહેવા જાણે ઘડાયું ન હોય, એમ લાગતું ચિત્ત ઊલટું જ બની જાય છે — સ્થિરતામાં દૃઢ બને છે.

આવા ચંચળ મનને નાથવા માટે અભ્યાસની ઉત્કટતા કેવી હોવી જોઈએ, તેનો શ્રેષ્ઠ દાખલો કબીરજીનું ભજન છે:

मन ! तोहे किहि विध मैं समझाउँ ॥ ध्रु० ॥
सोना होय तो सुहाग मँगाउँ, बंकनाल रस लाऊँ ।
ग्यान शब्दकी फूक चलाऊँ, पानी कर पिघलाऊँ ॥ १ ॥
घोड़ा होय तो लगाम लगाऊँ, ऊपर जीन कसाऊँ ।
होय सवार तेरे पर बैठूँ, चाबुक देके चलाऊँ ॥ २ ॥
हाथी होय तो जंजीर गढाऊँ, चारों पैर बँधाऊँ ।
होय महावत तेरे पर बैठूँ, अंकुश लेके चलाऊँ ॥ ३ ॥
लोहा होय तो एरण मँगाऊँ, ऊपर धुवन धुवाऊँ ।
धूवनकी घनघोर मचाऊँ, जंतर तार खिचाऊँ ॥ ४ ॥
ग्यानी होय तो ज्ञान सिखाऊँ, सत्यकी राह चलाऊँ ।
कहत कबीर सुनो भाई साधू अमरापुर पहुँचाऊँ ॥ ५ ॥

ખરા મનથી આપણને લાગવું જોઈએ કે, મન જે ભમ્યા કરે છે તે બરોબર નથી. પણ તે ભમ્યા શું કામ કરે છે? ઘણા ભૂલ ખાઈને કહે છે, બહારનાં આકર્ષણોને લીધે. આ તો અર્ધથીય ઓછું કે નહિવત જ સાચું છે. ખરું દોડવાનું કારણ પણ ચિત્તનો પૂર્વનો અભ્યાસ જ છે — આપણે રાગદ્વેષની પાછળ તેને જન્મોજન્મથી દોડ્યા કરવા દેતા આવ્યા છીએ, તેથી જ તે એવું તો 'દૃઢભૂમિ' થઈ ગયું છે કે, જાણે એ જ એનો સ્વભાવ હોય! આવી તેની દૃઢ બનેલી ચલતા એ નિરોધ-વિરોધી વસ્તુ છે; તેને હણવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


માટે લગાતાર મથ્યા જ કરવું, એ અભ્યાસ છે. અને તેને હણવાનું જે શસ્ત્ર છે તેને વૈરાગ્ય કહ્યું છે. તેને વિષે હવે પછીના પ્રકરણમાં.

૨૧–૧–'૪૬

## ૧૩

## અભ્યાસ અને વૈરાગ્ય – ૨

અંગ્રેજીમાં એક કહેવત છે, તેનો અર્થ એમ થાય છે કે, દરેક સિદ્ધિમાં એક ટકો આંતર ઊર્મિબળ અને ૯૯ ટકા પરિશ્રમ કે પરસેવો હોય છે. તે આપણા ચાલુ પ્રકરણને લાગુ કરીને કહીએ તો, દરેક સિદ્ધિમાં આંતર ઊર્મિબળ એ વૈરાગ્ય છે અને ૯૯ ટકાનો પરસેવો એ અભ્યાસ છે. સૌમાં કદાચ આંતર ઊર્મિ ઓછીવત્તી હોય, — એકસરખી ન પણ હોય. પરંતુ અભ્યાસનો પરસેવો તો ધારે તો સૌ પાડી શકે.

અભ્યાસ અને વૈરાગ્યના સંબંધનો વિચાર કરતાં પેલી સસલા અને કાચબાની વાત પણ યાદ કરવા જેવી છે. માત્ર સહજશક્તિ પર નિર્ભર રહી પ્રમાદમાં પડનાર સસલું હોડમાં હાર્યું; અને જેટલી પણ શક્તિ હતી તેનો ખંત-અને-લગની-ભેર ઉપયોગ કર્યા કરીને કાચબો જીત્યો. અભ્યાસનું બળ એવું છે.

એમ છતાં, એની સાથે વૈરાગ્ય જોઈએ જ. વૈરાગ્ય અભ્યાસની આંખ છે. જેમ જ્ઞાન વિનાનું કાર્ય, તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વૈરાગ્ય વિનાનો અભ્યાસ મિથ્યા જવા પૂરી બીક રહે છે. તેથી જ જડ પ્રથા કે રૂઢિઓ, નવો કોઈ પવન વાતાંવેંત, ઊડી જાય છે; શ્મશાન-વૈરાગ્યને વીતતાં વાર નથી લાગતી; અને ભારે જૂની ટેવો પણ, તેમનાં દોષિતતા કે ખરાબ-પણાનું જ્ઞાન થતાં, સુધરી શકે છે. સાચા જ્ઞાનના અગ્નિ-કણથી અજ્ઞાન અને પાપના ઓઘલા ભસ્મસાત્ થઈ જાય છે, તે પણ આથી જ કહેવાયું છે. આવી શક્તિ વૈરાગ્યની છે. પણ તેનો અર્થ સામાન્ય લોકમાં બહુ ગેરસમજ ભરેલો ચાલે છે. નકારાત્મક શબ્દ હોવા છતાં, વૈરાગ્ય એક પ્રકારના ચોક્કસ જ્ઞાનનું કે તજ્જન્ય બળનું વાચક છે. તેને માટે આત્મબળ જોઈએ છે; સુખદુઃખ તથા પદાર્થોના ખરા સ્વરૂપ વિષેની પાકી અને અચળ સમજ જોઈએ છે. 'પડ્યા ત્યારે કહે કે નમસ્કાર,' અથવા 'અશક્તિમાન્ ભવેત્ સાધુઃ' કે એને મળતી ઉક્તિઓ વૈરાગ્યને આમ ખોટું સમજવા સામે લાલ બત્તી ધરવાને માટે છે. વૈરાગ્ય એક પ્રકારનું બળ છે, અને એમ જ યોગસૂત્રકાર તેને વર્ણવે છે—

दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ।। १५ ।।

આ લોકમાં સાક્ષાત્ જોવા-જાણવા મળતા એવા 'દૃષ્ટ' વિષયો, અને બીજા લોકોમાં ભોગવવા મળે છે એમ શાસ્ત્રાદિમાં કહેલું સાંભળવાથી જાણીએ છીએ એવા આનુશ્રવિક વિષયો— ટૂંકમાં આ લોક તથા પરલોકમાં મળતા બધા વિષયો કે પદાર્થો પ્રત્યે તૃષ્ણાબુદ્ધિ ન હોવાથી ચિત્તમાં જે વશીકારભાવ કે કાબૂ આવે છે, તેનું નામ વૈરાગ્ય છે. વિષયોનું સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


લક્ષણ એમ મનાય છે કે, (નાવને વાયુ હરે એમ) તે ચિત્તને ખેંચી જાય છે. આ વશીકાર નથી, અવશતા છે. તેવી અવશતાથી કશું કામ ન બની શકે.

આવો વશીકાર કે પોતા ઉપરનો કાબૂ માત્ર આધ્યાત્મિક કામમાં જ આવશ્યક છે એવું નથી. કાર્યમાત્રમાં કાંઈને કાંઈ કાબૂ રાખીએ તો જ તે સધે છે. ભણનાર વિદ્યાર્થી પોતાના ભણતરને માટે મન ઉપર કાબૂ રાખે, મનને વિદ્યાકાર્યની બહાર ચહેલવા ન દે, તો જ તે ભણી શકે. વેપારી તેના વેપારકામમાંથી વ્યગ્ર રહે તો ન જ ફાવે. એમ વૈરાગ્ય તો દરેક માટે જરૂરી બળ છે. પોતાના ઇષ્ટ વિષયમાં ધ્યાન રાખવું એટલે અન્ય તરફ વિરાગી તો બનવું જ જોઈએ. એમ બનવાને માટે ચિત્ત આપણા કાબૂમાં રહેવું જોઈએ. એ કાબૂનું નામ જ વૈરાગ્ય. માત્ર, વિશેષ એ છે કે, અધ્યાત્મમાં અથવા કહો કે મનુષ્યના પરમ — ચરમ પુરુષાર્થને સારુ તે કાબૂની માત્રા તેવી જ પરમ જોઈએ.

આવો વશીકાર મેળવવાને માટે હમેશ વિષયોના સ્વરૂપ વિષે સાચી સમજ મેળવી, તેમનું દોષદર્શન કરતા રહેવું જોઈએ. જાગૃતિ- કે અપ્રમાદ- પૂર્વક, તેમનાં આકર્ષણથી ચિત્તને ખેંચાઈ જતું ઝાલી રાખવું જોઈએ. એ કામ કરવાને માટે વૈરાગ્યબળ કામ આવે છે.

અને જેવો આપણી ઇષ્ટ વસ્તુનો પ્રકાર તે પ્રમાણે આ બળ વધારે અને ચડિયાતું જોઈએ. આત્મા વિષયમાત્રની માતારૂપ જે પ્રકૃતિ, તેનાથી ભિન્ન છે. એટલે, સૂત્રકાર



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અનેકવિધ એ વિષયો અંગેના વશીકારથી જુદો પાડીને પરમ વૈરાગ્યને વર્ણવતાં કહે છે કે.

तत् परं पुरुषख्यातेः गुणवैतृष्ण्यम् ।। १६ ।।

જ્યારે પુરુષતત્ત્વનું જ્ઞાન થાય છે — પ્રકૃતિથી પુરુષ ભિન્ન છે એમ ખરેખર સમજાય છે, ત્યારે તે વૈરાગ્ય પરમ શ્રેષ્ઠ પદે પહોંચે છે. હંમેશાં તો વિષયો અને મન વચ્ચે ખેંચાખેંચી જ રહે છે; તેથી હર ઘડીએ મનમાં આપણે દોષદર્શન કરી કરીને વસ્તુઓની ખરી સમજ જગવતા રહેવું પડે છે. આવો અભ્યાસ સતત ચાલે છે, ત્યારે છેવટે જડ અને ચેતન વચ્ચે જે મૌલિક ભેદ છે, તેનો વિવેક ચિત્તમાં જાગે છે. જેમ કે, જેને આ દેશની પરદેશી સરકારની અશુભતા વિષે પાકો ખ્યાલ બંધાયો, તે સ્વપ્ને પણ તેની સેવા કે સહકારમાં જવા જાતે કરીને મન નહિ કરે. તેને સરકાર વિષે પાકું 'ગુણવૈતૃષ્ણ્ય' થઈ ગયું. તેમ જ ચિંતન-મનનના લાંબા અભ્યાસ અને અનુભવે જેણે જોયું કે, પુરુષ કે ચેતન એ જ સત્ય સનાતન છે, અને પોતાના ત્રણ ગુણો દ્વારા ખેલતી આ વિશ્વની પ્રકૃતિ તો છે-નથી, તે માણસ પછી તેનાથી ભરમાતો મટે છે. કેમ કે જ્ઞાન કે સમજની એક એવી પરમ જગાએ તે પહોંચે છે કે જ્યાં તેને અજંપો કે અવશતા હરાવી કે ડગાવી શકતાં નથી. આ જ પરમ દૃઢ વૈરાગ્ય છે. ગીતાકારે તેની શૈલીમાં આ વાતને આમ વર્ણવી છે—

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


માણસ (વિષયોરૂપી) આહાર લેવાનું બંધ કરે તો તેના વિષયો ટળે છે તો ખરા. એવા સતત દોષદર્શનની ચમરીથી તે મગતરાં ઊડી જાય છે. અને સામાન્ય મનુષ્યે એ જ કામ કર્યા કરવાનું છે. પણ તે સમજે કે, વિષયોનું મૂળ ચિત્તના રસ છે; અને —

रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ अ० २, ५९ ॥

આ રસ પણ મૂળગો ત્યારે જ જાય કે જ્યારે પરમ તત્ત્વનું દર્શન થાય. સૂત્રકાર આને જ 'પુરુષખ્યાતિ' કહે છે. અને એને જ 'જ્ઞાન' પણ કહેવામાં આવે છે. એટલે થયું એવું કે, અભ્યાસ કરવાનો છે તે સાચો વૈરાગ્ય મેળવવા માટે; અને તે માટે સાચી સમજ કે દૃષ્ટિ કેળવવી જોઈએ. તે સમજ છેલ્લી અવધિએ ક્યારે પહોંચે? કે જ્યારે પ્રકૃતિ-પુરુષના નોખાપણાનો વિવેક જાગે. આ સમજ વગર વૈરાગ્ય નથી, અને વૈરાગ્ય વગર અભ્યાસ કેવો? આમ ટૂંકમાં આ બે સાધનો મળીને ચરમમાં ચરમ પુરુષાર્થની પણ સિદ્ધિ કરાવી આપે એવાં પ્રબળ છે. અને એ જ કોઈ પણ સાધનાનાં બે શાસ્ત્રશુદ્ધ અંગ છે —

૧. શું સાધવું છે તેની સ્પષ્ટ સમજમાંથી જન્મતો અન્ય બાબત વિષેના વૈરાગ્યરૂપી વશીકાર.

૨. આ વશીકારથી સજ્જ થઈ, જે સાધવું છે તેની પાછળ મંડ્યા રહેવાનો અભ્યાસ.

વાચકે જોયું હશે કે, આમાં શું સાધવું છે તેનો સ્પષ્ટ હકારાત્મક ઉલ્લેખ નથી; તે અનુસ્યૂત રાખ્યું છે. એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection; Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સ્પષ્ટ ઉલ્લેખથી ને એને જ વરીને સાધના કરવી, એટલે ઈશ્વરપ્રણિધાનનો બીજો નિરોધ ઉપાય. તે નવા પ્રકરણમાં જોઈશું.

૧૧-૨-'૪૬

## ૧૪

## ઈશ્વરપ્રણિધાન

આપણે જોઈ ગયા કે, વૃત્તિઓના નિરોધ માટે વૈરાગ્યપૂર્વક અભ્યાસ જોઈએ. જીવનમાં શું સાધવું છે તે વિષે એકતાન બનવું જોઈએ; એનો અર્થ એ કે, તે ઉદ્દેશ સિવાય બીજામાં મને દોડવું ન જોઈએ. આ જાતનો મન ઉપર કાબૂ હોવો એ વૈરાગ્ય. અને એ કાબૂને આધારે પછી, ઉદ્દેશ પાછળ મંડ્યા રહેવું એ અભ્યાસ. અહીંયાં પ્રશ્ન થાય કે, જીવનમાં શું સાધવાનું છે? પરાપૂર્વથી આનો જવાબ અપાતો આવ્યો છે કે, ઈશ્વર-સાક્ષાત્કાર. એટલે સૂત્રકારે વૃત્તિઓના નિરોધને માટે બીજું સાધન એ કહ્યું છે કે, ઈશ્વરપ્રણિધાનથી પણ તે સિદ્ધ કરી શકાય છે:-

ईश्वरप्रणिधानात् वा ॥ २३ ॥

ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વરનું અનન્ય શરણ, તેની પરાભક્તિ, તેને સમર્પિત જીવનપદ્ધતિ. એટલે તેમાં વૈરાગ્ય અને અભ્યાસ બેઉ તો આપોઆપ આવી ગયાં. વિશેષ એમાં એ છે કે, તેમાં જીવનને માટે ઉદ્દેશના ધારણરૂપ એવું ઈશ્વરતત્ત્વ વધારે આવે છે. આથી કરીને આ સાધનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભક્તિયોગ પણ કહી શકાય. આગળ એક સૂત્રમાં સૂત્રકાર ઈશ્વરપ્રણિધાનને ક્રિયાયોગમાં ગણાવે છે —

तपः-स्वाध्याय-ईश्वरप्रणिधानानि क्रियायोगः * (૨–૧)

તે એથી કરીને કે, એમાં ભક્તિના ક્રિયાકાંડનો અભ્યાસ પણ આવી જાય છે. આ ઉપરથી જ પ્રણિધાન કે ભક્તિને માટે અર્ચન, પૂજન, ઇ૦ બાહ્ય ક્રિયાવિધિઓનો નિત્ય અભ્યાસ યોજવામાં આવ્યો છે. પરંતુ, એ ભૂલવાનું નથી કે, એ વિધિઓ કર્યા કરવા એ કાંઈ પ્રણિધાન નથી; કેમ કે એ બધા વિધિઓ સો ટકા બરોબર કરનારમાં પણ ઈશ્વરપ્રણિધાન ન હોય; એ કેવળ આચારનો દંભ કે ભાવ વગરની જડતા પણ હોઈ શકે. ઈશ્વરપ્રણિધાનમાં પણ વૈરાગ્ય એટલે કે ઈશ્વર પ્રત્યે પરમ પ્રેમ હોવો જોઈએ. એવો પ્રેમ જેની પાસે હોય, તેને પછી જગતની તમામ સુખવસ્તુઓથી વિરાગી બનવામાં શી તકલીફ? અનેક ભક્તોનાં ભજનોનો પ્રધાન સૂર આ જ છે કે, પરમ પ્રાપ્ય એવા પ્રભુને છોડીને બીજે જનાર મૂર્ખ જ નથી?

ઈશ્વરપ્રણિધાનનો માર્ગ આ સાદીસીધી ને ભોળી પણ અનન્ય શ્રદ્ધાથી ચાલે છે. અભ્યાસ-વૈરાગ્યનો માર્ગ સાધનાનો આખો નકશો સૂક્ષ્મ બુદ્ધિથી સ્પષ્ટ કરીને ચાલે છે; તેમાં બુદ્ધિયોગ સાથોસાથ ચાલે છે. ભક્તિ કે ઈશ્વર-પ્રણિધાનમાં ઉપરની એકમાત્ર સાદી સમજનું તત્ત્વ અનન્ય

---

* તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન — એ ત્રણ ક્રિયાયોગ છે. પા૦ ૨, સૂ૦ ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હોય, તો તેનો માર્ગ આગળ ચાલે છે. તેને પણ પેલી સૂક્ષ્મ બુદ્ધિથી મળતી સમજ તો છેવટે આવી જ જાય છે. (જુઓ ગીતા —ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते । અ૦૧૦-૧૦। 'તેમને પણ હું બુદ્ધિ આપું છું, જેથી પછી તેઓ મને પામે છે.') પરંતુ તે અનુભવ કે સહજ સ્ફુરણ કે પ્રતીતિનો ઉદય થતો જાય એ ઢબે.

આ ફરકને લઈને ઈશ્વરપ્રણિધાનમાં વધારે સફળતા છે, એમ કેટલીક વાર કહેવામાં આવે છે. એક રીતે એમ કહી શકાય; પણ એમાં બહુ તથ્ય નથી. કારણ કે, શ્રદ્ધા-માર્ગમાં જડ ભુતપરસ્તી અને ભલતા પ્રકારના ઉન્માદનો મોહ જામી શકે છે. મંદિરો, પૂજા ઇ૦, જે દશાએ આજે છે, તેનો વિચાર કરીશું તો આ સ્પષ્ટ થશે. એમ જ અભ્યાસવૈરાગ્યની અંદર પણ જડતા અને ક્રિયાઓના અંધકૂપમાં પડવાનો ભય છે જ. જુઓ બુદ્ધકાળના અનેક સમાધિમાર્ગો, કે જે જોઈને પરમ જિજ્ઞાસુ બુદ્ધને કાંઈ સાર્થક ન જણાયું ને તેથી, તે બધાંને ભેદી, પાછો પરમ માર્ગ તેમને નવેસર શોધવો પડ્યો.

એટલે, આ બે માર્ગોમાં સરળ-અસરળને ન્યાયે વિચાર ન કરવો જોઈએ. પરંતુ, અગાઉ આપણે એક જગાએ જોયું હતું એમ, તેમાં પ્રકૃતિભેદ અને રુચિભેદ પ્રમાણે સાધકે પસંદ કરવાનું રહેલું છે, એમ માનવું. તીવ્ર જાગૃતિપરાયણ અપ્રમત્ત જીવન બેઉમાં સરખું જ જોઈએ છે. ઝીણવટભેર આખું જ્ઞાનવિજ્ઞાન સમજાતું જાય અને આ વિશ્વનો ફોયડો ઊકલે, એ બાબતમાં મોડાવહેલાપણાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફેર પડે, એટલું જ. નહિ કે એક પદ્ધતિથી અમુક પંચાત-માંથી બચી જવાય છે ને બીજીથી નથી બચાતું. માત્ર પંચાતનો કદાચ પ્રકાર બદલાતો હોય; બાકી રાગદ્વેષ, અજ્ઞાન કે મોહ કે મદ યા પ્રમાદનાં અંધારાં ઉલેચવાનું તો સરખું જ છે. ફરક એક છે અને તે એ કે, વૈરાગ્ય-સાધનમાં નિરાકાર અવલંબન છે, તેથી બુદ્ધિની તીવ્રતા શરૂથી જોઈએ; ભક્તિમાં સાકાર અવલંબન છે, તેથી શ્રદ્ધાની તીવ્રતા શરૂમાં જોઈએ. એ પરથી એમ પણ નથી માનવાનું કે, પહેલામાં શ્રદ્ધાની જરૂર નથી કે બીજામાં બુદ્ધિની નથી. બેઉમાં તેમનું પ્રમાણ એછુંવત્તું હોય અને તેમનો પ્રકાર—સ્વભાવ ને રુચિ પ્રમાણે—જુદો લાગે છે એટલું જ.

આથી કરીને કહી શકાય કે, બેઉ સાધનોમાં જેવી સાધકની તીવ્રતા હશે તે પ્રમાણે તેની ફાવટ ઓછીવત્તી થશે. સૂત્રકાર આ વિષે પણ બે સૂત્રથી ચોખવટ કરે છે. (સૂ. ૨૧, ૨૨.) આ સૂત્રો વિષે વિચાર પછીના પ્રકરણમાં કરીશું.

૨૧-૫-'૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૧૫

## સંવેગ અને સાધના

આપણે જોયું કે, નિરોધના માર્ગના બે પ્રકાર છે— ૧. અભ્યાસ અને વૈરાગ્ય (સૂત્ર ૧૨), ૨. ઈશ્વરપ્રણિધાન (સૂત્ર ૨૩). તે બેઉનું આછું સ્વરૂપ આપણે જોયું. બેઉ માર્ગ આમ ભલે જુદા ગણાવ્યા, છતાં બેઉમાં એકતાની ઓતપ્રોતતા રહેલી છે.

છેવટે જોતાં, બેઉમાં એકે વધારે સહેલો કે કોઈ રીતે ચડિયાતો છે એમ ન કહી શકાય. એ પ્રકારની ખેંચા-ખેંચી ઘણી વાર જોવામાં આવે છે, તેમાં મૂઢ સાંપ્રદાયિકતા, પક્ષપાત કે વિશેષ રાગ હોવા ઘણો સંભવ છે. નરી સાધનાની દૃષ્ટિ રાખીને જો આ બે માર્ગોને તપાસીએ, તો પોતાને ફાવે તે માર્ગે, પરંતુ પ્રમાદ કર્યા વગર અને મનના ભારે તનમનાટ ને તીવ્રતાની સાથે, સાધના કરવી જોઈએ. જે ફરક આ તીવ્રતામાં કે અપ્રમાદપૂર્વક પુરુષાર્થ કરવામાં હશે, તે પ્રમાણે નિરોધ સાધવામાં અને તેના ફળરૂપ જ્ઞાન થવામાં ઓછાવત્તાપણું રહેશે.

સૂત્ર ૨૧, ૨૨માં આ વાત કહી છે:—

तीव्रसंवेगानाम् आसन्नः ।। २१ ।।

मृदु-मध्य-अधिमात्रत्वात् ततोऽपि विशेषः ।। २२ ।।

જે સાધકો ભારે તીવ્ર સંવેગવાળા છે, તેમને (નિરોધ)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ટૂંકડો છે. અને આ સંવેગ મૃદુ કે હળવો હોય, મધ્યમ કોટિનો હોય, કે અધિમાત્ર અથવા અતિઘણો હોય, તે પ્રમાણે નિરોધ સિદ્ધ થવામાં અનુરૂપ ફરક પડે છે.

આ તો સાવ સાફ અને ઉઘાડી વાત છે. તેમાં કોઈને શંકા હોય નહિ. જેવી મહેનત તેવું ફળ અને જેવું દિલ તેવી બરકત — એ સામાન્ય નિયમ આ સ્થાને પણ કાયમ છે.

અહીં એક વાત જોવી રહે છે અને તે એ કે, સૂત્ર ૨૧, ૨૨નો ભાવાર્થ કોને લાગુ પડે છે? તે માત્ર વૈરાગ્ય – અભ્યાસ માટે જ છે? કે ૨૩મા સૂત્રમાં પછીથી ગણાવેલા ઈશ્વરપ્રણિધાનને પણ એ લાગુ પડે? વસ્તુતાએ જોતાં તો તે બધાને – સાધનમાત્રને – લાગુ પડે, એવો અબાધિત નિયમ છે. પરંતુ સૂત્રક્રમમાં પાછળ આવતા ઈશ્વરપ્રણિધાનાદ્વા સૂત્ર ૨૩ને લાગુ કરવામાં દોષ ગણાય.

પણ એ શાસ્ત્રાર્થમાં પડવા જરૂર નથી. એમ દેખાય છે કે, સાંખ્યદર્શન પ્રમાણે વિચાર કરવાનું કામ ૨૨ સૂત્ર સુધીમાં પૂરું થયું; અને સેશ્વર સાંખ્યનું ખાસ પ્રકરણ (સૂત્ર ૨૩ થી ૨૯) ત્યાર પછી ઉમેરાયું; આથી સંવેગમાત્રા પ્રમાણે ફલમાત્રાનો સામાન્ય નિયમ વચ્ચે આવી ગયો હોય, એમ બને. પરંતુ આ તો એક કલ્પના થઈ. એને લંબાવવાની જરૂર નથી. સાર એ છે કે, વૈરાગ્ય – અભ્યાસ અથવા ઈશ્વરપ્રણિધાન, જે હોય તે — તેની જેવી સંવેગમાત્રા કે તીવ્રતા, તે પ્રમાણે ફળ નીપજવાનું. આ ત્રણે વસ્તુનાં ઘટકબળ આ છે — શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, પ્રજ્ઞા (સૂત્ર ૨૦). જેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પોતાની શ્રદ્ધા, કે વીરતા, કે સ્મૃતિયુક્ત પ્રજ્ઞાબળ, કે સમાધિ યા એકાગ્રતા, તે પ્રમાણે સાધકને તેનું ફળ હાંસલ થશે. અંતે વાત એક જ છે કે, પોતે પોતાના સમગ્ર જીવનને વ્યવસ્થિત ને એકાગ્ર કરવાનું છે. તેને માટે શ્રદ્ધા અને વીર્ય કે બળ જોઈએ. ઉપનિષત્કાર કહે છે એમ, નાયમાત્મા બલહીનેન લભ્યઃ* । અને આ બળની માત્રા એ સાધ્ય માટેની આપણી કળકળ કે ઇચ્છાની તીવ્રતા અને તે માટેનો પુરુષાર્થ છે.

૧૮-૬-'૪૬

## ૧૬

## ઈશ્વર એટલે શું ?

૨૩ મા સૂત્ર "ઈશ્વરપ્રણિધાનાત્ વા" પછી સૂત્ર ૨૪થી માંડી ૨૯ સૂત્ર સુધી સૂત્રકાર આ વિષયને ચર્ચે છે. યોગ એક દર્શન છે. — એટલે શાસ્ત્ર છે. કોઈ પણ વિધાનને ચોકસ વ્યાખ્યા આપ્યા વગર એનાથી આગળ ન વધાય. ઈશ્વર એક નવું તત્ત્વ છે, કેમ કે સાંખ્યદર્શન બે જ તત્ત્વમાં પોતાનું સમગ્ર 'સંખ્યાન' પૂરું કરે છે — એક, જડ એવું આ ઇંદ્રિયગમ્ય દૃશ્ય જગત; બીજું, ચેતન એવું પુરુષતત્ત્વ. આ બે બહાર બીજું કોઈ સત્ત્વ હોય નહિ. તો પછી આ 'ઈશ્વર' શું ? યોગકારે એનો ઉત્તર આપીને આગળ જવું જોઈએ.

* મુંડક ઉપનિષદ, ૩, ૨, ૪,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ પ્રશ્ન જગતમાં હંમેશાં ચર્ચાતો આવ્યો છે. ઈશ્વર છે કે નથી, છે તો કેવો છે, શું કરે છે, ઇ૦ જાત જાતના સવાલો આ ઈશ્વર તત્ત્વ વિષે પુછાય છે. યોગ એ જીવનસાધનાનું દર્શનશાસ્ત્ર છે. સાંખ્યની પેઠે તર્ક અને પ્રજ્ઞા જ નહિ, શ્રદ્ધા અને કલાને પણ તે પોતાના માર્ગમાં સ્થાન આપે છે. તેનો અભ્યાસ કેવળ સ્વાધ્યાય કે પ્રવચનની તાર્કિક પદ્ધતિ નથી, તેમાં ક્રિયા પણ આવે છે. આપણે આગળ જોયું કે, ઈશ્વરપ્રણિધાનનો માર્ગ યોગની ખાસિયત છે, જેથી તેને સેશ્વર સાંખ્ય પણ કહે છે.

પરંતુ કલા પણ કાંઈ તર્કાતીત વસ્તુ નથી. હૃદયના ભાવો દ્વારા કામ કરવું કે મગજના તર્કના ન્યાયોથી કામ કરવું — બેઉમાં સૂક્ષ્મ એવી એકતા રહેલી છે, અને તે એ કે, તે બંને અંતે તો ચિત્તના જ વ્યાપાર હોઈ પ્રજ્ઞા કે વિવેક બહાર બેમાંથી કોઈ ન જઈ શકે. આથી યોગે બતાવેલું ઈશ્વરપ્રણિધાન તર્કશુદ્ધતા કે વિવેકની બહાર નથી જતું. તેવા વિવેકના પાયારૂપ સમજૂતી હવેનાં થોડાંક સૂત્રોમાં યોગકાર આપે છે.

૨૪મા સૂત્રમાં ઈશ્વરની વ્યાખ્યા આપી છે કે, તે પ્રકૃતિ નથી; તેમ જ કેવળ સામાન્ય પુરુષતત્ત્વ પણ નથી; તે વિશેષ પુરુષ છે, એટલે કે, પુરુષ પેઠે તે ચેતનગુણી છે; પરંતુ એમાં એક વિશેષતા છે. તે વિશેષતા જણાવીને સૂત્રકાર ઈશ્વરની વ્યાખ્યા કરે છે —

क्लेश-कर्म-विपाक--आशयैः अपरामृष्टः पुरुषविशेषः ईश्वरः ॥ २४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(આગળ પાદ ૨, સૂ. ૩માં સમજાવવામાં આવનાર પાંચ) ક્લેશો,* કુશળ-અકુશળ કર્મો અને તેમનાં ફળ, અને તેમને લઈને ચિત્તમાં બેસતી તેમના સંસ્કારોરૂપી વાસનાઓ — આ બધું જીવની વિભૂતિ છે. કેવળ ચેતનરૂપ એવો જે પુરુષ તે આ બંધનોથી જીવભાવને પામે છે. તેમાં ઈશ્વર એવો ખાસ પુરુષ છે કે, તે આ બંધનોથી સદાય — ત્રણે કાળમાં અલગ અલિપ્ત કે અસ્પૃશ્ય છે. તેને ક્લેશ નથી, કર્મ નથી, તેનાં ફળ નથી, વાસનાઓ નથી. એટલે એને જન્મમરણાદિનાં કશાં બંધન નથી; — કદી નહોતાં કે નથી કદી થવાનાં.

આ સાદા સીધા અને ટૂંકડા સૂત્રની વ્યાખ્યા ગીતાકારે અનેક શ્લોકોમાં આપી છે. અધ્યાય પંદરમો આ વ્યાખ્યાને માટે ખાસ ગણાય: તેને પુરુષોત્તમયોગ જ કહ્યો છે. ત્યાં 'પુરુષવિશેષ' પદને બદલે 'પુરુષોત્તમ' જેવું રૂપાળું પદ વાપર્યું છે; અને તેની સ્પષ્ટતા કરી છે કે, (અ. ૧૫, ૧૬-૮) "લોકમાં બે પ્રકારના પુરુષો છે — એક ક્ષર અને બીજો અક્ષર. ક્ષર પુરુષ તે આ ભૂતમાત્ર — આ સૃષ્ટિ છે; અને તેમાં જે તટસ્થ કૂટસ્થ આત્મારૂપે છે તે બીજો અક્ષર પુરુષ છે. પરંતુ એમનાથી ઉત્તમ એવો એક પુરુષ છે જેને પરમેશ્વર કહે છે. તે જ આ ત્રણે લોકને વ્યાપીને અચળરૂપે રહેલો ઈશ્વર છે. તે

*अविद्या-अस्मिता-राग-द्वेष-अभिनिवेशाः क्लेशाः पा०२, सू०३ — અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અને અભિનિવેશ એ ક્લેશ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ક્ષર એવા પ્રકૃતિતત્ત્વથી પર છે, અક્ષર એવા પુરુષથી ઉત્તમ છે, તેથી લોકમાં તથા વેદોમાં તેને પુરુષોત્તમ કહ્યો છે."

આ શ્લોકો આ ટૂંકા સૂત્રનું કાવ્યમાં ભાષ્ય છે. એ અને ગીતાના આ વિષયના બીજા શ્લોકો આ સાથે વિચારવાથી આ સૂત્રનો અર્થ સમજવામાં રમૂજ પડશે.

પ્રશ્ન અહીં એ છે કે, પરંતુ આવો ઈશ્વર છે એનું પ્રમાણ શું? સૂત્રકાર આ વિચાર હવે પછીના સૂત્રમાં કરે છે:

૧૫-૭-'૪૬

## ૧૭

## ઈશ્વરનું પ્રમાણ શું?

જન્મ મરણ તથા જરા વગેરે દુઃખોથી ત્રણે કાળમાં અલિપ્ત છે એવો જે ખાસ પુરુષ તે પુરુષોત્તમ કે ઈશ્વર છે; અને એનું પ્રણિધાન કરવાથી પણ યોગ સધાય છે, એ આપણે અગાઉ જોઈ આવ્યા.

પણ પ્રશ્ન એ થાય કે, આવો ખાસ પુરુષ છે એમ તમે શા ઉપરથી કહો છો? એ તમારી એક તાર્કિક જરૂર પરથી કરેલી કલ્પના જ છે? કે એથી વધુ કાંઈ પ્રમાણ એ માટે છે? ૨૫ મું સૂત્ર આ શંકાનું નિવારણ કરે છે. તે આમ છે:

तत्र निरतिशयं सर्वज्ञबीजम् ॥ २५ ॥

(તે પુરુષ-વિશેષ ઈશ્વરમાં સર્વજ્ઞતાનું બીજ નિરતિશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


બને છે.) એ વિશેષ પુરુષમાં જ્ઞાનની પરાકાષ્ઠા થાય છે; તે સર્વજ્ઞ છે. આપણ સર્વ મનુષ્યોમાં જ્ઞાન કે જિજ્ઞાસાનું બીજ અચૂક હોય છે, ને ઓછુંવત્તું દરેકમાં એ ફૂલે છે ફાલે છે પણ ખરું; સૉક્રેટિસ કે શંકર યા બુદ્ધ મહાવીર આદિ મનુષ્યોમાં એ અપાર હદે પહોંચે છે એય ખરું; છતાં તેને માનવ-મર્યાદા રહેલી જ છે. આમ છતાં, માનવની જો ભૂખ જુઓ તો ? એની જિજ્ઞાસા બધું જ આવરી લેવા તલસે છે. એનો મૂળ પ્રશ્ન જ એ છે કે, कस्मिन्नु . . . विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ? (શું જાણ્યાથી સર્વજ્ઞ બની જવાય?) આ જે અમાપ માનવ જ્ઞાનવાસના તે જ સર્વજ્ઞબીજ છે. સૌમાં સર્વજ્ઞતાનું આવું બીજ તો રહેલું જ છે, એટલે એની પરિપૂર્ણતા હોવી એ આપોઆપ સ્વતઃ-સિદ્ધ વસ્તુ બને છે. માનવહૃદય જ એનું પ્રમાણ છે. તેની આસ્તિકતાનો અર્થ જ એ છે કે, સર્વજ્ઞબીજરૂપી એની જે પરમ અને સ્વભાવસિદ્ધ ઝંખના છે, તેની સફળતા થવાની જ છે, એવી સ્વયંભૂ શ્રદ્ધા કે અચળ પ્રતીતિ.

આ બીજની સિદ્ધિ એટલું શું ? જ્યાં આગળ એ બીજ એટલું ફૂલેફાલે કે તેનાથી અતિશય કાંઈ ન રહે. એ સર્વજ્ઞબીજ એવી નિરતિશય દશાને જ્યાં પામે, એ સ્થાન કે ધામ કે પદ તે પુરુષોત્તમ છે.

આમ ઈશ્વર માનવ હૃદયથી સિદ્ધ છે. તેને માટે બાહ્ય પ્રમાણની જરૂર નથી. જેમ ક્લેશ, કર્મ વગેરેનાં બંધનોના અનુભવ છતાં, તે બધાથી નિતાંત મુક્ત સ્થિતિ અચૂક છે, એમ આપણે જીવનના અણુએ અણુમાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ક્ષણે ક્ષણમાં સાક્ષાત્ અનુભવીએ છીએ, અને છતાં તે મનબુદ્ધિથી કદાચ સ્પષ્ટ ન પણ સમજતા હોઈએ; તેમ જ આપણી અલ્પજ્ઞતા છતાં આપણે ક્ષણે ક્ષણ સર્વજ્ઞતાને ઉપાસીએ છીએ, અને એમ એ પરમ પુરુષ કે વિશેષ પ્રકારના પુરુષની હયાતીને અણુએ અણુમાં કબૂલીએ છીએ. આથી, કોઈ બીજું પ્રમાણ એને માટે જરૂરી નથી. એથી મોટું પ્રમાણ હોય પણ શું ? ૨૪ મું અને ૨૫ મું સૂત્ર એ કહેવા માગે છે.

યોગશાસ્ત્ર મનુષ્યની વ્યાખ્યા 'સાધક' સમજીને ચાલે છે. અને ખરેખર, દરેક જીવ સાધક છે; ભલે એના પ્રકારો પાડી બતાવો. છતાં જીવ છે તો તેમાં જીવનસિદ્ધિનું મુગ્ધ કે અમુગ્ધ પ્રયોજન પડેલું જ છે. અને એ જ સાધકતા છે. અને બધા સાધકો એક પરમ સિદ્ધને જાણ્યે-અજાણ્યે ઉપાસે છે. જેમ દરેક લીટી યુક્લિડની આદર્શ લીટીને ઉપાસે છે એમ. એટલું જ નહિ, દરેક લીટીમાં એ યુક્લિડ રેખા અમૂર્તપણે રહી જ છે. તેવી જ રીતે, જીવ-માત્રમાં તેની પરમસિદ્ધિરૂપ જે પુરુષ-વિશેષ તે રહેલો જ છે. અને તે આઘે કે પાસે જ નહિ, એ દરેકમાં ને એના અંતરબાહ્યને સમાવી લઈને રહેલો છે.

આથી જ આ ઈશ્વરતત્ત્વ આપણું પ્રણિધાનપાત્ર છે; દરેકનું એ પરમ ઉપાસ્ય છે, આલંબન છે. જ્ઞાન- અને સમજ- પૂર્વક એવા એ તત્ત્વનું આલંબન જીવનમાં સેવવું એ જ ઈશ્વરપ્રણિધાન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આ સાદી ઈશ્વર-વસ્તુની આસપાસ પાર વિનાની બુતપરસ્તી અને મૂઢતા વ્યાપી છે. એનું ઘર, એનું રૂપ, એની શોભા, એનો શણગાર, એની પત્ની અને પરિવાર, તેના અવતાર કે પેગંબરો, ઇત્યાદિ આખો માનવ જગતનો સંભાર એ ખાસ પુરુષનેય આરોપાયો છે. માનવી પોતાના ઇષ્ટને પોતાની સમજનું જ સર્વ આપે ને! છતાં, એ બધું કાવ્યની કે ભાવનાની સૃષ્ટિમાં અને તે દ્વારા પ્રણિધાનના આપણા વેગને પુષ્ટ કરવા માટે જ કદાચ જો હોય તો હોય. એથી બીજી રીતે એ બાધક, મોહક, અને મારક પણ બને. અને પ્રજાઓના ઇતિહાસમાં એમ બન્યું છે અને બન્યા કરે છે. એટલે, આ ગંભીર ખાડાથી સંભાળીને ચાલવાનું છે.

યોગસૂત્રકાર ઈશ્વરનો જે અર્થ સમજાવે છે એ અર્થમાં હજી એકબે અંશ ઉમેરવાના. બાકી રહે છે, જે અંશો પણ, ઉપરની પેઠે, સારી પેઠે લોક-સમજમાં ભ્રષ્ટ બન્યા છે અને અજ્ઞાન તથા પાપને પ્રેરનારા બન્યા છે. એ બે હવે પછીનાં સૂત્રોમાં કહે છે.

૬-૯-'૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૧૮

## પરમ આદિગુરુ

ઈશ્વરને એક પુરુષવિશેષ ગણીને સૂત્ર ૨૪માં વર્ણવી બતાવ્યો. વિશેષતા એ બતાવી કે, સામાન્ય પુરુષો અથવા જીવો ક્લેશ-કર્મનાં બંધન વગેરેમાં લપટાયેલા હોય છે, ત્યારે ઈશ્વર તેથી મુક્ત છે. આ એક તેની સમજાય એવી વ્યાખ્યા થઈ; કેમ કે જીવમાત્ર ક્લેશ કર્મ ઇ૦ની પીડાઓથી મુક્ત થવા ઝંખે છે, એનો અર્થ જ એ છે કે, એ આદર્શ જેનામાં સદાય સિદ્ધ છે એવો પુરુષ છે અને પોતે તેને પહોંચી શકે છે. એ ઝંખના એની મૂળ પ્રકૃતિ જ છે. આ ભાવને બરોબર રટવા, તેમાં ઓતપ્રોત થવા, માણસે તે ભાવની મૂર્તિ, તેનાં ગુણગાન કરવા ભજનો, અને અનેક ભાવોથી તેનો પ્રેમ કેળવવા ભક્તિ વગેરે યોજ્યાં છે. એવો એક મોટો ક્રિયાયોગ ઊભો કર્યો છે, જેનું રહસ્ય કોઈ પણ ઉપાયે ઈશ્વરપ્રણિધાનની તીવ્ર ભાવના પેદા કરવાનું છે.

એ જ પુરુષ-વિશેષને ઓળખાવવા, તે પછીના પચીસમા સૂત્રમાં, મનુષ્યહૃદયની એક બીજી મૂળભાવના બતાવવામાં આવી છે. તે છે જિજ્ઞાસા. એ જિજ્ઞાસા જ્યાં પરમ કોટિએ પહોંચે તે ઈશ્વર છે. માનવ હૃદયમાં રહેલી જિજ્ઞાસાનો આદર્શ ત્યાં જઈને શમે છે. જે પોતાથી વધારે જાણે છે, તેની પાસે માણસ જિજ્ઞાસાથી જાય છે; પરિપ્રશ્નથી અને



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સેવાથી તેની પાસેથી જ્ઞાન મેળવે છે. ગુરુભાવની આ વૃત્તિ સહજ છે. તેને આરાધવા માટે ગુરુ પ્રત્યે ઈશ્વરભાવ યોજવામાં આવ્યો છે[1]; અને તે ભાવ વિલસાવવા માટે એની પૂજા, શુશ્રૂષા ઇ૦ કરાય છે. સ્વાભાવિક રીતે ગુરુ-પૂજા એક મોટી વસ્તુ ગણાય છે. જેમ કે, गुरुः साक्षात् परब्रह्म[2] છે એમ કહેવાયું છે. ગુરુના મહિમા વિષે થોકબંધ કથાઓ ને ભજનો ભાષામાં ઊતર્યાં છે.

આ સાદી વાત ઉપરથી સૂત્રકારે ઈશ્વરની બીજી વ્યાખ્યા કે ઓળખ આપી છે, તે આ પ્રમાણે—

पूर्वेषामपि गुरुः कालेन अनवच्छेदात् ॥ २६ ॥

–પૂર્વે થઈ ગયેલા આદિ ગુરુઓનો પણ તે ઈશ્વર ગુરુ છે. કેમ કે, તે ગુરુઓ તો કોઈ ને કોઈ કાળે થયા; ત્યારે ઈશ્વર તો અકાલરૂપ અનાદિ હોઈ, તેમની પણ પૂર્વનો આદિપુરુષ હોઈ, પરમ આદિગુરુ છે.

ગુરુ પાસેથી વિદ્યા મળે એમ સાધારણ રીતે માનીએ છીએ. ગુરુને તેના ગુરુ જ્ઞાન આપે, તેને તેના ગુરુ આપે, એમ ગુરુપરંપરાને છેડે પરમ આદિ ગુરુ જે રહેલો છે તે ઈશ્વર છે.[3] તે સર્વજ્ઞ છે, તેથી પરમ ગુરુ છે; તેની આરાધના કરવી જોઈએ, જેથી જ્ઞાન મળે.

---

૧. જુઓ પેલું કબીરનું ભજન—गुरु बिन कौन बतावे वाट ?

૨. गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

૩. આ જ વસ્તુને ગીતાકારે અ. ૪, શ્લો૦ ૪–૫માં કહી છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આ ઉપરથી ગુરુવાદ જન્મ્યો છે અને જેમ મૂર્તિ-પૂજા ઇ૦માં જડ બુતપરસ્તી અને અંધશ્રદ્ધાનાં દૂષણ પેદા થયાં છે, તેમ જ ગુરુને નામે પણ થયા કરે છે, એ હિંદુ સમાજમાં સારી પેઠે જોઈ શકાય છે. જો ઈશ્વર આપણ સૌનો પરમ ગુરુ છે જ, તો તે જ સાચો ગુરુ છે અને એનું પ્રણિધાન કરીએ, તો તે ગુરુ આપણને ફળે જ. આ સાત્ત્વિક ગુરુબુદ્ધિ ધારણ કરવી જોઈએ, એમ આ સૂત્ર પરથી તારવી શકાય.

૫-૫-'૫૨

## ૧૯

## ઈશ્વરનું નામ અને રૂપ

આપણે જોયું કે, ઈશ્વર મનુષ્યમાત્રનો પરમ આદિ ગુરુ છે, કારણ કે તે અંતર્યામી છે, તે સર્વજ્ઞ છે; આપણ દરેકમાં વસેલી જ્ઞાનભૂખનો તે જ ખરો ભાગનાર અન્નદાતા છે, કારણ કે ઈશ્વરમાં જ્ઞાનની માત્રાની પરાકાષ્ઠા થાય છે.

અને આવો પરમ ગુરુ દરેક પાસે છે; તેને ખોળવા જવાની જરૂર નથી; તેની પસંદગીમાં ભૂલ થવા સંભવ નથી; તે કોઈને માટે કદી ખૂટનાર નથી; તે ગુરુઓનો પણ ગુરુ છે. તેની ઉપાસના કરવાની છે—તેની પાસે જવાનું મનુષ્યે શીખવું જોઈએ. એ જ એનું પ્રણિધાન છે. અને આ પણ યોગસિદ્ધિનો એક માર્ગ છે.

પ્રશ્ન એ છે કે, એની પાસે શી રીતે જવાય? જે દરેકના અંતરમાં વસેલો છે, જે સર્વજ્ઞતાનો પરમ ભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છે, તેની ઉપાસના શી રીતે કરવી ? તેનું પ્રણિધાન એટલે શું કરવાનું? હવે પછીનાં બે સૂત્રો સાધનાના આ પરમ પ્રશ્નનો ઉત્તર આપે છે.

ઉપર આપણે જોયું કે, ઈશ્વર પરમ ભાવ છે, તે કોઈ રંગરૂપવાળો સ્થૂળ પદાર્થ કે વસ્તુ નથી. અને એ ભાવ મનુષ્ય-હૃદયમાં તેના જીવની લગોલગ – અરે, તેના જીવના પણ જીવરૂપે – જડાયેલો છે. જીવનું જે સનાતન દુઃખ, ન સંતોષી શકાય એવી ઉત્કટ જિજ્ઞાસા, કે મેળવવાની યા સાધવાની સદા-અતૃપ્ત ભૂખ કે તૃષ્ણા, એનું સાંત્વન થવું, એ ભાવ તે ઈશ્વરભાવ છે. આવું સાંત્વન મેળવવા માટે મનુષ્ય સતત મથ્યા કરે છે. એ સાંત્વનના પ્રકારો પ્રમાણે તે ઈશ્વરના ભાત-ભાતના ભાવો પણ સમજે છે ને આરાધે છે; પરંતુ તેનો પરમ ભાવ જાણતો નથી. છતાં તે મથે છે તો એ પરમ-ભાવને જ ભેટવાને માટે. મનુષ્ય દુઃખ, અતૃપ્તિ, તૃષ્ણા કે જિજ્ઞાસા છોડી શકે તો જ તે એ બધાના પરમ-નિર્વાણનો જે ભાવ ઈશ્વર છે, તેને છોડી શકે. આમ, પરમ તૃષ્ણા અને પરમ તૃપ્તિ, એ બે વસ્તુઓ એક જ ઢાલની બે બાજૂ સમી છે. આથી જ ઈશ્વરેય જીવની લગોલગ અને તેના જીવપણારૂપે રહેલો ભાવ છે, એમ ઉપર કહ્યું છે; તે દૂરમાં દૂર અને નજીકમાં પણ નજીક છે એમ કહ્યું છે; તેની સ્તુતિ કરતાં કહીએ છીએ – त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुश्च सखा त्वमेव । પરંતુ, આવી માનવ સગાઈની ભાષામાં બોલીએ, છતાં તે અમૂર્ત છે એ ભૂલવાનું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઈશ્વરના આવા સ્વરૂપ વિષે યાજ્ઞવલ્કય ઋષિનો નીચેનો શ્લોક બરાબર યાદ રાખવા જેવો છે—

अदृष्टविग्रहो देवो भावग्राह्यो मनोमयः ।
तस्योंकारः स्मृतो नाम तेनाहूतः प्रसीदति ।

(જેનું શરીર અદૃષ્ટ છે,–સાક્ષાત્ જોવામાં ન આવી શકે તેવું છે; એટલે જેને મનુષ્ય પોતાના ભાવ કે ભાવનાથી સમજી કે પામી શકે છે, અર્થાત્ જે મનોમય છે; દેવ કે પરમેશ્વર એવો છે. તેનું નામ ૐકાર છે એમ સ્મૃતિ કહે છે. તે નામથી જો એને બોલાવીએ— તેને જપીએ, તો તેનો પ્રસાદ મળે છે.)

હવે વિચાર કરીએ કે, સૂક્ષ્મ એવા ભાવને પહોંચવા માટે મનુષ્ય પાસે શું સાધન છે? મનુષ્ય એવો ઘડાયેલો છે કે, નામ કે રૂપ દ્વારા તે કશું પણ આલંબન લઈને જ, સામાન્યપણે સૂક્ષ્મ એવા કોઈ ભાવને પકડી શકે છે. તેથી ઈશ્વર અવ્યક્ત અનામી છતાં તેને વ્યક્તિત્વ અને નામ આપીએ છીએ. નામ એટલે શબ્દ; અને રૂપ એટલે મૂર્તિ. જગતનો ધાર્મિક ઇતિહાસ જોઈશું તો જણાશે કે, દરેક યુગમાં અને દરેક પ્રદેશમાં તે તે માનવ સમાજ પાસે આ પરમભાવને માટે કંઈનું કંઈ નામ છે અને કશું ને કશું તેનું રૂપ મૂર્તિ કે બુત રૂપે છે. મનુષ્યે આ પરમભાવની નિકટતા અનુભવવા માટે કે તેની ઉપાસના કરવા માટે કે તેનું પ્રણિધાન સેવવાને સારુ નામનો અને મૂર્તિનો— કોઈ પણ અમુક પ્રતીકનો ઉપયોગ કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અને એ પણ સાથે સાથે નોંધવા જેવું છે કે, એમાંથી જ જડ 'નામ-પરસ્તી' અને 'બુત-પરસ્તી' યા તેને લગતા વહેમો પણ એવી જ સતતતાથી ચાલતાં આવ્યાં છે. મારું કે મેં પાડેલું નામ જ ખરું અને બીજું ખોટું : રામ, રહેમાન, યહોવા, અર્હંત, અહુરમઝ્દ, 'ગૉડ,' અલ્લા, ઇ૦ નામો એક જ ભાવના વાચકો છે, એ સમજ નથી રહેતી. તેમ જ રામ, કૃષ્ણ, જિન, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, શિવ, ઇ૦ મૂર્તિઓ જ છે, બુત છે; તેઓ પોતા થકી જે સૂચવવા કે દેખાડવા માગે છે તે ભાવમાં જઈને તો એ બધી એક જ છે, એ ભૂલી જવાય છે.

ગયા પ્રકરણમાં ગુરુવાદને લઈને ઈશ્વરભાવ વિષે થયેલી ગુરુ-પરસ્તીની એક વહેમી ખરાબીની વાત કરી લીધી. ૧૭મા પ્રકરણની આખરે જે બે નાસ્તિકતાઓ * હવે પછીનાં સૂત્રમાં નિરૂપેલ અંશો અંગે ઊભી થાય છે એમ કહેલું, તેમાંની એ એક છે. બીજી તે નામ-પરસ્તી. મનુષ્યને ભાવગ્રહણ કરવાને માટે નામ અને રૂપનું આલંબન લેવું પડે છે, એ હકીકતમાં નામ-પરસ્તી અને બુત-પરસ્તીની ઉત્પત્તિ રહેલી છે. પણ તેમાં જડતાથી અંધ ન બનવું જોઈએ.

---

* ઈશ્વરનો જે પરમભાવ તેમાં શ્રદ્ધા એ સાત્ત્વિક આસ્તિકતા છે. તેની તુલનામાં બીજી બધી આસ્તિકતાને નાસ્તિકતા કહી છે. તેને તામસિક કે રાજસિક આસ્તિકતા કહેવી હોય તો કહી શકાય. અભ્યાસીઓને અહીંયાં હું ગીતાના નીચેના શ્લોકોનું મનન સૂચવું છું: અ૦ ૭–૨૪; ૯–૧૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


યોગસૂત્ર એ બેમાંથી એક આલંબનને આગળ કરે છે; અને તે નામ. કારણ કે તે સારામાં સારું, સીધું સરળ અને સર્વસુલભ છે. તે લેતાં દામ નથી બેસતાં; તે લેવાને માટે કશી ખટપટ કે ક્રિયાકાંડનો ખટાટોપ નથી જોઈતાં. તે સૌનો આધાર બની શકે છે. ત્યાં કોઈને પ્રવેશ છે-નથીનો સવાલ નથી. સૌ કોઈ નામ લઈ શકે છે અને એ પરમભાવને હરદમ યાદ કરી ઉપાસી શકે છે. યોગસૂત્રકાર મૂર્તિ કે બુતને આગળ નથી કરતા. એની જરૂર પણ વ્યક્તિગત ગૌણ અને ઓછી છે. બુત દ્વારા ધર્મનું સમુદાય-ગઠન કરવાનું વધારે થયું છે, તે આથી. યોગ પરમ સાધનાનો માર્ગ હોવાથી તેમાં મૂર્તિ-મહિમા નથી કરવામાં આવ્યો. નામને જ તેમાં ગ્રહણ કર્યું છે. તે અંગેનાં બે સૂત્રોનો અર્થ હવે પછી વિચારીશું.

૧૯-૩-'૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

## ઈશ્વરનું પ્રણિધાન એટલે શું?

ઈશ્વરના નામ અંગેનાં બે સૂત્રો નીચે પ્રમાણે છે—

तस्य वाचकः प्रणवः ॥ २७ ॥

तज्जपः तदर्थभावनम् ॥ २८ ॥

એમનો અર્થ સરળ છે—

તેનો (એટલે કે ઈશ્વરનો) વાચક શબ્દ પ્રણવ એટલે ૐ છે.

તેનો જપ (તથા) તેનો વાચ્યાર્થ જે ઈશ્વર તેની ભાવના કરવી.

આ બે સૂત્રોનો આખો અર્થ સમજવા તેમનો અનુબંધ જોવો જોઈએ. ईश्वरप्रणिधानात् वा — એ ૨૩ મા સૂત્રથી શરૂ થતા પ્રકરણમાં આ બે સૂત્ર આવે છે. સૂત્રકારની શૈલી એ છે કે, અમુક વિધાન કરીને પછી તેનાં પદોનો અર્થ જો સ્પષ્ટ કરવો જોઈએ તો તે એ કરે છે. તે મુજબ, ૨૪ થી ૨૬ મા સૂત્ર સુધી, ઈશ્વર એટલે શું, એ કહ્યું છે. તે કલેશકર્મ ઇ૦ થી અતીત એવો પુરુષવિશેષ છે એમ જણાવી, તેનું સ્વરૂપ પ્રથમ ટૂંકામાં કહ્યું (સૂત્ર ૨૪).

એનું પ્રમાણ શું?—એવા પ્રશ્નના જવાબમાં સૂત્ર ૨૫ મું કહ્યું.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તેનો પ્રભાવ મહાન આદિ ગુરુ જેવો છે, એમ ત્યાર પછીના સૂત્ર ૨૬માં કહ્યું.

આમ ત્રણ રીતે ઈશ્વર-તત્ત્વને સમજાવ્યા બાદ, હવે વિશેષમાં કહે છે કે, તેનું નામ પ્રણવ – ૐ છે.

આ પ્રમાણે ઈશ્વરતત્ત્વ જે હરેકમાં નિત્ય રહેલું છે તે સમજાવીને તેનો વાચક શબ્દ કહ્યો. કેમ કે પદાર્થને વાચક હોવો એ માનવીના તેની જોડેના સંબંધની ખાસિયત છે. શબ્દ વગર તેની જોડે સંબંધ શી રીતે રાખી શકાય? તેને વિષે વિચારી શી રીતે શકાય? શબ્દમાં એવી તાકાત છે કે, તે દ્વારા આપણે (ચિત્તના યોગ્ય વ્યાપારથી) તેનો વાચ્ય પદાર્થ સાક્ષાત્ કરી શકીએ છીએ. જેમ કે, 'મા' છે તો કેવળ એક શબ્દ; પરંતુ તેના ઉચ્ચારથી બાળકને કેવું લાગે છે? અરે, એ શબ્દની અંદર એવી તાકાત છે કે 'ઓ મા રે!' ઉદ્ગાર વડે, ઉંમરભર આપણે કેટલીય ભીતિ સામે ઢાલ ધરી શકીએ છીએ! શબ્દ અને તેના અર્થ વચ્ચે આવો અતૂટ સંબંધ હોય છે. ઈશ્વરના નામ સાથે તેના અર્થ ઈશ્વરનો પણ આવો સંબંધ છે. તેથી જ અનેક ભક્તોએ ગાયું છે કે,

'एतदालंबनम् श्रेष्ठम्, एतदालंबनम् परम् ॥'

'नामको आधार तेरे नामको आधार ॥'

એનું કારણ એ છે કે, શબ્દ કેવળ ઉચ્ચાર નથી, તે તેના વાચ્યાર્થની ભાવના જગવે છે, અને તે રીતે આપણા જીવનનો ભાગ બનેલો હોય છે. અસ્તુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અહીં સુધીમાં સૂત્રકારે ૨૩મા સૂત્રના 'ઈશ્વર' પદ વિષે સમજૂતી પૂરી કરી. હવે પ્રણિધાન સમજાવવાનું આવે છે. તે ૨૮મા સૂત્રથી કરે છે.

૨૮મા સૂત્રનો અનુબંધ આ રીતે સમજવો જોઈએ. તેમાં સૂત્રકાર કહે છે કે, એવા (એટલે કે ૨૪થી ૨૭ સૂત્રમાં વર્ણવેલા) ઈશ્વરનું પ્રણિધાન એટલે એ કે, તેના નામનો જપ કરવો અને તેની સાથે જ તેનો જે અર્થ ઈશ્વરતત્ત્વ છે, તેની મન સાથે પ્રયત્નપૂર્વક ભાવના કરવી. આમ કરવાથી ચિત્ત તેમાં એકાગ્ર બનશે, અને એમ એનું પ્રણિધાન સધાશે. આ પણ એક યોગ જ છે.

એટલે, સમાધિપ્રાપ્તિ કે યોગસિદ્ધિનું બીજું સાધન જે ઈશ્વરપ્રણિધાન, તે પ્રણવ-જપ અને તેની સાથે ઈશ્વરનું એકાગ્ર ધ્યાન છે, એમ સૂત્રકારે અહીં જણાવી, તે પ્રકરણ એટલા પૂરતું અહીં પૂરું કર્યું.

અહીંયાં બેએક પ્રશ્ન વિચારવા જેવા ઊઠે છે:—

૧. નામજપન માત્ર પ્રણવનું જ કરવું જોઈએ? કે રામ, કૃષ્ણ, વાસુદેવ, ઇ૦ ગમે તેનો જપ ચાલે?

૨. તેનો કેવળ જપ કરવો એમાં જ કોઈ શક્તિ રહેલી છે? કે જપની સાથે 'અર્થભાવન' હોવું જોઈએ? આ સવાલ ખાસ ઊઠે છે તો અજામિલની પેલી પૌરાણિક આખ્યાયિકાને લઈને, કે જ્યાં અર્થહીન માત્ર નામ-ઉચ્ચારનો મહિમા બતાવ્યો છે.

આ બેં બાબતોમાં યોગસૂત્રકારને શું કહેવું છે, એ જોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'પ્રણવ'નો શબ્દાર્થ છે ભારે સ્તુતિ. એટલે કે, ઈશ્વરનો વાચક તેના પ્રત્યે અત્યંત સ્તુતિભાવ પ્રગટ કરતો શબ્દ હોય. અને તેવો શબ્દ આર્યોના ઇતિહાસના યુગોની પરંપરાથી ૐ બનેલો છે. અને શબ્દની સંકેત-શક્તિ તેની યુગયુગાંતર-જૂની પરંપરાથી જામે છે અને દૃઢ થાય છે. તેથી પ્રણવ એટલે ૐ એમ જ અર્થ થઈ ગયો હશે. બાકી વ્યક્તિના સંસ્કાર વગેરે પ્રમાણે, તેના દિલમાં પરમ સ્તુતિ અને સમર્પણનો ભાવ ઉપજાવે એવો કોઈ પણ વાચક ચાલે, કેમ કે તેવી વ્યક્તિને માટે તે 'પ્રણવ' છે. એટલે ગયા પ્રકરણમાં કહેલું એમ, ઈશ્વરના નામ વિષે 'નામ-પરસ્તી'નો જંગ સંભવી નથી શકતો.

બીજો સવાલ – તેના કેવળ ઉચ્ચારમાત્રમાં પણ કાંઈ શક્તિ ખરી? સૂત્રકાર સ્પષ્ટ કરે છે કે, કેવળ જપ જ નહિ, પરંતુ તેના અર્થની ભાવના કે મનની અંદર તેનું રટણ કે સંકલ્પન કરવું, એ પણ જરૂરી છે. નામના ઉચ્ચારણ દ્વારા સાધવાનો મુદ્દો છે ઈશ્વરપ્રણિધાન. તે તો એક જ રીતે બની શકે કે જો તે ઉચ્ચારની સાથે મન પણ જોડાવાને માટે પ્રયત્નવાળું હોય. એ વાત ખરી કે, 'મા' શબ્દની પેઠે 'રામ' કે 'રહીમ' ઇ૦ શબ્દો બોલતાં-સાંભળતાં-વેંત ઈશ્વરભાવ મનમાં ઊપજે છે — તદર્થભાવન અમુક થાય છે. કારણ કે, એની પાછળ યુગોના યુગથી તે તે માનવસમાજે સેવેલી પરંપરાનું જોર તે સમાજની વ્યક્તિ પર રહેલું છે. પરંતુ તેથી વધારે એમાં કંઈ માની ન શકાય. ઈશ્વરના વાચક શબ્દમાં આવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પરંપરા-બળ હોય તો તેના મનઃપૂર્વક રટણમાં સહેજે મદદ મળે એ ખરું. તેમાં એ પ્રકારની સહજ અભિમુખ કરવાની તાકાત હોય. પરંતુ તે ઉપરથી એવો વાદ નથી જ સ્થાપી શકાતો કે, ઉચ્ચાર પણ બસ છે. તેથી જ સૂત્રકાર નામજપન કે પૂજાપાઠનો સ્વાધ્યાય અને ઈશ્વરની ભાવના કે તેના ધ્યાનને ભેગાં મૂકે છે.

સૂત્રના ભાષ્યકાર આ સૂત્રમાં એક શ્લોક ટાંકે છે તે અહીં આગળ જોવા જેવો છે :–

स्वाध्यायात् योगमासीत योगात् स्वाध्यायमामनेत् ।
स्वाध्याययोगसंपत्त्या परमात्मा प्रकाशते ॥

[સ્વાધ્યાય (એટલે કે જપ તપ – પૂજાપાઠ) વડે ઈશ્વરની ભાવના કરવાના યોગમાં સ્થિત થવું; અને એ જ યોગ વડે સ્વાધ્યાયની ઊંડી સમજ મેળવવી; આમ (સ્વાધ્યાય વડે યોગની અને યોગ વડે સ્વાધ્યાયની એમ) બંનેની સંપત્તિ – વૃદ્ધિ – સાધવાથી પરમાત્મતત્ત્વ પ્રકાશિત થાય છે.]

બલ્કે, તેમના સૂત્રનો એવો અર્થ * પણ કરી શકાય કે, ઈશ્વરના વાચકનો જપ કરવો એનો અર્થ જ એ છે કે, તેનો જે વાચ્યાર્થ ઈશ્વર કે પ્રભુ, તેને મનમાં યાદ કરવો, તેના ધ્યાનમાં એકાગ્ર થવું. એનો અર્થ એ નથી થઈ

* સામાન્ય રીતે આ સૂત્રનો અર્થ ટીકાકારો तज्जपः तदर्थभावनम् સાથે 'च=અને' ઉમેરીને કરે છે. અને એમ જ શરૂમાં મેં કર્યું છે. પરંતુ तज्जपः = तदर्थभावनम् એમ પણ અર્થ કરી શકાય, અને એમાં પણ પૂરી યોગ્યતા છે. પરંતુ બેઉ રીતે અર્થ કરવાથી રહસ્ય તો એક જ છે કે, જપ એકાગ્રતાથી કરવો જેથી ઈશ્વરની ભાવના મનમાં સેવાય. જપ દ્વારા હેતુ છે ઈશ્વરનું પ્રણિધાન સાધવાનો, એ ભૂલવું ન જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


શકતો કે, હાથમાં માળા ચાલે ને મનમાં ઈશ્વરથી બીજા કશાના ગોટકા ગણાતા હોય. શબ્દ કે નામ અને તેના અર્થ કે ભાવ વચ્ચેનો આવો વિચ્છેદ રાખીને જપ કરવાના પ્રયોગના દાખલા ઓછા નથી. અરે, મંદિરોમાં વાતો કરતાં કરતાં માળાઓ ફરે છે! આવી મન વગરની માળા પાછળ હેતુ શુભ છે; તે પૂરતું જ તેમાં પુણ્ય ભલે હો. પરંતુ એ કંઈ નામજપનની યોગ્ય રીત નથી. નામના સ્થૂળ આલંબન દ્વારા સૂક્ષ્મ ઈશ્વરતત્ત્વમાં એકાગ્ર લીનતા મેળવવી, — એનો યોગ સાધવો, એ ધ્યેય છે. અને એમાં યોગની પરમ સિદ્ધિ – ચિત્તવૃત્તિનિરોધ કરી આપવાની તાકાત ભરેલી છે, એમ યોગસૂત્ર કહે છે. કેવળ નામ-જપનને માટે એ ન કહી શકાય. એમ હોઈ પણ ન શકે. કેવળ નામજપન તો બગ-ભગતાઈમાં પણ સંભવી શકે છે. એવાને માટે ગીતાએ નથી કહ્યું કે, પાપીમાં પાપી પણ મારું શરણ લે તો તરત ઊગરે છે. એ જાદુઈ તાકાત જપમાં — એટલે કે તેનો અર્થ જે ઈશ્વર છે તેમાં એકાગ્ર થવામાં – રહેલી છે. ઈશ્વરનું શરણ કે પ્રણિધાન સાધવું એટલે આ છે.

ખરેખર જે તેમ કરે છે તેને શું મળે છે, કઈ રીતે તે ચિત્તવૃત્તિનો નિરોધ સાધવાને માર્ગે જાય છે, તે પણ ટૂંકામાં સૂત્રકાર હવે પછી બતાવે છે. તે દ્વારા ખરા નામજપન કે પ્રણિધાનની કસોટી પણ મળી જાય છે. એ શી છે તે હવે પછી.

૧૮–૪–'૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૨૧

# ઈશ્વરપ્રણિધાનનું ફળ

ઈશ્વરના નામ કે પ્રણવ મારફતે તેનું ચિંતન-મનન કરવામાં આવે તો તેનું શું ફળ થાય?—આ પ્રશ્નનો ઉત્તર હવે સૂત્રકાર ચર્ચે છે. ઊલટ-પક્ષે એ પણ એમાંથી સમજવું જોઈએ કે, એ ફળ ખરેખર કાંઈ કે મળતું રહેતું જણાય તો જ પોતે સમજવું કે, પ્રણિધાન-માર્ગમાં આપણે બરોબર ચાલીએ છીએ; નહિ તો જાણવું જોઈએ કે, પ્રણિધાનને નામે આપણે કશી ને કશી જડ નામ-પરસ્તી કે બુત-પરસ્તીમાં પડ્યા છીએ. આવી જાતતી અંધાર-કુટામણીમાંથી જગતમાં ઘણી વાર પાર્થિવ લાભ હોય છે. તેથી જ તેને માટે મહેતાજીએ ટૂંકમાં કહેલું કે,

"એ છે પરપંચ સહુ
પેટ ભરવા તણા;"

કારણ કે, તે વડે

"આતમારામ પરિબ્રહ્મ ન જોયો."

એટલે સાચા પ્રણિધાનની કસોટી સૂત્રકાર તેના ફળનું બયાન કરવા દ્વારા આપે છે. તે સૂત્ર આ છે—

ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥ २९ ॥

(તેમાંથી પણ—પ્રણિધાન એટલે કે પ્રણવનો જપ અને



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તેના અર્થની ભાવના કરવામાંથી — 'प्रत्यक्-चेतन'ની પ્રાપ્તિ થાય છે; અને 'અન્તરાયો' તો મટે છે.)

એટલે કે, પ્રણિધાનમાર્ગે યોગ સિદ્ધ કરવા જતાં બે વસ્તુ તરત તેમાંથી ફળવા માંડે છે, જે વડે પછી આગળ વધતાં નિરોધનું પરમ ફળ મળે છે. આ બે વસ્તુ નીચે પ્રમાણે —

૧. 'પ્રત્યક્-ચેતન'ની પ્રાપ્તિ,

૨. માર્ગમાં આવતા અંતરાયોનું નિવારણ.

અને સૂત્રકારની ભાષા પરથી સમજાય છે કે, પ્રણિધાન-માર્ગનું ખાસ ફળ પ્રત્યક્-ચેતનની પ્રાપ્તિ થાય છે એ છે; અને અંતરાય-નિવારણ તો તેની ભેગાભેગી થઈ જાય છે.

આવી આ બીજા માર્ગની ખાસિયત, વૈરાગ્ય-અભ્યાસ દ્વારા સાધવાના પહેલા માર્ગની સરખામણીમાં છે, એમ સમજવું જોઈએ. સૂત્રકાર કહે છે કે, સાધના કરવામાં જે અંતરાયો આવે તેમનું નિવારણ તો બેઉ માર્ગોમાં થવું જ જોઈએ; કેમ કે તે થાય તો જ આગળ વધી શકાય. અને બીજું ફળ 'પ્રત્યક્-ચેતન'નું દર્શન છે. એ બંને ફળ પ્રણિધાન કે ભક્તિ-માર્ગમાં સહેજે થાય છે.

આ માર્ગનો યાત્રી ઈશ્વરના નામનો જપ અને તેની ભાવના કર્યે જાય છે. તેથી ઉપરાંત એ કાંઈ જાણતો નથી – તેને જાણવાની જરૂર નથી, એ આ માર્ગની ખૂબી છે. પુરુષ-પ્રકૃતિ-ભેદ કે એવા તાત્ત્વિક પ્રશ્નોનો બુદ્ધિયોગ વૈરાગ્ય-માર્ગીનું મુખ્ય સાધન છે. ઈશ્વર-પ્રણિધાન કે ભક્તિ-માર્ગી કેવળ ઈશ્વરભાવને ભજે છે. એમાંથી તેને બુદ્ધિયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આપોઆપ મળી રહે છે:—તે પ્રત્યક્-ચેતનને પામે છે અને એના અંતરાયો ઓગળી જાય છે. ગીતાકારે આ વસ્તુને નીચેના શ્લોકમાં ( અ૦ ૧૦,૧૦ ) કહી છે—

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥

( મારામાં સતત યુક્ત રહેતા અને મને પ્રીતિપૂર્વક ભજતા તે લોકોને હું બુદ્ધિયોગ આપું છું, જેના વડે તેઓ મને પામે છે. )

ભક્તિ-માર્ગ અને વૈરાગ્ય-અભ્યાસ-માર્ગ પહોંચે છે તો એક જ ધામે. અને ત્યાં પહોંચવા માટે બેઉને તેમાં આવતા અંતરાયો જીતવાના જ છે. પરંતુ ફેર એ છે કે પોતાનું કામ કરવા માટે વૈરાગ્ય-માર્ગ સીધો વિવેકજ્ઞાન પર જાય છે; તે પ્રકૃતિ અને પુરુષનો વિવેક કરે છે અને એના દ્વારા પોતાના વૈરાગ્યને આગળ લે છે અને પ્રકૃતિથી અલગ એવા પુરુષનાં ચિંતન મનન અને ધ્યાન દ્વારા સાધનમાં વધે છે. આમ સારી રીતે કરવા માટે તેને અંતરાયો અને વિક્ષેપો ઉપર વિજય મેળવવાનો આવે છે. પણ એ કામ તે સંકલ્પપૂર્વક – ખાસ અભ્યાસ વડે કરે છે. તે અભ્યાસનો પ્રકાર હવે પછીનાં સૂત્રોમાં કહે છે. આમ વિવેક-વિચાર અને અંતરાય-નિવારણના અભ્યાસ વડે વૈરાગ્યમાર્ગી કામ લે છે. તેથી વૈરાગ્યની પરાકાષ્ઠા પર એ પહોંચે છે, અને આવા વિવેક કે વૈરાગ્યની પરમ સ્થિતિ એ જ જ્ઞાન છે. અને એમ ભાષ્યકાર વૈરાગ્ય-સૂત્ર ૧૬માની ટીકામાં સાફ કહે છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ज्ञानस्यैव पराकाष्ठा वैराग्यम् । एतस्यैव हि नान्तरीयकं कैवल्यमिति ॥

(જ્ઞાનની જ પરાકાષ્ઠા વૈરાગ્ય છે. એમાંથી કે એ પછી, બીજા કશાના આંતરા વગર — તરત જે આવે છે તે જ કૈવલ્ય છે.)

ભક્તિ-માર્ગ એવો અવ્યક્ત જ્ઞાન-માર્ગ ન લેતાં વ્યક્તપૂજાનો માર્ગ લે છે. તે જીવ અને શિવ વચ્ચે વિવેક કરે છે. તેનું ખાસ ફળ એ છે કે, 'प्रत्यक्-चेतन' પ્રાપ્ત થાય છે.

આ प्रत्यक्-चेतन એટલે શું? એનો સાદો સીધો અર્થ આ છે — દરેકના અંતઃકરણમાં વિરાજતું કે પ્રતીત થતું ચેતન તે.* આ ચેતનને આપણે આપણાપણું કે જીવ સમજીએ છીએ. પરંતુ તેનું સ્વરૂપ શું છે તે સ્પષ્ટ જાણતા નથી. ઈશ્વર, કે જે પરમ પુરુષોત્તમ છે, તેને સતત જપ્યા કરવાથી, તેના સ્વરૂપને યાદ કર્યા કરવાથી, તેની સરખામણીમાં આપણને આપણું સ્વરૂપ અને તેની મર્યાદા સમજાય છે. ઈશ્વરની વ્યાખ્યા જ એ પ્રકારની છે: ઈશ્વર સર્વજ્ઞ છે, આપણે અલ્પજ્ઞ છીએ; તે ક્લેશકર્માદિથી મુક્ત છે, આપણે તેમાં સબડીએ છીએ; આપણે અજ્ઞ છીએ, તે પરમ ગુરુ છે; — આમ સદાકાળ ભાવ ચાલવો

---

* ભોજદેવ તેમની ટીકામાં આ શબ્દની સૌથી સારી સમજ નીચે મુજબ આપે છે —

विषयप्रातिकूल्येन स्वान्तःकरणाभिमुखमंचति या चेतना दृक्शक्तिः सा प्रत्यक्-चेतना ।

અર્થ – પ્રતિકૂળ બુદ્ધિથી વિષયોમાંથી હઠીને પોતાના અંતઃકરણ તરફ વળેલી — અંતર્મુખ બનેલી ચેતના — દૃક્શક્તિ, તે પ્રત્યક્ ચેતના કહેવાય.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એ જ નામજપ અને તદર્થભાવન[1] છે; અને એનું નામ ઈશ્વરપ્રણિધાન એમ આપણે અગાઉ જોઈ ગયા. આથી સહેજે સમજાશે કે, ઈશ્વરપ્રણિધાનથી કેમ કરતાં આપણને પોતાનું સ્વરૂપ-દર્શન થાય છે: દરેકના અંતઃકરણમાં વિરાજતું એવું જે પ્રત્યક્ચેતન—પોતાનું આંતર સ્વરૂપ—તે જડે છે. પરમ પુરુષોત્તમનું ચિંતન ભક્ત પોતાના સાદાસીધા પુરુષભાવ દ્વારા કરે છે. હમેશ પોતાની સરખામણીમાં તે ઈશ્વરને જોયા—જપ્યા કરે છે. તેથી જ ભક્તોની ઉક્તિનો ધ્વનિ નીચેના જેવી વાણી હોય છે—

"तू दयालु दीन हौं तू दानी हौं भिखारी ..."

આ પ્રકારના ભાવના સતત સેવનથી જીવમાં અમુક ગુણો ખીલ્યે જાય છે; અંતરાયો આવે છે તેમનેય એ ઈશ્વરના પ્રસાદરૂપ જ માનીને ઓળંગી કે આઘા કરી દઈને આગળ વધે છે. ખરું પૂછો તો, એને અંતરાયો અંતરાયરૂપે લાગતા જ નથી. એ તો પછી આવો બેફિકર બને છે—

भवसागर सब सूख गया है ।
फिकर नहीं मुझे तरननकी ॥

જે વસ્તુને ગીતાકાર કહે છે—

"सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यः मोक्षयिष्यामि मा शुचः" ॥ १८, ६६ ॥

---

૧. ભોજદેવ ભાવનની વ્યાખ્યા કરે છે તે યાદ કરવા જેવી છે—
ईश्वरस्य भावनं पुनः पुनः चेतसि विनिवेशनम् एकाग्रतायाः उपायः ।
[ઈશ્વરનું ભાવન કરવું એટલે વારંવાર તેને ચિત્તમાં પરોવવો—બિરાજાવવો; એ ચિત્તની એકાગ્રતાનો ઉપાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


(અહીં પાપ એટલે અંતરાય એમ પણ અર્થ ઘટાવવામાં કાંઈ વાંધો નથી.) એટલે કે, એ તો કેવળ નામજપન અને ઈશ્વર-ચિંતન સમજે છે; અંતરાયો તો તેના અનુભવમાં તે રૂપે આવતા જ નથી. તેથી તેને ચિત્તનો પ્રસાદ કે પ્રસન્નતા સાચવવાને માટે સ્વતંત્ર પ્રયત્ન કરવો પડતો નથી. તે તેની ભક્તિમાં સદા-મસ્ત રહે છે. એને એથી જુદો અભ્યાસ કરવો પડતો નથી. ત્યારે અભ્યાસ-વૈરાગ્ય-યોગીને અંતરાયનિવારણને માટે સંકલ્પપૂર્વક અભ્યાસ કરવાનો રહે છે: એના અભ્યાસનું મુખ્ય સ્વરૂપ અને લક્ષ્ય જ મોટે ભાગે એ હોય છે. આથી કરીને, ભક્તના પ્રણિધાન કે સમર્પણભાવની પેઠે, અંતરાય-નિવારણ પોતે જ તેની યોગ-સાધનાનો એક નોખો વિષય બને છે. અને યોગસૂત્ર આને એક નોખા પ્રકરણ તરીકે હવે પછી ચર્ચવાને માટે લેશે પણ.

સૂત્ર ૨૩થી શરૂ થઈને ઈશ્વર-વિચારનું પ્રકરણ અહીં આ ૨૯મા સૂત્રની સાથે પૂરું થાય છે. આની એથી વિશેષ ચર્ચા યોગસૂત્રમાં આવતી નથી.

અંતરાયો આપોઆપ ટળે, એવા ઈશ્વરપ્રણિધાનના વિશેષ ફળને લઈને કેટલીક વાર એમ મનાવવામાં આવે છે કે, તે માર્ગ સહેલો-સરળ છે. સાચું જોતાં આ બરોબર વાત નથી. વૈરાગ્ય-કે-જ્ઞાન-યોગી પુરુષ-પ્રકૃતિના વિવેક દ્વારા કામ લે છે, અને તે વિવેક પ્રમાણે જીવન ગુજારે તો તેનેય અંતરાય-નિવારણ માટેની સાધના મુશ્કેલ નથી લાગતી; તેમ જ પ્રણિધાનયોગી જીવ અને શિવના વિવેક દ્વારા કામ લે છે અને તેને માટે સમર્પણભાવ કેળવે છે, તેથી તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અંતરાય-નિવારણ સરળ થઈ જાય છે. છેવટે વીરતા અને ધૈર્યથી પુરુષાર્થ કરવાનો તે તો છે જ, — ભક્ત શું કે જ્ઞાની શું. વૃત્તિ કે રુચિ અને સ્વભાવના ભેદોને લઈને આમ કે તેમ ચાલીએ એટલું જ. મૂળ બેમાં ફેર છે તે એટલો જ કે, જ્ઞાનમાર્ગ અવ્યક્ત છે, ભક્તિમાર્ગ વ્યક્ત છે; અને ગીતા (૧૨, ૫) કહે છે એમ, 'अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते' — (જડ દેહવાળા માણસ અવ્યક્તને બહુ મુશ્કેલીથી પામે છે.) નાનપણથી જ તર્ક અને ઉચ્ચ ગણિત ન ભણી શકાય તેમ. જોકે કળે કળે તો એક જ પરમભાવને બેઉ માર્ગે પામવાનું છે.

હવે પછી અંતરાય-પ્રકરણ શરૂ થાય છે.

'૧૨-૫-'૪૭

## ૨૨

## અંતરાયો અને તેમનું સ્વરૂપ

યોગનું મુખ્ય પ્રયોજન ચિત્તની ભિન્ન ભિન્ન બધી વૃત્તિઓ ઉપર કાબૂ કે વશીકાર મેળવી તેમનો નિરોધ સાધવો, એ છે. તેને માટે બે મુખ્ય રસ્તા આપણને બતાવવામાં આવ્યા —

૧. અભ્યાસ-વૈરાગ્ય (સૂત્ર ૧-૧૨) અથવા –

૨. ઈશ્વરપ્રણિધાન (સૂત્ર ૨૩-૨૯).

આ બે રસ્તાઓ વિષે કેટલુંક વિવેચન કરી, તે રસ્તામાં શું રહેલું છે એનો પરિચય અત્યાર સુધીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આપણને આપ્યો. હવે તેમાંથી ફૂટતા એક નવા વિચારને સૂત્રકાર હાથ પર લે છે. તે વિચાર છે અંતરાય-નિવારણ. સૂત્ર ૩૦થી માંડી ૪૦ સુધીમાં આ વિચાર જોવા મળે છે.

વૃત્તિનું સ્વરૂપ વિચારતાં આપણે જોયું કે, તે ઊઠ્યા જ કરે છે; અને આવો વિક્ષેપ ચાલ્યા જ કરે છે, તેથી ચિત્તની સ્થિરતા કે નિરુદ્ધ દશા સધાતી નથી. આમ ચિત્તમાં જે વિક્ષેપો આવ્યા કરે છે તે જ યોગપ્રાપ્તિમાં અંતરાયો કે વિઘ્નો છે. આ વિઘ્નોને હરવાં જોઈએ. આપણે જોયું કે, ઈશ્વરપ્રણિધાનથી તે આપોઆપ દૂર થાય છે. જેમ કે, લૌકિક ભાષામાં તેથી જ કહેવાય છે કે, રામનામ બધાં દુઃખ-દરદનું ઓસડ છે. પરંતુ આ અંતરાયો શા છે, તેમનું કારણ શું છે, તેમને સીધા નિવારી શકાય કે કેમ, એવો એક સીધો વિચાર પણ કરી શકાય, અને સીધા તેમને જ દૂર કરવા માટેના અભ્યાસ દ્વારા તેમને હરવાનું કામ ઉપાડી શકાય. આ વિચારથી સૂત્રકાર કહે છે કે,

व्याधि-स्त्यान-संशय-प्रमाद-आलस्य-अविरति-भ्रांतिदर्शन--अलब्धभूमिकत्व-अनवस्थितत्वानि चित्तविक्षेपाः ते अन्तरायाः ।। ३० ।।

– વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ, અને અનવસ્થિતત્વ — આ નવ પ્રકારના જે ચિત્તની નિરુદ્ધ દશાના વિક્ષેપો છે, તે જ અંતરાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સૂત્ર ૨૯માં આપણે જોયું કે, સાધનાના ક્ષેત્રમાં 'अन्तराय-अभाव' એવો એક પદાર્થ ત્યાં કહ્યો. તે હવે સમજાવવો જોઈએ. એટલે પ્રથમ અંતરાય કયા છે તે ગણાવ્યા. "આ નવ અંતરાયો છે, તે ચિત્તને વિક્ષેપ નાંખે છે. તેઓ ચિત્તની પાંચ જે વૃત્તિઓ કહી તેમની સાથે પેદા થનારા પદાર્થ છે. તેમનો જો અભાવ થાય — તે પદાર્થોને જો હઠાવવામાં આવે, તો પૂર્વે કહેલી ચિત્તવૃત્તિઓ પેદા ન થાય." (–યોગભાષ્ય.) એમ થાય એટલે પછી નિરોધનો માર્ગ અંતરાય વગરનો સાફ સીધો થાય.

આમ અંતરાયો નવ છે. તે સમજીને તેમને દૂર કરવાના છે. એ નવનું સ્વરૂપ હવે તપાસીએ.

અંતરાયોમાં પહેલા બે મુખ્યત્વે શારીરિક છે —

૧. વ્યાધિ — રોગ. શરીરમાં રોગ હોય તો તેની અસર ઇંદ્રિયો તથા તેમના રાજા મન ઉપર પડે જ. તેથી તેઓ સરળપણે કામ ન કરી શકે. પરિણામે ચિત્તને ક્લેશ થયા જ કરે અને યોગમાં અંતરાય આવ્યા કરે, એ ઉઘાડું છે. સાધારણ કામોમાં પણ વ્યાધિ જો પીડા ને વિઘ્નો નાંખે છે, તો સૂક્ષ્મ અને કઠણ એવા યોગ-કામમાં તો પછી પૂછવું જ શું ? તેથી રોગથી દૂર રહેવાનો આરોગ્યનો જીવનવિધિ તો હોવો જોઈએ.

૨. સ્ત્યાન બીજો અંતરાય છે. સ્ત્યાન એટલે જડતા; મન – ઇંદ્રિયોનું ભારેપણું. ભાષ્યકાર ટૂંકમાં અર્થ આપે છે — अकर्मण्यता चित्तस्य — ચિત્ત એવું ભારે થઈ જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કે કશું કરવામાં ઉત્સાહ જ ન જાગે. કહો કે, એક પ્રકારની શરીર-મનની તામસિક જડતા, ઉત્સાહનો અભાવ.

'પ્રમાદ' અને 'આલસ્ય' બે જુદાં ગણાવ્યાં છે. એટલે સ્ત્યાનનો અર્થ આથી ખાસ સમજવો જોઈએ. સ્ત્યાન મુખ્યત્વે શરીરના ભારેપણામાંથી ઉત્પન્ન થતી દશા છે. ભારે મેદવાળું શરીર, કે જેમાંથી જડતા આવે તે.

હવે પછીનાં નીચેનાં ચાર અંતરાયકારણો વિશેષે કરીને સૂક્ષ્મ કે માનસિક છે:—

૩. संशय — કાંઈ પણ કરવા જતાં મનનો નિશ્ચય ન થાય — આ કરવું કે તે કરવું, કરવું કે ન કરવું, એ રીતનો. આવું જે મનનું ઢચુપચુપણું કે ડગમગાટ તે સંશય. આ તો કેવી મોટી બ્રેક ગણાય, એ સમજાવવાની જરૂર નથી.

૪. प्रमाद — સંશય ન હોય, નિશ્ચય થાય કે અમુક તમુક કરવા જેવું છે, પરંતુ તે કરવાને માટે મનની તીવ્ર લાગણી ન હોય, તો ઊલટભેર તેમાં લાગી ન શકાય. આ પ્રકારની મનની અરુચિ હોય તો યોગસાધનમાં તો શું, કોઈ પણ ધારેલા કામમાં વાંધો પડે. તેથી તે પણ એક અંતરાય જ થઈ પડે.

૫. आलस — ઉપરના અંતરાયો હોય તો પછી સહેજે માણસને કર્તવ્યમાં આળસ તો આવે જ. સમજની સ્પષ્ટતાને ખાતર તે અલગ ગણ્યું છે એમ માનવું જોઈએ. શારીરિક સ્ત્યાન અને માનસિક પ્રમાદ, એ બેને લઈને આળસ થાય. "આળસ એટલે ચિત્તનું તથા શરીરનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગુરુત્વ કે ભારેપણું હોઈ કાર્યમાં પ્રવૃત્તિ ન થાય તે." (— ભાષ્યકાર.)

૬. અવિરતિ — ઉપરનાં ત્રણે સૂક્ષ્મ કારણો કરતાં સૂક્ષ્મ અને મૂળગામી એવું કારણ આ છે. અવિરતિ = વૈરાગ્યનો અભાવ, એટલે કે ચિત્ત વિષયો તરફ લલચાયા કરે તેવું ખોટું ખેંચાણ*. કોઈ પણ લક્ષ્ય વિષે એકાગ્ર થવાની અશક્તિ હોય — એટલી બધી વ્યગ્રતા બીજાં કારણોથી હોય, તો એ કેવું વિઘ્ન! અંગ્રેજીમાં 'પ્રિ-ઑકયુપેશન' કહે છે તે. ચિત્તમાં જો પૂરતો વિવેક કે બીજાં ખેંચાણો તરફથી પાછા વળી જવા જેટલી સમજ ન હોય, તો કશું જ ન કરી શકાય, અને કરીએ તેમાં કાંઈ ભલીવાર ન આવે, એ ઉઘાડું છે.

ત્યાર પછીનાં ત્રણ અંતરાય-કારણો છે તે સાધકની સાધનાની અંદર અવ્યવસ્થાને લઈને નીપજનારાં — કહો કે આધ્યાત્મિક છે. તેઓ પણ સ્વતંત્રપણે નોંધપાત્ર તો ખરાં જ:—

૭. ભ્રાંતિદર્શન — ઉપરનાં વિઘ્ન ન નડે; પણ જે કાંઈ કરવાનું હોય તે વિષે સ્પષ્ટ સમજ ન હોય — ભ્રમથી ઊંધું જ સમજાય, તો આ ઊંધી સમજ કે અજ્ઞાન પણ અંતરાય જ બને. જવા નીકળ્યા હોઈએ મુંબઈ અને તેનો રસ્તો લઈએ તે હોય દિલ્હીનો, છતાં માનીએ કે તે મુંબઈનો છે, એના જેવું.

---

* अविरतिः चित्तस्य विषयसम्प्रयोगात्मा गर्धः । —ભાષ્યકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


૮. અલબ્ધભૂમિકત્વ — માનો કે સાવ ભ્રાંતિ નથી, સમજ જોઈએ તે છે; કાંઈક કરીએ પણ ખરા. પરંતુ તેમાં આગળ વધી અમુક ભૂમિકા મેળવ્યાનો સંતોષ ન મળે. આ પણ મોટું વિઘ્ન ગણાય. આથી શ્રદ્ધા ન જામે, અને તેથી પ્રગતિ રોકાય.

આમ બનવામાં કારણ ભ્રાંતિદર્શન હોય, અથવા બીજાં કારણ પણ હોય.

૯. અનવસ્થિતત્વ — કાંઈક ભૂમિકાએ પહોંચીએ, પણ ત્યાં ટકાય નહિ એવી અનવસ્થા થાય, તો તેય વિઘ્ન જ ગણાય.

જો વિચારીએ તો જણાશે કે, ઉપરના નવે અંતરાય સામાન્ય વ્યવહારમાં પણ નડે છે. યોગમાં તે વિશેષ સૂક્ષ્મ રીતે અને બરોબર નડે છે. તેથી તેમને 'યોગમલ', યોગના શત્રુ કે અંતરાય કહેવામાં આવે છે. તેમની સાદી સમજ એ છે કે, શરીર અને મનને યોગ્ય તત્પરતાવાળું કરવું જોઈએ. તે ઉપરાંત જે જે કરવાનું છે તેની સાચી સમજ હોવી જોઈએ; તે ન હોય તોય કામમાં ટિચાવું પડે. આ પછી પણ નડતર સંભવે છે તે એ કે, છતાં આપણે ફાવી ન શકીએ (અંતરાય ૮, ૯). આનું કારણ ચિત્ત કે સ્વભાવનાં લગભગ દૂર ન કરી શકાય એવાં વલણો હોય છે.

આ અંતરાયો કે ચિત્તના વિક્ષેપોને તપાસી તેમના કાર્યરૂપે — અવશ્ય તેમના ચિહ્નરૂપે — જે પ્રગટ થાય છે, તેમને એમના 'સહભૂ' કહ્યા છે. તે લક્ષણો પરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અંતરાયો ઓળખી શકાય છે. એટલે તેમનો વિચાર પણ પછીના ૩૧મા સૂત્રમાં કરવામાં આવ્યો છે. તે હવે પછી જોઈશું.

૧૫-૫-'૪૮

## ૨૩

## અંતરાયોના અચૂક જોડીદારો

નવ અંતરાયોની પારખ કહો કે તેમાંથી અચૂક ઊપજતા પ્રકારો કહો, નીચેનાં ચાર લક્ષણો તેમની સાથે હોય જ છે :—

दुःख–दौर्मनस्य – अंगमेजयत्व – श्वासप्रश्वासाः
विक्षेपसहभुवः ।। ३१ ।।

દુઃખ, દૌર્મનસ્ય, અંગોમાં કંપ, અને શ્વાસપ્રશ્વાસ એ ચાર (ઉપર ૩૦મા સૂત્રમાં કહેલા) વિક્ષેપોની સાથે જોડાયલાં છે.

દુઃખનો અનુભવ અનિવાર્ય નથી. ચિત્તના વિક્ષેપો છે; મનની સમાધિદશામાં અંતરાયો ઊભા થઈ શકે છે; દુઃખ એ તેથી થતો વિકાર છે. એવું જ મનની ચીડ કે અપ્રસન્નતાનું પણ છે. દુઃખ અંદર અને બહારનાં કારણોથી હોય. દૌર્મનસ્ય એ ચિત્તમાં અંદર થતો ક્ષોભ – ચીડ છે. જેમ કે, ધાર્યું ન થાય ત્યારે જે સંતાપ થાય, મનમાં ક્રોધ, ગ્લાનિ, નિરુત્સાહ, વિષાદ વગેરે આવી જાય તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અંતરાયો આવે તો આ બે વસ્તુ તો માનસિક ક્ષેત્રમાં થાય એમ સૌને ખબર છે.

બીજાં બે લક્ષણો શારીરિક છે; પરંતુ યોગના શરીરવિજ્ઞાન કે હઠયોગનાં મૂળરૂપ એ વિધાન છે.

અંગમેજયત્વ એટલે શરીરની અસ્થિરતા — અંગોની અદૃઢતાને લઈને નીપજતો કંપ. મનોજયને માટે કે સાધનાને માટે આદ્ય સાધન શરીર છે. તે સાબૂત ન હોય તો ? આવી તેની સાબૂતીનો અભાવ એ અંગમેજયત્વ છે.

આ ત્રણે કરતાં ઝટ સમજાય એવું લક્ષણ શરીરની શ્વાસપ્રક્રિયા છે. આપણામાં કહેવત છે કે, પ્રાણ અને પ્રકૃતિ સાથે જડેલાં છે. યોગ-વિજ્ઞાન પ્રાણ વિષેના સૂક્ષ્મ અભ્યાસ પરથી એમ જણાવે છે કે, પ્રાણાયામના અભ્યાસથી અંતરાયો પર જય મેળવી શકાય છે. ચિત્તવૃત્તિ, પ્રાણગતિ, અને શરીરદશા એ ત્રણે ઓતપ્રોત સંબંધ રાખનારાં છે, એકમેકને પરસ્પર ઉપકારક છે, એ મોટી શોધ કદાચ યોગકારે જગતને પ્રથમ આપી છે. એટલું જ નહિ, એ ત્રણેને માટે એક સમગ્ર સાધનાનો અભ્યાસ પણ યોજ્યો છે. અભ્યાસ કરવો તો તે શેનો, એ વિચારવાને આ વિક્ષેપો અને તેમનાં સહભૂ ચાર લક્ષણોનું પૃથક્કરણ કર્યું છે. તે અંતરાયોનું નિવારણ કરવાનું છે. તેનો માર્ગ શો ? એ પ્રશ્ન હવે પછી વિચારીશું.

૨૧-૬-'૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૨૪

# અંતરાયોનું નિવારણ

ગયા પ્રકરણમાં આપણે અંતરાયો અને તેમની સાથે અચૂક જન્મતો તેમનો પરિવાર કયો છે, એ જોઈ આવ્યા. આ બધાને ઓળંગી જવું જોઈએ. તે કેવી રીતે બને? તેનો ઉપાય શો? પછીનાં સૂત્રો તે જણાવે છે.

આ જોતા પહેલાં એક સામાન્ય વિચાર કરી લેવા જેવો છે. દુઃખ, ક્રોધ, ચીડ, શરીરકંપ ઇત્યાદિ અનુભવો નવ અંતરાયોને કારણે થાય છે. પરંતુ આ અંતરાયોનું કારણ શું? તેમને અંતરાયો કેમ કહેવામાં આવે છે? શામાં અંતરાય તરીકે એ આવે છે કે જેથી તેવું નામ એમને આપવામાં આવ્યું છે?

જવાબ ઉઘાડો છે: આપણી સહજ સ્થિતિ છે તે અનુભવવામાં અંતરાય થાય છે, તેથી એ નામ એમને મળ્યું છે. આર્ય કે હિંદુ તત્ત્વજ્ઞાન આ સ્થિતિ વિષે એમ કહે છે કે, જે છે તે જ છે અને બીજું કાંઈ નથી.

(नाऽसतो विद्यते भावः नाऽभावो विद्यते सतः। ગીતા, ૨–૧૬.)

અને તેથી તે દશા સદાકાળ સુખશાંતિ અને સ્વસ્થ સમાધાનની જ હોઈ શકે, કે જે સૌનું પરમ ધામ છે. એ આપણું સાચું સ્વરૂપ છે.

પરંતુ આવો અનુભવ તો આપણને થતો નથી. જે અનુભવ મોટે ભાગે થયા કરે છે એ તો દુઃખ, ક્રોધ ચીડ,



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઇત્યાદિ ભાવોનો. જે કારણોને લઈને આ નવો અને વિપરીત અનુભવ થાય છે, તેમને 'અંતરાયો' કહ્યા છે. આ રીતે એ યથાર્થનામ છે. છતાં જો સહજ સ્થિતિ અચલ એકસમાન હોય, તો પછી એ કારણો શાથી નીપજે છે, એમ પૂછી શકાય. એ સવાલ આપણને તત્ત્વજ્ઞાનના મૂળ પ્રશ્ન ઉપર લઈ જાય છે. આ મૂળ કારણને બૌદ્ધો તૃષ્ણા કહે છે; વેદાન્ત તેને અવિદ્યા કે માયા કહે છે; ખ્રિસ્તીઓ તેને 'ઓરિજિનલ સિન'—મૂળપાપ કહે છે; જૈનો તેને પુદ્ગલ કે કર્મરજ કહે છે. એમાંથી દુઃખ અને પાપકર્મો પેદા થાય છે.

યોગસૂત્રકાર અહીં આ વિચારમાં ઊંડે ગયા વગર, દુઃખના પ્રત્યક્ષ જોવા મળતા બધા પરિવારનો વિચાર કરીને, અંતરાયો તથા તેમના અચૂક જોડીદારો ગણાવે છે, કે જેથી સાધકને અભ્યાસ કરવાની દિશા અને પ્રયત્નની સ્પષ્ટતા મળી રહે.

યોગકારનું મુખ્ય લક્ષ્ય ચિત્તવૃત્તિનિરોધ કે સમાહિત અથવા સ્વસ્થ ચિત્તદશા મેળવવી એ છે. ખરું જોતાં આ દશા આપણને સહજપ્રાપ્ત છે; પણ આપણે તે જોઈ શકતા કે અનુભવી શકતા નથી. કારણ, અવિદ્યા કે અજ્ઞાનમાંથી નીપજીને અંતરાયો વચ્ચે આવે છે.

આ અંતરાયો શરીર, મન તથા હૃદય સુધી બધે વ્યાપે છે અને બધે પહોંચીને પજવે છે. અભ્યાસ કરવાનો જે કહ્યો છે તે, આ ઊંડે સુધી વણાઈ ગયેલા અંતરાયોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જ્યાં ત્યાંથી હડાવવાનો. તેનો ટૂંકો અને એકમાત્ર ઉપાય સૂત્ર ૩૨માં સામાન્ય રૂપે આપી દેવામાં આવ્યો છે:—

तत्प्रतिषेधार्थम् एकतत्त्वाभ्यासः ॥ ३२ ॥

(તે અંતરાયો અને એમની સાથે થતા વિક્ષેપોને રોકવાને માટે એક તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ.) કોઈ પણ એક મુદ્દો કે બાબત લઈને તેની ઉપર ચિત્તને એકાગ્ર કરવાનો સતત પ્રયત્ન કર્યા કરવો જોઈએ. જેમ કે, નવ અંતરાયો અને ચાર તેના સહભૂ, એ ૧૩માંથી એક અંતરાયને જીતવાને માટે અભ્યાસ આદરીએ. આ તેરે વસ્તુઓ ઓતપ્રોત સંકળાયેલી છે. એકને પણ જીતવામાંથી બીજી હાથમાં આવતી જાય છે અને એમ અંતરાયો દૂર કરવાનો જે એક મુદ્દો છે તે હલ થાય છે. વાત મૂળ એ છે કે, ચિત્તને એકાગ્ર થવાની ટેવ પાડવી જોઈએ. ચિત્તની સામાન્ય ટેવ તો એક વસ્તુથી બીજે અને બીજેથી ત્રીજે, એમ ક્ષણે ક્ષણે ચંચળપણે ઊડયા કરવાની છે. એને લઈને જ અંતરાયો અંતરાયરૂપે વર્તી શકે છે. એટલે ચિત્તને એમ ફૂદાફૂદ કર્યા કરવામાંથી પકડવું જોઈએ. તે કરવાને માટે શરૂમાં જ સૂત્રકારે કહ્યું કે, યા તો ઈશ્વરપ્રણિધાન કે ભક્તિયોગ અથવા તો વૈરાગ્ય-અભ્યાસ-યોગ લેવો જોઈએ. તેમાં આ જે બીજો અભ્યાસ કહ્યો તે કેવા પ્રકારનો હોય, તે હવે પછીનાં થોડાંક સૂત્રોમાં બતાવે છે.

૨૦-૭-'૪૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૨૫

## ચિત્તપ્રસાદ

ચિત્તને એકાગ્ર કરવાને માટે કોઈ પણ એક તત્ત્વ કે પ્રયત્ન-દિશા લઈને અભ્યાસ કરવા મંડવું જોઈએ. આ તે પ્રયત્નની એક બાજુ થઈ. પરંતુ એ પૂરતી નથી. આપણે સામાન્યપણે પણ જાણીએ છીએ કે, જો આપણને સુખ નથી હોતું, ચેન નથી હોતું, મનની કાંઈક નિરાંત નથી હોતી, તો કશું સૂઝતું નથી; સૂઝે તોય તે કરવામાં ગોઠતું નથી અને કશો ઝાઝો ભલીવાર નથી આવતો. તેથી હરેક પ્રયત્નને માટે એક બીજી બાજુ પણ રહી છે અને તે એ કે, આપણે મનથી ખુશ અને ઉત્સાહી હોવું જોઈએ. આ ઉત્સાહ અને ખુશીને જ ચિત્તપ્રસાદ કહે છે. ચિત્તમાં ખેદ, વિષાદ, ક્રોધ, અસૂયા દૃઢ થયા કરે, તો એ અનેક ક્લેશનાં ને ગૂંચોનાં કારણ પેદા કરે છે. તેથી ચિત્તની પ્રસન્નતા નથી રહેતી. અને એ ઉઘાડું છે કે, એના વગર સ્વસ્થ કે એકાગ્ર ચિત્ત જન્મી ન શકે.

આપણા ચિત્તને ઉદ્વેગ થવામાં મુખ્ય બે કારણો બતાવી શકાય:—

૧. સુખદુઃખના અનુભવ પ્રમાણે આપણને ખુશી કે નાખુશી થાય છે.

૨. રાગદ્વેષ જેવાં આંતર કારણોને લઈને મનમાં જંપો-અજંપો કે શાંતિ-અશાંતિ થાય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આમાંનાં સુખદુઃખનાં કારણો બાહ્ય હોય છે. અગાઉ કરેલાં કર્મના ફળરૂપે તે આવે છે. તે અચૂક નીપજે છે, તેથી તેમનો અનુભવ તો થાય જ. પણ તેથી કાંઈ તેણે આપણા મન પર અસર કરીને ચિત્તપ્રસાદને બગાડવો જ જોઈએ, એવો અટળ કાયદો નથી. સુખદુઃખ સરખાં માનીને ચાલવાની કળા માણસ કેળવી શકે છે. એને જ નરસિંહ મહેતાજીએ પેલા એમના અમર ભજનમાં ગાયું છે—

'સુખદુઃખ મનમાં ન આણીએ,
ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે,
જદુનાથનાં જડિયાં.'

અથવા એથી જ કરીને ગીતાકારે અર્જુનને કહ્યું કે,

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्याः तांस्तितिक्षस्व भारत ॥ २–१४ ॥

સુખ અને દુઃખ આપનારાં જે ઊનુંટાઢું ઇ૦ જેવાં દ્વંદ્વો છે, તે ઇંદ્રિયોને સ્પર્શીને પોતાનું કામ કરે છે. તે આવે છે ને જાય છે; તેમાં કશું કાયમીપણું નથી. એટલે મનને સ્વસ્થ રાખીને તેમને તો સહી લેવાં.

આ બાહ્ય કારણોને માટે થયું. અંદરનાં કારણો રાગદ્વેષ કે વાસનાને લઈને જાગે છે. તે મનમાં જંપો-અજંપો જગવે છે અને એમ સુખદુઃખ અનુભવાવે છે; તેથી મન અસ્થિર કે વ્યગ્ર બને છે. આ પણ ચિત્તપ્રસાદને હણનારું કારણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગીતાકારે આ વસ્તુ પણ ચર્ચી છે. તે કહે છે—

अशान्तस्य कुतः सुखम् ॥ २–६६ ॥

–જે અશાંત મનવાળો છે, એને ક્યાંથી સુખ થવાનું હતું ?

તો શાંતિ કેમ મેળવવી જેથી સુખ થાય ? જવાબ નકારવાચક વાક્યથી ગીતા આપે છે—

न चाभावयतः शांतिः ॥

–જેણે પોતાની ભાવના નથી કેળવી, જે પોતાના મનના ભાવોને કેળવતો નથી, તેને શાંતિ મળતી નથી.

એ કેળવણી એટલે શું ? તે જ શ્લોકમાં તેનો નકારવાચક ભાષામાં જવાબ છે કે,

न चायुक्तस्य भावना ॥

–જે માણસ અયુક્ત છે, જેણે પોતાની બુદ્ધિને વ્યવસ્થિત કરી નથી, તે માણસ મનના ભાવોને નહિ કેળવી શકે.

એટલે સાર એ થયો કે; આપણે મનના ભાવોને કેળવવાનો અભ્યાસ કરવો જોઈએ. એ અભ્યાસ તે કયો? એનો જવાબ સૂત્રકાર હવે પછી આપે છે. ગીતાના બીજા અધ્યાયના જે શ્લોકો ઉપર ટાંકયા છે, તે દ્વારા પણ સૂત્રનું આ જ ભાવના-યોગનું પ્રકરણ ગીતાકારે કાવ્યમાં ચર્ચ્યું છે. ગીતાનો એ ભાગ વાચક જોશે તો આ સંદર્ભમાં તેને એમાં રમૂજ પડશે.

ચિત્તને એકાગ્ર કરવાને માટે, તેની પૂર્વતૈયારી તરીકે ચિત્તનો પ્રસાદ કે પ્રસન્નતા જોઈએ; તે કેમ કરતાં મળે, એ બતાવવા સૂત્રકાર ૩૩મું સૂત્ર કહે છે—



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


मैत्री-करुणा-मुदिता-उपेक्षाणाम् सुख-दुःख-पुण्य-अपुण्य-
विषयाणाम् भावनातः चित्तप्रसादनम् ।। ३३ ।।

— સુખ, દુઃખ, પુણ્ય અને અપુણ્ય — આ ચાર વિષયોને માટે અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એવી ચાર વૃત્તિઓની ભાવના કરવાથી ચિત્તનો પ્રસાદ સાધી શકાય છે.

આંતર શાંતિ કે ચિત્તપ્રસાદને ચળાવનાર જો મહારિપુ હોય તો તે રાગ-દ્વેષ અથવા કામ-ક્રોધ છે. એમના પર વિજય મેળવવા માટે પહેલપ્રથમ તો માણસે, આસપાસના દૃશ્ય સાથેના પોતાના સામાજિક સંસર્ગને લીધે જે અનિષ્ટ વિકારો મનમાં ઊપજે છે, કે જેને લીધે ચિત્તમાં અજંપો જન્મે છે, તે વિકારોને રોકવા જોઈએ. ૩૩મું સૂત્ર મુખ્યત્વે આ કહે છે.

આ કામ દરેક મનુષ્ય કરી શકે એવું છે. એ કેવળ ભલાઈ ને સજ્જનતાનું કામ છે. એમાં કશી ગૂઢ યોગવિદ્યાની વાત નથી. સાદો સુખશાંતિનો માર્ગ એ છેઃ કોઈનું સુખ જોઈ તેનો દ્વેષ ન કરતાં તેના પ્રત્યે મૈત્રીભાવ રાખવો. કોઈનું દુઃખ જોઈ, તે આપણો શત્રુ કે સામાવાળિયો હોય છતાં, તેથી રાજી ન થતાં, દુઃખમાત્ર જોઈને સમભાવ ને દયાભાવ કેળવવો. નહિ તો હૃદયના ભાવો પરુષ થઈ જાય; અને પરુષતા કે નિષ્ઠુર જડતા ચિત્તની સારી સુખકારક સંપત્તિ નથી. કોઈ પુણ્યકર્મીને જોઈ આનંદથી રાચવું, જેથી આપણી વૃત્તિને પુણ્ય તરફની કેળવણી મળે. અને કોઈ પાપકર્મી જોઈ તે પ્રત્યે તિરસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કે ઘૃણાભાવ ન ધરતાં ઉપેક્ષાથી જોવું. કદાચ તેનું પાપી કામ આપણા દેખીતા સ્થૂળ લાભમાં હોય, તોયે તેને સંમતિ ન આપવી; અને ન તે માણસને વિષે ધુત્કાર સેવવો.

કેટલાક લોક વૈરાગ્યનો અર્થ એવો વિચિત્ર કરે છે કે, જગતનાં કાર્યો તથા સંબંધોથી દૂર ભાગવું. આ અર્થ બરોબર નથી. આ સંબંધો તથા કાર્યો વિષે ઉપરનો મૈત્રી-કરુણાદિ-ભાવ રાખવો, એ સાચી સુજનતા અને સાધના છે, એમ આ સૂત્ર સ્પષ્ટ બતાવે છે.

આ સબંધોમાં એક વિશેષ સંબંધ ધ્યાન પર લેવા જેવો છે તે, ઓછેવત્તે અંશે છતાં, દરેકમાં સામાન્યપણે જોવામાં આવતું અજ્ઞાન, અણસમજ કે મૌર્ખ્ય. જગતના વહેવારમાં આનાં પાલાં પડે છે ત્યારે શાંતિ નથી રહેતી. તેવું જ અનુભવમાં આવતું પારુષ્ય કે દુર્જનતા છે. તેનાથી પણ દુઃખ, ક્રોધ ઊપજે છે. આ બે વિષયો પણ ચિત્તપ્રસાદની દૃષ્ટિએ જોવા જોઈએ.

મૌર્ખ્ય સામે નમ્રતા અને વિનોદવૃત્તિ કેળવવાની જરૂર છે. સામાની ભૂલ જોઈને આપણે પોતેય ભૂલપાત્ર છીએ એમ સમજી નમ્રતા ધરવી અને સામાની ભૂલથી થતા વિક્ષેપને વિનોદ દ્વારા જીતી લેવો જોઈએ.

અને દુષ્ટતા સામે? દુષ્ટતા એ એક અપુણ્ય જ છે, એટલે એની ઉપેક્ષા કરવી જોઈએ. ન તેની સામે આપણે દુષ્ટ બનીએ કે ન તે દુષ્ટતામાં લાભ હોય તોય તેમાં ભળી જઈએ; પરંતુ નમ્રતાપૂર્વક સ્વસ્થ રહી આપણી સજ્જનતાની ઢાલ સાબૂત રાખીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એટલે આ સૂત્રમાં એક ઉમેરવા જેવું હોય* તો વિનોદની ભાવના દ્વારા મૌર્ખ્યને જીતવાનું. આપણી મૂર્ખતા પર પણ હસતાં આવડવું જોઈએ.

આ ગુણો કે ભાવો સતત સેવવા હોય તો હરેક નાના મોટા પ્રસંગ પર ભાવના કરતા રહેવું જોઈએ. એ ભાવના કરવા માટે વાચન, શ્રવણ, મનન અને ચિંતન હોય. હરેક કામમાં એ ભાવના જાગ્રત રાખીને વર્તવા માટે સદા જાગ્રત રહેવું જોઈએ. આ વસ્તુ પોતે પણ એક તત્ત્વનો જ અભ્યાસ બની શકે; અને તેમાંથી ઉત્તમ શીલ કે સમ્યગ્ આચારની સિદ્ધિ થાય, જે ચિત્તને પરમ શાંતિ આપે જ છે.

૨૨-૯-'૪૮

## ૨૬

## અભ્યાસના પ્રકારો

ચિત્તને એકાગ્ર કરવા જતાં વચ્ચે અંતરાયો આવે છે. અથવા એમ કહો કે, અંતરાયો ચિત્તમાં આવ્યા જ કરે છે, તેથી કરીને ચિત્ત એકાગ્ર થઈ શકતું નથી. આ અંતરાયો અને તેમની સાથે અચૂક જોડાયેલા ભાવો કયા છે, તે અગાઉ આપણે જોયું હતું. (સૂત્ર. ૩૦, ૩૧.)

એટલે સવાલનો સવાલ એક થઈને રહ્યો કે, આ અંતરાયોને કેમ પહોંચી વળાય ? અંતરાયનિવારણનો

* મૌર્ખ્યને દુઃખ ગણી શકાય; તો પછી 'મૌર્ખ્ય'ને ઉમેરવાની જરૂર ન રહે, એમ કોઈ દલીલ કરી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઉપાય શો ? આનો જવાબ હવે ચાલે છે. તેનો મુખ્ય મુદ્દો શરૂમાં કહ્યો—

૧. કોઈ પણ એક તત્ત્વનો અભ્યાસ થાય તો અંતરાય રોકાય (સૂત્ર ૩૨).

૨. ચિત્ત પ્રસન્ન રહેવું જોઈએ (સૂત્ર ૩૩).

આ ચિત્તને પ્રસન્ન રાખવાનું તો બીજી રીતે પણ જરૂરનું છે; દરેક જણે શીખી લેવા જેવી જીવન-કળા એ છે. તે વિષે આપણે ગયા પ્રકરણમાં જોઈ આવ્યા.

આ જે પ્રકરણ ચાલે છે તેમાં ૩૨થી ૩૯ સૂત્રો દ્વારા, 'અભ્યાસ' કરવો એટલે શું કરવું, એની સમજ આપવામાં આવી છે. એ યાદ રાખીએ, તો આ સૂત્રોમાં રહેલી સંકલના સ્પષ્ટ થશે.

અભ્યાસનો અર્થ મનની સ્થિરતાને માટેનો યત્ન (જુઓ સૂત્ર ૧૩ – तत्र स्थितौ यत्नः अभ्यासः) કરવો તે છે. આ યત્ન એટલે શું કરવું ? આ સૂત્રો એનો જવાબ આપે છે. શરૂમાં એનું સામાન્ય સ્વરૂપ સમજીશું.

એક તો આ સૂત્રોમાંથી એ જોવા મળે છે કે, જે યત્ન કરવાનો છે તે સર્વાંગીણ છે. મનુષ્યજીવનનાં બધાં પાસાં તરફ ધ્યાન આપવું જોઈએ, એ આ સૂત્રોમાં સ્પષ્ટ જોવામાં આવે છે :

પ્રથમ કહે છે કે, આ અભ્યાસનું રહસ્ય કોઈ પણ એકતત્ત્વનો તીવ્રરૂપે અભ્યાસ કરવો જોઈએ (સૂત્ર ૩૨), એ છે. એનાં ક્ષેત્રો આટલાં આટલાં છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


૧. ચિત્ત પ્રસન્ન રહે એવી મનની ભાવનાઓ કેળવવી જોઈએ. ચિત્તની ભાવનાઓની આવી કેળવણી અને તેની જરૂર સૂત્ર ૩૩માં કહી.

૨. અથવા પ્રાણાયામ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય કેળવવું (સૂત્ર ૩૪), તો ચિત્તપ્રસાદ થવા લાગે.

૩. અથવા ઇંદ્રિયોના અનેક બાહ્ય વિષયોના જ્ઞાન માટે એકાગ્ર પ્રયત્ન કરવાથી પણ લાભ છે (સૂત્ર ૩૫). જ્ઞાનેંદ્રિયના વિષયોની પ્રવૃતિ પણ અભ્યાસમાં મદદ કરે એવી રીતે કરી શકાય છે. તે વડે પણ મનને બાંધી શકાય.

૪. બુદ્ધિશક્તિને ખૂબ કેળવવા દ્વારા પણ લાભ છે (સૂત્ર ૩૬). તેવી પ્રવૃત્તિથી પણ મનને બાંધી શકાય.

૫. જીવનદૃષ્ટિ કે પ્રજ્ઞા એવી ખીલે કે જેથી વૈરાગ્યનું રહસ્ય સમજાય અને જીવનમાં ઊતરે; તો તેથીય લાભ થાય છે. આ સમજ કેળવવી એ પણ લાભદાયી અભ્યાસ છે (સૂત્ર ૩૭).

૬. સ્વપ્ન અને નિદ્રા અવસ્થા એ ચિત્તની અસાધારણ દશા છે. આ અસાધારણ દશાનું રહસ્ય પામવાથી ચિત્ત-શક્તિ ખરેખર શી વસ્તુ છે, તેનાથી થતા જ્ઞાન વિષે સાચું શું માનવું, ઇત્યાદિની સમજ પડી શકે છે. આ સમજ મેળવવાથી પણ લાભ થાય છે. એ અઘરો અભ્યાસ છે, છતાં તે ખપનો છે અને સૂક્ષ્મ ચિત્તની સાધનામાં તે કામ આવે છે (સૂત્ર ૩૮).

૭. અથવા પોતાને મનગમતી – પસંદ પડેલી કોઈ વસ્તુ કે કલ્પના ઉપર ધ્યાન રાખવાથી પણ મનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્થિરતા કે ચિત્તનો પ્રસાદ સાધવા બાબતમાં ફાયદો થાય છે. જેમ કે ઇષ્ટદેવની આરાધના (સૂત્ર ૩૯).

આમ ચિત્તની તર્ક, બુદ્ધિ, કલ્પનાશક્તિ, ભાવના, અને અહંતા – બધી શક્તિઓમાંથી કોઈ મારફત અભ્યાસ કરી શકાય. તે અભ્યાસ જેવી તીવ્રતા કે ઉગ્રતાવાળો હોય તેવું ફળ મળશે.

આ પ્રકારો વિષે વધારે વિચાર હવે પછી કરીશું.

૧૮-૧૦-'૪૮

## ૨૭

## પ્રાણાયામ

૩૨મા સૂત્રથી તે ૩૯મા સૂત્ર સુધીમાં યોગ-સૂત્રકારે અભ્યાસના જુદા જુદા પ્રકારો કહ્યા છે. એ પ્રકારો જીવનનાં બધાં પાસાંને સ્પર્શે એવા વ્યાપક અને સર્વગ્રાહી છે. તેમાં આપણી બધી શક્તિઓને માટેની કવાયત અને તાલીમનો ક્રમ સૂચવ્યો છે, જેથી મનની એકાગ્રતા થવામાં અચૂક આવતા અંતરાયોનું નિવારણ થાય.

૩૩મા સૂત્રમાં ચિત્તની ભાવનાઓની કેળવણીનો અભ્યાસ કહ્યો. આ એકલો અભ્યાસ પણ એવો પ્રબળ છે કે, તે દ્વારા ચિત્તને શાંતિ મળે. પણ એમ એકલ અલગ તો જીવનમાં કશું જ નથી; જેમ શરીરનાં અંગેઅંગ ઓતપ્રોત રહેલાં છે, તેમ જ આપણી કેળવણીનું પણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એટલે શરીરમનની બીજી શક્તિઓ તરફ પણ આપણે સાથોસાથ ધ્યાન આપીએ, તો જ અભ્યાસ સફળ અને સંપૂર્ણ થઈ શકે.

આથી કરીને આ સૂત્રોમાં શારીરિક, માનસિક વગેરે બધી બાજુ તરફ સાધકનું ધ્યાન દોર્યું છે.

૩૪મા સૂત્રમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની વાત કરી છે:—

प्रच्छर्दन-विधारणाभ्याम् वा प्राणस्य ।।

પ્રાણનું પ્રચ્છર્દન તથા વિધારણ કરવું એ પણ એક માર્ગ છે; તે દ્વારા ચિત્તના અંતરાયો નિવારી તેને સ્થિર કે એકાગ્ર કરી શકાય. ચિત્તપ્રસાદ મેળવવા માટે આ રસ્તો કામ દે છે.

પ્રચ્છર્દન એટલે શરીરમાં લીધેલા વાયુને બહાર કાઢવો તે. વિધારણ એટલે વિશેષે કરીને એક જ સ્થિતિમાં પ્રાણને ધરી રાખવો તે. સામાન્ય રીતે શ્વાસ અંદર જાય ને બહાર નીકળે જ છે. આ સહજ પ્રક્રિયામાં પ્રયત્નપૂર્વક— એક કસરત કે વ્યાયામ તરીકે કરવાની બે વિશેષ ક્રિયાઓ અહીં કહે છે:

એક તો કોઠામાં ફરતો જે વાયુ, તેને નાક વાટે બને તેટલો ખેંચી કાઢીને બહાર કાઢવો. આવા વાયુના રેચનને પ્રચ્છર્દન કહ્યું છે.

બીજી ક્રિયા કોઠાના વાયુની જે સ્થિતિ હોય તે સ્થિતિમાં તેને ધારણ કરી રાખવો એ છે. જો વાયુ અંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


લીધેલો હોય તો તેને નાકેથી ન નીકળવા દેતાં પૂરી રાખવો; અથવા જો તેને કાઢી નાંખ્યો હોય તો નાકેથી અંદર ઘૂસવા આવતા વાયુને રોકી કોઠાને વાયુરહિત ધારણ કરી રાખવો. આ ક્રિયાને વિધારણ કહે છે.

આ બધી ક્રિયાને સામાન્ય ભાષામાં પ્રાણાયામ કહે છે. યોગસૂત્રમાં અષ્ટાંગયોગના એક અંગ તરીકે તેનું બયાન આગળ બીજા સાધનપાદમાં કરવામાં આવે છે. પ્રાણાયામ એ શરીરની ધાતુઓની શુદ્ધિ તથા બળને માટેની એક સૂક્ષ્મ કસરત છે. સામાન્ય કસરત સ્નાયુ પરત્વે બહુ તો હોય છે; માલિસ વગેરે જેવી પ્રક્રિયા સીધી રુધિરાભિસરણની કસરત ગણાય; તેમ જ શ્વાસોચ્છ્વાસ માટેની કસરતો હોય છે. પ્રાણાયામ તેવી એક કસરત છે. હૃદય અને ફેફસાંમાં પ્રાણ લેવા-મૂકવા માટે કામ કરતી ધમણ કે ઉદરપટ ('ડાયાફ્રેમ') આપમેળે ચાલ્યા કરે છે. પ્રાણાયામ કસરત આ કામો પર અસર ધરાવતી ક્રિયા છે. તેથી તે નાજુક ક્રિયા ગણાય, તો સામેથી તેની અસર પણ ખાસ હોય છે.

અંગકસરતમાં જેમ હાથ પરથી મોટર ચલાવવી, ખૂબ વજન ઉઠાવવું, વગેરે ભીમ-કર્મો કરી શકાય છે, તેમ પ્રાણાયામ વિષે પણ વર્ણવાયાં જાણ્યાં છે. તેવાં ખાસ કાર્યોને તંદુરસ્તી કે અધ્યાત્મ જોડે ઝાઝી લેવાદેવા નથી. સામાન્ય જરૂર તંદુરસ્તી અને મનદુરસ્તીની છે. તેને માટે ટટાર બેસીને ભસ્ત્રિકા જેવી કે ધીમે ધીમે ઊંડા શ્વાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


લેવાની અને કાઢવાની કસરતો * બસ થાય છે. એ નિયમિત કરવાથી તેનો ફાયદો થાય, એ તો દરેક અભ્યાસનું લક્ષણ છે અને તે અહીં પણ બરોબર લાગુ પડે છે.

આ કસરતને મનને સ્થિર કરવામાં કામ દેનારી કહી છે. એ એની વિશેષતા છે. પ્રાણની ગતિ સાથે મનની વૃત્તિની ગતિનો જે નિકટ સંબંધ રહેલો છે, તે પરથી કહેવામાં આવ્યું છે કે, પ્રાણાયામથી મનની સ્થિતિ પર ફરક પડે છે. જેમ સામાન્ય વ્યાયામથી પાચન પર, વજન પર, સ્નાયુની શક્તિ વગેરે પર અસર પડે, તેમ પ્રાણાયામની કસરતથી સામાન્ય આરોગ્ય ઉપરાંત જે ફળ નીપજે છે તે આ છે. આ વાત અનુભવે જોવાની રહી. પણ એટલું એમાંથી સમજી લઈ શકાય કે, શ્વાસોચ્છ્વાસની કસરતનેય વ્યાયામમાં સ્થાન મળવું જોઈએ, કેમ કે તે શરીરના પ્રાણાભિસરણ પર સારી અને સીધી અંસર કરે છે. એ અસર કેટલે સુધી જઈ શકે છે તેનું વર્ણન અષ્ટાંગયોગના પ્રકરણમાં સાધનપાદનાં ૪૯થી ૫૨ સૂત્રોમાં આપ્યું છે; જે ત્યાં પહોંચીશું ત્યારે જોઈશું.

૧૪-૨-'૪૯

---

* વિધારણ એટલે વિશેષ કરીને વાયુને લેવો — ઊંડો શ્વાસ લેવો, એવો અર્થ પણ થઈ શકે. એટલે ઊંડેથી ખેંચીને શ્વાસ કાઢવો (એટલે પ્રચ્છર્દન) અને ઊંડે સુધી તે લેવો (એટલે વિધારણ)—એમ ઊંડો શ્વાસોચ્છ્વાસ લેવો ને મૂકવો, એવો અર્થ પણ કરી શકાય. એ જ ભસ્ત્રિકા અને દીર્ઘ ઊંડો શ્વાસોચ્છ્વાસનો પ્રાણ-વ્યાયામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૨૮

# વિષયવતી પ્રવૃત્તિનું યોગબળ

ગયા પ્રકરણમાં આપણે પ્રાણાયામ કે પ્રાણાભિસરણની કસરતથી અંતરાય-નિવારણમાં શો ફાયદો થાય છે તે જોયું હતું. અંતરાયોના પ્રકારો સૂત્ર ૩૦માં કહ્યા છે તે યાદ કરીશું તો જણાશે કે, પ્રાણાયામ શરીરના વ્યાધિ ને સ્ત્યાન પર સારી અસર પહોંચાડે છે. અને એ બે અંતરાયો પર સીધો પ્રહાર કરીને એકાગ્રતાના અભ્યાસમાં મદદ કરે છે.

પછીનાં બે સૂત્રોમાં જે અભ્યાસ કહ્યો છે, તે પ્રમાદ અને આળસ તથા કાંઈક સંશયના અંતરાયો પર અસર પહોંચાડનારો છે. તે સૂત્રો આ છે —

विषयवती वा प्रवृत्तिः उत्पन्ना मनसः
स्थितिनिबंध(-धि)नी ।। ३५ ।।

विशोका वा ज्योतिष्मती ।। ३६ ।।

–વિષયોને અંગેની પ્રવૃત્તિ જન્મે તો તે પણ મનની સ્થિતિ પ્રેરવા તરફ કામ દે છે.

–તેવી જ રીતે દરેકના ઘટની અંદર જે જીવનજ્યોત છે, જે અસ્મિતા-જ્ઞાન ને બુદ્ધિ છે, તેને અંગેની પ્રવૃત્તિ જો જન્મે તો તે પણ મનને સ્થિર કરવાનું કામ દે છે.

આ બે પ્રવૃત્તિઓ કઈ?



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તે પ્રવૃત્તિઓ વિષયોને તથા મનના કાર્યને અંગેની છે. એટલે કે, તે ઇંદ્રિયો મારફતે ચલાવવાની છે. એનો અર્થ એ છે કે, તે દરેકને માટે શક્ય છે; માત્ર તેણે સંકલ્પ અને યત્નપૂર્વક તેનો અભ્યાસ કરવો જોઈએ. એમ જો કરવામાં આવે તો તેમાંથી એવી રમૂજ જન્મે છે, એવું રહસ્ય ઉત્પન્ન થઈને અનુભવમાં આવે છે કે, તે અનુભવને જોરે મન સ્થિરતા તરફ વળે છે.

સાધારણ રીતે આપણને જે ઇંદ્રિયજ્ઞાન થાય છે, તે ઉપરચોટિયું અને સામાન્ય કુદરતી હોય છે. તેના કાર્ય-કારણની સૂક્ષ્મતામાં આપણે પડતા નથી. કેવળ વ્યવહાર પૂરતું એનું ભાન કામમાં લઈ આગળ ચાલીએ છીએ. પણ કોઈ વિજ્ઞાની શું કરે છે? તે તેમાં ઊંડો ઊતરે છે; તે જ્ઞાનને ચકાસે છે, પૃથક્ કરે છે. તો તેમાંથી તે પોતાના ચિત્તની શક્તિ કેળવી તેમાંથી અવનવી શોધો મેળવી શકે છે. આ જાતનો જે જ્ઞાન-વ્યાપાર છે, તેને વિષયવતી પ્રવૃતિ ઉત્પન્ન થઈ એમ કહેવાય. એમાં માણસ પોતાના અનુભવથી જોવા-જાણવા મથે છે; તેમ કરવા તે મનથી તનથી મથે છે; તેમાં તે એકાગ્ર થાય છે. આમ બુદ્ધિ-સાધન સતેજ બને છે, સૂક્ષ્મ બને છે, અને પછીથી આગળ જઈ શકે છે.

એવું જ બીજો સૂક્ષ્મ વ્યાપાર આપણા પોતામાં રહેલી અસ્મિતા કે હુંપણું છે તે શું છે, એ જાણવામાં છે. સામાન્ય રીતે ઇંદ્રિયજ્ઞાન અને જેને એ જ્ઞાન થાય છે તે 'હું' 'હું' કહેતો અંતરાત્મા, એ બેમાં સ્પષ્ટ ભેદ આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વ્યવહારમાં નથી જણાતો. પરંતુ તે બે વસ્તુ જુદી તો છે જ. જે વડે આપણને જ્ઞાન થાય છે તે ચિત્તતંત્ર બાહ્ય ઇંદ્રિયથી માંડીને અંદરનાં સૂક્ષ્મ એવાં બુદ્ધિ અને અહંકાર સુધીનાં જાત જાતનાં અંગો મળીને બનેલું છે. માનસ-શાસ્ત્રમાં એ બધાનો વિચાર થાય છે. એ વિચાર ચોપડીથી કે કોઈ કહે તે દ્વારા કરવો એ એક રીત છે; તે રીત ભણતરની છે. પણ એથી તો પરોક્ષ પોપટજ્ઞાન બહુ તો થાય. તે વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તો તે પ્રવૃત્તિ મનની સ્થિરતા ઉપર અસર કરે, એ ઉઘાડું છે. આ કરવાની રીત વિજ્ઞાનની ઢબે વસ્તુને ખૂબ ખંતભર્યા અભ્યાસથી તપાસવી એ છે. ઇંદ્રિયો, મન શી રીતે કામ કરે — 'વિષયવતી પ્રવૃત્તિ' શી રીતે ચાલે છે, તે જો જાતમહેનત કરીને સમજાય, તો ચિત્તમાં એવી જ્ઞાનશક્તિ ઊપજે છે કે જે અંતરાયોને હઠાવવામાં કામ દે છે.

આવી વિજ્ઞાનબુદ્ધિ ખીલે, તો સંશય થાય તેનું નિવારણ કરવાની કળ પણ હાથ થઈ જાય છે. આ પ્રવૃત્તિ એવી છે કે તેમાં પ્રમાદ અને આળસ ન ચાલી શકે. મહાન વિજ્ઞાનીઓનાં જીવન જુઓ તોયે આ તો સ્પષ્ટ થશે. તેમનામાં સહેજે અમુક એકાગ્રતા પણ હોય છે, તે પણ આથી જ. ટૂંકમાં જે જે બધો વ્યવહાર આપણે કરીએ છીએ, તે બધો 'વિષયવતી' અને 'જ્યોતિષ્મતી' પ્રવૃત્તિ જ છે. પણ આપણે તેમાં શ્રેયની યોગબુદ્ધિથી પડતાં નથી. તેમ કરીએ, તો આપણો વ્યવહાર વિજ્ઞાનશુદ્ધ કરવો પડશે; તે વિષેની જે શાસ્ત્રીય સમજ હશે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


મેળવવા તે તે વિજ્ઞાનવિદ્યાઓ જાણીશું; તે બધી જ છેવટે જોતાં તો ઇંદ્રિયોના અને મનના વ્યાપારથી જ જન્મે છે. અને આ વ્યાપાર તો આપણો ચાલે જ છે. એટલે એનાં નિરીક્ષણ અને પરીક્ષણ કરવા સતત જાગ્રત રહીશું. આ બધું કરવામાંથી એવી સમજ, શ્રદ્ધાબુદ્ધિ અને બળ મળે છે કે જેથી મન પર કાબૂ આવે છે.

આ શક્તિથી સિદ્ધિ મળી શકે, જેવી કે વિજ્ઞાનીઓ મેળવે છે. તે પૂરતી એકાગ્રતાથી જો સંતોષ માનીએ, તો અમુક તમુક વિષયવતી પ્રવૃત્તિના સિદ્ધ બની બેસીએ; પણ પૂર્ણયોગ ન સધાય, પરમશાંતિ ન મળે. છતાં ચાલુ વ્યવહાર અને વિષયવ્યાપારમાં પણ એકાગ્રતાનું જોર અર્પનારા અભ્યાસની ગુંજાશ રહેલી છે; તેનો એ માટે ઉપયોગ કરી શકીએ છીએ;—એ બતાવવા માટે આ સૂત્રો છે. આપણે આપણી જ પ્રવૃત્તિઓમાં જો વિજ્ઞાનીની અદાથી જોતા રહીએ, એટલે કે અંતર્મુખ બનીને આત્મ-નિરીક્ષણ કરતા રહીએ, તો તે એક યોગ છે, અને તેમાંથી પરમ ફળ મળી શકે છે, એવી ભારે આશ્વાસનરૂપ વાત આ સૂત્રમાંથી સમજાય છે.

૨૨–૩–'૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૨૯

# વિચારમય જીવનનું યોગબળ

ગયા પ્રકરણમાં આપણે, આપણી સામાન્ય 'વિષયવતી' — સંસારી કહેવાતી પ્રવૃત્તિ પણ કેવી રીતે યોગાભ્યાસમાં કામ દઈ શકે, તે જોયું. તે ઉપરાંત બીજા માર્ગોથી પણ કામ કરવું જોઈએ. એવા બહુવિધ અને બહુદિશ અભ્યાસ વડે ચિત્તના અંતરાયો દૂર કરી શકાય છે. અને જેવો અંતરાય તે પ્રમાણે અમુક ખાસ અભ્યાસ તેને માટે સૂચવાયો છે. જેમ કે પ્રાણાયામથી શરીર તથા ઇંદ્રિયોની જડતા, ભારેપણું કે પ્રમાદ દૂર કરી શકાય. તે અભ્યાસ આ મુખ્ય કામ કરે; અને એ દ્વારા બીજી અનેક સહાય કરે. તેમ જ અવિરતિ અંતરાય છે, તે સામે લડવા માટે હવે આગળ કહે છે —

वीतरागविषयं वा चित्तम् ॥ ३७ ॥

—રાગ ભણીનું આકર્ષણ જેને ન હોય એવા વીતરાગ પુરુષને વિષે આદરભાવથી ઢળતું ચિત્ત મનની સ્થિરતા મેળવે છે. मनसः स्थितिनिबंधनम् એવું અધ્યાહાર સમજી લેવાનું. (સૂત્ર ૩૫નો અનુબંધ જુઓ.) કહેવાનો ભાવ એ છે કે, જીવનમાં ભોગ અને ઐશ્વર્ય નહીં, પણ વૈરાગ્યને વરેલા માણસનું ચિત્ત ધીમે ધીમે મન પર કાબૂ મેળવી શકે છે. વૈરાગ્યનો અભ્યાસ કરવા માટેનો ઉપાય આ સૂત્રમાં કહે છે. જ્ઞાની કે વૈરાગ્ય-મૂર્તિ પુરુષો માટે



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ભક્તિભાવ ધરવાથી આપણે તેવા બનતા થઈએ. સત્સંગ, સત્સેવા કે સત્ આદર્શનો એવો મહિમા છે.

અંતરાયોમાં મોટો અંતરાય અવિરતિ કે વિષયો ભણી મને દોડયા કરવું તે છે. કેટલીય પીડા મન આવું હોવાથી જ થાય છે. એટલે, જેટલા પ્રમાણમાં માણસ વૈરાગ્ય સાધે છે, તેટલા પ્રમાણમાં તેનું ચિત્ત આપોઆપ એકાગ્ર થાય છે. તેથી યોગાભ્યાસમાં વૈરાગ્યદૃષ્ટિ કેળવવી એ એક તેનું અંગ છે. અને આ અંગ એટલું બધું પ્રબળ છે કે, જો પરમ વૈરાગ્યદૃષ્ટિ પામીએ તો તે પોતે જ ચિત્તનિરોધ કે યોગસિદ્ધિનું સાધન બને; — સૂત્ર ૧૨માં તે આપણે જોઈ ગયા : अभ्यास-वैराग्याभ्यां तन्निरोधः ।

વળી, અનેક અંતરાયોનું મૂળ કારણ જો ઊંડા ઊતરીને તપાસીએ, તો કોઈ ને કોઈ રાગ કે દ્વેષ યા આસક્તિ હોય છે. અને આનું કારણ આપણી ખોટીખરી અણસમજ કે અવિવેક હોય છે. તેથી કરીને અભ્યાસ કરીને છેવટે તો આપણે એ અવિવેક કે તજ્જન્ય રાગ કે આસક્તિ હઠાવવાની છે. એ અભ્યાસ આ ૩૭મા સૂત્રમાં કહે છે. પરમ વૈરાગ્ય મેળવવા માટે યોગ્ય સમજ કે સાચું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન આ છે.

ઊંડે જઈને તપાસીએ તો, જે જે કામો આપણે કરીએ તે દરેકમાં આપણને કેટલોક નક્કર અનુભવ મળે છે. આ અનુભવને આપણે અંતર્મુખ બનીને તપાસતા કે સમજતા નથી હોતા; તેમાં મન પરોવતા નથી. (આને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જ પ્રમાદ કહે છે, જે એક અંતરાય ગણાય છે). પરંતુ એ કરવા જેવું છે. તો જ માણસ વિકાસ સાધે છે. એ પ્રકારનું ચિંતન અને મનન કરવું, તથા એવી અંતર્મુખતા કેળવવી. તો તે મારફતે ચિત્ત વિચારપૂર્વક વર્તવા માટે ટેવાય છે. સાચો વિચાર પણ એ જ રસ્તે આપણામાં જાગે છે; એ કાંઈ બહારથી નથી આવતો. આવો નિત્ય અભ્યાસ જો રાખીએ, તો ચિત્ત નમ્ર બનતું જાય છે અને વિષયો ભણી કેવળ રાગદ્વેષથી તણાઈ ન જતાં, — ગીતાકાર કહે છે તેમ, વાયુર્નાવમિવાંભસિ, પાણીમાં વાયુને આશરે પડેલી નાવડી જેવા તેના ઘાટ ન થતાં, તે પોતાની જે દિશા હોય તે તરફ વિચારપૂર્વક જઈ શકે એવું બને છે. વિચારમય જીવન જેને કહેવામાં આવે છે તેનો અભ્યાસ તે આ વીતરાગવિષય ચિત્ત કરવાનો પ્રયત્ન છે. સદસદ્-વિવેક જેને કહેવાય છે તે પણ આ અભ્યાસનું ફળ છે.

૨૫-૪-'૪૯



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

## સ્વપ્ન અને નિદ્રાના જ્ઞાનનો અભ્યાસ

મનને સ્થિર કરવાને અગાઉ જોયા તે ઉપરાંત બીજા અભ્યાસ પણ છે, તે ૩૮, ૩૯ સૂત્રમાં છેવટે કહે છે. આ બેઉ સૂત્રમાં પણ 'मनसः स्थितिनिबंधनम्'—જેવો અર્થ અધ્યાહાર માની લેવાનો છે. આ બે સૂત્રો આમ છે—

स्वप्ननिद्राज्ञानालंबनं वा ॥ ३८ ॥

यथाभिमतध्यानात् वा ॥ ३९ ॥

—સ્વપ્ન કે નિદ્રાની અવસ્થામાં જે જ્ઞાનનો અનુભવ ચિત્તને થાય છે, તેનું આલંબન લઈને જો અભ્યાસ કરાય, તોય મનને સ્થિર કરવામાં મદદ મળે છે.

—અથવા તો આપણને જે પસંદ હોય તેવી વસ્તુનું ધ્યાન કરવાથી પણ મદદ થાય છે.

આપણે જોયું છે કે, આ અભ્યાસના પ્રકારોનો સંબંધ અંતરાયોના પ્રકારો સાથે કાંઈક છે. જેમ કે શારીરિક અંતરાયો—વ્યાધિ, સ્ત્યાન માટે પ્રાણાયામને વધુ લેવાદેવા છે; અવિરતિ અંતરાયને વીતરાગવિષય ચિત્ત જોડે છે. તેમ જ સૂત્ર ૩૮ ૩૯માં જે આ બે અભ્યાસ બતાવ્યા છે, તેમનો અનુક્રમે ભ્રાંતિદર્શન અને અલબ્ધભૂમિકત્વ એ અંતરાયો જોડે સંબંધ બતાવી શકાય. પહેલું ભ્રાંતિદર્શન લઈએ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ભ્રાંતિ શું કામ થાય? કારણ, સાચી સમજ નથી તેથી. તેને માટે જે જ્ઞાનનિષ્ઠા કે અમુક પાકી શ્રદ્ધા જોઈએ તે ન હોવાથી મન ડગમગે છે. હવે સ્વપ્ન અને નિદ્રામાં થતા જ્ઞાનને જુઓ. આપણો સામાન્ય અનુભવ જાગ્રત અવસ્થાનો જ હોય છે. સ્વપ્ન સાચાં ન હોય એમ માનીએ છીએ. અને નિદ્રામાં તો કાંઈ ખબર જ નથી પડતી, એટલે તે વિષે ઝાઝો વિચાર શો? સૂત્રકાર કહે છે કે, આ બે જ્ઞાન પર અભ્યાસીઓએ વિચાર કરવા જેવો છે; તો મન-માંકડાને વિષે એવું જાણવાનું મળશે કે જેથી માણસ તેનું ખરું સ્વરૂપ પામી શકશે.

સ્વપ્નમાં દશે ઇંદ્રિયો શાંત હોય છે, કેવળ તેમનો નાથ — અગિયારમી ઇંદ્રિય જે મન, તે કામ કરે છે; અને નિદ્રામાં તે પણ નથી કરતું. પણ સ્વપ્નમાં જે ચાલે છે તે આપણે તેથી નિરાળા એવા સાક્ષી તરીકે જોઈએ છીએ; તેનાં સુખદુઃખ, ભય, રાગદ્વેષ ઇત્યાદિ પણ તે વખતે અનુભવીએ છીએ; તેમાંનું કેટલુંક જાગ્યા પછી યાદ રહે છે; ઘણું નથીયે રહેતું. નિદ્રામાં તે વખતે કશી ખબર નથી હોતી, પણ જાગ્યા પછી એમ યાદ કરીએ છીએ કે, ઠીક ઊંઘ આવી, કાંઈ ખબર જ ન પડી, બહુ સારું લાગ્યું ઇ૦.

સામાન્ય જાગ્રત દશાના અનુભવથી આ એક વિલક્ષણ અનુભવ છે. તેમાં આપણું હુંપણું જરા જુદી રીતે દેખાય છે. મનની ચેષ્ટાઓ અસાધારણ જોવા મળે છે. તે પરથી આપણે હુંપણું, મન, મનની કામ કરવાની રીત વગેરે વિષે સાક્ષાત્કાર પામી શકીએ. દાખલો લઈએ તો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જેમ કે ફ્રૉઇડ. તેણે સ્વપ્નાવસ્થાનો ઊંડો અભ્યાસ કર્યો. તો મનના લક્ષણ વિષે કેટલાંક નવાં જ બિંદુઓ તેણે જગત આગળ રજૂ કર્યાં; અને સારાંશે કહ્યું કે, આપણી અંદર મુખ્ય પ્રેરક બળ 'લિબિડો' છે — કામવાસના છે. ગીતાકારે પણ અર્જુનના ખરી મૂંઝવણથી પૂછેલા સવાલનો એને મળતો ઉત્તર સદાને માટે નથી આપ્યો ?

काम एषः क्रोध एषः । अ० ३, ३७ ।

પરંતુ ગીતાકાર આગળ જઈને કહે છે, એ 'કામ' આપણે નથી. આપણી ઇંદ્રિયો, તેથી આગળનું તત્ત્વ મન, તથા તેથીય આગળનું તત્ત્વ બુદ્ધિ, — કામ ત્યાં ઘર કરીને વર્તે છે. પરંતુ આટલું જ સમજવું એ ભ્રાંતિજનક છે. બુદ્ધિ અને ત્યાં સુધી વ્યાપતા કામ-શત્રુની પણ પર એવું આત્મતત્ત્વ છે. સ્વપ્ન અને નિદ્રામાં તે સાક્ષીરૂપે અનુભવ લે છે. એ અનુભવોની છણાવટ કરવા દ્વારા જો આપણે આત્મનિષ્ઠાનો સંસ્કાર દૃઢ કરીએ, તો સ્વપ્ન અને નિદ્રામાં મળતા તે જ્ઞાનના આધારથી મન પર કાબૂ આવતો જાય. મનનો કાબૂ એ આત્મચિંતનનો હેતુ છે. તે ચિંતન કરવાને માટે બાહ્ય પ્રવૃત્તિ (સૂત્ર ૩૬ જુઓ), વિચારમય જીવન (સૂત્ર ૩૭ જુઓ), ઉપરાંત સ્વપ્નદશાના મનનો અભ્યાસ કરવાની સૂક્ષ્મ માનસપ્રવૃતિ પણ કામની છે. કેવળ જાગ્રત જ નહિ, તે ઉપરાંત સ્વપ્ન ને નિદ્રા એમ ત્રણે દશામાં જે અનુભવ થાય, તે બધાનો ભેગો ક્યાસ કરીને રહસ્ય કાઢવું જોઈએ. સ્વપ્નદશા એક ભારે મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભ્રાંતિદર્શનનો ખેલ નથી? તેનું રહસ્ય પામીએ તો મન પર કાબૂ આવે. તેવું જ નિદ્રા વિષે છે. તેનો થોડો વધુ વિચાર આવતા પ્રકરણમાં.

૨૧-૫-'૪૯

## ૩૧

## નિદ્રાવૃત્તિ

ગયા પ્રકરણમાં આપણે સ્વપ્ન અને નિદ્રા એ બે અવસ્થામાં થતા જ્ઞાન પર આધાર રાખીને અભ્યાસ કરવાથી પણ ચિત્ત ઉપર અમુક કાબૂ મળી શકે છે, તેની ચર્ચા કરી હતી. તે અંગે થોડુંક વિશેષ જોવા જેવું છે.

નિદ્રા એક વૃત્તિ છે, એ અહીં યાદ કરવું જોઈએ. એટલે કે, ચિત્ત સામાન્ય રીતે આ વૃત્તિમાં પણ જાય છે; અને એનો શારીરિક તથા માનસિક ફાયદો કેટલો બધો છે, એ તો દરેક જાણે છે. ઊંઘ ન આવે તો આપણે સાજાતાજા ન રહી શકીએ; ઊંઘ ન મળતી રહે તો આપણું ચિત્ત સ્વસ્થ રીતે કામ ન કરી શકે; તે વગર લોકો ગાંડા પણ થઈ જાય છે. મતલબ કે, નિદ્રાવૃત્તિમાં આ ગુણ સહેજે રહેલો છે: ચિત્તને તે અમુક સ્વસ્થતા અને તંદુરસ્તી આપે છે.

આ સૂત્રમાં તેથી આગળ જઈને જ્ઞાનપૂર્વક અમુક અભ્યાસ કરવાની વાત છે. તે એ કે, આ નિદ્રાદશામાં ચિત્તને જે અનુભવ થાય છે, જે નિદ્રાકાર રૂપમાં તે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વખતે હોય છે, તે શું છે એ ખોળવા મથવું. તે વખતે ચિત્તમાં બીજી કોઈ વૃત્તિ ન હોવી, એ જ તે નિદ્રા-વૃત્તિનો અર્થ છે. આમ વૃત્તિ વગરનું ચિત્ત બની શકે છે, એ અનુભવ ભારે વિચિત્ર વસ્તુ છે. એવું ચિત્ત બને એક નિદ્રાકાળમાં, અને બીજું સમાધિકાળમાં કે જ્યારે વૃત્તિનિરોધ થાય છે. આથી કરીને, વૃત્તિનિરોધનો નકારાત્મક નમૂનો, નિદ્રાનું ચિત્ત તપાસી જોવાથી, કલ્પનામાં આવી શકે છે. એ જ્ઞાન મનને મારવામાં ખપ લાગે છે.

અને નિદ્રામાં પડ્યા પછી બીજી વૃત્તિઓમાંથી સ્મૃતિવૃત્તિ એકલી કામ કરે, ત્યારે સ્વપ્નાવસ્થા થાય છે. આ વખતે ચિત્ત, સિનેમા જોઈએ એમ, સ્મૃતિમાંથી ઊઠતાં દૃશ્યો અને ભાવો જુએ છે. એ દશામાં આપણે આપણી સ્મૃતિમાં શું શું ભરાઈ રહ્યું છે, તે જાણી શકીએ છીએ. અભ્યાસ કરવાને માટે આ એક કીમતી તક ગણાય, કેમ કે બીજી રીતે કેવળ સ્મૃતિવૃત્તિને આપણે જોઈ શકીએ નહિ.

આ બંને વૃત્તિઓ વખતે આપણું દ્રષ્ટાપણું જરા વધારે નિરાળું પાડવું હોય તો પાડી શકીએ છીએ. જાગ્રત દશાના અનુભવો વખતે તેની જોડે આપણું તાદાત્મ્ય વધારે જ્વલંત અને પાવરધું હોય છે. પણ સ્વપ્ન અને નિદ્રામાં આપણે આપણું નિરાળાપણું — જાગ્રત દશાની અપેક્ષાએ જોતાં — સરળતાપૂર્વક અનુભવી શકીએ છીએ. અને છેવટે યોગનું રહસ્ય પણ, દ્રષ્ટાનું આવું કૂટસ્થ – તટસ્થપણું જીવનમાં સભર ઉતારવું, એ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જાગ્રતમાં આપણે હોઈએ છીએ તે જ સ્વપ્ન અને નિદ્રામાં છીએ; કાંઈ ફરી નથી જતા. એટલે આ ત્રણેનો ભેગો વિચાર કરીને આપણે આપણા જીવનના અનુભવનો અને આપણાપણાનો ક્યાસ કાઢવો જોઈએ. તેમાં જાગ્રત દશાને માટેના અભ્યાસો આગળનાં સૂત્રોમાં કહ્યા. સ્વપ્ન અને નિદ્રાના અનુભવો પણ ખપના છે. એ કામ પણ અભ્યાસીને રુચે તો કરી શકે છે. કાંઈ નહિ તો સ્વપ્ન અને નિદ્રાના દાખલા પરથી જાગ્રતના અનુભવોને તોલી જોતાં તેમાં રહેલું મિથ્યાત્વ તો સમજમાં આવી જ શકે. આ સમજાવવાને માટે પુરાણો વગેરેમાં નિદ્રાવસ્થામાં જન્મોજન્મના અનુભવ ભરેલી આખ્યાયિકાઓ આપવામાં આવે છે. આ દાખલા, આ સૂત્રમાં જે અભ્યાસ કહ્યો છે, તેનું રહસ્ય બતાવનારા છે.

સ્વપ્ન અને નિદ્રાના અનુભવો પાશ્ચાત્ય માનસ-શાસ્ત્રીઓએ આ રીતે ઝાઝા વિચાર્યા નથી. પણ પૂર્ણ જ્ઞાન માટે તે આવશ્યક છે. ત્રણે અવસ્થામાં થતા જ્ઞાન દ્વારા સાચું જ્ઞાન પ્રગટ થવું જોઈએ, એ વાત પૂર્વનાં દર્શનો સ્વીકારીને ચાલ્યાં છે; બલ્કે જ્ઞાનદશાને તે પરથી ચોથી — તુરીય દશા પણ કહેવામાં આવી છે. મનનો અભ્યાસ ત્રણે દશામાં કરીએ, તો તેથી પર એવી જ્ઞાનદશાની કલ્પના આવે, એ અનુભવને ૩૮મા સૂત્રમાં સંધરેલો છે.

૨૩–૬–'૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૩૨

# ઇષ્ટદેવનું ધ્યાન

મનની ચંચળતાને દબાવવાને માટે, કેવી કેવી જાતના અભ્યાસ કરી શકાય, તેનું વર્ણન આપતાં સૂત્રો આપણે જોતા હતા. આ બધા અભ્યાસનું મુખ્ય પ્રયોજન સ્પષ્ટ સમજવું જોઈએ;—તે છે મનની એકાગ્રતા મેળવવાનું. અને તેનું ફળ પણ સ્પષ્ટ થવું જોઈએ;—તે છે આગળ સૂત્ર ૩૦-૩૧માં વર્ણવેલા ચિત્તના અંતરાયો વગેરેને દૂર કરવાનું; યોગસૂત્રનો શબ્દ વાપરીને કહીએ તો, અંતરાયાભાવ (જુઓ સૂત્ર ૨૯) અથવા તો અંતરાયોનો પ્રતિષેધ સાધવાનું (જુઓ સૂત્ર ૩૨).

આ અભ્યાસના વિવિધ પ્રકારોના પ્રકરણનો સમારોપ કરતું છેવટનું સૂત્ર હવે આવે છે—

यथाभिमतध्यानाद्वा ॥ ३९ ॥

—અથવા તો પોતાને ગમતા કોઈ પણ ભાવ કે વસ્તુ યા પદાર્થના ધ્યાનમાંથી પણ મનની સ્થિતિને નિબંધન કરે—તેની સ્થિરતા મેળવી આપે એવું ફળ મેળવી શકાય છે.

આગળના પ્રકારોમાં આપણે જોયું કે, તે તે પ્રકાર તેના અનુષંગી અમુક તમુક અંતરાયને વિશેષે લક્ષમાં લઈને, તેના પર સીધો હલ્લો કરી, તેને દૂર કરવાની દૃષ્ટિએ હોય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અંતરાય અને અભ્યાસપ્રકાર વચ્ચેનો આવો સંબંધ આ સૂત્રમાં સૂચવેલા પ્રકાર અંગે પણ છે, જેનો કેવળ ઉલ્લેખ આગળ કરી ગયો છું. 'અલબ્ધભૂમિકત્વ' અંતરાય છે; તેને અનુલક્ષીને આ અભ્યાસ ખાસ છે, એમ કહી શકાય. અલબ્ધભૂમિકત્વ એટલે અભ્યાસ કરીએ છતાં તેમાં કાંઈ કે આશ્વાસન મળે એવી સફળતા ન લાગવાથી ચિત્તને જે અજંપો અને ઉચાટ જેવી અશ્રદ્ધા રહ્યા કરે તે. અભ્યાસમાં ઉત્સાહ અને ઉમંગથી આગળ ચાલવા માટે કાંઈ કે ભૂમિકા ન મળે; તેથી કરીને ચિત્ત પાછું પડયા કરે; આવી ચિત્તના પ્રતિઘાતની—'ફ્રુસ્ટ્રેશન'—ની દશા; અથવા કહો કે ચિત્તપ્રસાદ ન રહેવો તે.

તો શું કરવું? સૂત્રકાર કહે છે કે, તમારા ચિત્તને જે ગમે તે ઇષ્ટનું ધ્યાન કરી ચિત્તને તેમાં વાળો. તેમાં અનન્ય અને એકાગ્ર બનશો તોય અંતરાયો ઉપર જય મળી શકશે અને મનને વશ કરવાનો માર્ગ મોકળો થશે.

આપણી રૂઢ પરિભાષામાં કહેવું હોય તો, આ અભ્યાસ ભક્તિમાર્ગનો—ઇષ્ટદેવની આરાધના કરવા દ્વારા કામ લેવાનો છે. ઈશ્વરપ્રણિધાન પણ ચિત્તનિરોધનો એક માર્ગ છે. એ ઈશ્વરપ્રણિધાન માર્ગના સંબંધનો આ અભિમત કે ઇષ્ટના ધ્યાનનો અભ્યાસ છે. હિંદુ ધર્મની ઇષ્ટદેવની કલ્પના અહીં આવી જાય છે, એ ઉઘાડું છે. તેનું રહસ્ય એ નથી કે, તમે અમુક કે તમુક દેવ યા સત્ત્વને પૂજો. કોઈ પણ અભિમત દેવ કે સત્ત્વ, જેને વિષે તમારી સહજ રુચિ કે ભક્તિ યા પ્રેમ હોય, તેને તમે લઈ શકો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છો. તેથી પહેલી વાત તો એ કે, અલબ્ધભૂમિકત્વનો અંતરાય કેટલોક આપોઆપ ટળશે. એ કરવામાં રહસ્ય છે એકાગ્રતા કે અનન્યતાનું; રહસ્ય છે મનને મારવાનો અભ્યાસ કરવાનું. વૈરાગ્યયુક્ત જ્ઞાનથી, કે ચારિત્ર્યની ઉદાત્તતાથી, કે મન-વાંદરું કેવી રીતે કામ કરે છે તેનું પરીક્ષણ કરી કરીને તેને પટાવી લેવાના ધ્યાનથી, કે પછી (હવે આ સૂત્રમાં કહે છે તેમ) ઇષ્ટદેવની ભક્તિ કે પૂજાપાઠ વગેરેથી — ગમે તે રીતે કામ કરવાની છૂટ છે. કામ છે કામ સાથે, કોઈ નામ કે ભુત સાથે નથી.

હિંદુ ધર્મે માનેલી મૂર્તિપૂજાનું રહસ્ય પણ, યોગ-શાસ્ત્રની દૃષ્ટિએ, અહીં સ્પષ્ટ થાય છે. મૂર્તિપૂજાનું સત્ય પૂજકના કે ભક્તના ચિત્તમાં કે તેની ભાવના અને સાધના-માં છે; કોની શાની મૂર્તિ છે તેમાં નથી. તેથી જ પુરાણી આખ્યાયિકાઓમાં સાંભળીએ છીએ કે, એક જ મૂર્તિ એક ભક્તને રામની દેખાય ને બીજાને કૃષ્ણની. એમાં જો ભુત-ભાવ પેસે તો તે અસત્ય અને કેવળ સંસારી જંજાળ થઈ જાય છે. જેમ કે, મંદિરના દેવોના ઝઘડા: રામકૃષ્ણ કરતાં શ્રીજી મહારાજ મોટા, અને શૈવ કહેશે સૌમાં મહાદેવ જ મહા-દેવ છે, વગેરે વગેરે. આ બધામાં જો યોગસૂત્રનું આ અભિમતધ્યાનનું રહસ્ય છે એ સમજીએ, તો જ અસંખ્ય એવી અભિમત વસ્તુઓ હોવા છતાં, તે બધામાં ઝઘડો નથી એમ જણાય. કેમ કે, આ ઇષ્ટ-ધ્યાનમાં કે મૂર્તિપૂજામાં કે ભક્તિમાં રહસ્ય કોઈ દેવ-વિશેષ, અમુક સત્ત્વ-વિશેષ, કે અમુક પદાર્થ-વિશેષ નથી; રહસ્ય છે ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તેમ કરીને મન-રિપુને કબજે કરવામાં. મુંડે મુંડે મતિ ભિન્ન છે, તેમ જ હૃદયે હૃદયે રુચિ ભાવ પણ ભિન્ન હોય છે. એથી જ કળા વિષે પણ જ્ઞાનક્ષેત્રની પેઠે વિવેક કરવાનું જાગે છે. આ રુચિ જો નિર્દોષ હોય, સમાજદ્રોહી ન હોય, તો તેને જોઈતું જે અભિમત આલંબન હોય, તે લઈને ચાલવું જોઈએ. તેમાં રહસ્ય છે ચિત્તને વાળવાનું, તે ઉપર જય મેળવવાનું. આ જય મેળવવાને માટે ઇષ્ટારાધના કામ દે છે. આમ વ્યક્તિવિશેષને આરાધનારો પણ છેવટે ઈશ્વરને આરાધતો થશે; માત્ર તેણે યોગરત રહેવું જોઈએ — નિત્યયુક્ત બનવું જોઈએ; — આવું કથન ગીતાકારે જે વારંવાર કર્યું છે, તે પણ આ સૂત્રનું જ સ્પષ્ટીકરણ કરનારું છે.

૨૩-૮-'૪૯

## ૩૩

## અંતરાય-રહિત ચિત્તની શક્તિ

ચિત્તને નડતા અંતરાયોને દૂર કરવાને, પોતાને જે રીતે રુચે તે રીતે અભ્યાસ કરવો જોઈએ; તેવા અભ્યાસના પ્રકારો કયા કયા છે તે આપણે જોયા. એ પ્રમાણે કરવાથી ચિત્તના અંતરાયો દૂર થાય, તો તેનું ફળ શું આવે તે હવે કહે છે —

परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥ ४० ॥

— એવા પુરુષના ચિત્તની શક્તિ એવી બને છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



નાનામાં નાનો એવો પરમાણુ, ત્યાંથી માંડીને મોટામાં મોટું એવું જે પરમ મહત્ત્વ, ત્યાં સુધી તે ગતિ કરી શકે; સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવા પરમાણુથી માંડીને સ્થૂલમાં સ્થૂલ પદાર્થો કે ભાવોનો (અથવા પદાર્થમાત્રના પરમ સૂક્ષ્મ આદિકારણ મહત્ તત્ત્વ સુધી) વિચાર કરવામાં તે ચિત્ત વિચરી શકે છે.

મતલબ કે, આપણું જે ચિત્તતંત્ર છે, જે વડે આપણો બધો વ્યવહાર ચાલે છે, જે વડે આપણે જ્ઞાનવિજ્ઞાન પામી શકીએ એમ છીએ, તે આપણું પરમ અંતઃકરણ કે આંતર સાધન પૂરેપૂરું કાર્યક્ષમ બને છે. મનુષ્યનું પરમ ઓજાર એ છે; તે જોઈએ તેવું તીક્ષ્ણ અને તૈયાર બને છે. આવા ચિત્તથી જ વૃત્તિ-નિરોધનો અભ્યાસ કરી શકાય. આવું સમર્થ કે સબળ અને અપ્રતિહત ચિત્ત નિર્મળ હશે, કુશાગ્ર હશે, જીવનવિચારને વિષે એકાગ્ર હશે. તેવું બન્યા વગર ચિત્ત તેનો ચરમ અભ્યાસ, જે વૃત્તિનિરોધનો છે, તે નહિ કરી શકે.

હવે પછી સૂત્રકાર આ વૃત્તિનિરોધના ચરમ અભ્યાસની પાયરીનું નિરૂપણ કરે છે. તે જોઈએ. તે પહેલાં સૂત્રકારે સૂત્ર ૧૭થી ૨૦માં વૃત્તિનિરોધ વિષે જે થોડુંક બયાન કર્યું છે, તે જોવું જોઈએ, કેમ કે એ સૂત્રો આપણે વચ્ચેથી મૂકીને આગળ ચાલ્યા છીએ. એ ચાર સૂત્રોમાં વૃત્તિઓના નિરોધના બે પ્રકારો છે, એ બતાવ્યા છે; અને એ નિરોધને સાધનારા બે વર્ગો નોખા છે તે કહ્યા છે.

એ વિવેચન હવે પછીના પ્રકરણમાં.

૧૦-૯-'૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૩૪

## સંપ્રજ્ઞાનનું માનસશાસ્ત્ર

ગયા પ્રકરણમાં આપણે ૪૦મા સૂત્રનો અર્થ જોયો હતો અને અંતે કહ્યું હતું કે, ૧૭થી ૨૦ એ ચાર સૂત્રો વચ્ચેથી છોડીને આપણે આગળ ચાલ્યા છીએ, તે હવે જોવાં જોઈશે. કારણ કે, ૪૦મા સૂત્ર પછી જે પ્રકરણ આગળ ચાલે છે, તેને આ વચ્ચે મૂકેલાં ચાર સૂત્રો સાથે અમુક સંબંધ છે. અત્યાર સુધીમાં જોયેલાં સૂત્રોનો વિષય ઊડતી નજરે જોઈ જવાથી, હવે પછીનાં સૂત્રોમાં જે પ્રકરણ નીકળે છે, તેનો અનુબંધ વધારે વિશદ થશે.

યોગ એટલે ચિત્તવૃત્તિનિરોધ (સૂત્ર–૨) એમ જણાવીને, (સૂત્ર પથી ૧૧માં) વૃત્તિઓ કેટલી અને કઈ કઈ છે તે કહ્યું. પછી નિરોધ કરવાનો ઉપાય અભ્યાસ અને વૈરાગ્ય છે, એ કહ્યું (સૂત્ર ૧૨થી૧૬).

આગળ કહ્યું કે, અભ્યાસ એટલે ચિત્તને નિરોધની દશામાં રાખવા પ્રયત્ન કરવો તે (સૂત્ર ૧૩). આવો પ્રયત્ન લાંબા વખત સુધી અને નિરંતર કર્યા કરવો જોઈએ; તથા પ્રેમ અને ઉત્સાહથી થાય, તો અભ્યાસ દૃઢ થઈ જાય છે (સૂ૦ ૧૪).

આટલે સુધી વિચાર કર્યા પછી સહેજે જે આગળ સવાલ નીકળે તે એ કે, નિરોધદશામાં ચિત્તને રાખવાનો અભ્યાસ કરવો તે કેવી રીતે ? નિરોધદશા એટલે શું? તે



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


દશામાં ચિત્તને રાખવું હોય તો પહેલું તો તે દશાનું કાંઈ કે સ્વરૂપ કે તે વિષે કામચલાઉ ખ્યાલ હોવો જોઈએ. આ પ્રશ્નનો થોડોક પ્રાથમિક વિચાર ૧૭થી ૨૦ સૂત્રમાં ટૂંકમાં થયો છે. અને તે પછી, આગળ તેનો વધુ વિચાર કરવા જતા પહેલાં, નિરોધનો બીજો ઉપાય જે ઈશ્વરપ્રણિધાન છે, તે વિષે વચ્ચે કહી લીધું (સૂત્ર ૨૩થી ૩૯). અને પાછું અભ્યાસનું પ્રકરણ આગળ ચલાવ્યું, જેમાં અભ્યાસનું એક પ્રયોજન બતાવ્યું કે, અંતરાયો નિવારવાને માટે તેની જરૂર છે, તે માટે શું કરવું. (સૂત્ર ૩૦થી ૪૦).

પણ, અંતે અભ્યાસનું ખરું કામ તો ચિત્તને નિરોધદશામાં રાખવાનો સતત પ્રયત્ન કર્યા કરવો, એ છે. એટલે એ શું છે અને એમ શી રીતે કરવું, એ મુખ્ય સવાલ બને છે. સૂત્ર ૧૭થી ૨૦ અને ત્યાર બાદ સૂત્ર ૪૧થી ૫૧ (એટલે પાદના અંત) સુધી આ વિષય ચાલે છે.

આમ ટૂંકમાં, વચ્ચે છોડેલાં સૂત્રોનો અનુબંધ છે. હવે એ સૂત્રો જોઈએ. પ્રથમ ૧૭,૧૮ જોઈએ :—

वितर्क-विचार-आनंद-अस्मितानुगमात् संप्रज्ञातः ॥१७॥
विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषः अन्यः ॥१८॥

આ બે સૂત્રોનો પૂર્વાપર સંબંધ સૂત્ર ૨ જોડે છે. संप्रज्ञातः અને अन्यः શું ? 'સંપ્રજ્ઞાત' અને 'અન્ય' વિશેષણોનો વિશેષ્ય શબ્દ કયો ? કેટલાક અર્થકારો 'समाधिः' એવો અધ્યાહાર કલ્પીને સમાધિ વિશેષ્ય છે, એમ બતાવે છે. મને લાગે છે કે, વધારે સીધું સરળ એ છે કે, તેનો વિશેષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


બીજા સૂત્રનો 'निरोधः' એ શબ્દ ઘટાવવો જોઈએ.* સૂત્રોનો પ્રવાહ જોતાં પણ એ જ યોગ્ય લાગે છે.

બીજા સૂત્રમાં 'નિરોધ' કહ્યા પછી તેના સ્વરૂપ વિષે આગળ બયાન કરતાં આ બે સૂત્રો કહે છે કે, તેના બે પ્રકાર છે—૧. વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા એ ચારના અનુગમનથી જે નિરોધ થાય છે તે એક નિરોધ, જે સંપ્રજ્ઞાત કહેવાય છે. ૨. અને ચિત્તના વ્યાપારમાં રહેલી એક જે વિરામદશા છે તેના પ્રત્યયનો અભ્યાસ કરતાં કરતાં જે બીજા પ્રકારનો નિરોધ થાય છે, કે જેનું સંપ્રજ્ઞાન તેનો સંસ્કાર શેષ રહી જવાથી થાય છે, તે બીજો નિરોધ છે. કેટલાક લોક આ બીજાને 'સંપ્રજ્ઞાત'થી અલગ પાડવા 'અસંપ્રજ્ઞાત' કહે છે. પરંતુ તે પદ સૂત્રકારનું નથી. તે તો એમ સૂચવે છે કે, તેનુંય જ્ઞાન એટલે કે ભાન તો થાય, પણ તે સંસ્કારશેષ છે: એટલે કે, વિરામપ્રત્યયના અનુભવ-કાળે તેની ખબર નથી પડતી, પણ ત્યાર પછી તેનો સંસ્કાર જે રહે છે તે પરથી તે જણાય છે. જેમ કે ઊંઘ. ઊંઘતી વખતે ઊંઘની ખબર નથી પડતી, પણ ઊંઘીને ઊઠયે તેની સ્મૃતિ પરથી જણાય છે કે, સરસ ઊંઘ આવી કે કેવી આવી.

---

* 'સમાધિ' ન ઘટે તેનું એક કારણ સૂત્ર ૨૦ પરથી પણ મળી શકે. ૧૭, ૧૮ પેઠે ૧૯, ૨૦ સૂત્રમાં પણ એ જ શબ્દનો અધ્યાહાર છે. જો 'સમાધિ' અધ્યાહાર લઈએ, તો ૨૦મા સૂત્રમાં જે 'સમાધિ' પદ આવે છે તે તેની સામે જાય. 'નિરોધ' અધ્યાહારથી આ દોષ આવે નહિ અને ચાલુ પ્રકરણનો પણ અનુબંધ બરોબર મળી રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એટલે ચિત્તની વૃત્તિ રોકાઈને સ્થિર બને છે તે બે રીતે—એક રીતમાં તેનું ભાન રહે છે; અને બીજો એવો પ્રકાર પણ છે કે જેની ખબર તે વખતે નથી પડતી, પરંતુ ત્યાર પછી તેના રહેલા સંસ્કાર પરથી પડે છે.

આપણે શરૂમાં જ જોયું હતું કે, ચિત્તના ધર્મોમાં નિરોધ પણ એક તેનો ધર્મ છે. ચિત્ત ચંચળ હાલ્યા જ કરે છે એવું નથી. એના હલનચલનમાં અને તેના કાર્યમાં અમુક રીતે તેણે થોડી વાર પણ સ્થિર કે એકાગ્ર અથવા વૃત્તિરહિત શાંત વિરામવાળું થવું, એ પણ બન્યા કરે છે. ચિત્તનો વ્યાપાર એક અજબ પ્રક્રિયા છે. સંપ્રજ્ઞાન થવું એ તેનું ફલ છે. પણ એમાં જ માનવચિત્તનો આખો જાદુ રહેલો છે. છેવટે જોતાં, યોગ આ ભેદને પામવા માટે છે. તેને માટે તે ચિત્તની પ્રક્રિયાને ઝીણવટથી તપાસે છે. આ બે સૂત્રોમાં એ પ્રકરણ આવે છે.

યોગ કહે છે કે, ચિત્તવ્યાપારની અંદર ચાર મુખ્ય પાયરીઓ કે આકલનની કક્ષાઓ રહેલી છે. તે છે વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા. યોગશાસ્ત્રની માનસ-વિદ્યાનો આ વિષય છે. ચિત્ત કોઈ પણ વસ્તુનું આકલન કરે છે તેની પ્રક્રિયાનો ક્રમ છે, તેમાં ચાર નિરાળાં અંગ રહેલાં છે, એમ તે બતાવે છે.

દાખલો લઈને જોઈએ. સામે પડેલા પુસ્તક પર નજર ગઈ. આ એક વ્યાપારને ચકાસી જોઈએ તો, ભૌતિકશાસ્ત્ર કહેશે કે, સૂર્યના કિરણના અમુક પ્રકાશકાર્યને લઈને મારી જોવાની ઇંદ્રિય સતેજ થઈ પોતાનું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


કરવા લાગી. ઇંદ્રિય ન હોય કે સારી ન હોય, તો આ વ્યાપાર ન થઈ શકે. ઇંદ્રિય સાબૂત હોય ને બીજાં સહાયક કારણો બરોબર હોય, તો આપણે સામેના પદાર્થનું ગ્રહણ કરીશું. જેમ કે, આપણને સામે પુસ્તક છે એમ દેખાશે. પણ અહીં એક વધુ વિચાર કરવા જેવો છે. આપણે નક્કી કર્યું કે સામે પુસ્તક છે. ધારો કે એક નાનું બાળક છે. તેય તેને જોશે, પણ તે પુસ્તક છે એમ નહિ, 'કાંઇક' છે એટલું જ જોશે. નાનું હશે તો ખેંચશે, તોડશે ફાડશે, મોંમાં ઘાલશે, ઇત્યાદિ. આ દ્વારા તે બાળક એ વસ્તુનું ગ્રહણ કરવા મથે છે. એ બાળક પણ જો સાકર, પૂરી, કે ફળ ઇત્યાદિ ઓળખતું હશે, તો પુસ્તક એમાંનું કશું નથી એવું તો જાણશે. મતલબ કે, એ નવો પદાર્થ પોતે જે પદાર્થો જાણે છે તે પદાર્થોમાંનો છે કે નહિ, ને નથી તો તે શું છે, એ જોવા માટે એ બાળકનો ચિત્તવ્યાપાર ચાલશે. આપણે મોટેરાઓ પણ આ રીતે જ પદાર્થોને ઓળખતા થયા છીએ. જોકે પછીથી તેમના વાચક દ્વારા ભાષા ખીલવી શબ્દોથી પણ તેમને ઓળખતા થઈએ છીએ; અને પછી તો કેવલ શબ્દોથી પણ અર્થો મનમાં કલ્પીને વિકલ્પવૃત્તિથી પણ કામ લઈએ છીએ; પણ એ એક નિરાળો વિષય બની જાય છે.

આ પ્રકારે સ્થૂલ પદાર્થને ગ્રહણ કરવાનો જે પ્રાથમિક ચિત્તવ્યાપાર તે વિતર્ક છે. તે દ્વારા આપણે ઇંદ્રિયો વડે સ્થૂલ પદાર્થોનું માત્ર ગ્રહણ કે આકલન કરીએ છીએ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આ વ્યાપાર એટલેથી જ નથી અટકતો. અરે, એવો નિર્ભેળ પણ એ હોતો નથી. તેની સાથોસાથ વિચાર પણ જાગે છે. એટલે કે, એ પદાર્થની સાથે જોડાયેલા કે તેનાથી પ્રેરાતા સૂક્ષ્મ ભાવો પણ ઊઠે છે. ચિત્તની અંદર રહેલ સ્મૃતિ અને રાગદ્વેષના સંસ્કારો ઇ૦ને લીધે પુસ્તકના ખ્યાલની સાથોસાથ તેના ખપના, માલકીના, તેની સારાઈ-નરસાઈના, કિંમતના, ઇ૦ જાત જાતના વિચારો ફૂટે છે. પુસ્તકના ઇંદ્રિય દ્વારા ગ્રહણની સાથોસાથ અને પછીથી ચિત્ત આ વ્યાપારમાં પરોવાય છે. એ વ્યાપારને વિચાર કહે છે. આ વિચારો આપણા કામ અને અર્થ એ બે પુરુષાર્થોને લગતા હોય છે. તે બે અર્થો માટે એ જાગે છે.

એ વ્યાપાર પૂરો થાય તેની સાથે અમુક નિર્ણય જન્મે છે. ઇંદ્રિય અને મન દ્વારા વિતર્ક અને વિચાર કરીને ગ્રહણ કરવાની પ્રક્રિયા પૂરી થતાં પદાર્થનું સંપ્રજ્ઞાન કે બોધ થાય છે. તેની સાથે બુદ્ધિ અમુક ઠરાવ પર પહોંચે છે. આ ચિત્તવ્યાપાર પેલા કરતાંય સૂક્ષ્મ અને ઊંડો છે. એ ઠરાવની દશાએ પહોંચતાં આપણને અમુક સમાધાન કે શાંતિનો અનુભવ થાય છે. આને આનંદ કહેવામાં આવે છે.

આનંદ એ વૃત્તિના શમન કે નિર્વાણથી થતો મધુર અનુભવ છે. તે આત્મિક પ્રકારનો છે. જીવાત્માની મૂળ જે આનંદરૂપતા છે, તેમાં તેનું મૂળ રહેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને જ્યારે સંપ્રજ્ઞાન કે બોધ આનંદ-કક્ષાએ પહોંચે છે, ત્યારે દ્રષ્ટા તરીકેની અસ્મિતા જીવાત્માને પ્રતીત થાય છે. તે પ્રતીતિ આમેય જોતાં દરેક ગ્રહણ કે સંપ્રજ્ઞાનમાં ઓતપ્રોત કે અનુસ્યૂત રહેલી જ છે. આ ચોથી કક્ષા સંપ્રજ્ઞાનની પ્રક્રિયાનો અંતિમ અને આત્મિક ભાગ છે. સૂત્ર ૨૯માં 'પ્રત્યક્ચેતનાધિગમ'ની વાત કરેલી છે, તે અનુભવની ભૂમિકા આ અસ્મિતાની દશાના ચિત્તવ્યાપારે જતાં આવે છે.

આમ બોધ કે સંપ્રજ્ઞાનની ચાર ક્રમિક દશા છે—સ્થૂલ ગ્રહણ કે વિતર્ક, (૨) સૂક્ષ્મ ગ્રહણ કે વિચાર, (૩) એમ વૃત્તિકાર્ય પૂરું થતાં ચિત્તમાં જે સમાધાનનો અનુભવ થાય છે તે આનંદ, (૪) અને તે બધામાં અનુસ્યૂત રહેલ હુંપણાની અસ્મિતા. આ ચારે એક પછી એક અનુગમથી થાય છે. આપણને થતા દરેક સંપ્રજ્ઞાનનું પૃથક્કરણ કરીએ તો આ ચારનો ક્રમ તેમાં હોય જ છે. યોગવિદ્યા કહે છે કે, આ સંપ્રજ્ઞાન-વ્યાપાર આપણા બંધ-મોક્ષનું, સુખ-દુઃખનું, જ્ઞાન-અજ્ઞાનનું મૂળ છે. અભ્યાસ અને વૈરાગ્ય એની ઉપર કામ કરે છે અને તેમને શુદ્ધ કરી સમ્યગ્જ્ઞાન અથવા ઋત તથા પરમ સત્ય પામવા તરફ લઈ જાય છે.

૬-૧૧-'૪૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

## સંપ્રજ્ઞાનનું અધ્યાત્મ

ગયા પ્રકરણમાં આપણે જોયું કે, ચિત્ત વડે આપણને જે બોધ અથવા સંપ્રજ્ઞાન થાય છે, તેની પ્રક્રિયાને પૃથક્ કરી જોઈએ તો તેમાં ચાર ચોખ્ખા ભાગ કે તેનાં પગથિયાં બતાવી શકાય:—

૧. વસ્તુ કે પદાર્થનું રૂપ બરોબર ગ્રહણ થવું તે. આને માટે શાસ્ત્રીય શબ્દ વિતર્ક છે.

૨. વસ્તુ કે પદાર્થનું બાહ્ય રૂપ અવગત થાય, એટલે અંતઃકરણનું અંદરનું કાર્ય થાય છે; અને તેનો પ્રકાર જોઈએ તો 'વિતર્ક'થી તે નોખો પાડવા જેવો વિશેષ છે. તેનો શાસ્ત્રીય શબ્દ 'વિચાર' છે.

૩. આ વિતર્ક-વિચારથી મળી રહેતા સંપ્રજ્ઞાનથી ચિત્તની તે તે પદાર્થવિષયક બનેલી વૃત્તિ શમે છે; અને વૃત્તિ શમે તેની સાથે આનંદ જન્મે છે. દરેક સંપ્રજ્ઞાનના અનુભવમાં આ પણ એક અંશ રહેલો હોય છે.

૪. અને આ બધું સંપ્રજ્ઞાન મને થયું, એ ભાવ પણ જાગે છે. સામાન્ય રીતે આવું ભાન ન થાય એમ બને જ નહિ. સંપ્રજ્ઞાનમાં આ પણ એક તેનું નોંધપાત્ર અંગ છે. તેનો શાસ્ત્રીય શબ્દ 'અસ્મિતા' છે.

યોગવિદ્યા જે વસ્તુની ચર્ચા કરવા માગે છે, તે સમજાવવા માટે તેને સંપ્રજ્ઞાનનાં આવાં ચાર સ્પષ્ટ અંગો



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


બતાવવાં જરૂરી છે. યુરોપીય માનસશાસ્ત્ર પણ સંપ્રજ્ઞાનનું પૃથક્કરણ કરે છે; તેની અહીં સરખામણીમાં ન ઊતરીએ. પરંતુ સંપ્રજ્ઞાન થવાની પ્રક્રિયા ઊંડામાં ઊંડે ઊતરીને તપાસીએ, તો તેમાં સ્પષ્ટ દેખાતાં વિતર્ક તથા વિચાર અંગો ઉપરાંત આનંદ તથા અસ્મિતા પણ નોંધવાં જોઈએ, એ ધ્યાનમાં લેવાનું છે.

આ ચારે અંગો દરેક સંપ્રજ્ઞાનમાં હોય છે. એમ બને કે, તે ઓછાંવત્તાં ખ્યાલમાં આવે. યોગશક્તિથી, એટલે કે એકાગ્રતા અથવા અભિમત ધ્યાન વડે કામ કરીએ તો, આ ચાર અંગો વિલક્ષણ રૂપે જોવા મળે. દા૦ ત૦ એક વિજ્ઞાનીનું કામકાજ લો. તે વિતર્ક-યોગ કરે છે એમ કહેવાય. તે અમુક કોઈ પદાર્થ તપાસવાને માટે લે છે. એમાં તે સંપ્રજ્ઞાનના વિતર્ક અંગ પર વિશેષ જોર આપે છે. અગાઉ જાણેલી વસ્તુઓની સાથે તુલના કરતાં તથા તેઓ કરતાં એમાં જોવા મળતાં વ્યતિરેક કે વિશેષતા જોતાં જોતાં, વિજ્ઞાની છેવટે, પોતે તપાસવા લીધેલા પદાર્થનું સંપ્રજ્ઞાન મેળવે છે; તે શોધી કાઢે છે કે, એ પદાર્થનું લક્ષણ શું છે. આવી શોધ થાય ત્યારે તેને આનંદ થાય છે; તે મોટો શોધક કહેવાય છે.

આમ વિજ્ઞાનીનું મુખ્ય ક્ષેત્ર વિતર્ક પર એકાગ્રતાથી લાગવામાં રહેલું છે. વિચાર, આનંદ, અસ્મિતા ત્યાં ગૌણ રહે છે. એના વ્યવસાયને વિતર્ક-સમાધિ કહી શકાય.

એવી જ રીતે સૂક્ષ્મ એવા વિચાર અંગે વિશેષતા રાખીને કામ કરનારનો દાખલો જોઈએ, તો સમાજ-વિજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પર એકાગ્ર થનાર સમાજશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, રાજ્યશાસ્ત્રી વગેરે. તેઓ માનવ ભાવો પર એકાગ્ર થઈને કોઈ એક વિચાર પર કે સિદ્ધાંત પર પહોંચવા મથે છે. અને એવી વિચાર-સમાધિ દ્વારા જગતને કોઈક નવો વિચાર સ્પષ્ટ કરી બતાવે છે.

કાવ્ય અને કલાના ક્ષેત્રમાં કામ કરતાં માનસ મુખ્યત્વે સંપ્રજ્ઞાનના આનંદ-અંશ પર એકાગ્ર થાય છે. વિતર્ક, વિચારનો અનુભવ થતાં તેમાંથી નીપજતા કે નીતરી રહેતા આનંદ પર તેઓ સમાહિત બને છે. એમના મનોવ્યાપારને આનંદ-સમાધિ કહી શકાય.

તેવી જ અસ્મિતા-સમાધિ પણ જોવામાં આવે છે. જેમ કે હિટલર, હિરણ્યકશિપુ જેવા ઈશ્વરોઽહમ, કોઽન્યોઽસ્તિ સદૃશો મયા — એમ માનનારા લોકો. પોતાના દરેક સંપ્રજ્ઞાનમાં આવા લોકો તેના અસ્મિતા અંશ પર સીધા જાય છે.

આ પ્રમાણે સંપ્રજ્ઞાનનું પૃથક્કરણ કરીને યોગકાર તેના માનસશાસ્ત્રની પાર રહેલા તેના અધ્યાત્મ ભણી આંગળી ચીંધવા માગે છે. તે કહે છે, સંપ્રજ્ઞાનનાં આ ચાર પગથિયાંની પાર એક ગતિ રહેલી છે, કે જે સંપ્રજ્ઞાનના મૂળ કારણને જોવું એ છે. આ ચારને ક્રમે ક્રમે જે બોધ કે સંપ્રજ્ઞાન થાય છે, તે ખરેખર શાનો છે ? એ બોધ આત્મતત્ત્વનો છે. પરંતુ આપણે અજ્ઞાની જીવો પહેલાં ચાર પગથિયાંના કોઈ ને કોઈના અનુભવમાં તે જોઈ નથી શકતા. બાકી તો એ આત્મતત્ત્વ કે અમૃતત્વ તો પ્રતિબોધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


विदित (કેન ઉપનિષદ્-૨-૪) છે: દરેક સંપ્રજ્ઞાન એની જ સાક્ષી પૂરે છે, એને જ બતાવે છે. દરેક સંપ્રજ્ઞાનની પૂર્ણાહુતિ પ્રત્યક્ચેતનનાં દર્શન થાય એમાં થવી જોઈએ. કામક્રોધ આદિના આવરણમાં થતા સંપ્રજ્ઞાનની પેલે પાર એ રહેલું છે. સંપ્રજ્ઞાન મેળવનારી બુદ્ધિ કે ચિત્તશક્તિની પાર એ આત્મા રહેલો છે. (જુઓ ગીતા ૩-૪૨.) સંપ્રજ્ઞાન-માત્રનું આ અધ્યાત્મ છે. દરેક બોધમાં કે કાર્યમાં એ પ્રત્યક્ષ થાય એને કબીરજીએ પોતાના એક ભજનમાં सहज-समाधि કહી છે:—

साधो सहज समाध भली
गुरु प्रताप जा दिनसे जागी,
दिन दिन अधिक चली ॥ १ ॥

जहँ जहँ डोलौं सो परिकरमा,
जो कछु करौं सो सेवा,
जब सोवौं तब करौं दंडवत
पूजौं ओर न देवा ॥ २ ॥

कहौं सो नाम, सुनौं सो सुमिरन,
खावँ पियौं सो पूजा,
गिरह उझाड़ एक सम लेखौं
भाव मिटावौं दूजा ॥ ३ ॥

* * *

सबद निरन्तरसे मन लागा
मलिन वासना त्यागी,
ऊठत बैठत कबहुँ न छूटै
ऐसी तारी लागी ॥ ५ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



कह कबीर यह उनमनि रहनी
सो परगट करि गाई।
दुःख सुखसे कोई परे परमपद
तेहि पद रहा समाई॥ ॥ ६ ॥

શંકરાચાર્યે એમના શિવમાનસપૂજા સ્તોત્રમાં એને પ્રભુનું પરમ નૈવેદ્ય — તેની સહજ પૂજા કે અર્ચન કહ્યું છે :—

आत्मा त्वं, गिरिजा मतिः,
सहचराः प्राणाः, शरीरं गृहं ।
पूजा ते विषयोपभोगरचना,
निद्रा समाधिस्थितिः॥
संचारः पदयोः प्रदक्षिणविधिः,
स्तोत्राणि सर्वा गिरो –
यद् यत् कर्म करोमि तत् तदखिलं
शंभो तवाराधनम्॥

(મારો આત્મા તમે છો, મારી બુદ્ધિ તે ગિરિજા, મારા પ્રાણો તે તમારા સહચરો, મારું શરીર તે તમારું મંદિર, મારી વિષયોપભોગરચના તે તમારી પૂજા, મારી નિદ્રા તે સમાધિસ્થિતિ, મારા પગનું ચાલવું તે તમારી પ્રદક્ષિણા, મારી બધી વાણી તે તમારાં સ્તોત્રો, – એમ જે જે કર્મ હું કરું છું તે બધું, હે શંભુ ! તમારી જ આરાધના છે.)

સંપ્રજ્ઞાનમાત્ર આ રીતે વિતર્ક, વિચાર, આનંદ કે અસ્મિતાની નહીં, પણ તેથી આગળની — પાંચમી બ્રહ્મકર્મસમાધિ (ગીતા ૪–૪૪) છે; એમાં તેનું અધ્યાત્મ રહેલું છે.

૧૨–૧–'૫૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## ૩૬

# પરમ સંપ્રજ્ઞાન

ગયા પ્રકરણમાં આપણે સંપ્રજ્ઞાનનું અધ્યાત્મ અંગ પણ છે તે જોયું. આ અંગ તેનાં ચાર અંગો – વિતર્ક, વિચાર, આનંદ, અસ્મિતા – થી પર અને તેમની પેલે પાર રહેલું છે. યોગ દ્વારા મેળવવાનું કે સમજવાનું યા અનુભવવાનું છે તે આ પરમ સંપ્રજ્ઞાન છે. તેથી એ સંપ્રજ્ઞાન સાવ નોખું પડી જાય છે. કોની પેઠે? દાખલા તરીકે, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ દશાઓ સૌને સંપ્રજ્ઞાત છે. પણ એ દશાઓમાં અનુસ્યૂત રહેલો એવો, એક ચોથી કે તુરીય દશાનો અનુભવ છે. આ અનુભવ સાવ નોખો પડી જાય છે; એ મનુષ્યની અધ્યાત્મ દશા છે. તેવી જ રીતે માનવચિત્તની વૃત્તિથી થતાં સંપ્રજ્ઞાનોની પાર રહેલું એક પરમ સંપ્રજ્ઞાન પણ છે, અને તે તેનું અધ્યાત્મ-જ્ઞાન છે. તે પેલાં ચાર અંગવાળાં સંપ્રજ્ઞાનથી જુદું જ છે. એટલું બધું જુદું છે કે તેને જ માટે મીરાંબાઈએ કહ્યું છે—

उलट भयी मेरे नयननकी ।

અથવા ગીતાકારે (અ૦ ૨–૬૯) કહ્યું છે—

या निशा सर्वभूतानाम् तस्यां जागर्ति संयमी ।
यस्याम् जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

જીવન અને સંસાર તથા સૃષ્ટિ વિષે ધરમૂળથી નવું જ દર્શન, નવી જ નજર, નવી જ સમજ ઉઘાડનારો આ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અનુભવ એટલો બધો ક્રાંતિકારી છે કે, તેને સાવ નોખો ગણવો જોઈએ. તેથી યોગસૂત્રકારે સૂત્ર ૧૭માં वितर्क-विचार-आनंद-अस्मिता-अनुगमात् संप्रज्ञातः એમ કહીને વૃત્તિમાત્રના ઉદયની પાછળ રહેલો એવો નિરાળો બીજો અનુભવ તેની પછીના સૂત્રમાં કહ્યો છે—

विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषः अन्यः ।। १८ ।।

વૃત્તિમાત્ર પાછળ રહેલા આ સૂક્ષ્મ છતાં મહાવ્યાપક સંપ્રજ્ઞાનના વસ્તુને ઉદ્દેશીને જ કવિએ ગાયું છે કે, વૃત્તિ જેવા 'તરણા ઓથે' મોટી ડુંગર જેવી એ ચીજ રહી છે; અને તેની ગમત એ છે કે, છતાં 'ડુંગર કોઈ દેખે નહિ!' આ દેખવાનો ઉપાય નિરોધ છે, કે જે મેળવવા માટે વિરામ-પ્રત્યયનો અભ્યાસ કરવાનો છે, અને જેનું જ્ઞાન 'સંસ્કારશેષ' છે.

આ અભ્યાસ કેવી રીતે કરવો એ સમજવાનું છે. તેની પ્રક્રિયાને ક્રિયાયોગ પણ કહેવામાં આવે છે, અને તેનો ઉદ્દેશ સમાધિની પ્રાપ્તિ છે, એમ યોગસૂત્રકાર બીજા પાદમાં આગળ કહેશે. આ સમાધિ શું છે તે સમજાવવાનું કામ યોગસૂત્રના પહેલા પાદનું છે; તેથી તે સમાધિપાદ કહેવાય છે. તેના ૪૧મા સૂત્ર સુધી સમાધિનું સ્વરૂપ સમજવાને માટેની ભૂમિકા તૈયાર કર્યા પછી, એ પ્રકરણ આગળ ચાલે છે. તે સમજતા પહેલાં, સમાધિનું મુખ્ય સાધન જે ચિત્તવૃત્તિનું સંયમન કે નિરોધન, તેના બે પ્રકાર છે એ જોવાના રહે છે. આ બે પ્રકારો નીચેના ૧૯,૨૦મા સૂત્રમાં કહ્યા છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



भवप्रत्ययः विदेह-प्रकृतिलयानाम् ।। १९ ।।
श्रद्धा-वीर्य-स्मृति-समाधि-प्रज्ञा-पूर्वकः इतरेषाम् ।। २० ।।

–નિરોધ બે જાતના છે— એક છે 'વિદેહ-પ્રકૃતિલય' કહેવાતાઓનો નિરોધ કે જેને 'ભવપ્રત્યય' કહે છે. તેથી જુદા એવા બીજા લોકોનો જે નિરોધ છે તે ભવપ્રત્યય નથી, પણ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા-પૂર્વક નીપજતો નિરોધ છે. આનો સ્પષ્ટ શો અર્થ થાય છે તે આવતા પ્રકરણમાં જોઈશું.

૧૭–૨–'૫૦

## ૩૭

## ચિત્તનિરોધના બે પ્રકારો

ગયા પ્રકરણમાં આપણે નીચેનાં બે સૂત્રોના વિચાર આગળ રોકાયા હતા —

भवप्रत्ययः विदेह-प्रकृतिलयानाम् ।। १९ ।।
श्रद्धा-वीर्य-स्मृति-समाधि-प्रज्ञा-पूर्वकः इतरेषाम् ।। २० ।।

આ સૂત્રોનો શબ્દાર્થ સ્પષ્ટ છે:— ભવપ્રત્યય કહેવાતો નિરોધ છે તે 'વિદેહ' તથા 'પ્રકૃતિલય' સત્ત્વોનો હોય છે. તેમનાથી બીજાં જે સત્ત્વો રહ્યાં તેમનો નિરોધ શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ, અને પ્રજ્ઞા દ્વારા સધાતો નિરોધ છે.

અને તેમનો અન્વય चित्तवृत्तिनिरोधः એ મૂળ પ્રકરણ જે ચાલે છે તેની જોડે છે. એવા જ અન્વયવાળાં બે સૂત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧૭, ૧૮ આપણે જોયાં, જેમાં વૃત્તિનિરોધના બે પ્રકાર — સંપ્રજ્ઞાત અને તેથી બીજો એવો, વ્યતિરેકન્યાયથી અસંપ્રજ્ઞાત કહેવાય છે એ, — તે જોયા. આ બે સૂત્રોમાં તે વૃત્તિનિરોધની વસ્તુને બીજા બે પ્રકારે બતાવે છે.

આ બે પ્રકારો સમજવા વાસ્તે આપણી પુનર્જન્મની તથા કર્મફળના સિદ્ધાંતની માન્યતા યાદ કરવી જોઈએ. આપણે જીવની ત્રણ ગતિ માનીએ છીએ —

૧. પુણ્યકર્મને લઈને વિદેહ એવી દેવલોકની કોઈ યોનિમાં ગતિ; અથવા —

૨. ઇહલોકમાં મનુષ્યયોનિ; અથવા —

૨. પાપકર્મને લઈને ક્ષુદ્ર તિર્યક્યોનિ.

અને આપણે માનીએ છીએ કે, પહેલી અને ત્રીજી ગતિમાં જીવ હોય ત્યારે તે નવો પુરુષાર્થ કરી શકતો નથી; પૂર્વકર્મોનાં ફળ જ ભોગવે છે; અને સંકલ્પવિકલ્પ કે કલ્પના વગેરે રહિત હોય છે. તેમના લોક કેવળ ભોગ-લોક છે. એટલે માનવચિત્તની સરખામણીમાં, તે સત્ત્વો કે યોનિઓમાં કામ કરતું ચિત્ત નિરુદ્ધ હોય છે. તેથી તે 'કૈવલ્ય જેવી જ દશાનો અનુભવ કરે છે' એમ કહેવાય. પુરુષાર્થ- કે કર્મ- ભૂમિ તો માનવ લોક જ છે.

આવી માન્યતામાં શ્રદ્ધા ન હોય તોપણ એક સાદા વિચાર પરથીય તેમાં રહેલું તથ્ય તો આપણે જોઈ શકીએ છીએ. તિર્યક્યોનિ અને માનવયોનિ તો સૌને પ્રત્યક્ષ છે. બેઉ દેહધારી યોનિઓ છે. બેઉમાં અનેક વાતના ફરક રહેલા છે, તેમાં સૌથી નોખો પડી આવે એવો મોટો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ફરક એ છે કે, આપણું ચિત્ત કે અંતઃકરણ-શક્તિ અને તિર્યક્ જીવોનું ચિત્ત જુદાં જ છે. આપણી પાસે મનઃશક્તિ પડી છે. તેથી જ આપણે 'માનવ' છીએ; તેથી જ આપણે દેશ, કાળ, ઇ૦ની કલ્પના કરી શબ્દસૃષ્ટિ, મનઃસૃષ્ટિ ને મનોરથો રચી શકીએ છીએ, ભૂત ભવિષ્યમાં ગતિ મેળવીએ છીએ. આપણામાં જણાતી પુરુષાર્થ-શક્તિ એમાં રહેલી છે. એમાં વૃત્તિઓનો સાગર જે લહેરાતો રહે છે તે લહેરે છે. એથી જ કરીને તે બધાના નિરોધનો પ્રશ્ન પણ ઊઠે છે. તેવું તિર્યક્યોનિનું નથી. અને તે આજનું વિજ્ઞાન પણ બતાવે છે.

આપણે જાણીએ છીએ કે, પશુ પંખી કીટ ઇત્યાદિમાં અમુક પ્રકારનું ચિત્ત તો હોય છે. કોઈ પણ જીવમાં તે હોય છે; માત્ર તેમાં શક્તિઓની વિવિધતા હોય છે એટલું જ. પણ ત્યાં રહેલું ચિત્ત માનવચિત્ત પેઠે દેશ કાળ ઇ૦ની કલ્પના કરી પુરુષાર્થ કરી શકતું નથી. તેને મુખ્યત્વે સહજવૃત્તિ કે સ્વયંબુદ્ધિ હોય છે; મનુષ્ય પેઠે કલ્પના, સ્મૃતિ ઇ૦ નથી હોતાં. તેથી તેઓ, સરખામણીમાં જોતાં, નૈસર્ગિક કે પ્રાકૃત દશામાં હોય છે. યોગની પરિભાષામાં કહીએ તો આ યોનિમાં મનુષ્ય જેવી સ્મૃતિવૃત્તિ કામ કરતી નથી.

આમ સદેહ પ્રાણીઓમાં ૧. માનવયોનિ અને ૨. તિર્યક્યોનિ બે સ્પષ્ટ અલગ છે.

અને વ્યતિરેકથી કહી શકાય ને આપણે માનીએ તો ખોટું નથી કે, આપણી પાંચ ઇંદ્રિયોને ગોચર નહિ એવાં પ્રાણી પણ હોય, તો તેમને 'વિદેહ' તરીકે ઓળખી શકીએ. આવાં સત્ત્વો છે એમ દરેક પ્રજા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


દરેક લોક માને છે. એમના ચિત્તનું લક્ષણ પણ મનુષ્ય-ચિત્તથી અલગ હોય એ ઉઘાડું છે.

આ સૂત્ર કહે છે કે, આમાંની જે 'વિદેહ' યોનિઓ તથા પ્રકૃતિદશામાં લીન રહેતી એવી જે 'પ્રકૃતિલય' યોનિઓ છે, તેઓમાં ચિત્તનો નિરોધ 'ભવપ્રત્યય' — સહજ હોય છે. પ્રકૃતિથી જ તેમને એ સિદ્ધ છે. તેમનું ચિત્ત કેવળ પ્રકૃતિ-પ્રેરિત હોઈ, ત્યાં વૃત્તિનિરોધ સ્વાભાવિક છે.

પરંતુ મનુષ્ય માટે એથી જુદી વાત છે. તેણે, પોતાના ચિત્તની વિશેષતાને લઈને, ઉપાયે કરીને નિરોધ સાધવાનો રહે છે. શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા-શક્તિ વડે તેણે એનો ઉપાય કરવાનો રહે છે. તેથી સંસ્કૃત ટીકાકારો ટૂંકમાં આ નિરોધને 'ઉપાય-પ્રત્યય' કહે છે. અને યોગશાસ્ત્ર આ 'ઉપાય-પ્રત્યય' નિરોધની મીમાંસા છે. તે ટૂંકમાં કહે છે કે, નિરોધનો આ પ્રકાર સાધવા શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા જોઈએ.

શ્રદ્ધા એ ચિત્તની પ્રસન્નતા અને તેનાં બધાં અંગોનાં કામોમાં એક સમરસ સમન્વિતતા પેદા કરનારી ચિત્તવિભૂતિ છે. તેને માટે ભાષ્યકાર કહે છે, "તે માતાની પેઠે કલ્યાણમયી છે અને યોગીનું પાલન કરે છે." શ્રદ્ધા વગર પુરુષાર્થ કે તેને માટે જોઈતી વીરતા ન સંભવે. એ બે જેની પાસે છે તે પ્રમાદમાં નહિ પડે; તેના ચિત્તમાં રહેલી આખી સ્મૃતિશક્તિ કામ દેશે. તેવાનું ચિત્ત સમગ્રતાપૂર્વક વિકાસ સાધશે. એમાં પછી સમાધિશક્તિને જન્મવા માટે ભૂમિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થઈ જશે. એમ એકાગ્રતા કે સમાધિભાવથી ચિત્ત કામ કરે તો તેની પ્રજ્ઞાશક્તિ પ્રગટ થાય છે — પ્રજ્ઞા બરોબર યથાતથ કામ દે છે. એવી રીતે કામ દેનારી પ્રજ્ઞા પછી જરી જરીમાં ડગ્યા કરતી નથી. તે રીતે આગળ જનારો સાધક સ્થિતપ્રજ્ઞ થાય છે. સંકલ્પવિકલ્પ, તર્કવિતર્ક વગેરેથી ખળભળતી ચિત્તસૃષ્ટિ તેને માટે રહેતી નથી. 'વિદેહ' તથા 'પ્રકૃતિલય' સત્ત્વો પેઠે આવા યોગીનું ચિત્ત પણ તેના અભ્યાસને પરિણામે સહેજે નિરુદ્ધ દશામાં રહે છે.

આ ટૂંકમાં યોગદશાના વિકાસનો નકશો છે. તે નકશાનો વધારે સ્પષ્ટ વિચાર હવે સૂત્રકાર ૪૧થી ૫૧ સૂત્ર સુધીમાં કરે છે.

૨૧-૪-'૫૦

## ૩૮

## સમાપત્તિ – ૧

ગયા પ્રકરણમાં આપણે ૪૧ સૂત્રથી આગળ વિચાર કરવા પર આવ્યા હતા. આ સૂત્રોમાં શરૂનાં પાંચ (૪૧-૫) સૂત્રો એક નવો શબ્દ વાપરીને, યોગવિચારમાં નવું એક બિંદુ ઉપાડે છે. એ નવો શબ્દ સમાપત્તિ છે. તેની ચર્ચા કરતાં સૂત્રો પ્રથમ તેની વ્યાખ્યા કરે છે:—

क्षीणवृत्तेः अभिजातस्य इव मणेः ग्रहीतृ-ग्रहण-ग्राह्येषु तत्स्थतदंजनता समापत्तिः ॥४१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આમ તે શબ્દનો અર્થ કહીને તેના પ્રકારોનું વર્ણન કરે છે :—

तत्र शब्दार्थज्ञानविकल्पैः संकीर्णा सवितर्का (समापत्तिः) ॥४२॥

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्या इव अर्थमात्रनिर्भासा निर्वितर्का ॥४३॥

एतया एव सविचारा निर्विचारा च सूक्ष्मविषया समापत्तिः व्याख्याता ।४४॥

सूक्ष्मविषयत्वं च अलिंगपर्यवसानम् ॥४५॥

સમાપત્તિ એટલે શું ? ઉત્તમ મણિની પેઠે, ક્ષીણ વૃત્તિવાળું બનેલું ચિત્ત ગ્રહીતા, ગ્રહણ અને ગ્રાહ્ય એ ત્રણની સાથે એકતા અને તન્મયતા પામે છે; તેવા એના ગુણને સમાપત્તિ કહે છે. (સૂત્ર ૪૧.)

'સમાપત્તિ'નો શબ્દાર્થ થાય છે 'ભેગું થઈ જવું', 'આવી મળવું'. તે ઉપરથી 'અકસ્માત્ થઈ જવું' એવો અર્થ પણ થાય છે. એ જ અર્થને અહીંયાં ચિત્તશાસ્ત્રની પારિભાષિકતા આપીને યોગકારે ચિત્તના એક ગુણ તરીકે 'સમાપત્તિ' કહ્યો છે. સાફ કે નિર્મળ ચિત્તનો ગુણ એ છે કે, જે આવી મળે તેની જોડે તે તદાકાર થઈ જાય. એ રીતે જ ચિત્ત કામ કરે છે. ચિત્તની નિર્મળતા કે પ્રસન્નતા અનેક વૃત્તિઓના ઉછાળાથી બગડે છે. તેમ ન હોય અને વૃત્તિ ક્ષીણ થઈ ચિત્ત પોતાના શુદ્ધ રૂપે હોય, તો તેનો ગુણ ચોખ્ખા કાચ કે મણિ યા અરીસા જેવો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અથવા બીજી ઉપમા આપીને કહીએ : પાણીને પોતાનો રંગ નથી કે આકાર નથી. પણ જે રંગ તેમાં નાખો કે જેવા આકારના પાત્રમાં મૂકો, તેવા રંગનું કે તેવા આકારનું તે બને છે. "જેવું આવી લાગ્યું" તેવું તે થાય છે, તેથી સમાપત્તિ એ પાણીનું લક્ષણ છે. ચિત્તનું પણ એમ જ છે. જેવી વૃત્તિ ઊઠે તેવું — તદ્રૂપ બની જવું એ, એનો ધર્મ કે લક્ષણ છે*.

આમ થવું તે આપણને સંપ્રજ્ઞાત હોય એમ નથી બને. જેમ કે નાના બાળકના ચિત્તની સમાપત્તિક્રિયા ઘણે ભાગે બાળકને ખબર નથી પડતી. કારણ, તેની વૃત્તિ નથી બનતી. વૃત્તિ બનવા લાગે ત્યારે આપણે કહીએ-છીએ કે, બાળક હવે નજર માંડતું થયું છે; તે સમજે છે; વગેરે.

સમાપત્તિ અને વૃત્તિમાં આ ફેર છે. ચિત્તનો સમાપત્તિ-ધર્મ હોવાથી વૃત્તિ નીપજે છે. એટલે વૃત્તિની નિરોધદશા આણવા માટે શું કરવું, તેનું પ્રકરણ શરૂ કરતાં પ્રથમ સૂત્રકાર 'સમાપત્તિ' સમજાવે છે. અને કહે છે કે, તદાકાર થવું એ શુદ્ધ ચિત્તનું લક્ષણ જ છે. આપણે

---

* આ જ વસ્તુ શરૂમાં સૂત્ર ૪માં બીજા અનુબંધમાં કહી છે—એક નિરોધકાળ સિવાય બધે વખતે દ્રષ્ટા ( આ સૂત્રમાં 'ગ્રહીતા' શબ્દ વાપર્યો છે ) વૃત્તિરૂપ જ બને છે. એટલે, ચિત્તમાં જે પદાર્થનું ગ્રહણ થાય તે ગ્રાહ્ય, જે ઇંદ્રિય-પ્રક્રિયાથી તેમ બને તે ગ્રહણ, અને એ ગ્રહણવ્યાપાર કરનાર અસ્મિતા-વાળો જે જીવાત્મા કે ગ્રહીતા—આ બધાં એકરૂપ સધન હોય એમ ભેગાં થઈને ચિત્તમાં તદ્રૂપતાને પામે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આગળ જોયું કે, નિરોધ પણ ચિત્તનું લક્ષણ છે. તેમ જ તદાકારતા કે એકાગ્ર સમાધિ પણ તેનું લક્ષણ છે.

અહીં આગળ વાચકને વિનંતિ છે કે, તે સંપ્રજ્ઞાત નિરોધની ચર્ચા પ્રકરણ ૩૩થી શરૂ થઈ છે; તે ફરી જોઈ જાય, કેમ કે તેને અને સમાપત્તિ-પ્રકરણને નિકટ સંબંધ છે.

સંપ્રજ્ઞાન એ જેમ ચિત્તનો ધર્મ છે, તેમ જ સમાપત્તિ છે. સમાપત્તિ મૂળ પ્રક્રિયા છે; તે વડે સંપ્રજ્ઞાન શક્ય બને છે. બાળક-ચિત્તમાં સમાપત્તિ છે; સંપ્રજ્ઞાન ધીમે ધીમે જાગે છે. કહો કે, સમાપત્તિના ગર્ભમાં સંપ્રજ્ઞાન કે વૃત્તિ રહે છે.

સંપ્રજ્ઞાન વડે કે વૃત્તિ વડે, સમાપત્તિ શી છે, તે પકડાય છે. તેથી સમાપત્તિના પ્રકારો સંપ્રજ્ઞાનના પ્રકારોની પેઠે પડે છે. તે પ્રકારો ચિત્તના વિતર્ક અને વિચાર એ બેને આધારે પાડવામાં આવ્યા છે. આ પ્રકારો વિષે હવે પછી જોઈશું.

૮-૬-'૫૦

## ૩૯

## સમાપત્તિ – ૨

કોઈ પણ ભાવ કે ઘટના ચિત્ત પર બરોબર આબેહૂબ પ્રતિબિંબ રૂપે પડે છે. તે ક્ષણે ચિત્ત તદ્રૂપ બની જાય છે. એમ બનવું એ કુદરતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને સમાપત્તિ કહે છે, એ આપણે ગયા પ્રકરણમાં વિચારતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



એ પ્રક્રિયાને પરિણામે ચિત્તમાં ભાન જાગે છે – તે ભાવ કે ઘટના વિષે આપણને પ્રતીતિ થાય છે. ટૂંકમાં, એ પ્રક્રિયામાંથી વૃત્તિ બને છે. અને તેની સાથે તે આપણા જીવનનો ભાગ બને છે.

આમ સમાપત્તિ અને વૃત્તિ એક જ પ્રક્રિયાનાં બે અંગ હોઈ એટલાં બધાં નિકટ છે કે, જાણે તે બે પાસાં જ હોય એવાં લાગે છે. પરંતુ અમુક ચિત્તમાં તે જુદાં જોવા મળે છે, જેમ કે ધાવણા બાળકનું ચિત્ત. સમાપત્તિ ત્યાં છે, પણ વૃત્તિ બનીને દેખાતાં વખત લાગે છે. યોગી ધારણા વડે ચિત્તની સમાપત્તિ-દશા અને પછી તેમાંથી વૃત્તિ-દશા ક્રમે વિકસતી જોઈ શકે. અને એ કોઈ ચમત્કારી શક્તિ નથી, સાધનાનું ફળ એ છે.

ગાંધીજી ઘણી વાર કહેતા કે, આપણે કોઈ પણ વિચાર બુદ્ધિથી પહેલો કરીએ છીએ એવું લાગે છે; પરંતુ ખરું એમ હોય છે કે, પહેલાં તો તે, આપણા સમગ્ર સ્વભાવ પ્રમાણે, પોતાનું રૂપ પકડે છે અને પછી બુદ્ધિ વગેરે તેનાં કારણો દલીલ વગેરે પૂરાં પાડે છે. (આ હું મારા શબ્દોમાં કહું છું, અને એમણે કહેલાના સાર રૂપે.) જો બરોબર જોઈશું તો આપણને પણ એમ લાગશે. એ કહેવાનો અર્થ એ જ છે કે, માનવ ચિત્તને સમાપત્તિ પહેલી થાય છે અને તેને બરોબર સમજીને શબ્દ- તથા- અર્થ- બદ્ધ કરવાનું કામ પછી થાય છે. પણ તેમાં સમયનો ક્રમ છે એટલું જ. બાકી બંને કામ એવાં ઓતપ્રોત છે કે, ઘણી વાર તો શું, મોટે ભાગે, આપણને તે જુદાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


દેખાતાં નથી. આપણે તેમને જુદાં જોવા કે પાડવા તકલીફ લેતા નથી. તેની જરૂર છે એ પણ સાધક થવાથી સમજાય છે. કારણ કે ચિત્તની શુદ્ધિનું કામ અહીં શરૂ થાય છે.

એક બીજો દાખલો લઈએ. કૅમેરા એક ફોટો લે છે. એ કાચ પર એ જ ફોટો આવી શકે, બીજો નહિ. જો એ ને એ કાચ પર બીજો લઈએ તો ? સમાપત્તિ ચિત્તના કૅમેરાએ લીધેલા નેગેટિવ કાચ જેવી વસ્તુ છે. એક દૃશ્ય તેના પર લેવાયું, પછી કાચ બદલવો જોઈએ. તેથી જ સમાપત્તિની વ્યાખ્યામાં કહ્યું છે કે, ચિત્ત ક્ષીણ વૃત્તિવાળું હોવું જોઈએ. સમાપત્તિના આ નેગેટિવ કાચને ધોવાનું કામ ચિત્તમાં થઈ રહે, તેને 'ટચ-અપ' પણ કરી લેવાય, ત્યાર પછી તે સાફ ફોટા રૂપે રજૂ થાય છે. અને એમાં હોશિયારી કરી શકાય છે. તેથી અંગ્રેજીમાં 'રેશનલાઇઝેશન' શબ્દ છે, તેમાં એ ભાવ પણ પેઠો છે કે, પાછળથી ખાલી દલીલબાજી કરાય છે, બાકી ખરી વાત તો જુદી હોય છે. પરંતુ એ એનો શુદ્ધ અર્થ નથી. એનો શુદ્ધ અર્થ તો સમાપત્તિને સંશોધવી અને બુદ્ધિ-કે વિચાર- પૂત કરીને તેને રજૂ કરવી એ છે. સાદી ભાષામાં કહીએ તો, આપણને જે સમાપત્તિ થાય તે વસ્તુ જેવી જે-રૂપ હોય તેવી સાચેસાચી થવી જોઈએ. મતલબ કે, આપણા ચિત્તમાં દરેક વાતનું સાચું જ્ઞાન થવું જોઈએ. તે થતું નથી. એટલે કે, સમાપત્તિ સહજ-શુદ્ધ રહી તેમાંથી તદ્રૂપ વૃત્તિ નથી થતી; આપણે પ્રયત્ન કરીએ તો તે તેવી થાય. જેવી આપણા ચિત્તની દશા, તેવી તે થાય છે. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



યોગકાર એના પ્રકાર પાડીને તેની અશુદ્ધિનું કારણ બતાવે છે; અને એ દૂર થાય તો સમાપત્તિ કેવી રીતે સહજ-શુદ્ધ બને એ કહે છે.

અને તેવી સહજ-શુદ્ધ દશામાં પ્રયત્ને કરીને આણેલી સમાપત્તિ માટે તે બીજો, શબ્દપ્રયોગ કરે છે ને તેને 'ઋતંભરા પ્રજ્ઞા' કહે છે. એટલે કે, તે દશાએ સમાપત્તિ, પ્રતીતિ, વૃત્તિ, તર્ક, બુદ્ધિ, ને પ્રજ્ઞા — એ બધી ચિત્તની વિભૂતિઓ એકરસ એકરૂપ બને છે. આને વર્ણવવાને 'ચિત્તલય, ચિત્તનાશ, ચિત્તશુદ્ધિ,' ઇ૦ વિવિધ શબ્દ-પ્રયોગો પણ શાસ્ત્રોમાં થતા જોવા મળે છે.

સમાપત્તિના પ્રકારો હવે પછી જોઈશું.

૧૧-૮-'૫૦

૪૦

## સમાપત્તિના પ્રકાર

ગયા પ્રકરણમાં આપણે સમાપત્તિ એટલે શું, તેનો વિચાર પૂરો કરીને, તેના પ્રકારો વિષે જોવાનું કહીને અટકયા હતા, તે હવે જોઈએ.

સૂત્ર ૪૨થી ૪૫ સુધીમાં આ પ્રકારો ગણાવ્યા છે, અને તેમની વ્યાખ્યા કહી છે. આ પ્રકારો ચાર છે — ૧. સવિતર્ક, ૨. નિર્વિતર્ક, ૩. સવિચાર, ૪. નિર્વિચાર.

સવિતર્ક સમાપત્તિ એટલે વિતર્કોની સાથે ભળેલી સમાપત્તિ. આપણે આગળ જોઈ આવ્યા કે, સમાપત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એટલે ચિત્તને કોઈ પણ દૃશ્ય કે બાબત આવી મળવી તે. ટૂંકમાં કહીએ તો, કોઈ પણ વાત, વસ્તુ, વિચાર કે બાબતનો વિષય ચિત્ત પર પહોંચવો તે. આમ થાય ત્યારે ચિત્ત તે વિષયરૂપ બની જાય છે. આમ થવું તે સમાપત્તિ છે, એ આગળ જોઈ ગયા.

આ દશા એક પ્રકારની સમાધિ જ છે એમ કહો, કેમ કે તે વખતે ચિત્ત એકાકાર હોય છે. આથી જ કરીને ચિત્તમાં ભાન કે સંપ્રજ્ઞાન સંભવે છે. મન સહિત બધી ઇંદ્રિયો વાટે ગ્રહણ થતું જ્ઞાન ચિત્ત ઉપર 'સમાપત્તિ' રૂપે જાય છે. અને તેમાંથી તે તે વિષયનું સંપ્રજ્ઞાન કે ભાન આપણને થઈ શકે છે અને મળી પણ શકે છે. એ ભાન કે સંપ્રજ્ઞાન જેવું થાય તેવી વૃત્તિ ચિત્તમાં ઊઠે છે. અને જેવી વૃત્તિ તેવો સંસ્કાર ચિત્તમાં ચોટે છે, અને તે ત્યાં ચિત્તના ભાગ તરીકે—કહો કે તેના દેહ રૂપે બનીને—રહે છે. આ પ્રકારે સંસ્કારરૂપે સંપ્રજ્ઞાને કે વૃત્તિએ ચિત્તમાં રહેવું, એ પોતે પણ એક વૃત્તિ રૂપે પાછું કામ કરે છે; એ વૃત્તિ-પ્રકારને સ્મૃતિ કહ્યો છે, એ અહીં યાદ કરાવવાની જરૂર છે. અનેક સમાપત્તિઓને પરિણામે ચિત્તમાં પડેલાં સંપ્રજ્ઞાનો સંસ્કારરૂપે – તેની સ્મૃતિ તરીકે – રહે છે; અને જ્યારે પણ ચિત્ત નવી વૃત્તિ ઊઠતી વખતે કામ કરે છે, ત્યારે એ બધો સ્મૃતિ-ભંડાર અથવા અનુભવરાશિ નવી બનતી વૃત્તિને બનાવવામાં ભાગ લે છે. સાદી ભાષામાં કહીએ તો, નવો અનુભવ પૂર્વના અનુભવને આધારે અને એ અનુભવો જેવા હોય તેવો—તેને ધોરણે થાય છે. એમ થતો નવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અનુભવ ગ્રહણ કરતી વખતે આપણે તેનું ખરું રૂપ કે તથ્ય સમજવા સારુ, ચિત્તની વિતર્ક અને વિચાર શક્તિઓ વાપરીએ છીએ. એને પરિણામે જૂના અનુભવોમાં સુધારો વધારો કે ધરમૂળથી પલટો પણ થાય, એમ બને છે. સમાપત્તિના પ્રકારોનું નિદાન આ પ્રક્રિયાને લક્ષમાં લઈને કરવામાં આવ્યું છે.

કોઈ પણ સમાપત્તિ થાય તે વખતે તે વિતર્કોથી ખૂબ મિશ્રિત હોય છે. આ વિતર્કો ક્યાંથી થાય છે? યોગસૂત્ર કહે છે—

शब्द-अर्थ-ज्ञान-विकल्पैः (४२)

(શબ્દ, અર્થ, અને જ્ઞાન એ ત્રણ બાબતોમાં વિકલ્પો સંભવી શકે છે; તેથી કરીને મનમાં તર્કવિતર્ક થયા કરે છે; આવી દશાની સમાપત્તિ 'સવિતર્કા' છે.) યોગસૂત્રકાર એમ કહે છે કે, આ વિકલ્પો ત્રણ વસ્તુને લઈને સંભવે છે. માનવચિત્તની સ્થિતિ કુદરતે જેવી ઘડી છે, તેમાંથી જ તે છે. ભાષ્યકારે આપેલો દાખલો લઈએ—'ગાય' એક શબ્દ છે, એક પદ છે. તે ઉપરાંત તે એક વસ્તુ કે પદાર્થ પણ છે. અને તે ઉપરાંત અમુક જ્ઞાન કે ભાન રૂપે તે આપણા ચિત્તમાં છે. આમ હરકોઈ સમાપત્તિમાં આ ત્રણ જુદાં જુદાં અંગ રહેલાં છે. ખરું જોતાં એ ત્રણે મળીને યથાતથ કે સાચું સંપ્રજ્ઞાન 'ગાય' એવું થાય છે. પરંતુ તેમાં ઉપરના ત્રણ અંશો રહેલા હોઈને, સંપ્રજ્ઞાન કે વસ્તુની સમાપત્તિ ચિત્રવિચિત્ર બની શકે છે. શબ્દ આપણને ભાષાસૃષ્ટિના સવાલોમાં ખેંચી જાય. અર્થ આપણને પ્રત્યક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સૃષ્ટિના વિજ્ઞાનના સવાલોમાં લઈ જાય. આ બંને બાબતો — શબ્દ અને અર્થ — પોતપોતાની રીતે આપણને સમજાય; એટલે આપણું જ્ઞાન ચિત્તની જ્ઞાન-પ્રક્રિયાના સવાલોમાં આપણને લઈ જાય છે. આ ત્રણેના રાહ જુદા; તેમના કાયદા જુદા; તેમનાં લક્ષણો જુદાં. આથી કરીને કેવો ગૂંચવાડો ઊભો થાય, એ કલ્પી શકાય એમ છે.

અહીંયાં યોગ-ફિલસૂફીની એક બાબત તરફ નિર્દેશ કહેવો જોઈએ. યોગ માને છે કે, શબ્દ અને તેનો અર્થ બંને ચિત્તથી નિરપેક્ષપણે હયાત છે. વેદાંત પેઠે તે એમ નથી કહેતો કે, 'यदा दृष्टिः तदा सृष्टिः ।' બધું ચિત્તનો ખેલ હોઈ માયા છે, એમ યોગમાં નથી સ્વીકાર્યું. તે ચિત્તને સ્વતંત્ર પદાર્થ તરીકે માને છે; ન માને તો યોગ વાત શાની કરે? ચિત્તને સુધારીને કેવળજ્ઞાન મેળવવા યોગ્ય બનાવવું કઈ રીતે, એ યોગશાસ્ત્રનો વિષય છે; એટલે ચિત્ત પદાર્થને તો તે સ્વીકારે જ ને? ૪૨મા સૂત્રમાં 'જ્ઞાન' કહે છે તે ચિત્તને થતા સંપ્રજ્ઞાનને અનુલક્ષીને છે.

આવું સંપ્રજ્ઞાન કે વિશેષ જ્ઞાન (યોગભાષ્યકાર આને માટે 'વિજ્ઞાન' શબ્દ વાપરે છે.) થવામાં કારણરૂપ બે મોટી બાબત છે — ૧. પદાર્થ પોતે, ૨. શબ્દ. આ બે જુદાં માનવામાં યોગની સૂક્ષ્મ દૃષ્ટિ રહેલી છે. કેવળ શબ્દથી પણ ચિત્તમાં ખરું ખોટું જ્ઞાન થઈ શકે છે. શબ્દ અર્થના પ્રતીક કે સંજ્ઞા રૂપે કામ દે છે. પણ તેથી તો તે અર્થથી જુદો પડે છે. કહીએ કાંઈ ને સમજાય કાંઈ, વાંચીએ કાંઈ ને સમજીએ કાંઈ, એમ બને જ છે. શબ્દની અર્થવાહકતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છે, પણ તેનું ગ્રહણ કરવામાં ગૂંચવાડો થઈ શકે. તેથી યોગકાર સમાપત્તિની અંદર ત્રણ કારણો કહે છે—૧. શબ્દ, ૨. અર્થ પોતે, ૩. ચિત્તને થતું જ્ઞાન કે સંપ્રજ્ઞાન. આ ત્રણ બાબતોમાં અસ્પષ્ટતા કે અચોકસાઈ હોય, તે દશામાં સમાપત્તિ થાય, તેને સવિતર્ક કહી છે. કોઈ વસ્તુનો કેવળ શબ્દ જાણીએ, અથવા તે વિષે વાંચીએ કે કોઈ અનુભવીએ કહેલું તે જાણીએ; આમ જાણીને તે વિષે અનુમાનથી આપણે ઘણી વાતોનું જ્ઞાન મેળવીએ છીએ. જ્ઞાનને આધારે વળી વિશેષ જ્ઞાન મેળવતા રહીએ છીએ. આથી કરીને સારી પેઠે ગૂંચવાડો થઈ શકે છે. તે દૂર કરવો જોઈએ. ત્યાર પછી જ સમાપત્તિ ચોખ્ખી બની શકે. એવી સમાપત્તિને નિર્વિતર્ક કહી છે. તે સૂત્ર આમ છે—

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्या इव अर्थमात्रनिर्भासा निर्वितर्का ॥ ४३ ॥

—સ્મૃતિ પરિશુદ્ધ થાય—એટલે કે શબ્દ અને અર્થ વિષે મનમાં ઊઠતા તર્કવિતર્કો કે વિકલ્પો શમી જાય, એટલે સમાપત્તિ ચોકસ થઈને કેવળ ગ્રાહ્ય વસ્તુના સ્વરૂપની જોડે તદાકાર બને અને એમ થવાથી માત્ર તે અર્થ કે પદાર્થને જ બતાવે, ત્યારે તે નિર્વિતર્ક સમાપત્તિ કહેવાય છે. તેમાંથી સાંપડતું સંપ્રજ્ઞાન પદાર્થને બરોબર ચોકસ બતાવનારું હોય છે.

આમ, ગ્રાહ્ય પદાર્થનું બાહ્ય ગ્રહણ કરવામાં, સ્મૃતિ-વૃત્તિ જે કામ કરે છે, તેથી પ્રથમ સવિતર્કતા ઊભી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છે. આપણે એની ચોખવટ કરી લેવી જોઈએ. એટલે કે, શબ્દ અને અર્થને વિષે જે બે અલગ સૃષ્ટિઓ રૂપે ચિત્તમાં સંસ્કારો પડેલા છે, તેમને ચોકસ તપાસીને શબ્દનો તેના સાચા અર્થ જોડે યોગ મેળવવો જોઈએ. એમ થાય એટલે શબ્દાર્થ-જ્ઞાનને લઈને ઊઠતી વિકલ્પ વૃત્તિ શમે, એટલે સમાપત્તિની સવિતર્કતા મટે ને તેની નિર્વિતર્કતા આવે. આ દશાની સમાપત્તિથી પદાર્થનું જ્ઞાન યથાતથ અને ચોકસ થાય છે.

પણ પદાર્થના જ્ઞાન અંગે કેવળ સ્થૂલ બાહ્યતા ઉપરાંત વાસના, લાગણી, ઇત્યાદિ ભાવોને લઈને તેની સૂક્ષ્મતા પણ રહેલી હોય છે. આ સૂક્ષ્મતા બતાવવા માટે યોગ-પરિભાષા 'વિચાર' શબ્દ વાપરે છે. અને તે કહે છે કે, સમાપત્તિ વિતર્કને કારણે જ નહિ, વિચારને કારણે પણ સંકીર્ણ કે સંમિશ્ર રહે છે. આ વિચારો પણ પૂર્વની સ્મૃતિરૂપ સંસ્કારોમાંથી જાગે છે. તેમનું પણ સંશોધન થવું જોઈએ; નહિ તો સમાપત્તિ તેમની સંકીર્ણતાથી કલુષિત રહે છે, અને તેથી પણ આપણને સાચું જ્ઞાન થતું નથી – પ્રજ્ઞાનું કામ સદોષ રહે છે. વિચારોના વિકલ્પોથી સંકીર્ણ એવી આ સમાપત્તિ (સવિતર્ક પેઠે) 'સવિચારા' કહેવાય. અને એમાં સંશોધન થઈને વિચારોની શુદ્ધિ થયે તે 'નિર્વિચાર' બને છે. ત્યારે તે સમાપત્તિ સ્વરૂપશૂન્ય જેવી ને ખરેખર અર્થને દર્શાવે છે. સમાપત્તિના વધારેના આ બે પ્રકારો સવિતર્ક અને નિર્વિતર્ક જેવા જ છે; ફેર માત્ર એટલો કે, વિતર્ક એ સ્થૂલ કે બાહ્ય વિષય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



અંગેની વાત છે, વિચાર એ સૂક્ષ્મ કે અંદર ઊઠતા વિષય અંગેની વાત છે. આથી કરીને સૂત્ર ૪૪ કહે છે–

एतया एव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥४४॥

–એ દ્વારા જ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિની પણ વ્યાખ્યા થઈ જાય છે; તે સૂક્ષ્મ વિષય પરત્વે ભેદ છે એટલું જ.

આમ સમાપત્તિના ચાર પ્રકારો છે. ચિત્તને થતા જ્ઞાનની પ્રક્રિયા પરત્વે તે ભેદો છે. આ પ્રક્રિયામાં ભૂલો થવાનું કારણ સ્મૃતિની કે સંસ્કારોની અશુદ્ધિ કે અસ્પષ્ટતા છે. તે દૂર કરવામાં આવે તો જ જ્ઞાનપ્રક્રિયા ઋત- કે સત્ય- વાહક બની શકે.* અને આવું દરેક વાતે બનવું જોઈએ. અમુક બાબતમાં બરોબર હોય અને અમુકમાં ન હોય, એમ બને છે. તેથી કોઈ સર્વજ્ઞ નથી એમ કહીએ છીએ. પરંતુ ખરું જોતાં એનો અર્થ એટલો જ છે કે, જે જાણવાનું કે અનુભવવાનું આવે છે, તે જાણવા કે અનુભવવા માટે જે ચિત્તરૂપી એકમાત્ર સાધન છે, તે સર્વ જગાએ સરખું સાચું કામ કરતું નથી. તેથી જ કાંઈક બરોબર જાણીએ છીએ ને કાંઈક બરોબર નથી જાણતા. પણ ચિત્તનું સાધન જો પરિશુદ્ધ કરીએ, તો જે જે આપણને જાણવાનું આવે કે જાણવા માગીએ, તે

---

* ચિત્તલય, ચિત્તવૃત્તિનિરોધ, ચિત્તનાશ, ચિત્તશુદ્ધિ, નિર્વાણ ઇત્યાદિ પરિભાષા ચિત્તની આ પરમ શુદ્ધ ગ્રહણશક્તિની દશા બતાવવા જુદે જુદે સ્થળે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


બરોબર જાણી શકીએ. અને જે માણસ એવું ચિત્ત પ્રયત્નથી મેળવે, તે આટલા અર્થમાં 'સર્વજ્ઞ' કહેવાય; એટલે કે, તે હવે પછી બધું પામી જઈ શકશે; તેની પ્રજ્ઞા કે બુદ્ધિરૂપી સાધન પૂરેપૂરું સાબૂત બન્યું છે; તે સ્થિતપ્રજ્ઞ થયો છે. યોગકાર આ વસ્તુ બતાવવા માટે પ્રારંભમાં સમાપત્તિના આ રીતે ચાર પ્રકારો પાડે છે, અને એ રીતે યોગનો જે કાર્યક્રમ છે તેનું પ્રયોજન તથા તેનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરે છે.

આ બાબતમાં સૂત્રકાર આગળ પ્રકરણ ચલાવે છે, તે હવે પછી જોઈશું.

૧૫-૧૧-'૫૦

## ૪૧

## સમાપત્તિના વિષયની અવધિ

૪૦મા પ્રકરણમાં આપણે સમાપત્તિના ચાર પ્રકારો વિષે જોયું. સૂત્રકાર તે પ્રકરણ આગળ ચલાવતાં કહે છે –

सूक्ष्मविषयत्वं च अलिंगपर्यवसानम् ॥ ४५ ॥

સમાપત્તિના પ્રકારોમાં આપણે જોયું કે, સવિતર્ક અને નિર્વિતર્ક પ્રકાર ઉપરાંત સૂક્ષ્મ વિષયવાળી બીજી બે સમાપત્તિ છે – સવિચાર ને નિર્વિચાર. આ સૂત્રમાં સૂક્ષ્મ વિષયની હદ કહી છે કે, તે 'અલિંગ' સુધીની છે. વિતર્કના સ્થૂલ વિષયો તો દૃશ્યમાત્ર છે, એ કહેવા કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ગણાવવા જરૂર નહિ. પણ ચિત્તના સૂક્ષ્મ ભાવો અંગેની હદ ક્યાં સુધીની ? તેનો ઉત્તર આ સૂત્રમાં કહ્યો છે.

'અલિંગ' એટલે જેને પાર્થિવતાનું જડ કે ઇંદ્રિયગમ્ય એવું લિંગ કે ચિહ્ન પણ નથી, એવું જે સૃષ્ટિમાત્રનું એકરસ સૂક્ષ્મ મૂળ દ્રવ્ય તે. સાંખ્યદર્શનમાં તેને પ્રકૃતિ કે પ્રધાન તત્ત્વ કહે છે. અને એનું લક્ષણ એ છે કે, તેની પાર અને ભૌતિકતામાત્રથી પર એવું જે આત્મતત્ત્વ તે સિવાય બીજું કાંઈ નથી. ચિત્તની સમાપત્તિ માટે ત્યાંથી આગળ કોઈ વિષય નથી. આત્મા તો તર્કગમ્ય છે નહિ. એટલે વિજ્ઞાન દ્વારા પદાર્થોની ખોજ કરતાં કરતાં માનવ તર્ક છેવટે જે એક સૂક્ષ્મતમ ભાવ ઉપર પહોંચે છે, તેનું નામ અલિંગ છે. આજે ભૌતિક વિજ્ઞાન જડ પદાર્થની ખોજમાં અણુભેદન સુધી આવ્યું છે. તેમાં કેટલી બધી રસિક બીનાઓ જણાવા લાગી છે! એ ખોજ આવા કોઈ મૂળ 'અલિંગ'ની ખોજ જેવી ગણાય. પણ આ વસ્તુ વળી બીજી વાત થઈ. આ સૂત્રને કહેવું છે તે એ કે, સમાપત્તિનો વિષય સ્થૂલ ઉપરાંત સૂક્ષ્મમાં સૂક્ષ્મ દ્રવ્યોના છેવટના દ્રવ્ય સુધીનો છે. એટલે કે, તેનો વિષય સચરાચર વિશ્વના દરેક સ્થૂલ પદાર્થ ઉપરાંત સમસ્ત સૂક્ષ્મ ભાવો પણ છે. ટૂંકમાં, જ્ઞાન મેળવવા માટે સમાપત્તિના વિષયોમાં કોઈ મર્યાદા નથી. માનવ ચિત્તે આ સમસ્ત વ્યાપને આવરી લેવાનો છે. એ કરવાનું સાધન માનવચિત્તની સમાપત્તિશક્તિ કે ધર્મ છે. એ સાબૂત કરવાથી આ અનંત લાગતો વ્યાપ પણ વામન-ડગ પેઠે ઓળંગી શકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


છે. અને તેથી જ સૂત્રકાર પછીના સૂત્રમાં કહે છે કે, આ સમાપત્તિઓને જ સબીજ સમાધિ કહેવામાં આવે છે. એ વિચાર આવતા પ્રકરણમાં.

સમાપત્તિના વિષયની આ સૂત્રમાં બતાવેલી હદના વિચારને મળતી એક વાત સૂત્ર ૪૦માં છે તે તરફ ધ્યાન ખેંચવા જેવું છે. ત્યાં યોગી અંતરના વિક્ષેપોને દૂર કરવા ઉપાયો લે તો અંતે તેમાં કેટલી શક્તિ આવે તે કહે છે:

परमाणु-परम-महत्त्वान्तः अस्य वशीकारः ॥

એ રીતે એકાગ્રતાનો અભ્યાસ કરતો જાય તો પરમાણુ અને પરમ મહત્ તત્ત્વ સુધી તેના મનનો કાબૂ કેળવાય છે. પરમાણુ તે સૂક્ષ્મતમ ઇંદ્રિયગમ્ય સ્થૂલ પદાર્થ; પરમ મહત્ તે પદાર્થમાત્રમાં એકરસ એકરૂપ રહેલું પદાર્થમાત્રનું પરમ સૂક્ષ્મ તર્કગમ્ય આદિકારણ. આ જ વસ્તુ ૪૫મા સૂત્રમાં 'અલિંગ' દ્વારા કહી છે; સમાપત્તિ તેટલે સુધી ગતિ કરે એ તેની અવધિનો અભ્યાસ છે.

૧૬-૧-'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪૨

## સબીજ સમાધિ

સમાપત્તિના સ્વરૂપની ઓળખાણ ૪૬મા સૂત્રમાં આપી છે :

ता एव सबीजः समाधिः ।।

જે ચાર પ્રકારની સમાપત્તિ આપણે અગાઉનાં સૂત્રોમાં જોઈ આવ્યા, તે જ સબીજ સમાધિ કહેવાય છે. અત્યાર અગાઉનાં સૂત્રો જોતાં જણાય છે કે, 'સમાધિ' શબ્દ પહેલો ૨૦મા સૂત્રમાં વપરાયો છે. ત્યાં સમાધિને વૃત્તિનિરોધ કે યોગ સાધવાના સાધન તરીકે કહી છે. તે સાધન કયું, તે અહીં સમજાવ્યું છે: સમાધિ એ સમાપત્તિ છે, એમ અહીં સ્પષ્ટ કરે છે.

અગાઉની ચર્ચામાં (પ્રકરણ ૩૮) આપણે 'વૃત્તિ' અને સમાપત્તિ વચ્ચે શો ફરક છે, તે જોયું હતું. વૃત્તિ અંગે તેના નિરોધનો સવાલ આવે છે; સમાપત્તિ એટલે કે ચિત્તની તદ્રૂપતા અંગે તેની સમાધિનો સવાલ આવે છે. તેથી નિરોધ વિષે ચર્ચા અગાઉ થઈ; અને સમાપત્તિ અંગે હવે યોગકાર કહે છે કે એ જ સમાધિ છે.

અને 'નિરોધ'નો પ્રકાર કહેતાં 'સંપ્રજ્ઞાત' પ્રકાર કહ્યો, તેમ સમાધિનો પ્રકાર 'સબીજ' શબ્દથી કહે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સમાપત્તિ કોઈ પણ બીજ કે દૃશ્ય પદાર્થના આલંબન પર થાય છે, તેથી તેને 'સબીજ' કહી છે.

વળી, વૃત્તિ-સંચારની અંદર જ સહજ નિરોધનું તત્ત્વ રહેલું છે. તે તત્ત્વને વિતર્ક, વિચાર આનંદ અને અસ્મિતા— એ ચાર પગથિયાંના ક્રમે જોવા માટે પુરુષાર્થ કરવો, એ સંપ્રજ્ઞાત નિરોધ (જુઓ સૂત્ર ૧૭) છે. તેવી જ રીતે સમાપત્તિમાં સહજ રૂપે સમાધિનું તત્ત્વ રહેલું છે. તે તત્ત્વને સવિતર્ક-નિર્વિતર્ક સવિચાર-નિર્વિચાર એ ક્રમે સમાપત્તિમાંથી પકડવું, એ ચારને બીજરૂપે લેવાં, એ સમાધિ માટેનો પ્રયત્ન છે.

આમ યોગ-પરિભાષામાં નિરોધ અને સમાધિ વચ્ચે પણ ફરક રહેલો છે તે સ્પષ્ટ થાય છે.

આ રીતે સમાપત્તિની પરિશુદ્ધિ દ્વારા સમાધિની સાધના કરતાં કરતાં આગળ વધવામાં આવે, તો યોગી કઈ પાયરીએ આગળ વધે, તે હવે પછીનાં સૂત્રો ચર્ચે છે. સમાધિનો વિષય સૂક્ષ્મ વિષયો પરત્વે અલિંગ અથવા પરમ મહત્ એવાં આદિતત્ત્વ સુધી જાય છે, એ સૂત્ર ૪૫માં જોયું. ત્યાં નિર્વિચાર સમાંપત્તિના વિષયોની હદ આવે છે. અભ્યાસ તેથી આગળ જાય એટલે શું થાય, તેની રૂપરેખા હવે પછીનાં સૂત્રોમાં છે. તે આવતા પ્રકરણમાં.

૧૪-૨-'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪૩

## ઋતંભરા પ્રજ્ઞા – ૧

સમાપત્તિ અને સમાધિ વચ્ચે જે નિકટ સંબંધ, કહો કે એક રીતે જોતાં સમરૂપતા રહેલાં છે, તે આપણે જોઈ ગયા. સમાપત્તિ દ્વારા ચિત્ત ઉપર જે છબી પડે છે, તેનો ભાવ શુદ્ધ રૂપે સમજવા માટે સમાધિ કે એકાગ્ર ચિંતન-મનન સાધનરૂપ છે. કોઈ પણ દૃશ્ય કે અનુભવ સામે આવતાં તે વિષે તર્ક-વિતર્ક થાય છે; અને તેની જ સાથે સંકલ્પ-વિકલ્પ પણ થયા કરે છે. દૃશ્ય વસ્તુના બાહ્ય સ્વરૂપને સમજવા અંગે જે દુવિધા કે નક્કી-ના-નક્કીના ખ્યાલો જાગે, તેને તર્કવિતર્ક કહે છે. આ ઉપરાંત તે વસ્તુ વિષે મનમાં રાગદ્વેષ, સુખદુઃખ, ગ્રાહ્યાગ્રાહ્ય, ઇ૦ મનોભાવો પણ જાગે છે. આ ઉપરથી મન તે લેવા કે છોડવા માટે સંકલ્પ-વિકલ્પ કરે છે. યોગ-પરિભાષામાં તેને માટે વિચાર-નિર્વિચાર શબ્દ વાપર્યો છે. આમ વસ્તુનાં સત્ય આકલનની ચાર દશા કે પાયરી થઈ: સવિતર્ક–નિર્વિતર્ક, સવિચાર–નિર્વિચાર. દરેક જણ જે કાંઈ જાણે-વિચારે છે કે ઇચ્છે-ના-ઇચ્છે છે, તેની પૂર્વે ઉપરની પાયરીમાં મનોવ્યાપાર ચાલે છે. સમાપત્તિની આ પ્રક્રિયા કોઈની ક્યાંક અટકે અને કોઈની ક્યાંક અટકે એમ બને; આથી કરીને દરેકની જ્ઞાનદશા કે સમજ સાચી-ખોટી, કાચી-પાકી રહે એ પણ ઉઘાડું છે. અને જગતમાં આપણે જે જોઈએ છીએ, તે



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


આ જ માનવ દશાનું મહા-નાટક (કે હાડમારી કહો તો તેમ) છે. વિકાસ, શિક્ષણ, કે ઉન્નતિ — જે કહો તે બધાનો ઉદ્દેશ આ કાચી-પાકી કે સાચી-ખોટી દશામાંથી આગળ જવાનો છે : તે એનું પ્રયોજન છે. તેથી જ યોગ એ આર્યોનું કેળવણી-દર્શન પણ છે, એમ કહેવામાં આવે છે. સામાન્યપણે આપણે જ્યારે કોઈ વસ્તુ ભણાવીએ કે ભણીએ છીએ, ત્યારે તેને અંગે નિર્વિતર્ક સમાધિનો અભ્યાસ કરવા-કરાવવા મથીએ છીએ, કે જેથી તે વસ્તુ શી છે તેનો સાફ ખ્યાલ મળે. સામાન્ય શિક્ષણમાં આ કામ વર્ગને હિસાબે સામુદાયિક ઢબે કરવામાં આવે છે. પણ તેનું ફળ વિદ્યાર્થી કેટલે અંશે પોતે તેમાં નિર્વિતર્ક સમાપત્તિ સાધી શક્યો છે, તેના ઉપર આધાર રાખે છે. એમ કરી શકનારની ગ્રહણશક્તિ સારી છે, તે ધ્યાન દઈને ભણે છે, એમ સામાન્ય ભાષામાં કહેવાય છે. અસ્તુ.

વસ્તુને અંગે નિર્વિચાર આકલન સુધી પહોંચતાં, આપણને તેનો શુદ્ધ ભાવ સમજાય છે. એમ શુદ્ધ રૂપે આકલન કરતું થયેલું ચિત્ત યોગસાધનામાં આગળ કેવી રીતે વધે છે, તે હવે સૂત્ર જણાવે છે —

निर्विचारवैशारद्ये अध्यात्मप्रसादः ॥ ४७ ॥

ऋतंभरा तत्र प्रज्ञा ॥ ४८ ॥

નિર્વિચાર સમાધિ કે સમાપત્તિનું વૈશારદ્ય આવે ત્યારે ચિત્તમાં અધ્યાત્મ-પ્રસાદ જન્મે છે, અને તે કાળે મનુષ્યની પ્રજ્ઞા ઋતંભરા એટલે કે સત્યશીલ કે ઋતને સહેજે પકડનારી એવી બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



તર્કવિતર્ક તથા રાગદ્વેષથી સ્વતંત્ર થયેલી ચિત્તશક્તિની દશાનું આ વર્ણન છે. તેવું ચિત્ત જે કાંઈ જુએ અનુભવે, તેનું સત્ય તે તરત પારખી લઈ શકે છે; કેમ કે તે તેને અંગે ઊઠતા તર્ક-વિતર્ક કે સંકલ્પ-વિકલ્પોને વટાવી જાય છે. આવા ચિત્તમાં 'અધ્યાત્મ પ્રસાદ' હોય છે; એટલે કે આત્માની જે પ્રસન્ન નિર્મળતા કે તટસ્થતા, તે ત્યાં આગળ કામ દે છે. આ 'અધ્યાત્મપ્રસાદ' એટલે કોઈ જાદુઈ પ્રસાદ કે કૃપા નથી. આત્મપરાયણ બનેલા મનુષ્યની ચિત્તદશાનું વર્ણન આ શબ્દમાં કર્યું છે: તે આત્માની પેઠે સમાન નિશ્ચલ હોય છે. તેથી તે દશામાં જે પ્રજ્ઞા કામ કરે છે, તે ભૂલોથી પર હોય છે—'ઋતંભરા' બને છે. આ ચિત્ત-દશા 'પ્રજ્ઞાલોક' પણ કહેવાય છે. પણ એ કોઈ દૂર આભલામાં ક્યાંક રહેલો આલોક નથી. પરંતુ ઇંદ્રિય, મન અને બુદ્ધિથી શુદ્ધ અને નિર્મળ કામ કરતાં કરતાં, તે બધાથી પર એવું જે આત્મતત્ત્વ, તેની નિકટ જઈને ચિત્ત જ્યારે કામ કરે છે, ત્યારે જે સમજ કે સંપ્રજ્ઞાન થાય છે, તે ભૂમિ આ પ્રજ્ઞાલોક કે ઋતંભરા પ્રજ્ઞા કે સ્થિત પ્રજ્ઞા છે. છેવટે જઈને જોતાં, મનુષ્ય તેના અભ્યાસથી, તેની કેળવણીથી, તેના જીવન-પુરુષાર્થથી આ વસ્તુ સાધવા ચાહે છે. એ વસ્તુ સાધવાની રીત એ શિક્ષણશાસ્ત્ર છે, એ યોગવિદ્યા છે. એ વસ્તુ તે સ્થિર કે ઋતંભરા એટલે કે સત્યાન્વેષી સત્યશીલ પ્રજ્ઞા કે બુદ્ધિશક્તિ છે. મનુષ્યનું એ સાચું સાધન છે. તેની કુહાડી વડે તે અજ્ઞાનનું જંગલ કાપી કાઢે છે; તે દીવો થતાં અજ્ઞાનનું અંધારું જતું રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



શાસ્ત્રોમાં અને સંતોની વાણીમાં આ વસ્તુને ભાત ભાતની અલંકાર વાણીમાં ગાઈ છે.

એ ચીજ હાથ કર્યા પછી પરમજ્ઞાન તરફ કેવી રીતે વધાય, તેનો નકશો આગળનાં સૂત્રોમાં દોરી બતાવ્યો છે, તે હવે પછી.

૨૧-૩-'૫૧

## ૪૪

## ઋતંભરા પ્રજ્ઞા – ૨

ઋતંભરા પ્રજ્ઞા એટલે શું, તે વિચાર આગળ આપણે અટક્યા હતા. સમાધિ દ્વારા નિર્વિચાર સમાપત્તિ સુધી અભ્યાસ પહોંચે, ત્યારે તે ચિત્ત દૃશ્ય પદાર્થોના ગ્રહણમાં એવી કોટિએ પહોંચે છે, કે જ્યાં રાગદ્વેષ ઇ૦ વચ્ચે આવતાં નથી, પણ ચિત્ત સીધું જે પદાર્થ જેવો હોય તેવો તેને જોઈ શકે એવી તટસ્થતા આવે છે. આ જ વસ્તુને ગીતાકારે બીજી પરિભાષામાં સમજાવી છે, તે જોવાથી આ બીના વધારે સ્પષ્ટ થશે.

અ૦ ૩માં (શ્લો. ૩૬-૪૩) અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે, "અવશ થઈને, અનિચ્છા છતાં, માણસને પાપમાં કોણ નાખે છે?" શ્રીકૃષ્ણ જવાબ આપે છે, "રજોગુણમાંથી પેદા થતો કામ-ક્રોધ એ છે. તેનાથી માણસની જ્ઞાનશક્તિ ઢંકાય છે. તે એનો શત્રુ છે અને ઇંદ્રિયો, મન અને બુદ્ધિને પોતાનું સ્થાનક બનાવીને તેનો કબજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


મેળવે છે." તો પછી આનો ઉપાય શો ? — એ સહેજે સવાલ થાય છે. શ્રીકૃષ્ણ એનો ક્રિયાયોગ કહે છે તેમાં શરૂમાં કહે છે કે, "શરીરમાં ઇંદ્રિયો મોટી વસ્તુ છે; ઇંદ્રિયોથી મોટું મન છે; મનથી મોટી વાત બુદ્ધિ છે. એ બુદ્ધિથી પણ ઉપર અને મોટું એવું આત્મતત્ત્વ છે. એ તત્ત્વને જાણો તો આ કામ-ક્રોધ-રૂપી મહાશત્રુ હણાશે." યોગ-સૂત્રકાર આ જ વસ્તુને પોતાની જુદી પરિભાષા મારફત કહે છે. તે કહે છે કે, ઇંદ્રિય, મન, બુદ્ધિને સમાપત્તિ કે સમાધિ દ્વારા શુદ્ધ કરો; તેમ કરતાં અંતે 'અધ્યાત્મ-પ્રસાદ' મળશે — એટલે કે બુદ્ધિથી પર એવું જે આત્મ-તત્ત્વ તેની પ્રતીતિ થવાથી બુદ્ધિમાં જે સ્થિરતા અને નિર્મળતા આવે છે તે મળશે. આને જ ગીતાકાર 'સ્થિતા પ્રજ્ઞા' કહે છે, યોગસૂત્રકાર 'ઋતંભરા પ્રજ્ઞા' કહે છે. આ પ્રકારની પ્રજ્ઞા મનુષ્યચિત્તનો ઉત્તમોત્તમ આવિષ્કાર છે; તેના નિર્મળ અને ઉદાત્ત વિકાસની ઉત્તમોત્તમ સીમા છે. (ગીતાકાર આ દશાને 'શમ' 'નૈષ્કર્મ્ય' ઇ૦ પણ કહે છે.) પછીથી તેના આગળના આધ્યાત્મિક વિકાસનું સાધન તે પ્રજ્ઞા બને છે. (જુઓ ગીતા, અ૦ ૬–૩.)

આ પ્રજ્ઞાનું સ્વરૂપ વધારે સ્પષ્ટ કરવા માટે સૂ. ૪૯ કહે છે —

श्रुत-अनुमानप्रज्ञाभ्याम् अन्यविषया विशेषार्थत्वात् ।। ४९ ।।

— આ (ઋતંભરા પ્રજ્ઞા) શ્રુત તથા અનુમાન દ્વારા કામ કરતી બે પ્રકારની પ્રજ્ઞાઓ કરતાં જુદા વિષયવાળી છે, કેમ કે તેનો જે અર્થ છે તે ખાસ વિશેષ પદાર્થ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


શ્રુત એટલે શાસ્ત્ર, આગમ. તેના અભ્યાસ વડે અમુક પ્રજ્ઞા ખીલે છે. તેનો પાયો શબ્દજ્ઞાન છે. શબ્દ દ્વારા વિવરણ અને વિવેચન કરીને તે પોતાનું કામ કરે છે. ત્રણ પ્રમાણો — પ્રત્યક્ષ, અનુમાન, આગમ (જુઓ સૂત્ર ૭)-માંના આગમ પ્રમાણથી જે સામાન્ય જ્ઞાન મળી શકે, તે એ વડે પ્રાપ્ત કરી શકાય. આ પ્રજ્ઞા વડે સામાન્ય જ્ઞાનના બધા વિષયો જાણી શકાય. શાળાનું શિક્ષણ આપણી આ પ્રજ્ઞા દ્વારા કામ લે છે.

બીજું સાધન આપણા ચિત્તની તર્કશક્તિ છે, જે મુખ્યત્વે અનુમાન-પ્રમાણથી કામ લે છે. એ કોઈ નવું જ્ઞાન નથી આપતી, પણ જે જ્ઞાન હોય તેમના પરથી વધુ કલ્પીને આગળ ચાલે છે. આ પ્રજ્ઞા પણ સામાન્ય વિષયોને જ લઈને ચાલે છે.

સમાધિ દ્વારા ચિત્ત જે પ્રજ્ઞા પ્રગટ કરે છે તે આ બે કરતાં જુદી છે, કેમ કે તે પ્રજ્ઞા શબ્દ કે અનુમાન વડે કામ લેતી નથી. જે કોઈ દૃશ્ય પરથી સમાપત્તિ જન્મે, તેને સવિતર્ક, નિર્વિતર્ક, સવિચાર અને નિર્વિચાર એ ચાર ક્રમે શુદ્ધ કરીને, જે વિશેષ અર્થ તે સમાપત્તિનું કારણ બન્યો હોય, તે વિશેષ અર્થને આ પ્રજ્ઞા પ્રત્યક્ષ કરી શકે છે. વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન કરવા માટેની એ ખાસ પ્રજ્ઞા છે. તે દ્વારા પ્રગટતું જ્ઞાન, શ્રુત કે અનુમાન વડે જેમ સૌને થાય, તેવા પ્રકારનું નથી; તે કેવળ તે પ્રજ્ઞાવાળાને થતું વિશેષ અર્થવાળું જ્ઞાન છે. ઋતંભરા પ્રજ્ઞા આ રીતે ખાસ પ્રજ્ઞા છે. શ્રુત અને અનુમાનથી બુદ્ધિમાં જે પરાવલંબીપણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને પ્રત્યક્ષ અનુભવનો અભાવ હોય છે, તે આ ઋતંભરા પ્રજ્ઞામાં નથી હોતાં. શ્રીકૃષ્ણે અર્જુનને આ જ વસ્તુ અ૦ ૨–૫૩માં કહી છે. તે કહે છે કે, 'શ્રુતિ એટલે કે શાસ્ત્રોમાંથી મળેલી વાતો સાભળીને તારી બુદ્ધિ તૈયાર થયેલી છે; તે જ્યારે સમાધિથી નિશ્ચળ થશે ત્યારે તને યોગ મળશે.' એટલે કે, અર્જુન જે દલીલો કરે છે, વિચાર કરે છે, તેમાં શ્રુતપ્રજ્ઞા અને અનુમાનપ્રજ્ઞા વધુ રહેલી છે. તે એને સંશય કે શંકાથી મુક્ત નથી કરી શકતી. તે પ્રજ્ઞા જ્યારે સમાધિ વડે સ્થિત થાય,— શંકા, મોહ ઇત્યાદિથી ડહોળાયા કરે છે તે ઠરે, ત્યારે સાચી શુદ્ધ પ્રજ્ઞા લાધે. આ પ્રજ્ઞા યોગનું સાધન છે; આ પ્રજ્ઞા સૂક્ષ્મ છે, ગમે તે વસ્તુને પ્રત્યક્ષ કરી શકે છે. એ પ્રજ્ઞાને ઉદ્દેશીને ઉપનિષદે પેલો મંત્ર કહ્યો છે કે,

एष सर्वेषु भूतेषू गूढोत्मा न प्रकाशते ।
दृश्यते त्वग्र्यया बुद्धया सूक्ष्मया सर्वदर्शिभिः ॥
(कठोप० १. ३. १२)

(સર્વ ભૂતોમાં ગૂઢ રહેલો આ આત્મા દેખાતો નથી; પરંતુ સૂક્ષ્મદર્શી પુરુષો પોતાની એકાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિ વડે તેને જોઈ શકે છે.)

આ પ્રકારની પ્રજ્ઞાથી કેવી રીતે સાધના આગળ વધે છે તે યોગસૂત્રના પહેલા પાદનાં છેલ્લાં બે સૂત્રો (૫૦-૫૧)-માં કહ્યું છે. તે આવતા પ્રકરણમાં.

૧૦–૭–'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪૫

## ઋતંભરા પ્રજ્ઞા – ૩

સમાપત્તિઓનો અભ્યાસ કરતાં કરતાં માણસ ઋતંભરા પ્રજ્ઞા મેળવે છે. આ પ્રજ્ઞાને જ ગીતાકારે બીજા અધ્યાયમાં 'સ્થિત પ્રજ્ઞા' કહી છે. એ પ્રજ્ઞા કે સમજ-બુદ્ધિ ખાસ પ્રકારની છે. સામાન્ય પ્રજ્ઞા શ્રુત અને અનુમાન પ્રમાણો મારફતે ચાલે છે. કોઈએ કહ્યું તે જાણ્યું, કોઈએ લખ્યું તે પરથી જાણ્યું,—આમ સામાન્ય રીતે આપણે જ્ઞાન મેળવીને ચાલીએ છીએ. આ બધું જ્ઞાન મુખ્યત્વે શબ્દ-જ્ઞાન કહેવાય. તે રીતે મળેલા જ્ઞાન પરથી અનુમાન કરીને કેટલુંક વિશેષ આપણે તર્કશક્તિ વડે કલ્પી શકીએ છીએ. આ પણ જ્ઞાનનું એક સાધન આપણી પાસે હોય છે. આ ઉપરાંત જાત-અનુભવથી આપણે કાંઈક જાણીએ છીએ. તે જ્ઞાન પણ પ્રત્યક્ષ મળતું હોવા છતાં અનુમાન અને તર્ક તથા રાગદ્વેષોથી સંમિશ્ર હોય છે. તેથી કરીને તો કોઈ બાબતનો એકસાથે અનુભવ લેતાં છતાં, ઘણી વાર આપણે જુદા જુદા કયાસ પર ને સમજ પર પહોંચીએ છીએ. ઋતંભરા પ્રજ્ઞાનું જ્ઞાન એ રીતોથી જુદી રીતે મળે છે. ઉપર જણાવેલી ત્રણે રીતોથી થયેલા જ્ઞાન પર ચિંતન મનન કરીને જ્યારે માણસ તેની મૂળ વસ્તુને જાતે જોવા-જાણવા માગે છે, તે વિષે રાગદ્વેષ કે પક્ષપાત રહિત બની સમજવા ચાહે છે, ત્યારે એ નવી જાતની પ્રજ્ઞા જાગ્રત



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



થાય છે. એ પ્રજ્ઞા ઋતને પામવા માટે તાકાતવાળી હોય છે, તેથી તેને ઋતંભરા પ્રજ્ઞા કહી છે, અને તેથી જ તે વડે જે જ્ઞાન-સંસ્કારો મળે છે એ ખાસ હોય છે, અને પેલા સામાન્ય સંસ્કારોથી જુદા પડે છે. એમાંથી મનુષ્ય પોતાના સત્ત્વને પામી જાય છે અને ક્યાંય મોહમાં પડીને ભૂલ નથી ખાતો. આ કેવી રીતે બને છે તે કહેવા માટે (યોગસૂત્રના પહેલા પાદનાં) બાકીનાં બે છેલ્લાં સૂત્રો આવે છે—

तज्जः संस्कारः अन्यसंस्कारप्रतिबंधी ॥ ५० ॥

तस्यापि निरोधे सर्वनिरोधात् निर्बीजः समाधिः ॥५१॥

– તે ઋતંભરા પ્રજ્ઞાથી પેદા થતો સંસ્કાર અન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે— બીજા સંસ્કારોને રોકી પાડે છે.

– અને આગળ જઈને, એમ રોકી પાડનાર સંસ્કાર પોતે પણ જ્યારે નિરોધાય છે, ત્યારે બધા જ સંસ્કારોનો નિરોધ થયો હોવાથી, તેમાંથી જે સમાધિ કે ચિત્તદશા જન્મે છે, તેને નિર્બીજ સમાધિ કહે છે. ત્યાં જઈને યોગ એટલે કે ચિત્તવૃત્તિનો નિરોધ સંપૂર્ણ રીતે થાય છે. એ નિરોધનું બીજું નામ આપ્યું છે નિર્બીજ સમાધિ.

આમ યોગ એટલે શું, તે સમજાવતું યોગસૂત્રનું પહેલું સમાધિપાદ પૂરું થાય છે.

જ્યાં સુધી કોઈ પણ બાબતમાં આપણે ખરેખર તે શું છે તે ન જાણીએ, ત્યાં સુધી તે વિષે જાત જાતના ખ્યાલો કે સંસ્કારો આપણને થયા કરે છે. શ્રુત અને અનુમાન પ્રમાણથી એ સંસ્કારો ચિત્તમાં જાગ્યા જ કરે છે. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


વખત અમુક ખરું લાગે; પછી વળી કાંઈક સાંભળીએ તો તે પરથી તર્ક કરીને પાછો નવો ખ્યાલ જાય છે; તે પણ વળી ફર્યા વગર નથી રહેતો. એમ આપણે વસ્તુઓનું સત્ય જાણવા મથ્યા જ કરીએ છીએ. આ પ્રક્રિયા સૌના દિલમાં ચાલ્યા જ કરે છે. કેટલાક ખરેખર તેની પાછળ શ્રમ ખેડીને પડે છે. કેટલાક અમુક વસ્તુઓ અંગે મથે છે, કેટલાક અમુક બીજીને અંગે મથે છે. એમ જગતમાં બધા માણસો, અંતે જઈને જો તપાસીએ તો, વસ્તુઓનું સત્ય પામી તે મુજબ વર્તવા જ મથતા હોય છે. એમ કરતાં જેને જે બાબતનું સત્ય ખાતરીથી જણાયું, તે માણસ પછી તે બાબત વિષે સંશયવાળો રહેતો નથી. પૂર્વે એ વિષે તેને જે જાતના ખ્યાલો કે સંસ્કારો આવ્યા હોય, તે બધા ઝાકળની પેઠે ઊડી જાય છે. એ બધા પૂર્વના ભલતા સંસ્કારો આપોઆપ દબાઈ જાય છે; પેલો સત્યસંસ્કાર તેમનો પ્રતિબંધ કરી દે છે. ૫૦મા સૂત્રમાં જે વાત કહી છે તે આ પ્રક્રિયા વિષે જ કહી છે. માત્ર તેમાં વિશેષ એ છે કે, આ પ્રકારની ખોજમાં જે માણસ આત્યંતિક રૂપે પડે, તે ધીમે ધીમે આગળ વધતાં વધતાં આ જગતમાં ચરાચર-માત્રનો ભેદ પામવા જાય છે ને તે માટે મથે છે.તેને છેવટે તેની ઋતંભરા પ્રજ્ઞામાંથી જે એક સંસ્કાર જાગે છે, તેની વાત ત્યાં કહી છે. ૪૫ મા સૂત્રમાં અગાઉ આપણે જોઈ આવ્યા કે, સ્થૂલથી માંડીને 'અલિંગ' સુધીની સૂક્ષ્મતમ ચીજો સુધીનો આખો વિસ્તાર ડહોળીને તેની પ્રજ્ઞા કામ કરે છે. એટલે કે, આપણી સામે આ આખું દૃશ્ય જગત છે, તે બધાને વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જે અનુભવ્યું કે સાંભળ્યું, તે બધાને તે રાગદ્વેષથી ન ચળે એવી સ્થિત કે ઋતંભરા પ્રજ્ઞાથી તપાસે છે. તેમ કરતાં જે સંસ્કાર જન્મે — જે ખ્યાલ બંધાય તે ખ્યાલ, તે પૂર્વે એ બધા વિષે જે અન્ય ખ્યાલો કર્યા હોય કે આવ્યા હોય, તે બધાને દાબી દે છે. આ પ્રક્રિયા સામાન્ય છે. એમાં કાંઈ ગૂઢ વિલક્ષણતા નથી. ખરું સમજાય તેની સાથે પૂર્વે ખરું ખોટું જે કાંઈ મનમાં થયા કર્યું હોય તે આપોઆપ શમી જ જાય અને બુદ્ધિ તે ખરા વિષે સાફ અને અડગ બને, એ ઉઘાડું છે. એક વાર સાચી વાત જાણ્યા પછી ચિત્તની મથામણ એની મેળે શમી જ જાય છે. અને પછી તે પૂરતી ચિત્તમાં અમુક શાંતિ કે સ્થિરતા રહે છે અને તેમાંથી પછી નવા નવા તુક્કા ફૂટી શકતા નથી. ચિત્તનું આ લક્ષણ છે. આને જ અનુલક્ષીને ગીતાકારે પેલું સૂત્ર કહ્યું છે કે,

सर्वं कर्माखिलं पार्थ, ज्ञाने परिसमाप्यते । ४-३३ ।

(હે પાર્થ, કર્મમાત્રની બધી પંચાત છેવટે, તે વિષે કે તે બધાને પરિણામે જે સમજ ચિત્તમાં જન્મવી કે જાગવી જોઈએ તે જાગે, તેની સાથે પૂરી થાય છે. તે કર્મોની સતામણી પછી પૂરી થાય છે, કર્મોનો ક્લેશ મટી જાય છે.)

આ જ વસ્તુને ગીતાકારે કર્મો ભસ્મસાત્ થાય છે, એ ભાષામાં પણ કહી છે. જુઓ નીચેના શ્લોકો —

यथैधांसि समिद्धोऽग्निः
भस्मसात् कुरुतेऽर्जुन ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ज्ञानाग्निः सर्वकर्माणि
भस्मसात् कुरुते तथा ।। ४–३७ ।।
न हि ज्ञानेन सदृशं
पवित्रमिह विद्यते ।। ४–३८ ।।

કર્મોના દરિયાને જ્ઞાન-નાવડી વડે તરી જઈશ એમેય કહ્યું છે—

सर्वं ज्ञानप्लवेनैव
वृजिनं संतरिष्यसि ।। ४–३६ ।।

યોગસૂત્રકાર એ જ રહસ્ય આ સૂત્રમાં કહે છે. પ્રજ્ઞા સ્થિર થયે તેના વડે સત્ય જાણીએ, એટલે અસત્યનો અંધાર-દરિયો ઊડી જાય છે.

અને આગળ પણ ચિત્તની દશા વર્ણવતાં તે કહે છે કે, એવો સત્ય સંસ્કાર પણ નિરોધ પામે, ત્યારે નિર્બીજ સમાધિનો અનુભવ થાય છે; એ દશાને નિર્બીજ સમાધિ કહે છે.

આ વિષે વિચાર હવે પછી કરીશું.

૫–૯–'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪૬

## નિર્બીજ સમાધિ કે યોગ–૧

ઋતંભરા પ્રજ્ઞા એવી છે કે, તે સત્યવાહક હોવાથી, કોઈ પણ બાબતમાં તે સત્ય પ્રગટ કરે છે. પરિણામે, તે બાબતમાં અગાઉ જે સત્યાસત્ય ખ્યાલો મનમાં હોય, તે બધા આપોઆપ ઊડી જાય છે; પછી તે ભલતા ખ્યાલો ફરી ઊઠતા નથી, કેમ કે ચિત્તમાં એ વાત બેસી ગઈ કે તે બરોબર નથી. અંતિમ દાખલો લઈને કહીએ તો, અગ્નિ બાળે છે, દઝાડે છે, એ જ્ઞાન થયા પછી સ્વપ્ને પણ આપણને એવું નથી થતું કે, અગ્નિને હાથમાં લીધો કે ગજવામાં મૂક્યો કે અડયા છતાં દાઝયા નહિ. જ્ઞાન જ્યારે આવી રીતે પાકું ને સાક્ષાત્ સાચું થાય છે, ત્યારે તે અન્ય સંસ્કારોને આપોઆપ દાબી દે છે. નહિ કે ચિત્તમાં એ સંસ્કારો છે અને ઊઠતા નથી; એ સંસ્કારો ઋતંભરા પ્રજ્ઞાના સંસ્કાર આગળ પોતાની ઊઠવાની શક્તિ જ ખોઈ બેસે છે; કહો કે, તે જ્ઞાનદગ્ધ થઈ જવાથી ભસ્મસાત્ થઈ જાય છે. આમ આપણે ગયા પ્રકરણમાં જોઈ આવ્યા.

પછી સવાલ રહે છે કે, પણ ઋતંભરા પ્રજ્ઞાથી જે સંસ્કાર જામે તેનું શું થાય ? એ સંસ્કાર તો રહ્યો જ ને ? સમાધિપાદનું છેલ્લું—૫૧મું સૂત્ર આ પ્રશ્નનો જવાબ આપે છે :



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


तस्यापि निरोधे सर्वनिरोधात् निर्बीजः समाधिः ।।

તેનો પણ નિરોધ થાય એટલે બધા સંસ્કારોનો નિરોધ થઈ જશે; અને તેમાંથી જે સમાધિ ઊપજે તે સમાધિ કોઈ પણ સમાપત્તિ કે વૃત્તિને બીજરૂપે લીધા વગર થતી હોવાથી, તે નિર્બીજ સમાધિ છે.

સૂત્ર ૪૬માં સબીજ સમાધિ કહી છે. સમાપત્તિ મારફત તે સંભવે છે. સમાપત્તિ ત્યાં બીજ રૂપે છે. પરંતુ ઉપર જે નિરોધ કહે છે તે એકમાત્ર એવો જે ઋતંભરા પ્રજ્ઞાનો સંસ્કાર છે તેનો થાય છે. એ નિરોધ કેવળ નિરોધ છે. ત્યાં આગળ ચિત્તની વૃત્તિમાત્રનો નિરોધ થયો ગણાય. એટલે કે, પ્રથમ સૂત્રમાં કહ્યું હતું તેમ, આ દશાએ જઈને જે સ્થિતિ થાય છે તે યોગસ્થિતિ છે; ગીતાકારની ભાષામાં તે બ્રાહ્મી સ્થિતિ છે; ભગવાન બુદ્ધની ભાષામાં તે નિર્વાણ છે; મહાવીરસ્વામીની ભાષામાં તે કેવલી સ્થિતિ કે કેવળ-જ્ઞાન છે.

અહીંયાં સવાલ એ થઈ શકે કે, આવો નિરોધ બની શકે ખરો ? આ વસ્તુ ગૂઢ અથવા પ્રત્યક્ષ અનુભવની વાત થઈ. યોગસૂત્રકાર કહે છે કે, તેમ બની શકે છે; તેમ બને એને જ, છેવટે જોતાં, યોગ કહ્યો છે.

આ સ્થિતિને નિદ્રાની જોડે સરખાવવાથી કાંઈક કલ્પના આવશે. ઊંઘમાં પડતા પહેલાં એકે એકે ચિત્તના ખ્યાલો કે વૃત્તિઓ દબાતાં જાય છે; એમ ધીમે ધીમે એક જ ખ્યાલ રહે છે કે, હવે ઊંઘ આવે છે. જો બીજા ખ્યાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


ઊઠે તો ઊંઘ જતી રહે.. પણ ઊંઘ આવે છે એ પણ એક વૃત્તિ બને છે; આપણને લાગે છે કે, હવે ઊંઘ આવે છે; ચિત્તમાં એવું ભાન થાય છે. એ વૃત્તિ પણ કોણ જાણે ક્યારે ને કેવી રીતે, દબાઈ જઈ તેનોય નિરોધ થઈ જાય છે અને ઊંઘ આવી જાય છે. યોગસૂત્રકાર ઊંઘને પણ એક વૃત્તિ કહે છે અને તે છે. પણ તે એવી છે કે તે વૃત્તિના સમયે તેનું ભાન નથી થતું. ઊઘમાંથી ઊઠયા પછી ખ્યાલ જાગે છે કે, આપણે ઊંઘી ગયા હતા. એટલે કે, ઊંઘના અનુભવનો સંસ્કાર ઊંઘ પૂરી થયે આપણને જણાય છે. મતલબ કે, જાગ્રત એવા કોઈ બીજ વગર ઊંઘનો સંસ્કાર સંભળ્યો. એમ જ જ્ઞાન માટે પ્રયત્ન કરતું ચિત્ત છેવટે ઋતંભરા પ્રજ્ઞા પર પહોંચે છે; અને તેનું અનુશીલન કરતાં કરતાં એક વાર તે પોતે જ ટપ થઈ જાય છે અને વિરમે છે. એ પ્રજ્ઞામાંથી જન્મતો સંસ્કાર પણ લય પામી જઈને, ચિત્તની વૃત્તિમાત્ર થોભી જાય છે,—જેમ, ઊંઘમાં. પછી જ્યારે જાગીએ ત્યારે તેની ખબર પડે છે. પણ ત્યારે કાંઈક જુદું જ દેખાય છે, કે જેને મીરાંબાઈએ કહ્યું છે : उलट भयी मेरे नयननकी । તે વખતે ચિત્ત પોતાનું સ્વરૂપ ખોઈ બેસે છે અને ચેતન એવા આત્મતત્ત્વમય બની રહે છે. (જુઓ સૂત્ર — तदा द्रष्टुः स्वरूपे अवस्थानम् ।) સદાકાળ વૃત્તિઓ ઊઠયા કરવી એ જેનો ધર્મ છે એવું ચિત્ત તે વખતે પોતાનો એ ધર્મ ત્યજે છે. અને ત્યારે અમુક જે જ્ઞાન થાય છે તે ઋતજ્ઞાન છે, સત્ય જ્ઞાન છે. અને એનો સંસ્કાર પછી કોઈ સંસ્કારને — સંસ્કારમાત્રને અવરોધે છે. તે જ્ઞાન કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જ્ઞાન છે, કે જેનો સંસ્કાર નથી; અથવા છે તો એ કે, તે જગતના અનુભવમાત્રના હરેક સંસ્કારને, તે દ્વારા ઊઠતી હરેક વૃત્તિને સહેજે દાબી દે છે. સૂત્ર ૪૦માં કહ્યા પ્રમાણે, આ જ્ઞાન વડે છેવટ સુધીની બધી વાતો ઉપર વશીકાર આવી જાય છે. એવો પરમ વશીકાર આવ્યાથી પરમ-પુરુષનું જ્ઞાન થાય છે; તૃષ્ણારહિતતા આવી જાય છે, અને એમ વૃત્તિમાત્રનું જે બીજ તૃષ્ણા છે તે ટળી જાય છે. * એ જ પરમ વૈરાગ્ય છે. અભ્યાસ અને વૈરાગ્યથી યોગ સધાય છે એમ જે અગાઉ કહ્યું હતું, તેમાં અભ્યાસની અને વૈરાગ્યની અવધિ અહીં પહોંચ્યે આવે છે. અંતરાયો કે ક્લેશો ટાળવાથી ચિત્તપ્રસાદ થાય છે એમ જે સૂત્ર ૨૯–૩૦માં વાત કરી છે, તે પણ આ દશાએ જતાં સિદ્ધ થાય છે: ક્લેશમાત્રની નિવૃત્તિ થાય છે. જે મેળવવાનું છે, તે અહીંયાં પહોંચ્યે મળે છે. જેનો યોગ સાધવાનો છે, તે અહીં સધે છે. આ દશાને ભક્તો તથા જ્ઞાનીઓએ ભાત ભાતની રીતો અને રૂપકોથી વર્ણવી છે. તૃષ્ણાનો નાશ કે નિર્વાણ, કર્મમાત્રનો નાશ, ચિત્તનો નાશ, કેવળ જ્ઞાન, કૈવલ્ય,–એ શબ્દોથી વર્ણવાતી દશા પણ આ જ નિર્બીજ સમાધિ કે ચિત્તનિરોધ છે. એ પરમ જ્ઞાનની સ્થિતિ છે. ત્યાં પહોંચ્યા પછી પાછા પડવાપણું નથી. તે પરમ ધામ છે, તે પરમ દશા છે.

૧૫–૧૧–'૫૧

---

* અહીંયાં સૂત્ર ૧૫, ૧૬ના ભાવનો ઉલ્લેખ છે:
दृष्ट-आनुश्रविक-विषय-वितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम्।
तत् परं पुरुषख्यातेः गुणवैतृष्ण्यम्।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# ૪૭

## નિર્બીજ સમાધિ કે યોગ – ૨

નિર્બીજ સમાધિનો વિચાર થોડો વિશેષ કરીએ. તે અંગે એક વસ્તુ જોતા જવા જેવી લાગે છે. આ વસ્તુ નિર્વિચાર સમાપત્તિ અને નિર્બીજ સમાધિ વચ્ચેનો સંબંધ. એ બેમાં ફેર છે તે ધ્યાન પર લેવા જેવો છે. એથી કરીને નિર્બીજ સમાધિનું સ્વરૂપ બની શકે તેટલું વધારે સ્પષ્ટ પણ થાય છે.

સમાપત્તિ એટલે શું તે આપણે જોઈ આવ્યા છીએ. ચિત્તની વૃત્તિની પૂર્વદશા એ છે. જેવી સમાપત્તિ તેવી વૃત્તિ બને છે. જો સમાપત્તિ શુદ્ધ હોય તો વૃત્તિ શુદ્ધ બને; જો તેમાં વિકાર હોય તો વૃત્તિ તે પ્રમાણે સદોષ બને છે. અને તે મુજબ વૃત્તિ ક્લિષ્ટ કે અક્લિષ્ટ થાય છે; એટલે કે તે પ્રમાણે સુખ-દુઃખ કે ક્લેશ-અક્લેશ અને અંતરાય તથા વિક્ષેપો અનુભવમાં આવે છે.

સમાપત્તિનાં વિકારક કારણો બે છે—તર્ક અને વિચાર. તર્ક કરનારી ઇંદ્રિય-શક્તિને મન કે અંતઃકરણ કહ્યું છે અને વિચાર કરનારી ચિત્તશક્તિને બુદ્ધિ કહી છે. બહારની વસ્તુઓના આકલનમાં તર્ક મદદ કરે છે; બુદ્ધિ તે વિષેનો સાચો ભાવ પામવામાં મદદ કરે છે.

આમ, સમાપત્તિ અમુક સંસ્કાર કે પદાર્થને બીજ તરીકે લઈને ચાલે છે અને તેનું સાચું સ્વરૂપ પામવા માગે છે. કોઈ વસ્તુનું ખરું સ્વરૂપ પામવા માટેના ચિત્ત-



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વ્યાપારને જ યોગશાસ્ત્ર, ખરું જોતાં, સમાધિ કહે છે. હરકોઈ વસ્તુનું સ્વરૂપ પામવા માટેની ચિત્તપ્રક્રિયાનું નામ સમાધિ છે. આથી કરીને જ ચાર સમાપત્તિઓને સબીજ સમાધિ કહી છે. તે દ્વારા મનુષ્ય વસ્તુમાત્રનું પરીક્ષણ કરે છે અને તેનું સત્ય પામવા મથે છે.

છેવટની નિર્વિચાર સમાપત્તિ કોઈ બાબતનું સત્ય પામવાની છેલ્લી ચાવી છે. તે જગાએ જઈને ચિત્ત કોઈ પદાર્થને પ્રમાણભૂત રીતે પારખી શકે છે. એટલે, નિર્વિચાર સમાપત્તિ કદી નિર્બીજ કે પદાર્થના પાયારહિત ન હોઈ શકે. કોઈ ને કોઈ લિંગ કે ચિહ્નયુક્ત વાત યા દૃશ્ય પદાર્થને લઈને તે ચાલે છે. આવું આલંબન તેને હોય જ. તે આલંબનનો પદાર્થ ભલે સૂક્ષ્મ હોય, તોપણ તે તર્કથી અતીત ન હોઈ શકે. યોગસૂત્રકાર આવા પદાર્થની હદ આંકે છે કે, અલિંગ પર્યન્ત તે જાય છે. અહીં સુધી ચિત્તવૃત્તિ કામ કરે છે. પણ તે યોગ નથી; યોગ તો ચિત્તવૃત્તિનિરોધ છે; એમ શરૂમાં જ સૂત્રકાર કહે છે.

હવે એ યાદ રાખવાનું છે કે, આત્મા કે સચ્ચિદાનંદ કહેવાતું તત્ત્વ આ હદમાં નથી આવતું. તે દૃશ્યનો અંશ નથી; તેને દ્રષ્ટા માન્યો છે. તેથી તે સમાપત્તિનો વિષય બની ન શકે. પણ યોગ તો તેને પામવા માટે છે. તેમાં નિર્વિચાર સમાપત્તિ આડકતરું સાધન છે. તે વડે આપણે જગતના સ્થૂલ સૂક્ષ્મ પદાર્થમાત્રનો તાગ કાઢી લઈએ; તે વડે તે ભાવોનો સાચો મર્મ પામી શકીએ; કે જે તેમના પ્રત્યે વૈરાગ્ય અથવા અનાસક્તિ છે, અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જેને બૌદ્ધ તત્ત્વજ્ઞાન ક્ષણભંગુરતા કે ક્ષણિકતા કહે છે અથવા ગીતા ક્ષરભાવ કહે છે (अधिभूतं क्षरो भावः), અને જેમાંથી અંતે નૈષ્કર્મ્ય-સિદ્ધિ થાય છે એમ ગીતાકાર જણાવે છે. આ પ્રકારની બુદ્ધિ કે પ્રજ્ઞા જ્યારે જન્મે, ત્યારે જે સંસ્કાર જન્મે છે, તે વિલક્ષણ હોય છે. તે સંસ્કાર કોઈ પદાર્થના આકલનના નથી હોતા, પરતું તેના વિષેના સત્ય જ્ઞાનના આકલનના છે; કે જે પદાર્થમાત્રમાં ક્ષરભાવનું મિથ્યાત્ત્વ રહેલું છે તેને બતાવે છે. એટલે કે, ત્યાં આગળ નવી વૃત્તિ બનતી નથી, પણ જે વૃત્તિ બનવા પામે તેને રોકે કે શમાવે એવો સંસ્કાર ઊભો થાય છે. એટલે કે, વૃત્તિનું શમન કરવાની શક્તિ તે પ્રજ્ઞામાં જાગે છે. તેથી એ પ્રજ્ઞા ચિત્તની વૃત્તિઓ ઉપર કાબૂ ધરાવે છે; એ પ્રજ્ઞા પાસે ચિત્તવૃત્તિનો નિરોધ પેદા કરવાની આવડત હોય છે. તેથી તે વડે વૃત્તિનું નિર્વાણ કરી શકાય છે. એમ અંતે વૃત્તિમાત્રનું નિર્વાણ કરીએ ત્યારે જે દશા થાય, તે યોગની નિર્બીજ સમાધિ કે બૌદ્ધ નિર્વાણ દશા છે. અહીંયાં કોઈ સમાપત્તિ નથી, કેમ કે કોઈ દૃશ્ય પદાર્થનું અવલંબન નથી. આથી કરીને નિર્વિચાર સમાપત્તિ અને નિર્બીજ સમાધિ અલગ પડે છે.

કેટલાક કહે છે કે, આવી સમાધિ શરીરધારી મેળવી શકે? શરીર છૂટે તો જ એ દશા ન સંભવે? એનો જવાબ આ દશાના અનુભવીઓ આપી શકે. પણ જો શરીર છૂટયે જ એ દશા સાંપડતી હોય, તો તેઓ જવાબ આપવા રહે નહીં. એટલે અનુમાનથી જ જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મળી શકે, અને તે એ છે કે, આ દશાનો અનુભવ કરનારા તે પછી પણ જગતમાં રહી પોતાનો બોધ જણાવતા રહ્યા છે; એટલે નિર્બીજ સમાધિ થતાં દેહ પડી જાય એમ ન માની શકાય. પણ આ કેવળ તાર્કિક સવાલ છોડીએ. એટલી વાત સાચી લાગે છે કે, પોતાના પુરુષાર્થ, અભ્યાસ અને વૈરાગ્યથી માણસ ત્યાં પહોંચી શકે છે. પછીની દશા જે હશે તે ભલે હો, મુબારક જ હશે એટલું જાણવું બસ થાય. તે દશાએ જીવ અને શિવનો યોગ થાય છે; તેથી જીવ તરીકે જીવપણું — તેનો અહંભાવ મરી જાય એ ખરું; પણ તેની સાથે દેહ ખરી જ જાય, એ તેનું અવિચ્છિન્ન પરિણામ શું કામ હોય ?

એમ સૂત્ર ૨માં જે 'ચિત્તવૃત્તિનિરોધ એટલે યોગ' એવું કહીને પ્રકરણ શરૂ કર્યું હતું, તે છેવટે પૂરું થાય છે. એ નિરોધ તે નિર્બીજ સમાધિ છે; અને એ સમાધિનું સ્વરૂપ કેવું છે તે વચ્ચેનાં ૫૦ સૂત્રો દ્વારા સમજાવી, શરૂ કરેલું યોગનુશાસન પૂરું થાય છે.

૧૯-૧૨-'૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પરિશિષ્ટ – ૧

## સમાજનો વ્યાપક યોગ*

મનુષ્યસમાજનો ઇતિહાસ જોઈએ તો એમ લાગે છે કે, ગીતાકારનું નીચેનું વાક્ય માત્ર અધ્યાત્મ-ક્ષેત્રમાં જ નહિ પણ ઉપયોગી એવી બધી વાતોમાં સાચું છે:

'હજારો મનુષ્યોમાં કોક જ્ઞાનપૂર્વક સિદ્ધિ પાછળ પડે છે; અને એમ મંડનારામાં કોક ફાવે છે; અને એવા ફાવનારામાં પણ સો ટકા સત્યની પાછળ જ પડનારો તો વળી કોક જ હોય છે.' સારાશ અને સચ્ચાઈની પાછળ મંડવાનું એવું અઘરું કામ છે. એમ કરવા જતાં રસ્તામાં એવાં એવાં ને એટએટલાં પ્રલોભનો, આકર્ષણો, વિઘ્નો, પ્રમોહનો વગેરે આવે છે કે, શરતમાં પાર જનાર તો કરોડોમાં કોક બને છે. પરંતુ આ ઉપરથી એવો અર્થ નથી નીકળતો કે, માટે કોઈએ તે રસ્તે જવાની જરૂર નથી. ઊલટું, એમાં એ વસ્તુ બતાવી છે કે, આવું અઘરું ને અટપટું કાર્ય પણ અસાધ્ય નથી; મનુષ્ય ધારે તો તેમાં પણ ફાવી શકે છે. અને એમ ફાવવા માટે એક જિંદગી શું અનેક જિંદગી પણ લાગે, છતાં ફાવી શકાય છે. એવી જિંદગીઓ જગતની રચના કરનાર આપે છે, એટલે કે,

* શ્રી હેમચંદ્રાચાર્ય કૃત 'યોગશાસ્ત્ર' (પ્ર૦ ગૂજરાત વિદ્યાપીઠ) ની પ્રસ્તાવના તરીકે લખેલો લેખ ('૧૫–૧–'૩૮). આ પુસ્તકના પા. ૧૩ ઉપર આ યોગશાસ્ત્રનો ઉલ્લેખ છે તે પણ જુઓ.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પુનર્જન્મ છે જ, એ પણ કદાચ ઉપરની આ અટલ શ્રદ્ધામાંથી જ ફલિતવાદ છે, જેને આપણે સત્ય સિદ્ધાંત માનીએ છીએ.

આથી કરીને જગતના નાયકોનું કાર્ય એ હોય છે કે, તેઓ લોકકેળવણી દ્વારા આખા જનસમાજનું વહેણ આ એક મુખ્ય વસ્તુ ઉપર કેન્દ્રિત કરે છે, કે જેથી સચ્ચાઈ અને સારાશનું જોર વ્યક્તિશઃ અને વ્યષ્ટિતઃ વધતું રહે. લોભ, મોહ, સ્વાર્થ, સંકુચિતતા વગેરે સર્વ અસામાજિક વૃત્તિઓ પર સમાજ, ધર્મ, શિક્ષણ, સંગતિ સર્વ થઈને સમાજપોષક ને પ્રાગતિક સંયમો યોજે છે. આવી બધી સંયમ કે ધારણની શક્તિ જ 'ધર્મ' કહેવાય છે. અને એને જ 'યોગ' પણ કહેવામાં આવે છે. જે દ્વારા વ્યક્તિ પોતાની વૃત્તિઓ તથા વાસનાઓ નિયમિત કરી એકપ્રવાહ વહેવડાવે ને એમ કરીને પ્રગતિ કે વિકાસ સાધે, તે સાધનનું નામ 'યોગ છે. 'યોગ'નો શબ્દાર્થ પણ 'સાધન' થાય છે. (જુઓ તિલક મહારાજનું 'ગીતારહસ્ય'–મરાઠી, પા. ૫૫ મું.)

આ પ્રમાણે વ્યક્તિજીવનનું નિયમન કરવું એટલે યોગ, એમ હોવાથી જ ગીતાકારે પણ 'योगः कर्मसु कौशलम्' એવી વ્યાખ્યા કરી છેઃ કર્મો કરવાનું એવું કૌશલ્ય કે જેથી જીવનસિદ્ધિ મળે. અને એવા કૌશલ્યની ગુરુકિલ્લી સમતા છેઃ જે માણસ રાગદ્વેષાદિ વાટપાડુઓથી ઠગાઈ જાય છે, તે ક્ષેમકુશળ શી રીતે જઈ શકે ? તેને કોઈ પણ વસ્તુનું અનાસક્ત એટલે કે સાચું, યોગ્ય, ન્યાય્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અને શુદ્ધ આકલન પણ શી રીતે થવાનું હતું? જેમ બાહ્યેન્દ્રિય વિકલ બને તો તે ઇંદ્રિયનું કાર્ય અપ્રમાણિત થાય, આંખ પર પટલ આવી જાય તો દર્શનશક્તિ ઘેરાય, તેમ જ જો અંતરિન્દ્રિય—અંતઃકરણ પર રાગદ્વેષાદિ કષાયોનો પટલ હોય તો થાય. એટલે તેને શુદ્ધ કર્યે જ છૂટકો. તે વિના મુખ્ય જ્ઞાનેન્દ્રિય જે ચિત્ત તે આવરિત બને. માટે સમતા તો જોઈએ જ; કેમ કે ચિત્તનું આરોગ્ય સમતા છે: નીરોગી ચિત્તનું તે લક્ષણ છે. આથી કરીને જ, ગીતાકારે યોગની બીજી વ્યાખ્યા જે કરી છે તે એ છે કે, 'समत्वं योग उच्यते ।' કર્મોનું કૌશલ યોગ છે; અને એ કૌશલ એટલે, ટૂંકમાં કહીએ તો, સમત્વ.

યોગની લૌકિક વ્યાખ્યા આવી નથી. તે એક પ્રકારની ગૂઢતા મનાય છે; તે આવડે તો ચમત્કારી શક્તિઓ આવે, વગેરે વગેરે વિચિત્ર ખ્યાલો યોગની આસપાસ લોકમાનસમાં વીંટાયેલા છે. એ વસ્તુ થવા પામી છે એનાં કારણો, આપણો ધાર્મિક ઇતિહાસ ફેંદતાં, મળી આવે એમ છે. પરંતુ એ ખોળવા બેસવું એ અહીં અસ્થાને છે. એટલું જ જણાવવું અભિપ્રેત છે કે, યોગના લૌકિક ખ્યાલથી જો કોઈ આ હેમાચાર્યકૃત પુસ્તક જોશે, તો તેણે નિરાશ થવાની તત્પરતા રાખવી. હેમાચાર્ય એવા અર્થના યોગની વાત અહીં નથી કરતા. તેથી તો તેમણે શાસ્ત્રશુદ્ધ એવી જે પતંજલિની વ્યાખ્યા (યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ) તે ન આપતાં, ગીતાકારની પેઠે, સાધકના જીવનમાં તેનો જે સાદો અર્થ થાય તે જ વિચારીને તેને ઘટતી વ્યાખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


યોજી છે. તે તે કહે છે, "યોગ એટલે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર એ રત્નત્રય." આવી વ્યાપક વ્યાખ્યા આપીને હેમાચાર્યે તે ત્રૈકનો જે અર્થ કર્યો છે, તે જૈન પરંપરા અનુસાર કર્યો છે. તે આપણે છોડી દઈએ. પણ એક સાદો વિચાર કરી જોતાં પણ એ વ્યાખ્યાની યોગ્યતા તો તરત દેખાઈ આવે છે. જો આપણે, કોઈ પણ પ્રવૃત્તિ શા માટે કરવી જોઈએ, શું સમજીને કરવી જોઈએ, એ ન જાણીએ, તો એ બરાબર ન જ કરી શકીએ. કાર્યમાં પ્રયાણ કરવાની પહેલી જ શરત એ છે કે, તે વિષેનું જ્ઞાન આપણને હોય. જીવન શું છે, જગત શું છે, ઇત્યાદિ જીવનવિષયક પ્રશ્નો ન જાણીએ, તો જીવનસિદ્ધિમાં આપણી ગતિ સુકાન વગરના વહાણ જેવી જ થઈ રહે. આવું જ્ઞાન અનેકવિધ સંકલ્પ-વિકલ્પોથી વીંટળાયેલું હોય છે. તેમાં પૂર્વાપર પક્ષાપક્ષી હોય છે. તે બધામાંથી નિશ્ચયાત્મક બુદ્ધિ થાય ને તેની સત્યતા વિષે વિશ્વાસ બેસે, એનું જ બીજું નામ શ્રદ્ધા. એ જ્ઞાન અને તદનુરૂપ શ્રદ્ધા જન્મતાં તેનો ચારિત્ર પર પ્રભાવ પડે જ. આ ત્રણમાંથી એકે અંગમાં ઊણપ કે વિઘ્ન આવે, તો આ રત્નત્રયી ખંડિત થાય, ચિત્તશક્તિઓનો યોગ જામે નહિ. એમ ન બને એ જોવાની હોશિયારી કેળવવી, તેને અખંડિત ચલાવવાનું કૌશલ પ્રાપ્ત કરવું, એ જ યોગ કહેવાય.

હેમાચાર્યે આ એમના યોગશાસ્ત્રમાં આવી સરળ ને લોકગમ્ય વ્યાખ્યા કરી છે, એ જ એની ખાસિયત નથી; પરંતુ એ યોગની સિદ્ધિ અર્થે જે ક્રિયાયોગ તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



બતાવ્યો છે, એ પણ એની મહત્તાનું ને ધ્યાન ખેંચે એવું લક્ષણ છે. જો યોગ ઉપરની જ વસ્તુ હોય, તો તે અમુક જ લોકોને માટે ગમ્ય નથી, તે સર્વોપગમ્ય થઈ જાય છે. અને હેમાચાર્ય તેમ જ કહે છે. તેમણે યોગનો અધિકારી સામાન્ય ગૃહસ્થ પણ છે એમ જણાવ્યું છે, અને પોતાના ગ્રંથનો મોટો ભાગ તેની સાધના કેવી હોય તે નિરૂપવામાં વાપર્યો છે. ગીતાકારે 'स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः' એવું બિરદવચન આપ્યું છે. અને તેમ કરીને 'સ્વકર્મયોગ' અથવા તો 'વર્ણાશ્રમ-યોગ' બતાવ્યો છે કે, માણસ પોતાના વર્ણનાં કર્મો કરે અને તે કરવામાં યોગ સાધે — એટલે કે સમતારૂપી કુશળતા મેળવે, તો કાળાંતરે તે પણ સિદ્ધિને પામે જ. શ્રમણ-સંસ્કૃતિમાં શ્રદ્ધાવાન હેમાચાર્યે આ જ વસ્તુ શ્રાવકને માટે કહી છે, એ ભારે મહત્ત્વનું વિધાન* ગણાય. (જુઓ ૧/૪૬.) છતાં એક મર્યાદા તેમણે પણ મૂકી છે અને તે 'મહાવ્રત' નહીં પણ 'અણુવ્રત' સ્વીકારવાની. આપણે શરૂઆતમાં જ જોયું કે, સિદ્ધિ માટે મથનારાઓમાં કક્ષાઓ તો હોય જ છે. તેને લઈને સાધકોમાં અમુક પાયરીઓ કદાચ બતાવી શકાય. પરંતુ, વિકાસનું તત્ત્વ તેથી કરીને ગુણભેદે નથી ફરતું. કદાચ સાધનાનો કાળભેદ તથા તીવ્રતાભેદ તેમાં હશે ખરો. એટલે, જો ઉપરના અર્થમાં માણસ યોગારૂઢ બને તો, તે સાધુ હોય કે ગૃહસ્થ તોપણ,

* "સાધુઓને આ ચારિત્રનું સર્વાંશે પાલન વિહિત છે; પરંતુ તે ચારિત્રમાં પ્રીતિ હોવા છતાં અશક્તિને કારણે તેને સર્વાંશે આચરી ન શકતા ગૃહસ્થો તેને અલ્પ અંશે પણ આચરી શકે છે, અને કલ્યાણભાગી થઈ શકે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


તે 'સમ્યગ્વ્યવસિતો હિ સઃ' 'સાધુરેવ સ મંતવ્યઃ।'—તે માણસ સત્યપથ પર છે, તે સત્યાત્મા પુરુષ છે.

વાત મુખ્ય એ છે કે, ગમે તેમ કરીને માણસે પોતાનું જીવન ઘડવાનું છે. તે ઘડવાનો ઉપાય એટલે જ યોગ. યોગ એટલે જીવનનું કેળવણીશાસ્ત્ર. (અહીં આગળ વાચકને એટલું યાદ દેવડાવું કે, શ્રી. અરવિંદ ઘોષ કૃત A System of National Education અથવા શ્રી. કિશોરલાલભાઈ મશરૂવાલા કૃત 'કેળવણીના પાયા' એ બે સુંદર ને તલસ્પર્શી શિક્ષણગ્રંથોમાં આપણા યોગદર્શનની છાયા સારી પેઠે જોવા મળે છે. સાથે સાથે એક બીજી વાત પણ અહીં કહેવા જેવી લાગે છેઃ આપણા એક જાણીતા બાળકેળવણીકારે મેડમ મૉન્ટેસોરી સાથેની પોતાની મુલાકાત વર્ણવતાં કહ્યું કે, મૉન્ટેસોરીએ હિન્દના યોગશાસ્ત્રનું સાહિત્ય મોકલવા તેમને જણાવેલું. આ માગણીમાં તે ભાઈને નવાઈ લાગી હતી કે, આ ડોસીને વળી યોગમાં શો રસ! મને લાગે છે કે, ઘરના આપણે જે કદર ન કરી, તે દૂર દેશની આ સમર્થ કેળવણીકાર બાઈએ આપણા અદ્વિતીય કેળવણીશાસ્ત્રની કરી. અસ્તુ.)

સામાન્યતઃ કેળવણી અમુક ઉંમરે પૂરી થાય એ આપણો ખ્યાલ છે. એ કેળવણી તો અમુક શિક્ષણ માત્ર જ હોય છે. શરૂમાં જ આપણે જોયું એમ, જીવનના ઘડતરની કેળવણી કોઈ આયુર્વિશેષ વસ્તુ નથી. તે તો જન્મજન્માંતર ચાલનારી વસ્તુ છે. અને યોગ એવી કેળવણીનું વ્યાપક શાસ્ત્ર છે. જે આયુમાં (એટલે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


પ્રથમાવસ્થામાં) સામાન્યતઃ આપણે કેળવણીનું સ્થાન સમજીએ છીએ, તે તો આ વ્યાપક જીવન-કેળવણીનો પ્રારંભ માત્ર છે. ત્યારે માનસની સર્વ શક્તિઓ તથા વલણ — વૃત્તિઓ સર્વાંશે ખીલી નથી હોતી. તે ઉંમરે અમુક પરવશતા પણ સહેજે હોય છે. તેથી પણ સ્વભાવની ખિલવણી સંપૂર્ણતઃ નથી થયેલી હોતી. તે બધી ખીલે છે ત્યારે જ જીવનના ઘડતરનો સાચો અને કૂટ પ્રશ્ન બરોબર સોળે કળાએ તપે છે. આચાર્ય હેમચંદ્રનું આ યોગશાસ્ત્ર તે વખતના કાળ માટેનું, જૈન દૃષ્ટિએ ઘડાયેલું શિક્ષણ-શાસ્ત્ર છે. તેમણે જે યોગનું આ ગ્રંથમાં સ્વરૂપ બતાવ્યું છે, તે ગૃહસ્થને માટે છે. અને તે પણ મુખ્યત્વે તેનું સ્થૂલ બહિરંગ જે કહેવાય તે.

યોગ-સાધનના બે શાસ્ત્રીય ભાગ પાડવામાં આવે છે: બહિરંગ, જેમાં યમ, નિયમ, આસન અને પ્રાણાયામ આવી જાય. અને અંતરંગ જેમાં પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન અથવા એ ત્રણને એક નામે કહીએ તો, 'સંયમ' આવે. અંતિમ અંગ સમાધિ એ તો યોગનો પર્યાયવાચક શબ્દ જ છે. (જુઓ પાતંજલ યોગસૂત્ર ૧ના ભાષ્યમાં 'योगः समाधिः' એ ઉલ્લેખ.) હેમાચાર્ય આ બહિરંગ પર મોટો ભાર દે છે અને તે આ ગ્રંથનું ત્રીજું આકર્ષક લક્ષણ ગણાય. આખા સમાજને એકપ્રવાહ કરવાની વ્યાપક કવાયત એટલે આપણા યમ અને નિયમ. ધર્મમાત્રનો ઝોક આ બે યોગાંગોને સુદૃઢ કરવા મુખ્યત્વે મથે છે. યમ એટલે પાંચ વ્રતો — અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


અસ્તેય, ને અપરિગ્રહ. નિયમ એટલે, પતંજલિની ગણના પ્રમાણે, શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. આચાર્ય હેમચંદ્ર પોતાના ગ્રંથમાં પંચ મહાવ્રતોને યોગના રત્નત્રયમાંના ચારિત્ર તરીકે બતાવે છે. અને નિયમમાં તે ઉપરોક્ત પાંચતત્ત્વોને પોતામાં ગૂંથી લેતો એવો જૈન આચારધર્મ વિસ્તારથી વર્ણવે છે. આ વાંચતાં વાચકને વલ્લભી તથા રામાનુજી વૈષ્ણવોની દિનચર્યા અને પ્રપત્તિ યાદ આવ્યા વગર નહિ રહે. હેમાચાર્યે જૈન સિદ્ધાંત અને તીર્થંકરો તથા સાધુઓ પ્રત્યે પ્રપત્તિ કેળવવાનો લાંબો કાર્યક્રમ યોજી આપ્યો છે. એકાગ્રતા અને અનન્યતા સાધવાના સહેલા અને સ્થૂલ માર્ગ તરીકે એ કાર્યક્રમથી યોગશક્તિ જરૂર ખીલવી શકાય. પણ તેની સહેલાઈ અને સ્થૂલતા જ તેને vulgar — ગતાનુગતિક બનાવી મૂકે છે અને આજે જોવામાં આવતું તેનું હાસ્યચિત્ર કરી મૂકે છે. પણ એ અલગ વાત થઈ. તેને અહીં અસ્થાને ગણી છોડવી જોઈએ.

યોગનાં પુસ્તકો વાંચતાં એક વસ્તુ બધે એક યા બીજે રૂપે જોવા મળે છે તે આ ગ્રંથમાં પણ જોઈ: ગૃહસ્થનો યોગ માટેનો અધિકાર વર્ણવતાં આચાર્ય કહે છે, 'જે પ્રચલિત દેશાચાર આચરતો હોય, બીજાની અને ખાસ કરીને રાજાની નિંદા ન કરતો હોય.' ગાંધીજીએ જે સ્વરાજયોગ આજ આપણને બતાવ્યો છે તેમાં આ જ વસ્તુઓનો સક્રિય વિરોધ કરવો એ એક મહત્ત્વની ક્રિયા છે. ઈશુ ખ્રિસ્તની 'Render unto Caesar what

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



is Caesar's...' એને મળતી જ આ જૂના યોગાચાર્યોની શીખ છે. યોગમાં એક પ્રકારનો વ્યક્તિવાદ ખૂબ જ છે: તેણે યમનિયમ યોજ્યા છે તેમાં સમાજને એક પ્રકારનું અભયદાન છે એ ખરું. પરંતુ એ માત્ર નકારાત્મક વૃત્તિ છે. સમાજનું સંગઠન અને તેના સમ્યગ્-વ્યાપાર માટે જરૂરી એવી ક્રિયાત્મક વૃત્તિ નથી. આ નિવૃત્તિપરાયણતા આજની આપણી સમાજદૃષ્ટિને બરોબર નથી લાગતી. તેમાંય, પ્રચલિત દેશાચાર જો સડેલો હોય, રાજા જો કુરાજા હોય, તોપણ ગૃહસ્થ સમાધાનપૂર્વક એની છયે આવશ્યક ક્રિયાઓ જ કરતો રહે, એ માનવું તો બહુ વસમું લાગે છે. શું એ સડા સામે થવાની ક્રિયામાં યોગશક્તિ નથી? ગાંધીજીનું જીવન એવી જ ક્રિયાથી ઘડાયેલું આપણી સામે નથી પડ્યું? મને લાગે છે, આપણા શાસ્ત્રીઓએ યોગની આ અણ-ખેડાયેલી દિશા પણ જોઈ કાઢવા જેવી છે. 'अभिमतध्यानाद्वा', 'तीव्रसंवेगानामासन्नः' ઇત્યાદિ યોગસૂત્રો આવી આવી અનેક ક્રિયાઓનાં જ વર્ણાયક છે. એ ક્રિયાઓ યુગે યુગે વિકસે, ખીલે, શોધાય ને સંશોધાય એમ યોગશાસ્ત્રકારોનો સંકલ્પ છે, એમ જરૂર માની શકાય.

હેમાચાર્યનું આ યોગશાસ્ત્ર વાંચતાં બીજું એક જે લાગે છે તે એ કે, યોગાધિકારી જૈને ધંધો કયો કરવો? જે ઝીણું ઝીણું હેયાહેયનું વર્ણન આચાર્યે કર્યું છે તેમાંથી સાર એ નીકળે છે કે, જૈન અમુક વેપારોમાં જ પડી શકે. અને એ જ કાર્ય કરતા મોટા ભાગના જૈનો આજ છે પણ. ખેતી તથા અનેકવિધ કારીગરીનો નિષેધ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


એ કેવું સમાજઘાતક વિધાન છે! ખેર, વધારે ઊણપ તો આ ગ્રંથમાં એ વસ્તુની મને લાગી છે કે, આચાર્યશ્રીએ જે ઝીણવટથી અનેકવિધ અતિચારો વર્ણવી આપણને ચેતવણી આપી છે, તેમ જ જો ગૃહસ્થને તેના ગ્રાહ્ય ધંધારોજગાર બાબતના અતિચારો ગણાવીને ચેતવ્યો હોત તો કેવું ઉત્તમ થાત! આજના સમાજવાદ તથા સંહતિવાદ ('ફેસિઝમ') વગેરે અર્થવાદો આ બાબતમાં આપણને સારી પેઠે વિચારસામગ્રી પીરસે છે. આજના આપણા આચાર્યોએ હેમાચાર્યનું આ યોગશાસ્ત્ર એ દૃષ્ટિથી ખીલવવા જેવું છે. એવી જીવંત ને જાગ્રત સંશોધનશક્તિ એ જ ધર્મના કે યોગના પ્રાણ છે. આ ગ્રંથ તેને પ્રેરો.

પરંતુ, આમ કહીને હું આચાર્યની વિશાળ ને વ્યાપક યોગદૃષ્ટિનો દોષ નથી બતાવતા માગતો. માત્ર, એ દિશામાં આ પુસ્તકને આધારે આપણા તત્ત્વજ્ઞાનનું ખેડાણ કરવા જેવું છે, એ માત્ર મારું અભિપ્રેત છે. બાકી, જ્યાં આગળ આચાર્ય પોતાનો શ્રાવકધર્મ બતાવતાં 'દેશાવકાશિક' વ્રત કહે છે, ત્યાં આજના વૈશ્યધર્મપ્રકોપનો અંકુશ જ નથી જણાવતા? 'ધનાદિ પદાર્થો મનુષ્યના બાહ્ય પ્રાણ જેવા છે; તે ધનાદિ લઈ લો, એટલે તેના પ્રાણ જ હરી લીધા એમ કહેવાય.' 'માત્ર બાહ્ય પદાર્થનો ત્યાગ એટલે અપરિગ્રહ નહિ. સર્વ પદાર્થોમાં આસક્તિનો ત્યાગ તેનું નામ અપરિગ્રહ.' આવાં ઉદાત્ત ધર્મની ખરેખરી ભાવના જો કરવામાં આવે, તો આજ જે દુઃખમાં જગત સપડાયું છે તેમાંથી તે બચ્યા વગર રહે? અને મોટી વાત જે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ગ્રંથ કહેવા માગે છે તે તો એ છે કે, ઉપર કહેલી ભાવના કરનારો યોગનું ફળ પામ્યા વગર નહિ રહે. યમનિયમનું જ જો ઝીણવટથી ને સત્યની ભાવનાપૂર્વક અનુશીલન કરવામાં આવે, તોપણ યોગનું સંપૂર્ણ ફળ મળે એમ છે. તો ચિત્તની સમતા હસ્તામલકવત્ બને; અને એ જ યોગનો આત્મા છે.

'न साम्येन विना ध्यानं
न ध्यानेन विना च तत्'

એવી જે અન્યોન્ય-કારણત્વની આંટી છે, એનો પણ ઉકેલ આવા સાધકને જ મળી શકે છે. આ ગ્રંથમાંથી એ માર્ગને પ્રેરણા મળો.

એક સમર્થ ગુજરાતી યોગીનું આ પુસ્તક તેમની જ આજની ભાષામાં અને સંક્ષેપમાં તથા સળંગ પ્રવાહ-બદ્ધતાથી .... મળવાને કારણે 'આ ગૂઢ યોગોપનિષદ' પોતાની ગૂઢતા ત્યજે છે. બાકીની ગૂઢતા તો ચારિત્ર્યની સાધનાથી જ ટળે. કેમ કે અંતે યોગ સાધનાગમ્ય જ છે, અનુભવે જ પોતાનું રૂપ પ્રગટ કરે છે:

'योगेन योगो ज्ञातव्यो
योगो योगात् प्रवर्तते ।
योऽप्रमत्तस्तु योगेन
स योगे रमते चिरम् ॥

इति शम्

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# પરિશિષ્ટ – ૨

## સૂત્રપાઠ

### સમાધિપાદ

[દરેક સૂત્રના અર્થને અંતે, તેનું વિવરણ પુસ્તકમાં કયે પાને છે, તે બતાવતી સંખ્યા કૌંસમાં દર્શાવી છે.]

૧. अथ योगानुशासनम् ।

હવે (પરંપરા અનુસાર) યોગનું શાસ્ત્ર આરંભવામાં આવે છે. (પૃ. ૧૫)

૨. योगः चित्तवृत्तिनिरोधः ।

યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો નિરોધ. (પૃ. ૮)

૩. तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ।

ત્યારે દ્રષ્ટા – જીવાત્મા (પોતાના મૂળ શુદ્ધ) સ્વરૂપમાં સ્થિતિ પામે છે. (પૃ. ૨૬)

૪. वृत्तिसारूप्यमितरत्र ।

બાકીને પ્રસંગે (તે જુદી જુદી) વૃત્તિઓના સ્વરૂપને પામેલો હોય છે (–તેઓમાં તદાકાર હોય છે). (પૃ. ૨૬)

૫. वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः ।

ક્લેશકારી કે અક્લેશકારી એવી વૃત્તિઓ પાંચ પ્રકારની છે. (પૃ. ૩૧)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૬. प्रमाण-विपर्यय-विकल्प-निद्रा-स्मृतयः ।

પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ – એ પ્રમાણે. (પૃ. ૩૧)

૭. प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ।

પ્રત્યક્ષ, અનુમાન, અને આગમ – એ ત્રણ પ્રમાણ (-વૃત્તિના પ્રકારો) છે. (પૃ. ૩૫)

૮. विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ।

વિપર્યય (વૃત્તિ) વસ્તુના રૂપમાં સ્થિત નહીં એવું મિથ્યાજ્ઞાન છે. (પૃ. ૩૭)

૯. शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ।

વિકલ્પ (વૃત્તિ) વસ્તુના પાયા વિના (માત્ર) શબ્દ-જ્ઞાનથી ઊભી થાય છે. (પૃ. ૩૮)

૧૦. अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा ।

(વૃત્તિના) અભાવના જ્ઞાનને અવલંબતી વૃત્તિ નિદ્રા છે. (પૃ. ૩૯)

૧૧. अनुभूतविषयासंप्रमोषः स्मृतिः ।

અનુભવેલા વિષયનું બરોબર (કાંઈ પણ રહી ગયા વિના) યાદ થવું તે સ્મૃતિ. (પૃ. ૪૦)

૧૨. अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ।

અભ્યાસ અને વૈરાગ્ય વડે તે (વૃત્તિઓ)નો નિરોધ થઈ શકે છે. (પૃ. ૫૫)



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


૧૩. तत्र स्थितौ यत्नोऽभ्यासः ।

તે (બે)માં (ચિત્તની) સ્થિતિ – સ્થિરતા માટે યત્ન કરવો તે અભ્યાસ છે. (પૃ. ૬૦)

૧૪. स तु दीर्घकालनैरंतर्यसत्कारासेवितो दृढभूमिः ।

દીર્ઘકાળ, નિરંતર અને આદરપૂર્વક સેવેલો અભ્યાસ (જે) દૃઢ અવસ્થા પામે છે. (પૃ. ૬૧)

૧૫. द्रष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ।

આ લોક અને પરલોકના વિષયોમાં તૃષ્ણારહિત થયેલાને (વિષયો પ્રત્યે) જે વશીકારભાવ (કાબૂ) આવે છે, તે વૈરાગ્ય કહેવાય. (પૃ. ૬૪)

૧૬. तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ।

પુરુષતત્ત્વના વિવેકજ્ઞાનથી ત્રિગુણાત્મક પદાર્થોમાં જે તૃષ્ણારહિતતા થાય, તે પર વૈરાગ્ય છે. (પૃ. ૫૬)

૧૭. वितर्कविचारानंदास्मितानुगमात् संप्रज्ञातः ।

(દરેક સંપ્રજ્ઞાનમાં રહેલાં ચાર અંગો–) વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા – એમના અનુસરણથી થતો નિરોધ સંપ્રજ્ઞાત છે. (પૃ. ૧૪૦)

૧૮. विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ।

(ચિત્તના વ્યાપારમાં રહેલી) વિરામદશાના પ્રત્યયનો અભ્યાસ કરતાં થતો, અને જેનું સંપ્રજ્ઞાન તેનો સંસ્કાર શેષ રહી જવાથી પછી થાય છે, તે (નિરોધનો) બીજો નિરાળો પ્રકાર છે. (પૃ. ૧૪૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૧૯. भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ।

વિદેહ (એટલે દેવાદિ લોકની) યોનિઓનાં, તથા પ્રકૃતિદશામાં લીન રહેતી (પશુ-પંખી જેવી) યોનિઓનાં સત્ત્વોને ચિત્તનિરોધ ભવપ્રત્યય એટલે કે જન્મથી સિદ્ધ છે. (પૃ. ૧૫૫)

૨૦. श्रद्धा-वीर्य-स्मृति-समाधि-प्रज्ञा-पूर्वक इतरेषाम् ।

તે સિવાયના (–મનુષ્યયોનિવાળા)ઓને શ્રદ્ધા, વીર્ય સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા વડે (નિરોધ) સાધવાનો હોય છે. (પૃ. ૧૫૫)

૨૧. तीव्रसंवेगानामासन्नः ।

તીવ્ર સંવેગવાળા (સાધકો)ને (નિરોધ) ઢૂંકડો છે. (પૃ. ૭૨)

૨૨. मृदुमध्याधिमात्रत्वात्ततोऽपि विशेषः ।

એમાં પણ હળવો, મધ્યમ કે અતિ ઘણો એ ભેદથી પાછો ફરક પડે છે. (પૃ. ૭૨)

૨૩. ईश्वरप्रणिधानाद्वा ।

અથવા ઈશ્વરપ્રણિધાનથી (વૃત્તિઓનો નિરોધ) થઈ શકે છે. (પૃ. ૫૫, ૬૮)

૨૪. क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।

(અવિદ્યા વગેરે) ક્લેશો, (કુશળ–અકુશળ) કર્મો, તેમનાં (જાતિ–આયુષ્ય–ભોગ રૂપી) ફળ, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(તેમને અનુરૂપ ચિત્તમાં પડતા સંસ્કારો રૂપી) વાસનાઓ, એ બધાંથી (સદાય) અસ્પૃષ્ટ રહેતો પુરુષવિશેષ તે ઈશ્વર છે. (પૃ. ૭૬)

૨૫. तत्र निरतिशयं सर्वज्ञबीजम् ।

તે (પુરુષ વિશેષ)માં સર્વજ્ઞતાનું બીજ પરાકાષ્ઠાએ પહોંચે છે. (પૃ. ૭૭)

૨૬. पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ।

પૂર્વે થઈ ગયેલા ગુરુઓનો પણ તે ગુરુ છે, કારણ કે તેને કાલની મર્યાદા નથી. (પૃ. ૮૨)

૨૭. तस्य वाचकः प्रणवः ।

તેનો (એટલે કે ઈશ્વરનો) વાચક શબ્દ પ્રણવ એટલે ૐ છે. (પૃ. ૮૮)

૨૮. तज्जपस्तदर्थभावनम् ।

(ઈશ્વરના) તે (નામ)નો જપ કરવો તથા/એટલે તેના (વાચ્ય) અર્થ – ઈશ્વર – ની ભાવના કરવી. (પૃ. ૮૮)

૨૯. ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ।

તે (રીતના ઈશ્વરપ્રણિધાન) થી પણ પ્રત્યક્-ચેતનની પ્રાપ્તિ થાય છે, અને અન્તરાયો પણ મટે છે. (પૃ.૯૪)

૩૦. व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रांतिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ।

વ્યાધિ, જડતા, સંશય, પ્રમાદ, આલસ, વિષયો તરફ ખેંચાણ, ભ્રમથી ઊંધું સમજવું, આગળની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ભૂમિકા પ્રાપ્ત ન થવી, અને મળેલી ભૂમિકામાં ટકી ન શકવું — આ નવ ચિત્તના નિરોધમાં વિક્ષેપરૂપ અંતરાયો છે. (પૃ.૧૦૧)

૩૧. दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासा विक्षेपसहभुवः ।

દુઃખ, વિષાદ, અંગોમાં કંપ, અને શ્વાસોચ્છ્વાસ – એ ચાર તે વિક્ષેપોની સાથે થનારા જોડીદારો છે. (પૃ.૧૦૬)

૩૨. तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ।

તે (અંતરાયો અને તેમના જોડીદારોને) દૂર કરવા માટે એક તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ. (પૃ.૧૧૦)

૩૩. मैत्रीकरुणामुदितोपेक्षाणाम् सुखदुःखपुण्यापुण्यविषयाणाम् भावनातश्चित्तप्रसादनम् ।

સુખ, દુઃખ, પુણ્ય, અને અપુણ્ય – આ ચાર વિષયોની બાબતમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ વૃત્તિઓની ભાવના કેળવવાથી ચિત્તની પ્રસન્નતા સાધી શકાય. (પૃ. ૧૧૪)

૩૪. प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ।

અથવા પ્રાણના રેચન તથા સ્તંભનથી (વિક્ષેપોને નિવારી ચિત્તને સ્થિર કરી શકાય). (પૃ.૧૨૦)

૩૫. विषयवती वा वृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धनी ।

અથવા (વિવિધ) વિષયોના જ્ઞાન અંગેની પ્રવૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જન્મે, તો તે પણ મનની સ્થિરતા મેળવી આપે છે. (પૃ. ૧૨૩)

૩૬. विशोका वा ज्योतिष्मती ।

અથવા શોકરહિત એવી જે જ્ઞાનજ્યોત (–જેના વડે આપણને જ્ઞાન થાય છે તે ચિત્તતંત્ર અંગેની પ્રવૃત્તિ જન્મે, તો તે પણ મનની સ્થિરતા મેળવી આપે છે). (પૃ.૧૨૩)

૩૭. वीतरागविषयं वा चित्तम् ।

અથવા વીતરાગ પુરુષને વિષે (આદરભાવથી) ઢળતું ચિત્ત (અર્થાત્ તેમની ભક્તિ) પણ (ચિત્તની સ્થિરતા મેળવી આપે છે). (પૃ.૧૩૦)

૩૮. स्वप्ननिद्राज्ञानालंबनं वा ।

અથવા સ્વપ્ન કે નિદ્રાની અવસ્થામાં થતા જ્ઞાનના અનુભવનું અવલંબન (લઈને અભ્યાસ કરાય તો તે) પણ (મનની સ્થિરતા મેળવી આપે છે). (પૃ.૧૩૦)

૩૯. यथाभिमतध्यानाद्वा ।

અથવા (આપણને) પસંદ હોય તેવી વસ્તુનું ધ્યાન કરવાથી પણ (મનની સ્થિરતા મળે છે). (પૃ.૧૩૦ ૧૩૬)

૪૦. परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ।

આ (બધા અભ્યાસોથી અંતરાયરહિત બનેલા ચિત્ત)ને પરમાણુથી માંડીને પરમ મહાન વસ્તુ સુધી વશીકાર – કાબૂ આવી જાય છે. (પૃ.૧૩૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


૪૧. क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थ-तदञ्जनता समापत्तिः ।

ક્ષીણવૃત્તિવાળું બનેલું ચિત્ત ઉત્તમ મણિની પેઠે (તેની પાસે આવેલા) ગ્રહીતા, ગ્રહણ અને ગ્રાહ્ય એ ત્રણે સાથે એકતા અને તન્મયતા પામે છે. તેવા એના ગુણને સમાપત્તિ કહે છે. [પૃ.૧૬૦]

૪૨. तत्र शब्दार्थज्ञानविकल्पैः संकीर्णा सवितर्का समापत्तिः ।

(ગ્રાહ્ય પદાર્થ કે ભાવ અંગે) શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણ બાબતોને લગતા વિકલ્પોથી મિશ્રિત સમાપત્તિ સવિતર્કા કહેવાય. (પૃ.૧૬૫)

૪૩. स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा निर्वितर्का ।

સ્મૃતિ પરિશુદ્ધ થાય (અર્થાત્ શબ્દ-અર્થ-જ્ઞાનને લઈને ઊઠતા તર્ક-વિતર્કો કે વિકલ્પો શમી જાય), અને સમાપત્તિ (ગ્રાહ્ય વસ્તુના) સ્વરૂપ (સાથે તદાકાર બનવાથી જાતે) શૂન્ય (જેવી) બની જઈ કેવળ ગ્રાહ્ય વસ્તુને જ દર્શાવે, ત્યારે તે નિર્વિતર્કા કહેવાય. (પૃ.૧૬૯)

૪૪. एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ।

એ વડે જ સવિચાર અને નિર્વિચાર સમાપત્તિની વ્યાખ્યા પણ થઈ ગઈ; માત્ર (આ સમાપત્તિઓની બાબતમાં) વિષય સૂક્ષ્મ ગણવો. (અર્થાત્ ગ્રાહ્ય પદાર્થ કે ભાવ અંગે વાસના લાગણી ઇત્યાદિ સૂક્ષ્મ ભાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વડે મિશ્રિત સમાપત્તિ તે સવિચારા, અને એ ભાવો વિનાની – કેવળ ગ્રાહ્યને જ દર્શાવતી સમાપત્તિ તે નિર્વિચારા.) (પૃ.૧૭૧)

૪૫. सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ।

સૂક્ષ્મભાવોની હદ અલિંગ (અર્થાત્ સૃષ્ટિમાત્રનું એકરસ મૂળદ્રવ્ય પ્રકૃતિ કે પ્રધાનતત્ત્વ) છે. (પૃ.૧૭૨)

૪૬. ता एव सबीजः समाधिः ।

એ (ચાર સમાપત્તિઓ) જ સબીજ સમાધિ છે. (કારણ, તે બીજ રૂપે કોઈ પણ ગ્રાહ્યને આલંબીને થતી હોય છે.) (પૃ. ૧૭૫)

૪૭. निर्विचारवैशारद्येऽध्यात्मप्रसादः ।

નિર્વિચાર સમાપત્તિમાં કુશળતા આવતાં (ચિત્તમાં) અધ્યાત્મપ્રસાદ જન્મે છે. (આત્માની પ્રસન્ન નિર્મળતા પ્રગટે છે.) (પૃ. ૧૭૯)

૪૮. ऋतंभरा तत्र प्रज्ञा ।

તે સ્થિતિએ (સાધકની) પ્રજ્ઞા ઋતંભરા (ઋત એટલે કે સત્યને સહેજે પકડનારી) બને છે. (પૃ. ૧૭૮)

૪૯. श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषार्थत्वात् ।

આ (ઋતંભરા પ્રજ્ઞા) શ્રુત તથા અનુમાન દ્વારા કામ કરતી બે પ્રકારની પ્રજ્ઞાઓ કરતાં જુદા વિષયવાળી છે; કેમ કે તેનો ગ્રાહ્ય અર્થ (વિતર્ક–વિચારથી અમિશ્રિત) એવો વિશેષ પ્રકારનો (શુદ્ધ સ્વરૂપે) હોય છે. (પૃ. ૧૮૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૫૦. तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबंधी ।

તે ઋતંભરા પ્રજ્ઞાથી પેદા થતો સંસ્કાર અન્ય સંસ્કારોનો પ્રતિબંધ કરે છે. (પૃ. ૧૮૫)

૫૧. तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ।

અને તે સંસ્કાર પોતે પણ નિરોધાય છે ત્યારે બધા જ સંસ્કારોનો નિરોધ હોવાથી, નિર્બીજ સમાધિ થાય છે. (ત્યાં કશી જ સમાપત્તિ કે ગ્રાહ્યનું આલંબન રહેતું નથી.) (પૃ. ૧૮૫, ૧૯૦)

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

# સૂચિ


**અ**કુશળ કર્મ ૭૬
અક્લિષ્ટવૃત્તિ ૧૯૩
અક્ષરપુરુષ ૭૬
અજામિલ ૯૦
અણુવ્રત ૧૩
અધ્યાત્મપ્રસાદ ૧૭૮-૯
અનવસ્થિતત્વ ૧૦૧, ૧૦૫
અનુમાન ૩૫, ૧૮૧, ૧૮૪-૫
અનુશાસન ૧૫, ૩૧, ૪૭
અભિનિવેશ ૭૬ નોંધ
અભ્યાસ ૧૨, ૫૮, ૬૧, ૬૩, ૬૬, ૭૩, ૧૪૭,૧૯૨, ૧૯૬; –અને અંતરાય-નિવારણ ૯૯, ૧૧૭, ૧૩૬; –અને ઈશ્વરપ્રણિધાન ૫૯, ૬૯, ૯૫; –એટલે ૬૦, ૧૪૧; –ના પ્રકાર ૧૧૬ ઇ૦; –નિરોધનું સાધન ૫૫, ૫૭, ૬૦, ૭૨, ૧૦૦
અર્થભાવન ૯૦
અલબ્ધભૂમિકત્વ ૧૦૧,૧૦૫,૧૩૦,૧૩૮
અલિંગ ૧૭૨, ૧૭૬, ૧૮૬, ૧૯૪
અવિદ્યા ૭૬ નોંધ
અવિરતિ ૧૦૧, ૧૦૪, ૧૩૦
અવ્યક્ત ૫૬, ૫૮, ૯૭, ૧૦૦
અવ્યવસાયી બુદ્ધિ ૪૭
અષ્ટાંગ યોગ ૧૨૧, ૧૨૨
અસંપ્રજ્ઞાત ૪૩ નોંધ, ૧૪૩, ૧૫૬
અસ્મિતા ૭૬ નોંધ, ૧૪૩-૪, ૧૪૭-૯; ૧૫૨, ૧૭૬; –જ્ઞાન ૧૨૩-૪; –સમાધિ ૧૫૦
અંતરંગ –યોગનાં ૧૧
અંતરાય ૯૫-૬, ૧૦૫, ૧૦૯, ૧૧૬, ૧૯૨-૩; –અને તેમનું સ્વરૂપ ૧૦૦; –દૂર થવાનું ફળ ૧૩૯ ઇ૦; –ના જોડીદાર ૧૦૬; –નું નિવારણ ૯૬, ૯૯, ૧૦૮ ઇ૦, ૧૩૬, ૧૪૨
અંતઃકરણ ૧૬, ૧૭, ૧૯૩

**આ**ગમ ૩૫, ૩૬, ૧૮૨
આત્મતત્ત્વ ૧૫૦, ૧૭૩, ૧૮૧
આત્મદર્શન ૫૪
આત્મા ૬૫, ૧૮૩, ૧૯૪
આનંદ ૧૪૩-૯, ૧૫૨, ૧૭૬; –ની મીમાંસા ૮; –સમાધિ ૧૫૦
આર્ય, તત્ત્વજ્ઞાન ૧૦૮; –દૃષ્ટિ ૫; –પ્રજા ૧૫
આર્યોનું કેળવણીદર્શન –યોગ ૧૭૮
આલસ્ય ૧૦૧, ૧૦૩
આસન ૧૦, ૫૮ નોંધ

ઇષ્ટદેવ ૧૧૯, ૧૩૬
ઇંદ્રિય ૧૬, ૧૭, ૧૮૧
ઈશ્વર ૫૬, ૭૪, ૭૫, ૮૧-૨, ૯૭; –દર્શન, સાક્ષાત્કાર ૬૮; –નું નામ અને રૂપ ૮૫, ૮૮; –નું પ્રમાણ ૭૭; –નું રાજ્ય ૪




CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ઈશ્વરપ્રણિધાન ૫૫, ૫૮-૯, ૬૮-૭૦, ૭૩, ૭૯, ૮૧, ૮૪, ૧૦૦, ૧૧૦, ૧૩૭, ૧૪૨; –અને અંતરાય-નિવારણ ૯૫-૬, ૯૯; –નું ફળ ૯૪ ઇ૦

ઉત્થાન ૧૯, ૨૦, ૨૯, ૩૩

ઉપનિષત્કાર ૭૪

ઉપનિષદ (કઠ) ૧૮૩; –(કેન) ૧૫૧

ઉપાયપ્રત્યય ૧૫૮

ઉપેક્ષા ૧૨૪

ઋત ૧૪૭, ૧૭૧; –જ્ઞાન ૧૯૧

ઋતંભરાપ્રજ્ઞા ૧૬૫, ૧૭૬-૧૮૬, ૧૮૯

એકાગ્ર (ભૂમિકા) ૯ નોંધ, ૪૨, ૪૭

એકતત્ત્વાભ્યાસ ૧૧૦

ઊંકાર ૮૫,૮૮,૮૯,૯૧ (જુઓ પ્રણવ)

કબીર ૪, ૬૨, ૧૫૧

કરુણા ૧૧૪

કર્મમાર્ગ ૫૬, ૫૮, નોંધ

કલા ૫૧, ૫૮, ૭૫, ૧૫૦

કામ ૧૧૪, ૧૩૨

કિશોરલાલભાઈ ૧૦ નોંધ, ૨૦૨

કુશળ –ધર્મ ૩૨; –કર્મ ૭૬

કેવલજ્ઞાન ૪, ૧૯૦

કેળવણી –દર્શન ૧૭૮-૯; –શાસ્ત્ર ૧૦

કૈવલ્ય ૩, ૪, ૧૯૨

ક્રિયાયોગ ૬૯, ૮૧, ૧૫૪

ક્લેશ ૭૬, ૮૧, ૧૯૨-૩; –કર્મ ૯૭

ક્લિષ્ટ વૃત્તિ ૩૩, ૧૯૩

ક્ષણિકતા ૧૯૫

ક્ષર –પુરુષ ૭૬; –ભાવ ૧૯૫

ક્ષિપ્ત ૯, ૪૨, ૪૭

ગાંધીજી ૧૬૩

ગીતા ૬, ૩૮, ૫૬, ૫૭, ૫૯ નોંધ, ૭૬-૭, ૧૦૦, ૧૧૩, ૧૫૨, ૧૯૫

ગીતાકાર ૧૦, ૨૮ નોંધ, ૪૬-૭, ૫૧, ૫૩, ૫૭-૬૦, ૬૬, ૯૬, ૯૮, ૧૧૨-૩, ૧૨૯, ૧૩૯, ૧૫૩, ૧૮૦-૧, ૧૮૪, ૧૯૦

ગીતારહસ્ય ૬ નોંધ

ગુણવૈતૃષ્ણ્ય ૬૫

ગુરુ ૩૬; –પૂજા ૮૨; –ભાવ ૮૨; –વાદ ૮૩, ૮૬

ગૃહસ્થ –અને યોગસાધન ૧૩

ગ્રહણ ૧૬૦, ૧૬૧ નોંધ

ગ્રહીતા ૧૬૦, ૧૬૧ નોંધ

ગ્રાહ્ય ૧૬૦, ૧૬૧ નોંધ

ઘોષ –શ્રી અરવિંદ ૧૦ નોંધ, ૨૦૨

ચારિત્ર ૧૪

ચિત્ત ૧૬, ૧૮, ૨૫, ૧૬૧; –અને વૃત્તિ ૧૯; –ના ધર્મ: કુશળ-અકુશળ ૩૨; –ના સર્વભૌમ ધર્મ ૮, ૧૯, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૪૩, ૧૬૧-૨; –નિરોધ ૧૯૨, ૧૯૪, ૧૯૬; –નિરોધના બે પ્રકાર ૧૫૫; –ની તર્કશક્તિ ૧૮૨; –ની ત્રણ અવસ્થા (વેદાંત) ૪૧; –ની પાંચ ભૂમિકા ૯ નોંધ, ૪૨; –ની વિયુક્ત દશા ૪૪, ૪૭, ૪૮, ૫૧; –વ્યાપારની ચાર પાયરી ૧૪૪; –લય, નાશ, શુદ્ધિ ૧૬૫, ૧૭૧ નોંધ.

ચિત્તપ્રસાદ ૧૧૧, ૧૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


જપ ૮૯-૯૨
જાગ્રત ૧૫૩
જીવાત્મા ૨૬, ૨૭
'જેકીલ અને હાઈડ' ૪૬
જૈન ૪, ૫, ૧૦૯
જ્ઞાન ૧૪; –તંતુ તંત્ર ૧૭, ૧૮; –માર્ગ ૧૦૦; –માર્ગી નિષ્ઠા ૫૬
જ્યોતિષ્મતી પ્રવૃત્તિ ૧૨૫

ટિળક મહારાજ ૪, ૬ નોંધ

ડાર્વિન ૫૧

'તત્ત્વવૈશારદી' ૧૫
તર્ક ૧૯૩; –વિતર્ક ૩૩, ૪૯, ૧૭૭, ૧૭૯; –શક્તિ ૧૮૨, ૧૮૪
તાંત્રિક ૪
તિર્યક્યોનિ ૧૫૬
તુરીયદશા ૪૧, ૧૩૫, ૧૫૩
તૃષ્ણા ૩૨, ૧૦૯, ૧૯૨

દુઃખ ૧૦૬
દ્રષ્ટા ૨૬-૮, ૩૫, ૫૪, ૧૩૪, ૧૪૭, ૧૯૪; –નિરોધકાળમાં ૨૫, ૨૮, ૫૪; –વૃત્તિકાળમાં ૨૬, ૨૮, ૫૪
દ્વેષ ૭૬ નોંધ

ધર્મ ૩
ધારણા ૧૦
ધ્યાન ૧૦

નરસિંહ (જુઓ મહેતાજી)
નામ –ઈશ્વરનું, જુઓ ઈશ્વર; –થી ચિત્તવૃત્તિનિરોધ ૯૩; –પરસ્તી ૮૬, ૯૧, ૯૪
નિદ્રા ૩૩, ૩૮, ૪૦, ૪૬, ૧૧૮, ૧૩૦-૧, ૧૩૩; –અને નિરોધ ૧૯૦
નિયમ ૧૦
નિરુદ્ધદશા –ના વિક્ષેપ ૧૦૧
નિરોધ ૮, ૨૦, ૨૩-૫, ૨૯, ૩૪, ૫૪, ૧૨૮, ૧૪૩, ૧૬૨, ૧૭૫, ૧૯૦; –અને તુરીયદશા ૪૧; –અને નિદ્રા ૩૯, ૧૯૧; –અને સમાધિ ૧૭૬; –એટલે ૧૪૧; –ચિત્તનો સાર્વભૌમ ધર્મ ૨૪, ૨૫; –ના પ્રકાર ૯, ૧૭૫; –નામજપથી ૯૫; –નાં બે સાધન ૫૪ ઇ૦, ૭૨; –યોગનું પ્રયોજન ૧૦૦; –વખતે દ્રષ્ટા ૨૬, ૨૮, ૫૪; –વૃત્તિનો, શા માટે? ૨૦, ૨૪, ૨૫
નિર્બીજસમાધિ ૧૮૫, ૧૮૮, ૧૯૦, ૧૯૨-૬
નિરાકાર ૭૧
નિરીશ્વર ૫૮
નિરુદ્ધ (ભૂમિકા) ૯ નોંધ, ૪૨
નિર્વાણ ૩, ૪, ૧૯૦, ૧૯૨, ૧૯૫
નિર્વિચાર ૧૬૫,૧૭૦,૧૭૨,૧૭૭,૧૮૨; –આકલન ૧૭૮; –સમાપત્તિ ૧૯૩-૪
નિર્વિતર્ક ૧૬૫, ૧૬૯-૧૭૦, ૧૭૨, ૧૭૭, ૧૮૨; –સમાધિ ૧૭૮
નૈષ્કર્મ્ય ૧૮૧; –સિદ્ધિ ૧૯૫

પતંજલિ ૬, ૮, ૧૪-૫
પરમવૈરાગ્ય ૬૬, ૧૯૨
પરમમહત્ ૧૪૦, ૧૭૪
પરમાણુ ૧૪૦, ૧૭૪
પરમેશ્વર ૭૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પુદ્ગલ ૧૦૯
પુનર્જન્મ ૧૫૬
પુરુષ ૬૬, ૭૪, ૭૫-૭; –પ્રકૃતિભેદ ૯૫; –બે પ્રકાર: ક્ષર અક્ષર ૭૬; –વિશેષ ૭૬, ૭૭, ૭૯, ૮૧
પુરુષોત્તમ ૭૬, ૭૭, ૯૭, ૯૮
પ્રકૃતિ ૬૫, ૬૬, ૭૫, ૭૭; –તત્ત્વ ૧૪૦; –પુરુષ વિવેક ૬૬-૭, ૯૬
પ્રકૃતિલય ૯ નોંધ, ૪૩ નોંધ, ૧૫૫, ૧૫૮-૯
પ્રજ્ઞા ૭૩-૫, ૧૧૮, ૧૫૫, ૧૫૯, ૧૮૨-૩, ૧૯૫ (જુઓ ઋતંભરા)
પ્રજ્ઞાલોક ૧૭૯
પ્રણવ ૮૮, ૮૯, ૯૧, ૯૪; –જપ ૬૦
પ્રણિધાન ૫૬, ૯૦, ૯૪, ૯૯ (જુઓ ઈશ્વર પ્રણિધાન)
પ્રતિબોધવિદિત ૧૫૧
પ્રત્યક્ચેતન ૯૫-૮, ૧૪૭, ૧૫૧
પ્રત્યક્ષ ૩૫
પ્રત્યાહાર ૧૦
પ્રમાણ ૩૩, ૩૫-૭, ૪૦
પ્રમાદ ૧૦૧, ૧૦૩
પ્રાણાયામ ૧૦, ૧૧૮, ૧૧૯ ૬૦, ૧૨૭, ૧૩૦
પ્રારબ્ધ ૫૩

ક્રોધ ૧૩૨

બહિરંગ –યોગનાં ૧૧
બાધિતાનુવૃત્તિ ૫૨ નોંધ
બુતપરસ્તી ૭૦, ૮૩, ૮૬, ૯૪
બુદ્ધ ૧૩, ૩૨, ૭૦, ૭૮, ૧૯૦ (જુઓ બૌદ્ધ)
બુદ્ધિ ૪૭, ૭૧, ૧૮૧, ૧૯૩; –યોગ૬૯, ૯૫-૬; –શક્તિ ૧૮, ૧૧૮
બૌદ્ધ ૪, ૨૫, ૧૦૯; –તત્ત્વજ્ઞાન ૧૯૫; –યોગવિજ્ઞાન ૩૨
બ્રહ્મકર્મસમાધિ ૧૫૨
બ્રાહ્મી સ્થિતિ ૧૯૦

ભક્તિ–માર્ગ ૫૯, ૭૧, ૯૬, ૧૦૯, ૧૧૦; –યોગ ૬૯, ૯૭
ભર્તૃહરિ ૪૦-૧
ભવપ્રત્યય ૯ નોંધ, ૪૩, ૧૫૫, ૧૫૮
ભસ્ત્રિકા ૧૨૧
ભાવનાઓ ૧૧૪, ૧૧૮, ૧૧૯
ભાષ્ય ૮, ૧૫; –કાર ૮, ૯ નોંધ, ૯૨, ૯૬, ૧૦૪ નોંધ, ૧૫૮, ૧૬૮
ભૂમિકા, પાંચ ૯ નોંધ, ૪૨, ૪૭
ભોજદેવ ૯૭ નોંધ
ભોજવૃત્તિ ૧૫
ભ્રાંતિદર્શન ૧૦૧, ૧૦૪, ૧૩૦

મગજ ૧૭
મન ૧૮૧
મહાવીર ૧૩, ૭૮, ૧૯૦
મહાવ્રત ૧૩
મહેતાજી (નરસિંહ) ૯૪, ૧૧૨
માનસપૃથક્કરણ ૪૭
માનસ વિજ્ઞાન ૪૩
માનસશાસ્ત્ર ૨૦, ૪૪, ૧૩૫, ૧૪૮, ૧૪૯, ૧૫૦
મિથ્યાજ્ઞાન ૩૭
મીરાંબાઈ ૧૫૩, ૧૯૧
મુદિતા ૧૧૪
મુંડક ઉપનિષદ ૭૪ નોંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મૂઢ (ભૂમિકા) ૯ નોંધ,૪૨,૪૩,૪૬,૪૭
મૂર્છા ૩૩, ૪૦, ૪૩, ૪૬; –અને અસંપ્રજ્ઞાત નિરોધ ૪૩ નોંધ
મૈત્રી ૧૧૪
મોક્ષ ૩, ૪, ૫, ૭
મૉન્ટેસોરી, મેડમ ૨૦૨

યજ્ઞયાગ ૭
યમ ૧૦
યાજ્ઞવલ્ક્ય ૮૫
યુક્લિડ ૭૯
યોગ ૩, ૫, ૬, ૯, ૧૯, ૨૧, ૨૫, ૫૪; –અને ઈશ્વરપ્રણિધાન ૭૫; –અને કલા ૫૮, ૭૫; –એટલે ૬, ૮, ૧૦, ૧૪, ૧૬, ૨૮, ૫૪, ૧૪૧, ૧૯૩૪૦, ૧૯૪, ૧૯૬; –કેળવણીનું શાસ્ત્ર, ૧૦, ૫૪, ૧૭૮, ૧૭૯; –નાં અષ્ટાંગ ૧૦; –નું પ્રયોજન ૧૦૦, ૧૦૯; –નું સાધન, પ્રજ્ઞા ૧૮૩ (જુઓ યોગશાસ્ત્ર)
યોગદર્શન ૧૪, ૨૧, ૫૮; –અને બાહ્યસૃષ્ટિ ૩૪, ૧૬૮
યોગમલ ૧૦૫
યોગવાર્તિક ૧૫
યોગવિજ્ઞાન, બૌદ્ધ ૩૨
યોગશાસ્ત્ર ૮, ૯, ૨૦-૨, ૩૦, ૩૨, ૩૮, ૫૭, ૭૯
યોગાનુશાસન ૧૫, ૧૯૬
યોગીની નિષ્ઠા ૫૬, ૫૭

રત્નત્રય ૧૪
રાગ ૭૬ નોંધ
રાહુ ૩૮
'રેશનલાઈઝેશન' ૧૬૪
'લિબિડો' ૧૩૨

વશીકાર ૧૨, ૧૪, ૬૫, ૬૭, ૧૯૨
વાચસ્પતિમિશ્ર ૧૫
વિકલ્પ ૩૩, ૩૭-૮, ૪૦, ૧૬૭
વિકાસવાદી ૫૧
વિક્ષિપ્ત (ભૂમિકા) ૯ નોંધ, ૪૨, ૪૭
વિક્ષેપ ૧૦૧, ૧૦૫, ૧૯૩
વિચાર ૧૪૩-૪, ૧૪૬-૯, ૧૫૨, ૧૭૦, ૧૭૬, ૧૯૩; –સમાધિ ૧૫૦
વિજ્ઞાન –સંપ્રજ્ઞાન ૧૬૮
વિજ્ઞાનભિક્ષુ ૧૫
વિતર્ક ૩૩, ૧૪૩-૯, ૧૫૨, ૧૬૭, ૧૭૬-૭; –યોગ, વિજ્ઞાનીનો ૧૪૯; –સમાધિ ૧૪૯
વિદેહ ૯ નોંધ, ૪૩, ૧૫૫-૭, ૧૫૯
વિનોદભાવના ૧૧૫, ૧૧૬
વિપર્યય ૩૩, ૩૬-૭, ૪૦
વિયુક્તતા –ચિત્તભૂમિની ૪૪, ૪૭-૮, ૫૧
વિરામદશા –ચિત્તની ૧૪૬
વિરામપ્રત્યય ૧૪૩, ૧૫૪
વિવેક (પ્રકૃતિપુરુષનો) ૬૬, ૬૭, ૭૫, ૯૬; –જ્ઞાન ૯૬; –વિચાર ૯૬
વિષય ૬૪
વિષયવતી પ્રવૃત્તિ ૧૧૮, ૧૨૩ ૪૦
વીતરાગ ૧૨૭, ૧૩૦
વીર્ય ૭૩, ૧૫૫, ૧૫૮
વૃત્તિ ૧૯, ૨૪, ૨૬; –અને સમાપત્તિ ૧૬૧, ૧૭૫; –ના પ્રકાર ૩૨-૩; –નો નિરોધ શા માટે ૨૦, ૨૪
વૃત્તિનિરોધ ૮, ૧૬; –અને નિદ્રા ૩૯,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri




૧૩૪; –ના ચરમ અભ્યાસની પાયરીઓ ૧૪૦
વેદપ્રામાણ્ય ૪, ૫
વેદાંત ૩૪, ૪૧, ૪૮, ૫૨, ૧૬૮
વૈરાગ્ય ૧૨, ૫૫, ૫૭, ૬૧, ૬૩, ૬૬, ૬૮-૯, ૭૧-૩, ૯૬, ૧૧૦, ૧૧૮, ૧૨૭-૮, ૧૯૨, ૧૯૪, ૧૯૬; –અને અંતરાયનિવારણ ૯૯; –અને ઈશ્વરપ્રણિધાન ૯૫; –અને સંન્યાસ ૧૧૫
વ્યક્ત ૫૬, ૯૭, ૧૦૦
વ્યાધિ ૧૦૧, ૧૦૨

શબ્દ બ્રહ્મ ૩૮
શમ ૧૮૧
શંકરાચાર્ય ૧૫૨
શાક્ત ૪, ૫
શિવમાનસપૂજાસ્તોત્ર ૧૫૨
શીખ ૪
શ્રદ્ધા ૧૪, ૭૧, ૭૩, ૭૫, ૧૫૫, ૧૫૮
શ્રાવક ધર્મ ૧૩
શ્રીકૃષ્ણ ૧૮૧, ૧૮૨
શ્રુત ૧૮૧, ૧૮૫
શ્વાસપ્રશ્વાસ ૧૦૬, ૧૦૭

સદસદ્વિવેક ૧૨૯
સબીજસમાધિ ૧૭૪, ૧૭૫, ૧૯૦
સમતા –સારૂપ્ય ૨૮ (જુઓ સમાધાન)
સમાધાન–સારૂપ્ય ૨૯, ૩૦, ૩૩
સમાધિ ૮, ૯, ૧૦, ૨૮, ૨૯, ૭૩, ૭૪, ૯૦, ૧૪૨, ૧૫૫, ૧૫૯, ૧૯૪; –અને નિદ્રા ૧૩૪; –અને નિરોધ ૧૭૬; –અને નિર્વિચાર સમાપત્તિ૧૮૦; –અને પ્રજ્ઞા ૧૮૨-૩; –સાધન ૯૦; –માર્ગો ૭૦
સમાધિપાદ ૧૫૪, ૧૮૯
સમાપત્તિ ૧૫૯, ૧૬૦, ૧૬૨ઇ૦, ૧૭૮, ૧૮૨, ૧૮૪, ૧૯૩-૪; –અને વૃત્તિ ૧૬૧, ૧૬૩, ૧૭૫; –અને સમાધિ ૧૭૫,૧૭૭; –ચાર ૧૭૧; –ના પ્રકાર ૧૬૫ઇ૦; –નાં વિકારક કારણો ૧૯૩
સમ્યગ્જ્ઞાન ૧૪૭
સર્વજ્ઞ ૭૮, ૮૨, ૮૩, ૯૭, ૧૭૨
સવિચાર ૧૬૫, ૧૭૨, ૧૭૭ ૧૮૨
સવિતર્ક ૧૬૫, ૧૬૭, ૧૭૦, ૧૭૨, ૧૭૭, ૧૮૨
સહજવૃત્તિ ૧૫૭
સહજસમાધિ ૧૫૧
સંન્યાસ ૫૭; –અને યોગસાધન ૧૩
સંપ્રજ્ઞાત ૩૦, ૩૩, ૩૬, ૩૮, ૪૦, ૧૪૪, ૧૪૬, ૧૬૨, ૧૬૭; –પરમ ૧૫૩; –ના પાંચ પ્રકાર ૩૨; –નું અધ્યાત્મ ૧૪૮ ઇ.
સંપ્રજ્ઞાન ૧૪૨, ૧૪૩, ૧૫૬, ૧૭૬
સંયમ ૧૦-૧૧
સંવેગ ૭૨
સંશય ૧૦૧, ૧૦૩
સંસ્કાર ૧૭૦, ૧૭૧, ૧૮૫, ૧૮૬, ૧૮૯,૧૯૦,૧૯૧,૧૯૫; –શેષ ૧૫૨
સાકાર ૭૧
સાધક ૭૯
સાધનપાદ ૧૨૨
સાધના ૫, ૬, ૧૩
સારૂપ્ય ૨૮, ૨૯


CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri


સાર્વભૌમધર્મ –ચિત્તના ૮, ૯, ૧૯, ૨૪, ૨૫
સાંખ્ય ૫૬-૮, ૭૩-૫, ૧૭૩
સિદ્ધિ ૭
સુષુપ્તિ ૪૧, ૧૫૩ (જુઓ નિદ્રા)
સેશ્વર ૫૮, ૭૩-૫
સોક્રેટિસ ૭૮
સ્ત્યાન ૧૦૧-૨
સ્થિતપ્રજ્ઞ ૧૭૨, ૧૮૧, ૧૮૪
સ્મૃતિ ૩૩, ૩૯-૪૦, ૪૩, ૪૫, ૪૭, ૪૯, ૫૨ નોંધ, ૫૭, ૭૩-૪, ૧૪૩, ૧૫૫, ૧૫૮, ૧૬૬, ૧૬૯-૧૭૧
સ્વપ્ન ૪૦-૧, ૪૫, ૪૮-૯, ૧૧૮, ૧૩૦-૧, ૧૫૩
સ્વયંગતિશીલ ક્રિયા ૪૯, ૫૧, ૫૩
સ્વાધ્યાય ૯૨
હઠયોગ ૫૩, ૧૦૭
હિટલર ૧૫૦
હિરણ્યગર્ભ ૧૫
હિરણ્યકશિપુ ૧૫૦
હિંદુધર્મ ૩, ૪-૫, ૭, ૧૩૭-૮
હૃદયગ્રંથિ ૫૨ નોંધ
હેમાચાર્ય ૧૩,૧૯૭ નોંધ, ૨૦૦, ૨૦૧, ૨૦૩-૬

---

## શુદ્ધિ

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૭ | ૨ | માનસ-પૃક્કરણ | માનસપૃથક્કરણ |
| ૬૭ | ૧૪ | પ્રકૃતિ | પ્રકૃતિ |
| ૭૨ | ૨૧ | તીત્ર | તીવ્ર |
| ૮૧ | ૧૦ | પ્રકૃતિ | પ્રકૃતિ |
| ૧૦૩ | ૨૧ | આલસ | આલસ્ય |
| ૧૯૫ | ૯ | મિથ્યાત્વ | મિથ્યાત્વ |

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

## જિજ્ઞાસુને ઉપયોગી
## અન્ય વાચન

### ધમ્મપદ

બુદ્ધ ભગવાને ગાયેલી ગણાતી અને ધર્માનુભવનો નિચોડ આપતી ગાથાઓના અત્યુત્તમ પ્રાચીન પ્રસિદ્ધ ગ્રંથનો મૂળ સાથે અનુવાદ. કિં. રૂ. ૧-૦-૦

### સુત્તનિપાત

બુદ્ધ ભગવાનના પ્રાચીન ઉપદેશો અને સૂક્તોના પ્રાચીન પ્રસિદ્ધ બૌદ્ધગ્રંથનો અનુવાદ.

કિં. રૂ. ૧-૦-૦

ભગવાન બુદ્ધના

### પચાસ ધર્મસંવાદો

સુત્તનિપાત જેવા જ બુદ્ધના ધર્મસંવાદો અને ઉપદેશોના સંગ્રહરૂપ પ્રાચીન ગ્રંથનો અનુવાદ.

કિં. રૂ. ૩-૦-૦

### બુદ્ધચરિત

મૂળ પાલિ ત્રિપિટકને આધારે લખેલું બુદ્ધ ભગવાનનું ચરિત્ર. કિં. રૂ. ૩-૦-૦

[ઉપરનાં બધાં પુસ્તકો બૌદ્ધધર્મના વિશ્વવિખ્યાત વિદ્વાન અધ્યાપક ધર્માનંદ કોસંબીજીએ સંપાદિત કરેલાં છે.]

**[દરેકની ટપાલખરચાનગી અલગ]**

પ્રાપ્તિસ્થાન

**નવજીવન કાર્યાલય**
**અમદાવાદ-૯**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar